વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૦મું
જુલાઈ - ૨૦૧૫
અંક : ૪૪૬

મંગલ મંદિર ● જુલાઈ-૨૦૧૫ ● ૧
(કુલ પાના : ૮૬)

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર



બુર્જ ખલીફા
દુબઈ

મુખ્ય કાર્યાલય :-
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
શ્રી કચ્છી જૈન ભવન
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

તંત્રી મંડળ :
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મનુભાઈ શાહ
દિનેશચંદ્ર મહેતા


FfUuNn LEARN WITH FUN
NAVNEET
Knowledge is wealth
BOSS
ઝરમર ઝરમર છાંટણે સર્વે કચ્છી પ્રજાને નૂતન વર્ષ મુબારક હો...
STUDENT STATIONERY
NOTE BOOKS
LONG BOOKS
SCRAP BOOKS
PRACTICAL BOOKS
DRAWING BOOKS
SHARPENERS
ERASERS
DOUGH
WAX CRAYONS
BOLD WAX CRAYONS
GEOMETRY BOX
PREMIUM GEOMETRY BOX
STRIPES PENCILS
TEMPERA COLOUR
TEMPERA COLOURS
NAVNEET EDUCATION LIMITED
stationery.ahd@navneet.com • www.navneet.com


કચ્છી ભાવરેં કે
નયે વરેંજી વધાઈ....

## Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

## We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**

Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY



નવું વર્ષ કચ્છ અને બૃહદ્ કચ્છની જનતાને
મંગલમયી બની રહે એ જ અભ્યર્થના....



# જીવદયાપ્રેમીઓ
# દાનવીર દાતાઓ

## આપના અમૂલ્ય દાનની સરવાણીનો મોટો પ્રવાહ પાંજરાપોળો તરફ વાળો

- આપનો કે આપના પરિવારજનોનો, બાળકોનો જન્મદિવસ.
- લગ્નદિવસ, લગ્નતિથીની ઉજવણી, લગ્નના ૨૫ કે ૫૦ વર્ષની ઉજવણી.
- આપની જીંદગીના ૫૦/૭૫ વર્ષની ઉજવણી.
- આપના સ્વજનની પૂણ્યતિથી, દેવ-દેવીના પહેડી પ્રસાદનો દિવસ વગેરે પ્રસંગોને નિરાધાર-મૂંગા જીવો માટે અભયદાનનો અવસર બનાવો.
- વર્તમાનકાળે પાંજરાપોળોને મુશ્કેલ પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- વધુ વરસાદના કારણે લીલા દુકાળની પરિસ્થિતિ ઉદ્‌ભવી છે.
- ઘાસ-ચારા-દાણખાણના ભાવ વધતા જાય છે. ખુબ તંગી વર્તાય છે.
- હાલમાં પરિસ્થિતિ વિકટ છે તો ઉનાળામાં શું થશે ? પરિસ્થિતિ વધુ બગડશે.
- વધતા જતા વહિવટી ખર્ચ-મોંઘવારી અને ઘટતા જતા વ્યાજદરથી બે પાસા ભેગા કરવા મુશ્કેલ બન્યા છે.
- દરેક પાંજરાપોળોના બજેટખર્ચ દોઢાથી બમણા થઈ જવાની શક્યતા છે.
- વર્તમાનકાળમાં નવા નવા ક્તલખાના ખોલાતા પાંજરાપોળોની જરૂરિયાત વધી છે.
- યાંત્રિકરણ, શહેરીકરણ, વાહન વ્યવહાર વધવાથી પશુઓનો વપરાશ ઘટતો જાય છે.
- ચરિયાણ ગૌચરની જમીનો ઉદ્યોગોને અપાતા મોંઘી થતી જાય છે.
- ખેતીની પેદાશમાં રોકડીયા પાક તરફ ખેડૂતોનું વલણ વધી ગયુ છે. ચરિયાણ ગૌચર જમીનો પર દબાણ થતા જાય છે.
- ખેડૂતો તરફથી ભેટમાં મળતું ઘાસ ઓછું થવા લાગ્યું છે.
- આપણો વસવાટ શહેરોમાં થતા પશુઓ પ્રત્યે દયા-ભાવના લાગણી ઘટી છે.
- માંસાહારનો પ્રચાર વધતા, માંસની નિકાસ વધતા પશુઓની બેફામક્તલ વધી છે.
- પશુ બચશે તો દેશ બચશે, ખેતી બચશે, પર્યાવરણ બચશે, ગરીબી, ભૂખમરો ઘટશે.

કચ્છની કોઈપણ ૮૦ પાંજરાપોળમાં દાન મોકલવા માર્ગદર્શન અને પશુસંખ્યા જાણવા ફોન કરી શકશો,
લિસ્ટ મંગાવી શકશો અથવા પ્રતિનિધીને રૂબરૂ બોલાવી લેશો.

### શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

કાર્યાલય : શ્રી આશાપુરા રીંગરોડ, સોનીવાડ, સોનીવાડ કોમ્પલેક્ષ, પહેલા માળે, ઓફિસ નં. ૧૨૭/૧૩૦. ભુજ-કચ્છ (ગુજરાત) ૩૭૦ ૦૦૧.

ભુજ ઓફિસ : ૦૨૮૩૨-૨૨૭૩૦૪. મો. ૦૯૯૦૪૮ ૩૧૫૧૪ (શ્રી ભરતભાઈ સેંઘરવા)

**સૌજન્ય દાતા : દીપક તથા ગીરીશ ધારશી માલશી ભેદા - મોખા (થાણા)**

: મુંબઈ ઓફિસ :

માતુશ્રી મેઘબાઈ અને પિતાશ્રી ધારશી માલશી ભેદા-મોખા (થાણા)

૩૦૭/૩૧૧, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, ૧૩ કાનજી મેન્શન, ગોકુલધામ હોટલની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪.

ટે. નં. ૨૩૮૧૩૭૩૩ / ૬૬૩૮૦૫૦૦. મો. ૯૯૨૦૨ ૯૮૭૨૬ / ૯૯૧૩૯ ૫૩૮૫૬

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રતિષ્ઠા ઊર્ધ્વગતિ તરફ

## ભારતભરમાંથી પ્રકાશિત કરવામાં આવતા "ઈન હાઉસ" મેગેઝિનોમાંથી ઉચ્ચ કક્ષાનાં ૧૦૦ મેગેઝિનોમાં 'મંગલ મંદિર'નો પણ સમાવેશ

## 'મંગલ મંદિર'ને ICE Award – 2015 એનાયત કરવામાં આવ્યો

**"શૈલજા નાયર ફાઉન્ડેશન"** તરફથી ભારતભરના પ્રતિષ્ઠિત 'ઈન હાઉસ' સામયિકોને આમંત્રણ આપી તેની વિવિધ કૉપીઓ મંગાવવામાં આવી હતી. શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર 'મંગલ મંદિર'એ પણ આ હરીફાઈમાં ભાગ લઈ તેની પ્રકાશિત કરવામાં આવતી કોપીઓમાંથી કેટલીક કૉપીઓ મોકલી આપેલ હતી. ભારતભરમાંથી લગભગ **૪૦૦૦ સામયિકોએ** આ હરીફાઈમાં ભાગ લીધેલ હતો.

ત્યારબાદ "શૈલજા નાયર ફાઉન્ડેશન"ની જ્યુરીએ વિવિધ સામયિકોની ચકાસણી કરી હતી અને તેમાંથી **૧૦૦ સામયિકોને** અલગ તારવવામાં આવ્યાં હતાં, કે જે, તેમના હિસાબે વાચક વર્ગને વૈવિધ્યપૂર્ણ અને ઉત્કૃષ્ટ પ્રકારના લેખો અને સામગ્રી નિયમિતપણે પીરસે છે.

**આ ૧૦૦ મેગેઝિનોમાં તેઓએ 'મંગલ મંદિર'ને પણ પસંદ કર્યું હતું.** ત્યારબાદ તેઓએ આ પ્રત્યેક મેગેઝિનને ICE Award – 2015 રૂપે 'સર્ટિફિકેટ ઑફ મેરિટ' એનાયત કર્યાં હતાં.

ગત તા. ૧૬-૬-૨૦૧૫ના આ ફાઉન્ડેશનની ટીમ રૂબરૂમાં શ્રી કચ્છી જૈન ભવન પર આવીને આ સર્ટિફિકેટ એનાયત કરી ગયેલ હતી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર "મંગલ મંદિર"ને "શૈલજા નાયર ફાઉન્ડેશન" તરફથી ICE Award – 2015 પ્રાપ્ત થયેલ હોવાથી સમાજની તેમજ 'મંગલ મંદિર'ની પ્રતિષ્ઠામાં અનેરો વધારો થયેલ છે.

'મંગલ મંદિર'ના તંત્રી મંડળની ટીમ છેલ્લાં કેટલાંક વર્ષોથી એકરાગ થઈને આ સામયિકને ઉત્તરોત્તર ઊર્ધ્વ ગતિ તરફ લઈ જવા પ્રયાસ કરી રહી છે. પ્રકાશન અર્થે આ ટીમ અવારનવાર ચર્ચા કરી પ્રકાશન હેતુનું ડાયરેક્શન નક્કી કરે છે. પરંતુ છેલ્લાં ત્રણેક વર્ષથી તેના મોટાભાગની જવાબદારી **તંત્રી મંડળના શ્રી દિનેશભાઈ મહેતા** વહન કરી રહેલ છે.

જાણીતા લેખકશ્રીઓના સંપર્કમાં રહેવું, આવેલ લેખોમાંથી તેને પસંદ કરવા, જરૂરી લેખોને ઍડિટ કરવા, સંસ્થાના અહેવાલો યોગ્ય લખાણો સાથે પ્રસારિત કરવા, પ્રૂફ રીડિંગ કરવું વગેરે પ્રકારની મોટાભાગની જવાબદારી તેઓ સક્ષમતાપૂર્વક પાર પાડી રહ્યા છે. પ્રાપ્ત ઍવોર્ડના મોટાભાગના યશના અધિકારી તરીકે તેમની ગણના કરવામાં આવે તો તે અસ્થાને નહીં ગણાય.

સાથે સાથે 'મંગલ મંદિર'ને વિકસાવવા છેલ્લાં ૪૦ વર્ષોથી સમાજનાં અનેક કાર્યકરોએ યથાયોગ્ય પ્રયાસ કરી તેને આ લેવલે પહોંચાડેલ છે. શરૂના સમયમાં શ્રીમતી ચંદ્રિકાબેન દેઢિયા તથા સ્વ. સૂરજલાલભાઈ મહેતાનો ફાળો પણ અનેરો રહેલ છે.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના સભ્યોએ અને 'મંગલ મંદિર'ના વાચક વર્ગે 'મંગલ મંદિર' પ્રત્યે જે ચાહના અને વિશ્વાસ મૂકેલ છે, તે વિશ્વાસ પણ સાર્થક થયેલ દેખાય છે.

શૈલજા નાયર ફાઉન્ડેશન તરફથી આવેલ પત્ર તથા 'સર્ટિફિકેટ ઑફ મેરિટ' આ સાથે સહુ વાચકવર્ગની જાણ ખાતર અત્રે પ્રસારિત કરતાં આનંદ અનુભવું છું.

*અશોક મહેતા, મુખ્ય તંત્રી - 'મંગલ મંદિર'*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

*Dear Participant,*
*Greetings from ICE Awards Team.*

*We are pleased to inform you that the jury has selected your in-house magazine to be amongst the top 100 meritorious magazines for ICE Awards 2015.*

*Congratulations and thank you for participating and supporting our cause to promote internal communication.*

*Please find enclosed your certificate of merit and we wish your magazine and organization the very best in all your endeavours.*

*Thanks and best regards,*

*Dr. Sonali Nair (99301 16526)*

ICE
In-house Communication Excellence **Awards 2015**

*(A Shailaja Nair Foundation Initiative)*

# Certificate of Merit

awarded to

**MANGAL MANDIR**

of

## SHREE KUTCHI JAIN SEVA SAMAJ-AHMEDABAD

Powered by:

FEI — Serving you globally

Dr. Chandraprakash Dwivedi
Head of Jury

Pratap Nair - Chairman
Shailaja Nair Foundation

Initiative of:

Shailaja nair foundation
www.shailajanair.com

છેલ્લા ૩૯ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**
૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રીમંડળ**

અશોક મહેતા (૯૮૨૫૩ ૨૨૬૮૯) – મુખ્યતંત્રી
મનુભાઈ શાહ (૯૮૨૫૦ ૩૧૫૨૮)
દિનેશચંદ્ર રતિલાલ મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**વિવિધ વિભાગો**

**વલોવતન**
દિનેશ આર. મહેતા (૯૯૨૪૩ ૪૨૬૨૮)

**સાર સમાચાર**
શાંતિલાલ સંઘવી

**બાલુડેં જ્યું ગાલિયું**
ગુલાબચંદ ધારશી રાંભિયા (૦૭૯-૨૫૪૬૮૧૬૦)

**જાણવા જેવું, સુડોકુ અને શબ્દ રમત**
રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***– મુખ્યતંત્રી***

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ www.kutchijainahd.org ઉપરાંત 'અસાંજો કચ્છ'ની વેબસાઈટ www.asanjokutch.com પર વાંચી શકાય છે.**

# અનુક્રમણિકા

*લેખક પાના નં.*

- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની પ્રતિષ્ઠા ઊર્ધ્વગતિ તરફ ....... **અશોક મહેતા** ...... ૫

**તંત્રી લેખ :**

- ઉચ્ચ કક્ષાના પ્રચારક – સેલ્સમેન ........ **અશોક મહેતા** ...... ૯
- 'મંગલ મંદિર' – સર્વે પ્રશ્નાવલી ........ ૧૧
- કચ્છી નવું વર્ષ : અષાઢી બીજ ........ **દિનેશ મહેતા** .... ૧૩
- આગામી કાર્યક્રમોની એક ઝલક ........ ૧૫

**લેખ વિભાગ**

### કચ્છ

- કચ્છનું અર્થશાસ્ત્ર, ચલણ અને હૂંડિયામણ.. ........ **નરેશ પી. અંતાણી.** ..... ૧૭
- ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં – **આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી**
  કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧- ૧૯૪૮ (પ્રકરણ-૪) ........ **સંપાદક : હરેશ ચ. ધોળકિયા** ..... ૨૨
- દબાણ હટાવ : અમલીકરણ અધિકારી સત્તાનો ઉપયોગ કાં ન કરે?.. **શશીકાંત ઠક્કર, એડવોકેટ.** ..... ૨૭

### કચ્છી પ્રતિભા

- વિરલ વાર્તાકાર અને વહાણવટીઓના વહીવંચા –
  ડૉ. મનુભાઈ પાંધી. ........ **સંજય પી. ઠાકર.** ..... ૨૯

### સૂર્યોપનિષદ

- અપને સમય કા સર્વમિત્ર સૂર્ય હૂં મૈં ........ **કેશુભાઈ દેસાઈ.** ..... ૩૧

### પ્રસંગ વિશેષ

- વિશ્વયોગ દિવસ : જીવનમાં યોગ અપનાવી શાશ્વત શાંતિ પામીએ ...... **કિરણ ચાંપાનેરી 'સેતુ'.** ..... ૩૩
  **ફ્રીલાન્સ પત્રકાર**

### સમાજની ક્ષિતિજો

- નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૬
  સંયુક્ત કુટુંબ જીવનના પ્રશ્નો ........ **સ્વામી શ્રી સચ્ચિદાનંદજી** .... ૩૪
- મા-બાપ તથા તરુણ સંતાન (Parenting) – ૨ ..... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક** ..... ૩૬
  **ડૉ. દિપ્તી શાહ (ગડા), મનોચિકિત્સક તથા બાળમનોચિકિત્સક**

### વિચાર વિમર્શ

- રઝળપાટ ........ **ડૉ. ગિરીશ વીછીવોરા** .... ૩૮
- સ્વર્ગ અને નરક ક્યાં છે? ........ **ડૉ. યાસીન દલાલ** .... ૪૦

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના
**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી મણિલાલ કુંવરજી ગોસર
ઘર : ૦૭૯-૨૬૭૫ ૨૧૨૨ મો. ૯૪૨૭૫ ૫૧૮૭૭

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦

**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી ખનિજ વિકાસ નિગમ લિ. પ્રાયોજિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪. ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે, સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## સમયની પાંખે

● ભારતને પોતાનો 'સ્ટાન્ડર્ડ ટાઈમ' બદલવાની જરૂર છે? .................... **મુરજી ગડા** .... ૪૨

## પર્યટન

● વિશ્વ પર્યટન ઉદ્યોગ ક્ષેત્રે ભારત .................... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ** .... ૪૪

## વિચારધારા

● આંધળી ભક્તિ, આંધળા વિચાર .................... **દીપક ધોળકિયા** .... ૪૬

## વાર્તા

● મૃત્યુનો અધિકાર .................... **ડૉ. જયંત મહેતા** .... ૪૮
● બહેન! મારો 'હેપ્પી બર્થ ડે' છે .................... **ડૉ. ઊર્મિલા શાહ** .... ૫૨

## પ્રકીર્ણ

● દિલનું દર્પણ – રોજનીશીની સાખે : (૬) .................... **માવજી કે. સાવલા** .... ૫૩

## ફ્લેશ ચેનલ

● ફ્લેશ ચેનલ .................... **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૫૫

## હળવાશની ક્ષણોમાં

● બાલુડેં જયું ગાલિયું .................... **સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા** .... ૫૬

## નિયમિત વિભાગો

● આંજો કાગર .................... ૫૭
● અન્ય સંસ્થાઓના સમાચાર .................... ૫૯
● સાર સમાચાર .................... **સંકલન : શાંતિલાલ સંઘવી** .... ૬૨
● *Nano Nine* શબ્દ રમત-૧૦૭ .................... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૩
● *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૬૩) .................... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૫
● જાણવા જેવું .................... **સંકલન : રજનીકાંત પારેખ** .... ૬૬
● 'મંગલ મંદિર' – પ્રાપ્ત થયેલાં લવાજમ .................... ૬૬
● વલોવતન .................... **સંકલન : દિનેશ આર. મહેતા** .... ૬૭
● સમાજ દર્પણ .................... ૭૩
● સંસ્થા સમાચાર .................... ૭૪
● શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ .................... ૭૮
● ઊડતી નજરે .................... ૮૦

Printed & Published by : **Mr. Ashok Mehta,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Ashok Mehta ● Yearly Subscription : Rs.150/-**

# તંત્રી લેખ

## ઉચ્ચ કક્ષાના પ્રચારક – સેલ્સમેન

**– *અશોક મહેતા***

કોઈ પણ ઉદ્યોગગૃહે તેની પ્રોડક્ટનું અધિકતમ વેચાણ કરવું હોય અથવા તો કોઈ પણ સંસ્થાએ તેનાં કાર્યોનો અપ્રતિમ સહકાર મેળવવો હોય તો તેની પ્રોડક્ટ અથવા તો તેના કાર્યોનાં સર્વશ્રેષ્ઠ ગુણોની સાથે તેનો અધિકતમ પ્રચાર પણ તેટલો જ આવશ્યક છે. તેના યોગ્ય પ્રચાર વગર ઉચ્ચ કક્ષાની પ્રોડક્ટ અથવા ઉચ્ચ પ્રકારના કાર્યોનો આમ સમુદાય તરફથી સહકાર મેળવવો કઠિન છે. આ નાતે દરેક સંસ્થાનને ઉચ્ચ પ્રકારના પ્રચારક અથવા તો સેલ્સમેનની આવશ્યકતા તો રહે જ છે. તેના વિના તેણે સફળ થવું અતિ કઠિન છે. ભારત દેશના હાલના બિરાજમાન પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી જેવા ઉચ્ચ કક્ષાના પ્રચારક - સેલ્સમેન ભાગ્યે જ કોઈ હોઈ શકે! આ ક્ષેત્રે તેમણે પોતાની કામગીરી અપ્રતિમપણે સ્થાપી દીધેલ છે. ભાગ્યે જ કોઈ તે કામગીરી સામે શંકા ઉઠાવી શકે. પછી તે ચાહે યોગ હોય, ઝાડુથી સફાઈ કાર્ય હોય, ઘરે ઘરે ટોઈલેટ હોય કે કચ્છનો રણોત્સવ હોય! આજ દિન સુધી આ પ્રકારનાં અનેક કાર્યોમાં તેઓશ્રી યોગ્ય પ્રચારક સ્વરૂપે સાબિત થઈ ચૂકેલ છે!

તેઓએ પ્રથમ વખત જ યુનોમાં જઈ યોગનો સંપૂર્ણપણે પ્રચાર કર્યો. તેના વિશે સવિસ્તાર માહિતી આપી. અન્યત્ર પણ જરૂરી પ્રચાર કર્યો. પ્રચારની સાથે સાથે માહિતી પણ આપતા રહ્યા. પરિણામ સ્વરૂપે ૨૧ જૂનને યુનોએ ''વિશ્વ યોગ દિવસ'' તરીકે જાહેર કર્યો. દુનિયાભરના ૧૭૭ દેશોએ તેનો સ્વીકાર કર્યો. તા. ૨૧ જૂન, ૨૦૧૫ના રોજ પ્રથમ વખત જ દુનિયાભરમાં યોગ-દિન તરીકે તેની ઉજવણી થઈ. એ દિવસે ૧૭૭ દેશોમાં જાહેરમાં યોગનાં આસનો કરવામાં આવ્યાં. દિલ્હીમાં રાજપથ પર ૮૩ દેશોના પ્રતિનિધિઓ સહિત ૩૫,૦૦૦ની સંખ્યામાં લોકોએ યોગના કાર્યક્રમમાં વહેલી સવારે ભાગ લીધો. યુ.એસ.એ., બ્રિટન, જર્મની, જાપાન જેવા દેશોનાં શહેરોમાં લોકોએ યોગમાં ભાગ લીધો. ગુજરાતભરમાં સવા કરોડ લોકોએ સવારમાં ૭.૦૦ વાગે યોગાસનો કર્યાં. ભારતીય સંસ્કૃતિનો આટલો અધિકતમ પ્રચાર દુનિયાભરમાં આઝાદી બાદ કોણ કરી શક્યું છે?

થોડા સમય અગાઉ ભારતભરમાં ઉચ્ચ કક્ષાએથી પ્રચાર આરંભી ઝાડુ દ્વારા ચૌટે ચૌટે સફાઈ કાર્ય હાથ પર લેવામાં આવ્યું. ઉચ્ચ કક્ષાની અનેક વ્યક્તિઓના ઝાડુ સાથેના ફોટા અવારનવાર વર્તમાનપત્રોમાં પ્રદર્શિત થવા લાગ્યા. અતિ પ્રચાર દ્વારા સફાઈકાર્ય જેવી પ્રવૃત્તિને અનહદ વેગ પ્રાપ્ત થયો.

એ અગાઉ ગામડાંમાં અને શહેરોમાં ઘરે ઘરે ટોઈલેટ હોવાં જોઈએ તેની ઝુંબેશ આદરાઈ હતી. ઘરે ઘરે ટોઈલેટનું કાર્ય આજે પણ મોટાપાયે દેશભરમાં ચાલુ રાખવામાં આવેલ છે. ૨ ટકા ''સી.એસ.આર.''માં આ યોજનાનો સમાવેશ થતાં તેને અતિ વેગ સાંપડેલ છે. આ અને આવી તો અનેક પ્રવૃત્તિઓનો સફળતાપૂર્વકનો પ્રચાર આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદી જેવા ધરખમ સેલ્સમેન દ્વારા કરવામાં આવ્યો.

કચ્છને લાગે વળગે છે ત્યાં સુધી શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી પદે બિરાજમાન થયા તે અગાઉ પણ રણોત્સવ દર વર્ષે ઊજવવામાં આવતો હતો. પરંતુ તેઓશ્રી મુખ્યમંત્રી પદે બિરાજમાન થયા ત્યારબાદ આ રણોત્સવનો અધિકતમ પ્રચાર કરવામાં આવ્યો. અમિતાભ બચ્ચનને બ્રાન્ડ એમ્બેસેડર તરીકે નીમવામાં આવ્યા. અને આ પ્રચાર તંત્ર દ્વારા આ ઉત્સવ અતિ સફળ થયો તેવું સાબિત કરી બતાવવામાં આવ્યું. આજે પણ રણોત્સવના સમયે હજારોની સંખ્યામાં લોકો કચ્છમાં ઊતરી આવે છે. તેના કારણે પ્રવાસન ઉદ્યોગ અતિ સફળ સાબિત થતો રહે છે.

આ દરેક કાર્ય પાછળ ઉચ્ચ કક્ષાનો પ્રચાર હતો અને એ પ્રચારે જ દરેક કાર્યને અપ્રતિમ સફળતા બક્ષી.

આ પ્રમાણે જ કોઈ પણ સંસ્થાએ પોતાની ઉચ્ચ કામગીરીનો હેતુ પ્રજાને સમજાવવાનો હોય તો તેનો અપ્રતિમ પ્રચાર કર્યા વગર ધાર્યાં પરિણામો મેળવી શકાતાં નથી. પ્રચાર એ આજના જમાનાની તાતી જરૂરિયાત છે. તેના વગર સફળતાના

*જીવન પરિવર્તનશીલ છે. જૂની વાતોને ભૂલી દરેક દિવસને નવા ઉત્સાહથી જીવો.*

શિખરે બિરાજમાન થવું કદાચ શક્ય ના બની શકે. પ્રચાર કાર્ય માટે સંસ્થાનું પ્રચારતંત્ર ખૂબ જ કાર્યશીલ હોવું અતિ જરૂરી છે. તેના પાછળ થતા ખર્ચને મૂડી રોકાણ તરીકે સમજવું જોઈએ. તેના અનુસંધાને તેનું મુખપત્ર, વારંવારનાં પેમ્ફલેટ્સ, મૌખિક પ્રચાર કરતા અસંખ્ય કાર્યકરો અને આ કાર્યકરોનો ઉત્સાહ વધારતાં પગલાં વગેરે અતિ જરૂરી બની રહે છે. એટલું જ માત્ર નહીં, તે સંસ્થાના શિખરે બિરાજતા અધિકારીશ્રીઓના અંતરમાં પણ તે ધગશનાં ઘોડાપૂર ઊપજતાં હોવાં જોઈએ. યોગ્ય પ્રચાર વગર સંસ્થાની સારી કામગીરીની નોંધ પણ જનતા લઈ શકતી નથી.

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની કેટલીક ઉચ્ચ કોટિની પ્રવૃત્તિઓ એવી છે કે જે અતિ પ્રચાર વિના શાંતિપૂર્વક આગળ વધી રહેલ છે. આ પ્રવૃત્તિઓ અતિ ઉચ્ચ કક્ષાની હોવા છતાં આમ સમુદાયમાં તેની યોગ્ય નોંધ લેવાયેલ હોય તેવું દેખાતું નથી. લોકોના માનસ પર તેની અપ્રતિમ છાપ ઊપસાવવા અને તેના પરિણામ સ્વરૂપે લોકોનો સહકાર મેળવવા જમાના અનુસાર તેનો અધિકતમ પ્રચાર આવશ્યક છે. આ પ્રકારની ઉચ્ચ કક્ષાની પ્રવૃત્તિઓમાં (૧) વાતાવરણમાંથી કાર્બન ડાયોક્સાઈડની અસર ઘટાડવા એક જ સ્થળે મોટા પાયે વૃક્ષારોપણ તેમજ આ પ્રકારનાં અનેક સ્થળોએ મોટા પ્રમાણમાં વૃક્ષારોપણ. (૨) ખૂબ જ રાહત દરથી ચલાવાતું ડાયાલિસિસ સેન્ટર, (૩) સક્ષમ ના હોય તેવા કોઈ પણ માટે જલારામ અન્નક્ષેત્ર, (૪) સભ્યોના આર્થિક ઉત્થાન માટે ચલાવાતી કો-ઓપરેટિવ સોસાયટી અને તેના જેવી તો અનેક પ્રવૃત્તિઓ છે કે જેનો સહેતુક પ્રચાર અતિ જરૂરી છે. સમાજની પ્રચાર - પ્રસાર સમિતિની કાર્યવાહી તેજ-તરાર કરવી અતિ જરૂરી ભાસે છે.

આ અંક આપશ્રીના હાથમાં આવ્યા બાદ અષાઢી બીજ — કચ્છી નવું વર્ષ તરતમાં જ શરૂ થાય છે. નૂતન વર્ષે જાગૃત થઈ સમાજની પ્રવૃત્તિઓ અતિ પ્રચાર થકી અપ્રતિમ સફળતાને વરે તેવા પ્રયાસો આદરીએ.

કચ્છી નૂતન વર્ષનાં આપ સહુને અભિનંદન.

સમાજનાં સેવાકીય કાર્યોમાં જોડાવા અને તેનો યોગ્ય પ્રચાર કરવા આપણે સહુ નૂતન વર્ષે શુભ સંકલ્પ કરીએ.

*૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,*
*બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯*

## ઘડતર

એક આચાર્ય પાસે કેટલાક વાલીઓ આવ્યા. ચા પાણીનો કાર્યક્રમ થયો. કાર્યાલયમાં ચાર-પાંચ જિજ્ઞાસુ વાલીઓ તેમની પાસે વાતો કરવા બેઠા. વાતવાતમાં એક જિજ્ઞાસુ વાલીએ આચાર્યને પૂછ્યું : 'સાહેબ, મને એ વાત સમજાતી નથી કે, બાળકોને પુસ્તકો, નોટો અને અન્ય વસ્તુઓ આપીએ છીએ, ખાવાપીવા ને કપડાં વગેરે બધું જ પૂરું કરીએ છીએ, પરંતુ મોટા થયા પછી એ બાળકો સાવ જુદા જુદા પ્રકારના બની જાય છે. કોઈ મજૂર બને છે, કોઈ શેઠ, કોઈ શિક્ષક બને છે તો કોઈ કલેક્ટર! કોઈ વળી ખેડૂત બને છે તો કોઈ વેપારી. કોઈ નેતા પણ બને છે અને ચોર - ડાકુ પણ બને છે. કેટલાક સંત પણ બની જાય છે. આવું કેમ બનતું હશે?'

આચાર્યશ્રીને આ પ્રશ્ન બહુ ગમ્યો. તેમણે ઉત્તર આપતાં કહ્યું : 'એક લોખંડનો ટુકડો વેચીએ તો ત્રણ રૂપિયા ઊપજે. તે ટુકડામાંથી કોઈ નાનું હથિયાર બનાવી વેચીએ તો દસ રૂપિયા ઊપજે. એ ટુકડામાંથી સોય બનાવી વેચીએ તો સો રૂપિયા મળે... પરંતુ એ જ ટુકડામાંથી ઘડિયાળ જેવા કોઈ મૂલ્યવાન યંત્રનાં ઉપકરણ બનાવી વેચીએ તો એક હજાર રૂપિયા ઊપજે!'

થોડું અટકીને આચાર્યશ્રીએ ભારપૂર્વક કહ્યું : 'જુઓ ભાઈ, લોખંડનો ટુકડો તો એનો એ જ, એટલો જ પરંતુ એનું ઘડતર જેવું કરો તેટલું તેનું મૂલ્ય ઊપજે! માણસનું એટલે કે આપણા બાળકનું પણ એવું!' આચાર્યના વક્તવ્યથી વાલીને સંતોષ થયો.

**બોધ વાક્યો :**

★ જેવું ઘડતર કરીએ તેવું બાળક થાય.

★ સારું ઘડતર સૌને ગમે.

★ જેવું ઘડતર તેવું મૂલ્ય.

★ શ્રેષ્ઠ ઘડતરથી વ્યક્તિ કે વસ્તુ મૂલ્યવાન બને.

★ જેનું જેવું ઘડતર તેવું તેનું જીવન.

***'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી***

*જરૂરિયાતો પૂરી થઈ શકે છે, ઈચ્છાઓ નહીં.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## 'મંગલ મંદિર' – સર્વે પ્રશ્નાવલી

*હાલ છે તેનાથી પણ વધુ રસપ્રદ અને માહિતીસભર 'મંગલ મંદિર' વાચક વર્ગના હાથમાં આપવાના ઉદ્દેશથી એક પ્રશ્નાવલી અત્રે રજૂ કરવામાં આવેલ છે. 'મંગલ મંદિર'ના દરેક વાચકને આ પ્રશ્નોના જવાબ આપી શક્ય ત્વરાએ 'મંગલ મંદિર' વિભાગ, શ્રી કચ્છી જૈન ભવન, ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ના સરનામે મોકલી આપવા વિનંતી. યોગ્ય સ્થળે ✓ કરવા વિનંતી.*

- *આપશ્રી મંગલ મંદિર વાંચો છો?*............ હા ☐ ના ☐
- *વાંચો છો? નો જવાબ 'હા' હોય તો લેખ વિભાગમાં કયા વિભાગના લેખો વાંચો છો?*
- *કચ્છને લગતા લેખો વાંચો છો?*............ હા ☐ ના ☐
- *નર્મદા કેનાલ વિશેના લેખો વાંચો છો?*............ હા ☐ ના ☐
- *વાર્તા વાંચો છો?*............ હા ☐ ના ☐
- *તંદુરસ્તી વિભાગના લેખો વાંચો છો?*............ હા ☐ ના ☐
- *કટાક્ષ લેખો વાંચો છો?*............ હા ☐ ના ☐
- *'આંજો કાગર' વિભાગ વાંચો છો?*............ હા ☐ ના ☐
- *'અન્ય સંસ્થાઓના સમાચાર' વિભાગ વાંચો છો?*............ હા ☐ ના ☐
- *'સાર સમાચાર' વાંચો છો?*............ હા ☐ ના ☐
- *'જાણવા જેવું' વિભાગ વાંચો છો?*............ હા ☐ ના ☐
- *'શબ્દ રમત' વિભાગમાં રસ ધરાવો છો?*............ હા ☐ ના ☐
- *'સુડોકુ' વિભાગમાં રસ ધરાવો છો?*............ હા ☐ ના ☐
- *'વલોવતન' વિભાગ વાંચો છો?*............ હા ☐ ના ☐
- *શ્રી ક.જૈ.સે.સ.- અમદાવાદનો માસિક અહેવાલ વિભાગ વાંચો છો?*............ હા ☐ ના ☐
- *'ઊડતી નજરે' વિભાગ વાંચો છો?*............ હા ☐ ના ☐
- *'મંગલ મંદિર'માં અન્ય કયા વિભાગો આપવામાં આવે તો આપને ગમશે?* ____________________
- *અન્ય સૂચનાઓ :* ____________________

**નામ :** ____________________

**મોબાઈલ નંબર :** ____________________ **સહી :** ____________________

*જે લોકોને પોતાની જાત પર વિશ્વાસ નથી હોતો તેમના પર કોઈ વ્યક્તિ વિશ્વાસ નથી કરતી.*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## 'મંગલ મંદિર'ની જાહેરાતના માસિક દરો

| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટી કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટી કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટી કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — |
| ૫. | અંદરનું પાનું | સીંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ |

**નોંધ :** ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

*"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો ચેક* ***(Payable at AHMEDABAD)*** */ ડ્રાફ્ટ મોકલાવવા વિનંતી.*

**નોંધ : જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી.
(૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી.
(૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

## "મંગલ મંદિર" : લવાજમનાં દરો

૧ વર્ષના : રૂા. ૧૫૦/-
૩ વર્ષના : રૂા. ૪૦૦/-
૫ વર્ષના : રૂા. ૬૦૦/-
આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-

## ● વાંચન અભિયાન ●

## પુસ્તક લાઈબ્રેરીનો અચૂક લાભ લેશો

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી જૈન ભવન - પાલડી સ્થિત પુસ્તક લાઈબ્રેરીમાં હાલે ૭૦૦થી વધુ નવાં પુસ્તકોનો ઉમેરો કરતાં પુસ્તકોની કુલ્લ સંખ્યા ૨૫૬૦ જેવી થઈ છે અને તે કારણે પુસ્તક વાંચન કરનાર ગ્રાહકોની સંખ્યામાં પણ વધારો થતાં હાલે ૨૬૦ વ્યક્તિઓ તેનો નિયમિત રીતે લાભ લઈ રહ્યા છે. આપશ્રી આ વાંચન - અભિયાનમાં જોડાવ તેવો ખાસ આગ્રહ છે. અન્ય વિગત માટે લાઈબ્રેરિયનનો ફોન નંબર : (૦૭૯) ૨૬૫૭ ૮૮૯૨ અને ૨૬૫૮ ૧૫૦૧ પર સંપર્ક કરશો.

★ કુલ ૨૫૬૦માંથી બાળ વિભાગના પુસ્તકો સાથે અંગ્રેજી ભાષાના પુસ્તકો .......................... ૧૬૦
★ બાળ વિભાગના ગુજરાતી પુસ્તકો .......................................................... ૧૫૦
★ અન્ય ગુજરાતી વિવિધ પ્રકારના પુસ્તકો .................................................... ૨૨૫૦

*આ સિવાય, સંખ્યાબંધ મેગેઝિન અને વર્તમાનપત્રો સાથે ઉપરના જ સ્થળે વાંચનાલયની સગવડ છે જેનો પણ કોઈપણ વ્યક્તિ લાભ લઈ શકે છે.*

## આય વલો અસાંજો વતન.... મુંજી માતૃભૂમિ કે નમન

# કચ્છી નવું વર્ષ : અષાઢી બીજ

*– દિનેશ આર. મહેતા*

કચ્છવાસીઓ માટે અષાઢી બીજનું ઘણી રીતે મહત્ત્વ છે. અષાઢી બીજના દિવસે સૌ કચ્છીઓની મીટ આકાશ તરફ મંડાતી હોય છે. 'અષાઢી બીજ, કાં વાદળ કાં વીજ....' મુજબ તે દિવસે કચ્છી માડુ મેઘરાજાનો વર્તારો નક્કી કરતા હોય છે. વરસાદનાં એંધાણ પારખવાની કોશિશ કરતા હોય છે. વર્ષ દરમ્યાન સમગ્ર કચ્છ પ્રદેશમાં સારો વરસાદ થશે તેવો હર્ષોલ્લાસ અગાઉથી જ એટલે કે આ અષાઢી બીજના દિવસે વ્યક્ત કરી લેતા હોય છે. બીજા અર્થમાં, શ્રધ્ધા અને ઉમંગનો દિવસ એટલે અષાઢી બીજનો દિવસ. આ દિવસે હંસાપીર દાદા જેવા સ્થળોએ ઉમંગભેર આખી રાત્રિ ઉર્સ - મેળાનું આયોજન થતું હોય છે.

રાજાશાહીના સમયમાં કચ્છના રાજ દરબારમાં અષાઢી બીજની ઉજવણી ખૂબ જ ઠાઠમાઠથી થતી હતી. તે દિવસે રાજાના મહેલમાં દરબાર ભરવાનું આયોજન કરીને રાજા અને પ્રજાનું સ્નેહ મિલન પણ થતું હતું. શુકનરૂપે અષાઢી બીજના દિવસે સ્થાનિક ચલણ કોરીના સિક્કા પણ બહાર પાડવામાં આવતા હતા. રાજાશાહી જવાથી આ બધી પરંપરા લુપ્ત થતી ગઈ છે, તેમ છતાં નાળિયેર અને સાકર હાથમાં રાખીને ચંદ્ર દર્શન કર્યા બાદ, વડીલોને પગે લાગવાની પ્રથા થોડે ઘણે અંશે આજે પણ જળવાઈ રહી છે.

કચ્છી નવા વર્ષનો સીધો સંબંધ કચ્છના દરિયાઈ, ખાસ કરીને વિદેશ વેપાર સાથે રહેલો છે. વેપાર અર્થે કચ્છના માંડવી બંદરનો વિશ્વના ઘણાં દેશો સાથે સદીઓ સુધી અગત્યનો હિસ્સો હતો. તે સિવાય, કચ્છનાં અન્ય નાનાં બંદરો પણ વેપાર ક્ષેત્રે સક્રિય હતાં. ખાસ કરીને, કચ્છનો દરિયાઈ વિદેશ વેપાર રાતા સમુદ્રના દેશો સાથે વિશેષ પ્રમાણમાં રહેતો હતો. વેપારના હેતુસર દિવસ-રાત દરિયો ખૂંદતા લોકો દરિયાની ખાસ પૂજા અર્ચના અષાઢી બીજના દિવસે ભાવપૂર્વક કરતા હતા. ખારવા લોકો પોતાનાં વહાણોને શણગારીને ઉત્સવ માણતા હતા, જે પ્રથા પાછળથી પણ ચાલુ રહી હતી. અન્ય એક ઉલ્લેખ મુજબ, જે તે સમયના રાજાઓએ એક અથવા બીજી રીતે અષાઢી બીજના દિવસે સફળતા હાંસલ કરી હોવાથી તે દિવસને મહત્ત્વ આપવામાં આવ્યું છે. આમ છતાં, કચ્છમાં અષાઢી બીજથી શરૂ થતાં નવા વર્ષની શરૂઆત ક્યારથી અને કેવી રીતે થઈ હશે તે બાબતે જુદા જુદા અભિપ્રાયો અને માન્યતાઓ પ્રવર્તે છે. આ સંબંધમાં અનેક દંતકથાઓ પ્રચલિત છે.

કચ્છ એટલે કચ્છી માડુઓની ભાતીગળ ભૂમિ. અષાઢી બીજ – કચ્છી માડુઓના નૂતન વર્ષનો એક અનોખો દિવસ. અષાઢી બીજે સમગ્ર કચ્છીજનોનું હૈયું હેલે ચડે. વિશિષ્ટ વિરોધાભાસી વૈભવ વચ્ચે વસતા કચ્છના લોકોને જીવનની યાતનાઓ પણ અનેક છે પરંતુ તેને નિયમના સ્વરૂપે ક્યારેય જોતા નથી. આ સ્થિતિમાં અષાઢનું મહત્ત્વ સમજીને તેને જીવનનો ઉત્સવ બનાવ્યો છે. તેને નૂતન વર્ષ તરીકે જાણીને હંમેશાં ભાવપૂર્વક સત્કાર કરે છે અને ભાવનાત્મક રીતે લોકજીવન સાથે સાંકળી લીધેલ છે. કચ્છમાં રણ અને દરિયાના પરિણામે ચંદ્રનો ખાસ મહિમા રહ્યો છે. તેના કારણે કચ્છના લોકોએ અષાઢી બીજને નવા વર્ષના રૂપે સ્વીકારેલ છે. લોકો દરિયાલાલની પૂજા - અર્ચના કરવા જાય અને પરસ્પર મીઠાઈઓની વહેંચણી કરે, સવારના જલેબીની મીઠાશ અનુભવે તેવી પરંપરા હતી. સમયના પરિવર્તનમાં રીત-રિવાજો અને ઉત્સવોની ઉજવણીમાં પણ ફેરફાર થઈ રહ્યા છે અથવા તો લુપ્ત થઈ રહ્યા છે. માત્ર કચ્છ એક એવો મૂલક છે કે જે પોતાના નવા વર્ષની શરૂઆત કે ઉજવણી અષાઢી બીજથી એટલે કે વર્ષાઋતુના આરંભથી કરે છે. આ કારણે આજે પણ અષાઢી બીજના દિવસે મંદિરોમાં દર્શન કરવા જવાનું તેમજ વડીલ વર્ગ અને સ્નેહીઓને મળીને શુભેચ્છા પાઠવવાનો રિવાજ લોકોના અમુક વર્ગમાં ચાલુ છે. તે દિવસે પરિવારજનો મીઠાઈ ખાઈને અષાઢી બીજની ઉજવણી માનભેર રીતે શરણાઈ અને નોબતના સૂરે કરતા હોય છે.

ભૌગોલિક રીતે કચ્છ પ્રદેશ એક સીમાડે હોતાં, તેનાં અમુક પહેરવેશ, સંસ્કૃતિ વગેરેમાં આગવી છાપ ઉપસતી જોવા મળે છે. ઘણાં વર્ષો અગાઉ કચ્છ વિસ્તારની મુલાકાત લઈ ચૂકેલા સાધુ-સંતોએ જણાવ્યું હતું કે, કચ્છ પ્રદેશના લોકો અને અશ્વો ઉત્તમ કક્ષાના છે અને ત્યાંનાં હવા-પાણી દરેકને સ્વસ્થ રાખે તેવા છે. ત્યાંના લોકો મીઠી વાણી અને લાગણીમય સ્વભાવના છે. આવી ભૂમિ માત્ર કચ્છ જ છે. તેવી ભૂમિ બીજે ક્યાંય જોવા મળશે નહિ. આ રીતે, કચ્છની ધીંગી ધરાનાં દર્શન કરવાં તે પણ એક અનેરો લહાવો છે, તેમ અન્યત્ર કહેવાઈ રહ્યું છે, તેમાં કોઈ અતિશયોક્તિ જેવું નથી.

**'જત હકડો કચ્છી વસે ઉત ડીયાણી કચ્છ'**

સમસ્ત કચ્છી પ્રજાજનોને નવા વર્ષની શુભેચ્છાઓ....

*૩૦૨, મર્લિન અર્હમ્, ૧૧, વિશ્વકુંજ સોસાયટી, નારાયણનગર રોડ,*
*પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭. મો. ૯૯૨૪૩ ૪૨૬૨૮*

"જય કચ્છ" ॥ જય ગૌભક્ત શ્રી શંભુ મહારાજ ॥ "જીયો કચ્છી"

जय श्री महाराणा प्रताप

जय श्री छत्रपति शीवाजी जय श्री सरदार वल्लभभाई पटेल जय श्री नेताजी सुभाषचन्द्र बोस जय श्री लालबहादुर शास्त्री

# श्री *BHALARA DADA ESTATE AGENCY GROUP (Parivar)*

*Labdhi Momaya* (*Social Worker*)

**M. : 098253 51001**

Shop No. 4, Plot No. 50, Sai Lilashah Complex, Ward 12/C, Lilashah Nagar, Gandhidham (Kutch) 370201.
E-mail : dadabhalara@yahoo.in Website : www.dadabhalara.in

## વતનના વિકાસ મુંદ્રા પોર્ટના ડાયરામાં વસાવો

મુંદ્રાથી ફક્ત ૧૨.૫ કિ.મી. દૂર રતાડિયા ગણેશવાલા હાઈવે રોડ ટચ પર સંપૂર્ણ વસતિમાં ૮૪ ચો.વારના એન.એ. કમ્પ્લીટ પૂર્ણ કારપેટ એરિયા ૭૫૬ ચો.ફુટનો પ્લોટ ટાઈટલ ક્લીયર મેટલ રોડ, ગટર, પાણી, લાઈટની સુવિધાથી સજ્જ પ્રતિવાર ફક્ત રૂા. ૧૫૫૦ + રૂા. ૩૦૦૦/- રજી. દસ્તાવેજ ખર્ચ, ૨૬૦ પ્લોટો માનવ વસતિની વચ્ચે જે ટુંકમાં બનશે મેઘા સીટી એવા એરિયામાં ફક્ત રૂા. ૧,૩૩,૨૦૦/-માં.

૮૦ ચો.વારના કારપેટ એરિયા રતાડિયા વિરાણી મુંદ્રા પોર્ટથી ૧૪ કિ.મી. દૂર ફક્ત ૪૪ / ૫૫ પ્લોટ. ૫૦% + ૫૦% પેમેન્ટ હિસાબે ફક્ત રૂા. ૭૫,૦૦૦ + રૂા. ૪૫૦૦ દસ્તાવેજ ખર્ચ અલગથી. વિશાળ ટાઉનશીપ એરિયા.

વાંકી તીર્થની સામે મેન રોડ ટચ ૧૦૦ ચો.વાર ૫૦% + ૫૦% પેમેન્ટ હિસાબે ૩૫ - ૪૦ પ્લોટો કારપેટ એરિયામાં ફક્ત રૂા. ૬૬૦૦૦ + રૂા. ૪૫૦૦ દસ્તાવેજ ખર્ચ. ફક્ત રહેઠાણ હેતુ માટે (મોટી વિશાળ ટાઉનશીપ એરિયા)

### વતનની ધરામાં તા. ૧૮-૦૪-૨૦૧૫ના શુભ દિને
### સિંચાઈ ક્ષેત્રે પધાર્યા માં નર્મદાના પવિત્ર નીર

વેગવંતા વિકાસ સાથે હાથ મેળવો. ઉજ્જવળ ભવિષ્ય માટે આપનો સાથ વતનનો વિકાસ. જ્યાં ટુંક સમયમાં વિશાળ માનવ વસતિ આવે છે વસવાટ માટે. માં નર્મદાજી ૨૦૧૫ ડિસેમ્બર સિંચાઈ ક્ષેત્રે જમીનને નવપલ્લવિત કરશે. આવો, સમય સાથે તાલ મિલાવો અને વહાલસોયા માટે વસાવો કચ્છ.

૪૫ વર્ષોની કારકિર્દી ધરાવતા એસ્ટેટ બ્રોકર....

*વર્તમાન જમીનનો ભાવ હવે પછી ફરી ભવિષ્યમાં ક્યારે જોવા નહીં મળે.*

**– લબ્ધિ મોમાયા**

**આપના રોકાણના ઊંચા વળતરની ખાતરી સાથે....**

"જય કચ્છ" "જીયો કચ્છી"

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● રવિવાર, તા. ૧૯-૭-૨૦૧૫ સવારે ૦૯.૦૦ કલાકેથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વાર્ષિક સામાન્ય સભા. |
| ● શનિવાર, તા. ૧૫-૮-૨૦૧૫ સવારે ૦૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | સ્વાતંત્ર્ય દિન – ધ્વજવંદન કાર્યક્રમ. |
| ● શનિવાર, તા. ૧૫-૮-૨૦૧૫ સવારે ૦૯.૩૦થી ૧૧.૩૦ | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ વયસ્ક સમિતિ | દેશ ભક્તિના ગીતો પર અંતાક્ષરી અને તેના પર ક્વિઝ. |
| ● રવિવાર, તા. ૨૭-૯-૨૦૧૫ સવારે ૦૯.૩૦થી | ટાગોર હોલ, પાલડી, અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | વાર્ષિક સ્નેહમિલન ક્ષમાપના કાર્યક્રમ તથા સ્વામિવાત્સલ્ય જમણ. |
| ● રવિવાર, તા. ૨૭-૯-૨૦૧૫ સવારે ૧૦.૦૦થી | ટાગોર હોલ, પાલડી, અમદાવાદ | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ પુરસ્કાર સમિતિ તથા શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ | સરસ્વતી સન્માન, વિવિધ હરીફાઈઓના વિજેતાઓ તથા વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર વ્યક્તિઓનું બહુમાન, વિજેતાઓ અને નિર્ણાયક સમિતિના સભ્યોને 'મંગલ મંદિર' સંબંધિત ઍવોર્ડ, પુરસ્કાર તથા ગીત - સંગીત નૃત્ય, નાટક (બાળકો - યુવાનો માટે) |

## Quips & Quotes : Evan Esar

**Camera** : A girl can't fool a camera – which proves that a camera has more sense than a man.

**Candidate** : A man never realizes how foolish and unfit he is until he runs for office and listens to his opponent's speeches.

**Capital** : Beauty is the capital of a girl and capital is the beauty of a man.

**Car** : The easiest way for a man to lose control of his car is to allow his son to get a driver's license.

**Cards** : A lady never cheats at cards - unless it is necessary.
An ace in the hand is worth two in the deck.

**Chase** : A woman never chases a man - unless he is getting away.
Some husbands never chase other women, they are too decent, too refined, too old.

**Chatter Box** : A woman is always madam or mom but never mum.
A chatter box won't stop talking until you start walking.
There are two kinds of women who like to talk a lot – the married woman and the single ones.
A chatter box's mouth works faster than her mind.

**Children** : Now a days one never knows how the children are going to turn out or when they are going to turn in.
Time may be money, but the best thing parents can spend on their children is not money, but time.

*સાચી લગની લાગવી એ સફળતાની પહેલી શરત છે.*

When you feel like criticizing the younger generation, just remember you raised them. The hardest thing in the world is to raise a child, especially in the morning.

**Choice** : The man who is forever criticizing his wife's judgemnt never seems to question her choice of a husband.

**College** : Some students go to college to learn to think, but most go to learn what professors think.
A little learning is a dangerous thing but at college it is the usual thing.

**Comedian** : The test of a real comedian is whether you laugh at him before he opens his mouth – G. Nathan.

**Comedy** : Tragedies are finished by death, comedies by marriage. – Lord Byron

**Commercial** : Many a commercial gives you a headache while trying to sell you a remedy for it. Television commercials wouldn't be so bad if they weren't so often.

**Company** : A man is known by the company he keeps, and a company is known by the men it keeps.

**Competition** : Honesty is the best policy because it has so little competition.

**Computer** : Computers can solve all kinds of problems except the unemployment problem they create. A computer is almost human except that it never blames its mistakes on other computer.

**Congress** : After a man has been in Congress, he rarely goes back to real work. – Ed Howe
In congress the majority governs, but the minority rules.
The secret of many a congress mans income is secret.

**Conscience** : In every person's conscience there is a policeman who is usually off duty.
Conscience is the still, small voice that you wish you could teach not to interrupt you.

**Consolation** : Premature consolation is but the rememberance of sorrow. – E.S.
A good wife is a man's consolation, and a bad one is his friends consolation.

**Contentment** : Be content with what you have, not with what you are.
The secret of contenment : when you haven't what you like, like what you have.

**Conversation** : Marriage is a lifelong conversation in which a woman talks too much, and a man listens too little.

**Cooking** : The only virtue in a mother-in-law's visit is that it improves a wife's cooking.
Many a bride who cooks on electric stove gives her husband gas pains.

**Courtship and Marriage :** Before marriage, he lies awake thinking of what she said, after marriage, he falls asleep before she finishes saying it.

**Creation** : Man was made first so woman could claim she was an improvement on him.

**Criticism** : Express a mean opinion of yourself occasionally, it will show your friends that you know how to tell the truth. – Ed Howe

***Contributed by : Balvantrai M. Doshi - Mumbai***
***Ph. : (022) 25060890***

MILAN® MASALA

K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883

MILAN® MASALA

કચ્છ

# કચ્છનું અર્થશાસ્ત્ર, ચલણ અને હૂંડિયામણ

● નરેશ પી. અંતાણી ●

*કચ્છના ઈતિહાસકાર જયરામદાસ નયગાંધીએ કચ્છના ઈતિહાસને ઉજાગર કરતાં પ્રકાશનો આપ્યાં છે. તેમાં આજથી સાત દાયકા અગાઉના આ પ્રદેશના અર્થકારણને લગતી 'કચ્છ પ્રજામંડળ પત્રિકા'માં પ્રકાશિત કરાયેલી લેખમાળાને તેમણે ગ્રંથસ્થ પણ કરી છે.*

સાત દાયકા પહેલાં પ્રકાશિત કરાયેલા એક પ્રકાશનની વાત આ લેખમાં કરવી છે. આ પ્રકાશન કચ્છના વિકાસ અને અર્થકારણની તત્કાલીન પરિસ્થિતિ રજૂ કરે છે.

કચ્છની જૂની પેઢીના ઈતિહાસકાર અને લેખક જયરામદાસ જે. નયગાંધીએ કચ્છ સંદર્ભિત અનેક પ્રકાશનો આપ્યાં છે. ઈ.સ. ૧૯૩૪માં પ્રકાશિત કરાયેલાં તેમના આવા જ એક પ્રકાશનની વાત આજે કરવી છે જેનાથી આજથી સાત દાયકા પહેલાંના કચ્છના અર્થશાસ્ત્ર, ચલણ, હૂંડિયામણથી આપણે માહિતગાર થઈ શકીએ છીએ.

'કચ્છનું અર્થશાસ્ત્ર, ચલણ અને હૂંડિયામણ' નામની નાની એવી આઠ આનાની કિંમતની ૫૬ પૃષ્ઠની તેમની પુસ્તિકા ૧લી એપ્રિલ, ૧૯૩૪ના પ્રકાશિત કરવામાં આવી છે. અમદાવાદના આદિત્ય મુદ્રણાલયમાં છાપવામાં આવેલા પુસ્તકનો આ પ્રથમ ભાગ જ આ લખનારના અંગત સંગ્રહાલયમાં છે. તેથી તેની જ વિગતો અહીં મૂકી છે. બીજો ભાગ કોઈ વાચકના સંગ્રહમાં હોય તો તે ઉપલબ્ધ કરાવાશે, તો તેની પણ વિગતો મૂકવા પ્રયાસ કરીશું.

કચ્છના અર્થશાસ્ત્ર વિશે એ સમયમાં પૂરતી અને પ્રમાણભૂત વિગતો આમ જનતાને મળી શકતી નહોતી કારણકે કચ્છ રાજ્ય દ્વારા તેના સત્તાવાર આંકડાઓ પણ આજની જેમ બહાર પાડવામાં આવતા ન હતા. પરિણામે લોકો અને અર્થશાસ્ત્રના અભ્યાસુઓને મુશ્કેલીઓ પડતી હતી. જો કે કચ્છની પ્રજામાં પણ એ દિવસોમાં આ બાબતે બહુ ઉત્સાહ જણાતો ન હતો.

આ સંજોગોમાં શ્રી નયગાંધીએ પોતાના એ સમયે તૈયાર કરી રહેલા નવા પ્રકાશન 'કચ્છનો બૃહદ્ ઈતિહાસ' માટે કચ્છનાં જુદાં જુદાં નગરો અને ગામડાંઓનો પ્રવાસ એ સમયે કર્યો હતો અને તે પ્રકાશન માટે સામગ્રી એકઠી કરતાં કરતાં કચ્છના અર્થશાસ્ત્ર, ચલણ અને હૂંડિયામણ અંગેની આંકડાકીય વિગતો પણ તેઓ એકઠી કરી શક્યા અને તેને આધારે એ સમયે મુંબઈથી પ્રસિદ્ધ થતા અઠવાડિક પત્ર 'કચ્છ પ્રજામંડળ પત્રિકા'માં 'કચ્છનું અર્થશાસ્ત્ર — ચલણ અને હૂંડિયામણ' એ નામની લેખમાળા છ માસ સુધી અવિરત ચાલી. પાછળથી આ લેખમાળાને ગ્રંથસ્થ કરવાનો તેમને વિચાર આવતાં તેના પરિણામ સ્વરૂપે આ પ્રકાશન પ્રકાશિત કરાયું. જે આજે પણ એ સમયના કચ્છના અર્થશાસ્ત્રને સમજવા માટે બહુ ઉપયોગી થાય એમ છે.

કચ્છના હૂંડિયામણ સાથે સંબંધ ધરાવતા ખેતીવાડી, હુન્નર ઉદ્યોગ, વહાણવટા, વેપારવાણિજ્ય, કચ્છના બંદરોની ખિલવણી, કચ્છ અને બ્રિટિશ કસ્ટમ્સ યુનિયન તથા દેશી રાજ્યોનાં બંદરોનો વિકાસ અને વેપાર જેવા વિષયોને નાની પુસ્તિકામાં ટૂંકમાં છતાં સારી રીતે સમાવવામાં આવ્યા છે.

આ પ્રકાશનને કુલ ૧૧ પ્રકરણમાં વિભાજિત કરવામાં આવ્યું છે. જેમાં કચ્છના ચલણનો ઈતિહાસ, સ્વાવલંબી કચ્છ, કચ્છની ખેતીવાડી, હુન્નર ઉદ્યોગ, વહાણવટું, વેપાર વાણિજ્ય, કચ્છનું હૂંડિયામણ, કચ્છ રાજ્યના બંદરોની ખિલવણી, પરદેશી રાજ્યોનાં બંદરો અને ફેડરેશન, કાઠિયાવાડનાં બંદરોની ખિલવણી તથા બંદરી જકાત તથા કસ્ટમ્સ અંગે આ દરેક પ્રકરણમાં ટૂંકું છતાં મુદ્દાસર લખાણ અપાયું છે.

પ્રકાશનના આરંભમાં કચ્છના રાવ ભારમલજીએ ઈ.સ. ૧૬૧૭માં અમલમાં મૂકેલા કચ્છના પોતાના ચલણનો ટૂંકો ઈતિહાસ આપવામાં આવ્યો છે. કચ્છનું એ ચલણ માત્ર કચ્છમાં જ ચાલતું હોઈ બહારના પ્રદેશો સાથે માલ મંગાવવામાં કે ખરીદવામાં કે બહારના પ્રદેશોમાં ચાલતા રૂપિયાના ચલણની આવશ્યક્તા રહેતી એટલે કોરીના ચલણ અને રૂપિયાની ખરીદીના સંબંધ અર્થાત્ હૂંડિયામણની સમજ વાચકોને આપવામાં આવી છે.

સદર પુસ્તકના આટલા ટૂંકા પરિચય પછી આ પુસ્તકનાં અન્ય પ્રકરણોની વિગતો દ્વારા કચ્છના એ સમયના અર્થશાસ્ત્રને સમજવાનો પ્રયાસ કરીશું.

સદર પુસ્તિકાના બીજા પ્રકરણનું મથાળું "સ્વાવલંબી કચ્છ" એવું અપાયું છે. આ પ્રકરણમાં શ્રી નયગાંધીએ ઈ.સ. ૧૮૧૯ પહેલાંના કચ્છના સ્વાવલંબીપણાની વિગતો આપી, ૧૮૧૯ના વિનાશક ધરતીકંપ પછી કચ્છની થયેલી અવદશાની વિગતો આપી છે.

ઈ.સ. ૧૮૧૮ સુધી કચ્છ સ્વાવલંબી હતું. ત્યાં સુધી સિંધુનાં પાણી કચ્છમાં આવતાં. પરિણામે લખપત અને તેની આસપાસના વિસ્તારની ભૂમિ રસાળ અને ફળદ્રુપ હતી. પુષ્કળ ધન પેદા કરી આપનાર હતી. જેમાંથી કચ્છ રાજ્યને દર વર્ષે સાત લાખ કોરીની મહેસૂલી ઊપજ થતી. કચ્છની

*મન સૌથી વધુ બળવાન છે. જે વ્યક્તિ મન પર કાબૂ મેળવી શકે છે એ તો દેવોનો પણ દેવ છે.*

વસતિનો મોટોભાગ તેના પર જીવન નિર્વાહ ચલાવતો. કચ્છ પ્રદેશને ખાધાખોરાકી પ્રશ્ને પરાવલંબી રહેવું પડતું નહીં. વધારામાં મોટા પ્રમાણમાં કચ્છનું અનાજ પરદેશ જતું. એ સમયે કચ્છનો વહાણવટા વેપાર સંબંધ એશિયા અને આફ્રિકાનાં મોટા બંદરો સુધી ફેલાયેલો હતો.

પરંતુ ૧૬મી જૂન, ૧૮૧૯ના દિવસે વિનાશક ધરતીકંપે કચ્છમાં અસાધારણ માલ ખુવારી કરી. આ ધરતીકંપને કારણે જમીનના પેટાળમાં થયેલા મોટા પરિવર્તનની અસર જમીનના બહારના ભાગે પણ થઈ. પરિણામે કચ્છ અને સિંધ વચ્ચે ૧૮ માઈલ (અંદાજે ૨૭ કિ.મી.)ની જમીનનો લાંબો પટ્ટો ૧૮ ફૂટ ઊંચો ઊપસી આવ્યો. જેને કારણે સિંધુનાં પાણીનું વહેણ બદલાઈ જતાં કચ્છમાં આવતું તે બંધ થયું. કુદરતે આ પહાડનું નિર્માણ કર્યું જેને કારણે તે 'અલ્લાહ બંધ' તરીકે ઓળખાયો.

સિંધુનાં પાણી કચ્છમાં આવતા બંધ થતાં કચ્છનું નસીબ પણ બદલાયું અને આરંભાયો આપત્તિનો કાળ. કચ્છ દેશની લીલોતરી સુકાઈ થઈ. કચ્છી વનો વેરાન થઈ ગયાં, ફળદ્રુપતા લુપ્ત થઈ ગઈ. કચ્છનો નંદનવન સમો ગરડા પંથક વેરાન બની ગયો. દેશ દેશાવરને અનાજ પહોંચાડનાર કચ્છ પરદેશી ધાનના આવવાની રાહ જોવા લાગ્યો.

આ ધરતીકંપની પાશ્ચાત્ય અસરો પણ બહુ મોટી પડી. કચ્છમાંથી મોટાપાયે હિજરતી પ્રવાહનો આરંભ થયો. બેકાર બનેલા ખેડૂતો, કારીગરો, હુન્નર ઉદ્યોગકારોએ પરદેશની વાટ પકડી. એ સમયે કચ્છની દસ લાખની વસતિમાંથી પાંચ લાખ કચ્છીઓ આજીવિકા માટે કચ્છમાંથી હિંદુસ્તાનનાં અન્ય રાજ્યો અને પરદેશોમાં ચાલ્યા ગયા. જેને પરિણામે આજે પણ અડધું કચ્છ બહાર વસે છે.

## ● સિંધુનાં નીર પુનઃ લાવવા કચ્છ રાજ્યનો વ્યાયામ :

કચ્છમાં આવતાં બંધ થયેલાં સિંધુનાં પાણીને પુનઃ કચ્છમાં આવતાં કરવા, કચ્છના મહારાવ દેશળજીએ આ દિશામાં પ્રયાસો કર્યા હતા. આ માટે છેક બંગાળથી નિષ્ણાતોને કચ્છમાં બોલાવ્યા હતા. પરંતુ તે સમયના ટાંચા સાધનોને કારણે આ પ્રયાસ કારગત ન બની શક્યો. આ પછી પણ જો કચ્છ રાજ્ય દ્વારા સિંધુના પાણીને કચ્છમાં લાવવા પ્રયાસો હાથ ધરાયા હોત તો કચ્છ પુનઃ નંદનવન બની શકત અને સ્વાવલંબી બની શકે તેમ હતું. જો આમ થયું હોત તો કચ્છને કેવા લાભો મળી શકત અને પુનઃ કચ્છ નવપલ્લવિત બની શકત તેની વિગતવાર ચર્ચા આ પ્રકરણના અંતમાં કરવામાં આવી છે.

જે રીતે રાજસ્થાનના બીકાનેર રાજ્ય દ્વારા 'ગંગા સાગર' યોજના દ્વારા એ સમયે હિમાલયનાં પાણી બીકાનેરમાં લાવી શકાયાં, તે જ રીતે કચ્છ રાજ્યે મોડે મોડે પણ આવા પ્રયાસો કર્યા હોત તો કચ્છ પુનઃ સ્વાવલંબી બની શક્યું હોત. એ સમયે રાજ્યના સિંચાઈ ખાતા દ્વારા કરાતા મોટા ખર્ચાઓ પરત્વે પણ આ પ્રકરણમાં ટકોર કરાઈ છે.

## ● છપ્પનિયા દુકાળે સટ્ટાનો સડો ફેલાવ્યો :

ખેતીવાડી અંગેના પ્રકરણમાં એ સમયે કચ્છના ખેતીવાડી ઉદ્યોગમાં પ્રવર્તતી હાલતની વિગત આપવામાં આવી છે. એ સમયે કચ્છનો ૮૦ ટકા વર્ગ ખેતીવાડી પર નિર્ભર હતો. આમ છતાં આ વર્ગની હાલત અંગે એ સમયે બહુ ચિંતા કરાતી ન હોવાની વાત કરતાં લેખકે એ વખતે હૂંડી, ચીજવસ્તુઓ, ખાદ્ય અને ખોરાકીની વસ્તુઓ અને પોશાક વગેરે બહારના દેશોમાંથી મંગાવવાં સસ્તાં પડતાં હોઈ મંગાવવામાં આવતાં. પરંતુ આ સસ્તાઈથી કચ્છના ખેતીવાડી અને બીજા હુન્નર ઉદ્યોગને હાનિ પહોંચતી હતી. તેના પર નભતો વર્ગ મોંઘવારીમાં પિસાતો હતો. પરિણામે કચ્છમાં સામાજિક અસમાનતાની સમસ્યા એ સમયે પણ જોવા મળતી હોવાનું લેખકની વિગતો જોતાં જણાય છે.

તો સંવત ૧૯૫૬ના વર્ષમાં કચ્છમાં ભયંકર દુષ્કાળ પડ્યો. કચ્છમાં આના કારણે કોઈ પણ પ્રકારનું ઉત્પાદન ન થતાં પરદેશથી મોટા પ્રમાણમાં અનાજ અને રસકસની આયાત કરવી પડતી. આ પરિસ્થિતિને પહોંચી વળવા વધુને વધુ નાણાંની જરૂરિયાત પડવા લાગી. કોઈ પેદાશ ન હોવાને કારણે હૂંડી લખાવાનું પણ બંધ થયું. આ હાલતને પહોંચી વળવા કચ્છ રાજ્યે ખાસ એક કરોડ કોરી છૂટી કરી, વિવિધ રીતે સહાય પૂરી પાડી હતી. તો સખી અને સુખી ગૃહસ્થોએ પણ મોટી રકમ આ ભયાનક દુષ્કાળને પહોંચી વળવા ખર્ચી હતી.

દુષ્કાળની ભયાનક અસર, જબરી આયાત, નિકાસનો અભાવ, ચલણની અછત અને રૂપિયાની વધુ માંગને કારણે હૂંડી પોતાનો લાંબાકાળનો સ્થિર ગાળો છોડી વધવા લાગી. પરિણામે કચ્છમાં સટ્ટાનો ચેપ પ્રસર્યો અને હૂંડી વધારવામાં આ સટ્ટાએ મોટો ભાગ ભજવ્યો. હૂંડી ૩૭૫માંથી વધીને છેક ૫૦૦ થઈ ગઈ. તેને કારણે કચ્છમાં મોંઘવારી ભયંકર રીતે વધવા લાગી. હૂંડિયામણને નિયંત્રણમાં રાખવા, એ સમયે કોઈ પ્રયત્નો કરાયા નહીં પણ સટ્ટાના ચેપને દૂર કરવા કચ્છ રાજ્યે પગલાં લીધાં પણ તે અસફળ રહેતાં હૂંડિયામણ વધતું જ રહ્યું. દુષ્કાળની ભયાનક અસર છેક સંવત ૧૯૫૯ સુધી રહી. આયાત અને નિકાસ હિસાબ સરભર કરતાં કચ્છ રાજ્યને દર વર્ષે ૧૫૦ લાખ રૂપિયાની ખોટ ગઈ હતી. આ ખોટ એ જ હૂંડિયામણ. આ ખોટ પૂરી કરવા માટે પરદેશ ગયેલા કચ્છીઓએ કમર કસી અને

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

મોટાપાયે વતનની સેવા કરી હતી. એ સમયે પરદેશ ગયેલા કચ્છીઓએ રેલવે, સિંચાઈ, માર્ગ નિર્માણ, મિલ ઉદ્યોગ અને કોલસા ઉદ્યોગ જેવા અનેક ક્ષેત્રે સારી એવી પ્રગતિ કરી મોટું આર્થિક સામ્રાજ્ય ઊભું કર્યું હતું. જેનો સીધો લાભ આ દુષ્કાળમાં કચ્છને થયો. આ કારણે જ કચ્છનું અર્થકારણ મનીઓર્ડર પર ત્યારથી જ નભતું આવ્યું છે.

૬૫૦૦ ચોરસ માઈલના વિસ્તારવાળા કચ્છમાં એ સમયે માત્ર ૧૪૫૦ હજાર એકર જમીનમાં જ ખેતીવાડીનું કામ થતું. બાકીની જમીન ખારી, રેતાળ અને ટેકરાવાળી હોવાથી તેમાં પાક લઈ શકાતો નહોતો.

નીચા હૂંડિયામણને કારણે પરદેશથી આવતું અનાજ સસ્તું પડતું હોઈ તેની હરીફાઈમાં ઊભા રહેવા સ્થાનિક ખેડૂતોએ પણ પોતાના ભાવો ખોટ ખાઈને પણ નીચા રાખવા પડતા. આ ભાવ તફાવતનાં કેટલાંક ઉદાહરણ પણ લેખકે આપ્યાં છે. તે પૈકી એક બાજરાનું ઉદાહરણ અહીં નોંધ્યું છે. એ સમયે કરાંચીથી આયાત કરવામાં આવતા બાજરાનો ભાવ વહાણ નૂર, વિમાન નૂર, આયાત, જકાત, રેલવે ચાર્જ વગેરે ખર્ચ સહિત સિંધી બાજરાનો ભાવ ૧ સઈ (તે સમયના વજનનું માપ)નો પાંચ કોરી થતો. સામે દેશી બાજરો ૧ સઈનો ૧૧થી ૧૨ કોરીમાં પડતો! આ સસ્તાઈ આમ જનતાને અનુકૂળ હતી પરંતુ આના કારણે ખેડૂત વર્ગ પાયમાલ થઈ ગયો. અને જેને કારણે કેટલાય ખેડૂતોએ ખેતીવાડી છોડી પરદેશની વાટ પકડી હોવાની નોંધ લેખકે કરી છે.

- **કચ્છના હુન્નર અને વહાણ ઉદ્યોગનો ચડાવ ઉતાર :**

હર્યાભર્યા અને સ્વાવલંબી કચ્છને ૧૮૧૯નો ધરતીકંપ અને સંવત ૧૯૫૬ના દુષ્કાળે મોટો ફટકો આપ્યો. જે દૂરોગામી અસરકર્તા બન્યો. જો કે દુષ્કાળ તો કચ્છને કોઠે પડી ગયો છે. આથી વિશેષ અસરકર્તા તો ૧૮૧૯નો ધરતીકંપ જ બન્યો.

જયરામદાસ નયગાંધી પોતાના પુસ્તકના આગળના હુન્નર ઉદ્યોગ અંગેના પ્રકરણમાં નોંધે છે કે, કચ્છમાં ખેતીવાડી પછી બીજા નંબરે હુન્નર ઉદ્યોગ સ્થાન ધરાવે છે પરંતુ હૂંડિયામણના તોફાને કચ્છના મહત્ત્વના અને પરંપરાગત હુન્નર ઉદ્યોગને છોડ્યો નહીં અને ફના કરી નાખવામાં મોટો ભાગ ભજવ્યો.

કચ્છના સરવૈયા અર્થાત્ હસ્તકલા ઉદ્યોગકારોમાં સુતાર, દરજી, લુહાર, કડિયા અને કુંભારનો સમાવેશ થતો હતો. આ કલાકારો પોતાના આ હુન્નરના વિકાસ માટે અને તે દ્વારા આર્થિક આવક માટે પોતાનું આખુંય આયખું ખર્ચી નાખે છતાં તેમાંથી પૂરતા પ્રમાણમાં આવક મળી શકતી ન હતી. પરિણામે આર્થિક બેહાલીના માહોલમાં એ સમયે કચ્છના હસ્ત ઉદ્યોગની પણ અધોગતિ થઈ.

હસ્તકલા ઉદ્યોગનો કચ્છમાં આરંભ તો આ પ્રદેશમાં જ્યારથી વેપારનો આરંભ થયો તેનાથી પણ અગાઉથી થયો હતો. આ ઉદ્યોગકારોને પોતાના ઉદ્યોગ માટે જરૂરી કાચો સામાન અને અન્ય સામગ્રી પણ સ્થાનિકે જ ઉપલબ્ધ બની રહેતી. આથી આ ક્ષેત્રે તેમને પરાવલંબી બની રહેવું ન પડતું. પરંતુ પુસ્તકના લેખક તેમાં આગળ નોંધે છે કે, આ પુસ્તકના લેખનના આગળના અર્ધા સૈકાથી આ પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું હતું અને કચ્છને તમામ જરૂરિયાત માટે અન્યો પર આધાર રાખવો પડતો હતો. જેના કારણે પણ હસ્તકલા ઉદ્યોગનાં વળતાં પાણી થયાં હતાં.

કચ્છમાં નીચું હૂંડિયામણ અને યંત્રવાદના વિકાસને કારણે હસ્તકલા ઉદ્યોગ ટક્કર ઝીલી શક્યો નહીં. નીચા હૂંડિયામણને કારણે બહારથી આયાત કરાતું કાપડ સસ્તું પડતું. જ્યારે કચ્છમાં હાથશાળ પર તૈયાર કરાતાં કાપડ પાછળનો ખર્ચ કોરીમાં આવતો હોઈ પરદેશથી આયાત કરાતાં કાપડની હરીફાઈમાં તે ટકી શક્યો નહીં. આથી કચ્છનો પરંપરાગત ઉદ્યોગ મરણશય્યાએ પડ્યો. આવી જ હાલત કચ્છની અન્ય તમામ હસ્તકળાઓની થઈ હતી.

કચ્છના વહાણવટા ઉદ્યોગ અંગે પણ એક ખાસ પ્રકરણમાં શ્રી નયગાંધીએ વિગતવાર વર્ણન કર્યું છે. કચ્છના માંડવી, લખપત, મુંદ્રા, ભદ્રેશ્વર જેવાં બંદરોના વેપારની ધમધમાટનું વર્ણન વિદેશી લેખકો અને પ્રવાસીઓ પેરિપ્લસ, ટોલેની, કર્નલ હ્યુટ તથા હેરોડેસ્ટનાં પ્રવાસ વર્ણનોના આધારે કરી તે પ્રકરણની ભૂમિકા તૈયાર કરી બંદરોની વર્ષોથી ચાલી આવતી જાહોજલાલીનો ઉલ્લેખ કર્યો છે.

માંડવી બંદરની વહાણવટા અને જબ્બર આયાત - નિકાસ અંગેના ઈ.સ. ૧૮૩૭ના એક બ્રિટિશ સરકારના એક ખાસ અહેવાલમાં લેફ્ટનન્ટ આર. લીફે જણાવ્યા પ્રમાણે એ સમયે ૪૦૦ કોટિયાં, ૩૦૦ બતેલાં, ૬૦ નાવડી તથા અન્ય વહાણો સહિતનો મોટો કાફલો ફક્ત માંડવીના વેપારીઓની માલિકીનો હતો. આ વહાણો મુંબઈ, મકરાન, મલબાર, મસ્કત, અખાતના દેશો અબુધાબી, રાતો સમુદ્ર, જાવા સુમાત્રા, આફ્રિકા, પેગુ, ઈન્ડોચાઈના, કમ્બોડિયા વગેરે બંદરોમાં આવન-જાવન કરતાં. આનાથી છેક ૩૦૦ વર્ષ પૂર્વેથી કચ્છના વેપારીઓનો વેપાર મસ્કત અને આફ્રિકા ખંડ સાથે જોડાયેલો હતો.

કચ્છના વહાણવટાની વિગતવાર વાતના અંતે આ વેપાર અને બંદરોનો વધુ વિકાસ થાય એ માટે કેટલાક જરૂરી સુધારા વધારાનાં સૂચનો પણ લેખકે કર્યા છે, જે નોંધપાત્ર હોઈ અહીં નોંધ્યાં છે.

૧. વહાણોના બાંધકામ માટે ઉપયોગમાં લેવાતાં લાકડાંની જાતોની મોટી કિંમત

॥ क्षमा वीरस्य भूषणम् ॥
રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

ગણી જકાત વસૂલ કરવામાં આવે છે. પરંતુ વહાણવટાના રક્ષણ અને ઉત્તેજન માટે આ જકાત નીતિમાં ફેરફાર કરવાની જરૂર છે.

૨. વહાણોનાં અંગ માટે વપરાતાં સાધનો, ચોપડ માટે સામ, સિફો, ચીલકી, રંગ અને તેલ વગેરે પર લેવામાં આવતી જકાત માફ કરવી જોઈએ.

૩. વહાણના ઉપ અંગની કાઠોડ જેવા કે કૂવાસ્તંભ, પરમણ, અટી, સઢ, દોરડાં, વલ, હંજા, કપી-કપા આલાદ વગેરે પર પણ લેવામાં આવતી જકાત વસૂલવાની બંધ કરવી જોઈએ.

૪. કચ્છનાં બંદરોની નાળ અવારનવાર દના, રેતી અને કાદવથી ભરાઈ જતી હોવાથી વહાણોને અંદર દાખલ થતાં પડતી મુશ્કેલી અને ક્યારેક થઈ પડતાં જોખમ દૂર કરવા અવારનવાર ડ્રેજર બોગલ ચીકલથી નાળની સાફ સફાઈ કરાવવી તથા ખરાબા પર જિગાનિશાન ખોડાવી કે ઘંટવાળાં બોયાં રખાવી તથા બંદરો ઉપર 'લાઈટ' આપી વહાણોને વધુ સલામતી આપવાની પણ જરૂર છે.

૫. કંડલા બંદર ઉપર સ્ટીમરોને માલ રાખવા માટે ગોદામ બાંધવામાં આવ્યાં છે તેવાં જ ગોદામ માંડવી, મુંદ્રા, તુણા, ખારીરૂવર અને જખૌ બંદરોમાં પણ બાંધવાની જરૂર છે.

૬. કચ્છમાં વેચાતાં વહાણોની કિંમત સેંકડે દશ ટકાની લાગત રાજ્ય તરફથી લેવામાં આવે છે. આ લાગતમાં પણ ઘટાડો કરવાની જરૂર છે.


● **કચ્છના કાપડ ઉદ્યોગને હૂંડિયામણનું ગ્રહણ નડ્યું :**

કચ્છના ઇતિહાસકાર જયરામદાસ નયગાંધીના ઇ.સ. ૧૯૩૪ના પ્રકાશન 'કચ્છનું અર્થશાસ્ત્ર — ચલણ અને હૂંડિયામણ'ના પ્રથમ ભાગની ચર્ચા આ આગળ કરાઈ છે. તેમનું આ પ્રકાશન કચ્છના એ સમયના અર્થકારણને સમજવા માટે ખૂબ જ ઉપયોગી થઈ પડે તેવું છે અને તેની આજના સંદર્ભમાં તુલના કરવી પણ રસપ્રદ બની રહે છે. આથી જ આજથી આઠ દાયકા જૂના પ્રકાશનની અહીં વિગતે વાત માંડી છે.

આ પ્રકાશનના 'વેપાર અને વાણિજય' નામના પ્રકરણમાં સાહસિક અને ગણતરીપૂર્વક કામ કરનાર કચ્છી માડુની વેપાર કુશળતાની વાત કરતાં એમણે લખ્યું છે, વેપારકુશળ કચ્છી માણસ મોટા ઉદ્યોગ કરતાં દેશ-પરદેશના નાના-મોટા વેપારમાં ઠીક ઠીક ફાવી રહ્યા છે ને દેશ-પરદેશમાં નાના-મોટા વેપાર, વાણિજય, હુન્નર ઉદ્યોગ કે નોકરી કરી કચ્છમાં નાણું લાવે છે અને પોતાના પરિવારના ભરણપોષણ માટે પણ નાણાં મોકલે છે. તથા પરિવારમાં આવતા શાદી-ગમીના તથા અન્ય સામાજિક પ્રસંગો નિભાવે છે. સાથે સાથે વતન કચ્છમાં સેવાકાર્યો પણ કરે છે. સખાવતી ઈમારતો, વાવ, કૂવા, તળાવો, ધર્મશાળા, વિદ્યાલયો કે બોર્ડિંગ પણ બાંધે છે.

પ્રકરણમાં આગળ નોંધ્યું છે તે મુજબ એ સમયમાં કચ્છમાં દર વર્ષે ૨૦થી ૨૫ લાખ રૂપિયાના માલની નિકાસ થાય છે જ્યારે ૧૭૫ લાખ રૂપિયાના માલની આયાત થાય છે. આયાતમાંથી નિકાસ બાદ કરતાં પ્રતિવર્ષ ૧૫૦ લાખની વાર્ષિક ખોટ કચ્છને એ સમયે થતી, જે ખોટ કચ્છ બહાર વસતા કચ્છી દાનવીરો પૂરી કરતા. આ હકીકત આજે પણ કેટલીક રીતે પ્રસ્તુત હોવાનું આપણે જોઈ શકીએ છીએ. જો કે લેખક નોંધે છે કે, આ રીતે બહારનાં નાણાંથી કચ્છ એ સમયે સર્વથા સુખી - સંપન્ન હતું એવું માની લેવાની લગીરે જરૂર નથી. નીચા હૂંડિયામણને કારણે કચ્છના સ્થાનિકના વેપાર-હુન્નરને વ્યાપક અસર થતી. અચોક્કસ હૂંડિયામણને કારણે કચ્છના વેપાર ઉદ્યોગ પર કાયમી મંદીનો ભય ઝઝૂમતો રહેતો. પરિણામે લાભ અને નુકસાનીના તડકા છાંયામાં કચ્છનો વેપાર ચાલતો રહેતો.

કચ્છમાં ચાલતા શરાફી વેપાર પણ હૂંડિયામણની અસ્થિરતાને કારણે લેનાર અને ધીરનારમાંથી એકને થતી ભાવફેરની નુકસાનીને કારણે શરાફી વેપારમાં પણ પાયમાલી સર્જાતી. આ જ રીતે કચ્છ પ્રદેશમાં હાથે કાંતવા ને વણવાનો ઉદ્યોગ પણ બહુ જૂના સમયથી ચાલી આવતો હતો. કચ્છમાં કપાસનો પાક મોટાપાયે લેવામાં આવતો. તેના કાલામાંથી રૂ કાઢી, પીંજી, પૂણી બનાવી કાંતવાનો ઉદ્યોગ ચાલતો હતો. તેમાંથી પાણકોરૂં વણાવી પહેરવામાં ઉપયોગમાં લેતા. જેમાંથી કેટલુંક કાપડ રંગાઈને પરદેશ પણ જતું. આ રીતે કચ્છની પ્રજા પોતાની જરૂરિયાત પૂરી કરતી. પરંતુ કચ્છીઓના વિદેશો સાથેના સંપર્ક અને વસવાટને કારણે ધીરે ધીરે મિલમાં તૈયાર થતા કાપડનો પગપેસારો થયો અને એ છેક નાના નાના ગામડાંઓ સુધી પહોંચ્યો. હાથ કંતામણને બદલે મિલનું સુતર વધુ અનુકૂળ લાગવા માંડ્યું. આ પછી મુંબઈ અને અમદાવાદની કાપડ મિલોના કાપડથી કચ્છની બજારો ઉભરાવા માંડી. જેને કારણે આહિર અને રબારી સિવાયના તમામ સમાજો તેનાથી નિર્લેપ રહી શક્યા નહીં. જેથી કચ્છના ગામડે ગામડે એ સમયે જાપાનની મીરીકાની (મીરખાની) અને જીન પહોંચી ગઈ હતી. જાપાનના સસ્તા કાપડે કચ્છના કાપડ ઉદ્યોગને નિર્જીવ બનાવ્યો. સ્થાનિકના વણકરને એક ગજ કાપડની જેટલી મજૂરી મળતી, એટલા જ ભાવમાં એનાથી પણ સરસ કાપડ જાપાન પૂરું પાડતું. ૩૦ વારના મીરીકાની કાપડનો તાકો ૧૮ કોરીમાં મળતો. આવી સસ્તાઈને કારણે માંડવીનું



"ROLEX" Brand
**Rushabh**
STEEL CENTRE
G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072**
MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

સ્થાનિક અસતલ કાપડને બજારમાં ઊભા રહેવાની પણ જગ્યા ન મળતી. પરિણામે કચ્છનો કાપડ ઉદ્યોગ ચાલી શક્યો નહીં.

આજથી આઠ દાયકા અગાઉના વર્ષોમાં કચ્છમાં બાંધકામમાં મોટેભાગે દેશી ચુનાનો જ ઉપયોગ કરાતો. પાછળથી તેમાં સ્વદેશી સિમેન્ટ અને તાતાના લોખંડે સ્થાન મેળવ્યું. પણ આ પરિસ્થિતિ પણ લાંબો સમય ન રહી કારણકે જાપાનની સિમેન્ટ અને બેલ્જિયમનું લોખંડની આયાત શરૂ થતાં કચ્છમાં તેનો સર્વત્ર ઉપયોગ વધ્યો. જાપાન પોતાના સસ્તા હૂંડિયામણ અને કિફાયત ભાવથી કંડલા બંદર સુધી ૧૫ રૂપિયે એક ટન સિમેન્ટ પહોંચાડતું. આવી જ સ્થિતિ બેલ્જિયમના લોખંડની હતી. આના પરથી સમજી શકાય છે કે, જાપાન પોતાના ઉદ્યોગોને વ્યાપારિક દૃષ્ટિએ પરદેશની બજારોમાં કેવું સ્થાન મેળવી શકતું હતું.

પુસ્તકનાં અંતિમ પ્રકરણોમાં કચ્છમાં હૂંડિયામણ નીચે જવા અંગેની વિગતવાર સમજ આપવામાં આવી છે અને તેના કારણો તથા ઉપાયો પણ બતાવાયા છે. જેમાં ખાસ કરીને કચ્છ રાજ્યના તોતિંગ વહીવટી ખર્ચને ઘટાડવાની સલાહ અપાઈ છે. રૂપિયાના ચલણની જગ્યાએ કોરીના ચલણને જ વ્યવહારમાં વધારેમાં વધારે ઉપયોગમાં લેવાની જરૂરિયાત પણ લેખકે જણાવી છે. વરિષ્ઠ અમલદારોના પગાર પણ રૂપિયામાં કરવામાં આવતા, તેને પણ કોરીમાં ચૂકવવાનો પણ એક ઉપાય લેખકે સૂચવ્યો છે.

કચ્છમાં સ્થાનિક કાપડ મિલો ઊભી કરવાનું પણ લેખકે સૂચન કર્યું છે. જેનાથી મોટાપાયે સુતરનું ઉત્પાદન કચ્છમાં જ થાય અને એ સુતર કચ્છના વણકરોને રાહતભાવે આપવું. આમ કરવાથી મિલના કાપડ કરતાં સસ્તાભાવે કાપડ કચ્છમાં જ તૈયાર કરવાથી કચ્છનો ગૃહઉદ્યોગ સજીવ થાય અને તેટલા રૂપિયા કચ્છમાંથી બહાર જતા અટકાવી શકાય.

કચ્છમાં કોઈ બેંક ન હોવાથી શાહુકારોને વિદેશમાં નાણું રોકવાની જરૂર પડે છે. આથી કચ્છમાં જ દરબારી કે સહકારી બેંકની સ્થાપના કરવામાં આવે તો કચ્છનું જ નાણું કોરીના રૂપમાં જ ફરતું રહે તો રૂપિયાની જરૂરત ઓછી પડે. આથી કચ્છમાં બેંક ઊભી કરવાની પણ લેખકે હિમાયત કરી છે. જો આ ઉપાયો કરવામાં આવે તો કચ્છનું નીચે જતું હૂંડિયામણ સ્થિર થાય અને કચ્છની આર્થિક સ્થિતિ સુધારી શકાય એમ હોવાનું લેખકે પુસ્તકમાં લખ્યું છે.

પુસ્તકના અંતિમ પ્રકરણમાં લેખકે કચ્છનાં બંદરોના વિકાસની પણ વાત કરી છે. આ પ્રકરણમાં એક નવી વાત એ છે કે કંડલા બંદરને વિકસાવવાનો આરંભ કચ્છ રાજ્યના સમયમાં જ કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં પણ છેક ડક્કા સુધી કચ્છ સ્ટેટ રેલવેની લાઈન પણ પાથરવામાં આવી હતી. કંડલા બંદરને એ સમયે કચ્છના બંદરોની મહારાણી તરીકે ઓળખવામાં આવતું હતું.

*'ભૂમા નિકેતન', ૨૨/બી, શિવમ્ પાર્ક, નાનાયક્ષ મંદિર પાસે, રિંગ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૪૩૨૪૨, ૨૦૪૩૯૨, મો. ૯૯૯૮૨ ૨૦૪૭૮*

## ચેક આપવાની રમત

પ્રખ્યાત લેખક અને ગઝલકાર ચિનુ મોદીએ એક વાર મને પૂછેલું કે, 'ખબર છે? લખવાના પ્રકારમાં સૌથી વધુ અઘરી વસ્તુ કઈ છે?'

મેં બહુ વિચારીને કહેલું, 'ગઝલ. મને લાગે છે કે ગઝલ લખવી સૌથી અઘરી કહેવાય.'

'ના,' ચિનુભાઈએ કહેલું, 'ગઝલ નહીં, પણ ચેક લખવો એ આજકાલ સૌથી વધુ અઘરી વસ્તુ છે.'

'ચેક આપવાની આ રમત ગુજરાતી વેપારીઓમાં સૌથી વધુ આકર્ષણ જમાવી રહી છે. આ લાંબી રમતના વિવિધ તબક્કાઓ હોય છે.'

- ★ *પહેલો તબક્કો :* 'પેમેન્ટ? અરે બોસ, તમારું બિલ જ ક્યાં આવ્યું છે? એમ? તમે મોકલાવી દીધું છે? હું જોવડાવી લઉં છું.'
- ★ *બીજો તબક્કો :* 'સૉરી બોસ! તમારું બિલ જડતું નથી! એક કામ કરોને! તમે ડુપ્લીકેટ બિલ મોકલી આપોને!'
- ★ *ત્રીજો તબક્કો :* 'થઈ ગયું બોસ! તમારું કામ થઈ ગયું! શું કહ્યું? પેમેન્ટ? અરે ના યાર! તમારૂં બિલ મળી ગયું! હા!! ઈન્વર્ડની ફાઈલમાંથી મેં જાતે કઢાવડાવ્યું, બોલો!'
- ★ *ચોથો તબક્કો :* 'સાહેબ બહારગામ ગયા છે.'
- ★ *પાંચમો તબક્કો :* 'એકાઉન્ટન્ટ રજા પર છે.'
- ★ *છઠ્ઠો તબક્કો :* 'ચેક તૈયાર થઈ ગયો છે, પણ સહીમાં છે.'
- ★ *સાતમો તબક્કો :* 'તમારા બિલમાં થોડી ક્વેરીઝ છે. તમે સાહેબને મળી લેજોને!'
- ★ *આઠમો તબક્કો :* ચોથો, પાંચમો અને છઠ્ઠો તબક્કો બબ્બે વાર.
- ★ *નવમો તબક્કો :* 'હમણાં ઓન-એકાઉન્ટ થોડા કરી આપું છું. મહિના પછીનો ચેક ચાલશેને?'
- ★ *દસમો તબક્કો :* 'એ બોસ! પેલો ચેક આજે ભરતા નહીં, હું તમને કહેવડાવું છું.'
- ★ *અગિયારમો તબક્કો :* 'અરે ના ના બોસ, હવે ફરી વાર બાઉન્સ નહીં થાય! મારી ગેરંટી બસ?'
- ★ *બારમો તબક્કો :* 'શું કહ્યું? ગુજરી ગયા? અં...હં...ઠીક બારમું ક્યારે છે?' ■

*જે પોતાની નજર ધરતી પર રાખે છે એને કદી ઠોકર લાગતી જ નથી. ઠોકર તો એને જ લાગે છે કે જે ધરતીને ભૂલીને આકાશના તારા ગણવા બેસે છે! માથું નીચું જ રહેવું જોઈએ એ જ કુદરતી સ્થિતિ છે. ઈશ્વરના આશીર્વાદ એના પર ઉતરે છે કે જે પોતાનું માથું નમાવીને પ્રણામ કરે છે. ફૂલમાળા એના ગળામાં જ શોભે છે જે ધારણ કરતી વખતે પહેરાવનારા સમક્ષ પોતાનું માથું નીચું નમાવે છે.*

*હું જ બધું કરી લઈશ એવી માનસિકતા મૂર્ખામીવાળી છે.*

ગાંધી યુગે ભારત : સ્વાતંત્ર્ય સંગ્રામના સંદર્ભમાં

# કચ્છના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખ : ૧૯૨૧-૧૯૪૮ (પ્રકરણ - ૪)

• આલેખક : કાંતિપ્રસાદ ચંદ્રશંકર અંતાણી •

**૮. ૧૯૨૬ :**

આ વર્ષે દુકાળ પડ્યો હતો (સંવત ૧૯૮૨). તે કારણે રાજ્ય તરફથી વેળાસર રાહત કાર્ય શરૂ ન થતાં, અંજારમાં દુકાળ રાહત સમિતિ શરૂ થઈ હતી. તેમાં પ્રમુખ રણછોડદાસ ત્રિકમજી, ઉપપ્રમુખ ધરમશી વલ્લભદાસ, મંત્રી લીલાધર ધરમશી સંપટ અને સભ્યો : જમનાદાસ ગાંધી, કાંતિપ્રસાદ અંતાણી, દુલેરાય કલ્યાણરાય, ચત્રભુજ, દ્વારકાદાસ, ઓધવજી પાનાચંદ તથા પોપટલાલ લવજી હતા. રાજ્ય તરફથી દુકાળ રાહત કામગીરી થતી ન હતી અને બીજે રાહતની કચ્છમાં નહીંવત્ વ્યવસ્થા હતી. સમસ્ત કચ્છના દુકાળ વિસ્તારોમાંથી રાહત માટે દુકાળિયા લોકો અંજાર પહોંચ્યા હતા. સંખ્યા અકલ્પિત રીતે મોટી થતી ગઈ. આયોજન હતું નહીં, તેથી સિધસર તળાવમાં ખાણેત્રુ થયા કર્યું. અસામાન્ય પરિસ્થિતિ પેદા થઈ હતી.

તા. ૩-૫-૧૯૨૬ના કાંતિપ્રસાદના તાર થકી રાહત માટે વાઈસરોયની દરમ્યાનગીરી મળી હતી. સરદાર શ્રી વલ્લભભાઈ તથા મણિલાલ કોઠારીના પ્રયત્નોથી 'ઓલ ઈન્ડિયા ફેમીન રીલીફ ફંડ' માંથી શેઠ પરસોત્તમદાસ ઠાકોરદાસ, શેઠ શાંતિદાસ આશકરણ અને શેઠ મફતલાલ ગગલભાઈ વગેરે તરફથી મદદો પહોંચી હતી. આ અંગે શ્રી કાંતિપ્રસાદે ના. વાઈસરોયને અરજ કરી હતી, તેનો નીચે પ્રમાણે જવાબ પણ મળ્યો હતો.

Viceregal Lodge, Simla 3rd May, 1926
D.O. No. 44551 G.M.

***Dear Sir,***

In reply to your telegram and letter regarding the Famine Relief Fund, Anjar, I am desired to say that a reply will be sent to you in few days.

Yours Faithfully
L.D.B.

To
Kantiprasad Antani Esqr.
Asstt. Private Secretary to the Viceroy

કચ્છના દીવાન શ્રી એસ. એસ. દીક્ષિત તથા રીલીફ કમિટી વતી કાંતિપ્રસાદ અંતાણીએ કચ્છના અસરગ્રસ્ત વિસ્તારોમાં લગભગ એક માસનો વિસ્તૃત પ્રવાસ ખેડ્યો હતો. ત્યાર પછી તો રાજ્ય તરફથી પણ દુકાળ રાહત કાર્ય ચાલતાં થયાં. આમાં કચ્છના સ્થાનિક કાર્યકરોનો આમજનતાથી સંપર્ક વધતો જતો હતો અને રાજકારણમાં જન જાગૃતિ સજાગ થતી હતી.

**૯.** કચ્છ પ્રજા જાગૃતિના આ તબક્કે કચ્છી પ્રજાકીય પરિષદનો ઉદ્‌ભવ થયો. તારીખ ૨૬-૪-૧૯૨૬ ના અમદાવાદના "કચ્છ વર્તમાન" માં પરિષદની આવશ્યકતાનો લેખ છપાયો હતો. લખનાર તથા તંત્રી શ્રી છગનલાલ ભવાનીશંકર મહેતા હતા.

તા. ૧૨-૫-૨૬ ના પરિષદની આવશ્યકતા સંબંધી વિચારવા સભા માટે વિજ્ઞપ્તિ મુંબઈમાં (૧) શેઠ લખમીદાસ રવજી તેરસી, (૨) શ્રી ખુશાલ ત. શાહ, (૩) શ્રી શિવદાસ ચાંપશી, (૪) શ્રી પુનશી હીરજી મહેશ્વરીની સહીથી બહાર પડી હતી.

તા. ૧૬-૫-૨૬ મુંબઈમાં ડૉ. પુનશીભાઈ મહેશ્વરીના દવાખાનામાં તે પ્રમાણે મિટિંગ મળી હતી. તેમાં ઉપરોક્ત ઉપરાંત, (૧) શેઠ રહેમતુલ્લા ચીનાઈ, (૨) હુસેનભાઈ લાલજી, (૩) શ્રી અબ્દુલ્લા લાલજી, (૪) શ્રી દેવજી ટોકરશી, (૫) શ્રી જીવરાજ ગો. નેણસી, (૬) શ્રી ગુલાબશંકર સોમજી ધોળકિયા, (૭) શ્રી શેઠ ધારશી હેમરાજ, (૮) શ્રી માધવલાલ મકનજી ભટ્ટ વગેરે હાજર હતા, અને પરિષદ અધિવેશન મુંબઈમાં ભરવાનો નિર્ણય થયો હતો. અને પ્રોવિઝનલ સ્વાગત સમિતિ પણ રચાઈ હતી.

સ્વાગત સમિતિના પ્રમુખ શેઠ સર કરીમભાઈ ઈબ્રાહીમ, બીજા બેરોનેટ

***ખજાનચી :*** (૧) શેઠ વેલજી લખમશી નપુ, (૨) શેઠ સૂરજી વલભદાસ

***મંત્રીઓ :*** (૧) શ્રી ડૉ. પુનશીભાઈ હીરજી, (૨) પ્રો. ખુશાલભાઈ ત. શાહ, (૩) શ્રી શિવદાસ ચાંપશી, (૪) શ્રી જીવરાજ નેણશી.

***સભ્યો :*** (૧) સાલેભાઈ કરીમજી બરોડાવાળા, (૨) શેઠ રહેમતુલ્લા મહેરઅલી ચિનાઈ, (૩) શેઠ દેવજી ટોકરશી મુળજી, (૪) શેઠ કલ્યાણજી કરમશી દામજી, (૫) શેઠ વલ્લભદાસ કરસનદાસ નાથા, (૬) શેઠ લાલજી ડુંગરશી, (૭) શ્રી ચાંપશી કુંવરજી, (૮) શ્રી માણેકલાલ પરષોત્તમ, (૯) શ્રી માધવલાલ મકનજી ભટ્ટ, (૧૦) શ્રી દેવજી રાયશી ઝવેરી, (૧૧) શેઠ અહમદ હાજી સીદીક ખત્રી, (૧૨) શેઠ અબ્દુલરહેમાન હાજી મમદ અબા, (૧૩) શેઠ લક્ષ્મીદાસ રવજી તેરસી, (૧૪) શેઠ નારણજી રામજી પટેલ, (૧૫) શેઠ ત્રિકમજી ધનજી પટેલ, (૧૬) શેઠ વલ્લભદાસ હીરજી, (૧૭) શેઠ રવજી સેજપાળ

*કપરા સમયે બુદ્ધિ અને બહાદુરી કામ આવે છે.*

*કો-ઓપ્ટ થયા :* (૧૮) શેઠ વીરજી પેરાજ, (૧૯) શેઠ કાનજી જાદવજી, (૨૦) શ્રી શેઠ વિશનજી નારણજી, (૨૧) શ્રી હીરજી ઘેલાભાઈ, (૨૨) શેઠ દેવચંદ ધરમશી શેઠિયા, (૨૩) શેઠ હીરજી કાનજી, (૨૪) શેઠ પરસોત્તમ હીરજી, (૨૫) શેઠ લાલજી મુળજી, (૨૬) શેઠ પ્રાગજી દયાળ હરિયાણી, (૨૭) શેઠ ઓધવજી આણંદજી, (૨૮) શેઠ મુલજી લક્ષ્મીદાસ, (૨૯) શેઠ કેશવજી દામજી, (૩૦) શેઠ લવજી મેઘજી, (૩૧) શેઠ ધારશી હેમરાજ, (૩૨) શેઠ કુંવરજી, (૩૩) શેઠ દેવજી રાયસી, (૩૪) શેઠ ભીમજી પ્રેમજી, (૩૫) શેઠ રવજી જગજીવન, (૩૬) શેઠ જમનાદાસ રામદાસ ડોસા.

● **તા. ૩૦-૫-૨૬**

શેઠ વેલજી લખમસી નપુના ખજાનચી તરીકે રાજીનામાથી તેમના બદલે શેઠ કાનજી જાદવજી નિમાયા હતા.

તા. ૨૬-૬-૨૬ ના શેઠ કરીમભાઈનું પ્રમુખપદનું રાજીનામું આવતાં પ્રમુખ તરીકે શેઠ રહેમતુલ્લા મહેરભાઈ ચિનાઈ અને શેઠ શૂરજીભાઈના ખજાનચી તરીકે નાદુરસ્ત તબિયતના કારણે રાજીનામાંથી તે સ્થળે શેઠ લવજી મેઘજી ચૂંટાયા હતા.

ઉપરાંત, (૩૭) શેઠ મથરાદાસ કાનજી પટાણી, (૩૮) શ્રી વ્રજલાલ ભગવાનલાલ છાયા, (૩૯) શેઠ માવજી ગોવિંદજી, (૪૦) શેઠ જીવરાજ મણશી લોડાયા. (૪૧) શેઠ નારણજી વિશનજી ઠક્કર, (૪૨) શ્રી દયારામ રતનશી શર્મા, (૪૩) શેઠ નારણજી રતનશી ચોક્સી, (૪૪) શેઠ ગુલામહુસેન હાજી અલારખ્યા, (૪૫) શેઠ આનંદજી મુળજી પાંધી.

૧૮-૭-૨૬ માં (૪૬) શેઠ પાસુભાઈ મણસી, (૪૭) ડૉ. નુરમામદ હુસેન, કલકત્તાવાળા, (૪૮) શેઠ ગોવિંદજી લાલજી, (૪૯) શેઠ ગુલામઅલી ગુલામહુસેન વકીલ, (૫૦) શેઠ પુંજાભાઈ ઠાકરશી.

એ પ્રમાણે સ્વાગત સમિતિની રચના થઈ હતી.

તા. ૨૫-૮-૨૬, સમગ્ર કચ્છીઓની મુંબઈમાં જાહેર સભા પરેલ રોડ કચ્છી ઓસવાળ સ્થાનક વાડીમાં શેઠ પુંજાભાઈ ઠાકરશીના પ્રમુખપણા હેઠળના ઠરાવથી તા. ૨૨-૨૩-૨૪ ઓક્ટોબર, ૧૯૨૬ના પરિષદ મુંબઈમાં ભરવાનો ઠરાવ થયો. મુંબઈ પરિષદ ભરનારાઓમાં અંગ્રેજ સરકારમાં રાજ્ય વિરુદ્ધ અરજદાર થવા બાબતનો મતભેદ પરિષદ પર મુલતવી રખાતાં સર્વસંમત પરિષદ અધિવેશન મુંબઈમાં ભરવા અંગે નિર્ણય થવાથી વાતાવરણ સુધર્યું હતું અને તા. ૧૯-૯-૨૬ ના (૫૦) શેઠ ધરમશી ખેંગાર મેતા, (૫૧) શ્રી કૃપાળ શામજી જીવાણી સ્વાગત સમિતિમાં જોડાયા હતા.

તા. ૨૩-૯-૨૬ ના મુંબઈ વસતા સમગ્ર કચ્છીઓની જાહેરસભા મુંબઈમાં કચ્છી પ્રજાકીય પરિષદ મુંબઈમાં તા. ૨૨-૨૩-૨૪ માં માસ આસો વદ ૧-૨-૩ ના ભરવાનો ઠરાવ રજૂ શ્રી ધરમશી ખેંગાર મેતા, ટેકો શ્રી કૃપાળ શામજી જીવાણી તરફથી રજૂ થયો હતો. પ્રમુખસ્થાને શેઠ દ્વારકાદાસ મટાણી હતા. સ્થળ વીસા ઓસવાળ જૈન વાડીમાં પણ ઠરાવથી આગળ આ ઠરાવને બહાલી મળી હતી.

● **તા. ૮-૧૦-૧૯૨૬**

**મુંબઈમાં પરિષદ માટે કચ્છનું મેન્ડેટ :**

શુક્રવાર તા. ૮, ઓક્ટોબર ૧૯૨૬ ના રોજ રાત્રે સાત વાગ્યે શ્રી ગૂર્જર વણિકની વાડીમાં સમસ્ત કચ્છીઓની વિરાટ સભા મળી હતી. જેમાં પાંચસો ઉપરાંત ગૃહસ્થોની હાજરી હતી. જુદાં જુદાં ગામોથી આવેલા પ્રતિનિધિઓ નીચે મુજબ હતા.

શેઠ પુરુષોત્તમ ધનજી, શેઠ જીવરામ કલ્યાણજી, શેઠ માનસંગ કચરા, શ્રી ગોકળદાસ ખીમજી, નગરશેઠ સાકરચંદ માનાચંદ, પીરશ્રી બાવા કરમશાહ, શ્રી મોતીલાલજી કોડાયવાળા, બહેન સોનબાઈ, શ્રી દોલતરામ જેશંકર, શેઠ જમનાદાસ ગાંધી, શ્રી દામજી વચ્છરાજ, શ્રી લક્ષ્મીશંકર ભવાનજી કોઠારાવાળા, શ્રી જટાશંકર મહેતા, શ્રી લક્ષ્મીદાસ રણછોડદાસ, શ્રી મોતીલાલ માસ્તર, શ્રી કાંતિપ્રસાદ અંતાણી, શ્રી નાનાલાલ ઉપાધ્યાય, શ્રી અમીચંદ ખીમજી વગેરે હાજર હતા. આ સભામાં પોલીસ જમાદારની હાજરી સૌનું ધ્યાન ખેંચી રહી હતી. ત્રીજી સત્તાની દખલગીરી અને કચ્છમાં પરિષદ ભરવી એ પ્રશ્નો પર સૌનું વધુ લક્ષ જોવામાં આવતું હતું. શરૂઆતમાં પ્રમુખસ્થાન માટે ભાઈ અંતાણીની દરખાસ્ત અને શ્રી અમીચંદના ટેકાથી પ્રમુખસ્થાન નગરશેઠ સાકરચંદ પાનાચંદે સ્વીકાર્યું હતું. ત્યારબાદ શરૂઆતમાં આજની સભા બોલાવવાનો હેતુ અને મુંબઈની કચ્છની પરિષદ સંબંધી નગરશેઠે સમજૂતી આપી હતી અને જણાવ્યું હતું કે ન સમજી શકાય તેટલી ઝડપે ટૂંક મુદતમાં પરિષદ ભરવાનું મુંબઈએ નક્કી કરી નાખ્યું છે. છતાં તેને ટેકો આપી, તેને દીપાવવી એ આપણો ધર્મ છે. ભાઈઓ, આપણી કચ્છી પ્રજા સાહસિક છે, બુદ્ધિબળવાળી છે. છતાં આપણું ભલું શેમાં છે, આપણું શ્રેય શી રીતે સાધી શકીએ વગેરે બાબતો પર લક્ષ નહીં આપતાં પૈસા કમાવવામાં જ આપણે જીવન ગાળ્યું છે.''

''આપણે મુંબઈવાળા ભાઈઓનો ઉપકાર માનીએ છીએ કે આપણને તેમણે પરિષદ યોજીને આપણું શ્રેય સાધવાનો માર્ગ બતાવ્યો છે. હું આપને સર્વને અરજ કરું છું કે તમો મુંબઈ પૂરતા પ્રમાણમાં હાજર થઈ કચ્છ ઉન્નતિના સત્કાર્યમાં આપ આપનો પૂરતો ફાળો આપશો. ત્યારબાદ પ્રમુખશ્રીએ પોતાની બેઠક લીધી હતી. ત્યારબાદ શ્રી અંતાણીએ સભા બોલાવવાનો સરક્યુલર વાંચી સંભળાવ્યો હતો. ત્યારબાદ ઠરાવ રજૂ કર્યો હતો કે :-

''સમસ્ત કચ્છીઓની આ જાહેર સભા મુંબઈમાં ભરાનારી કચ્છી પરિષદને હરખભેર વધાવી લે અને તેમાં ભાગ લઈ તે ફતેહમંદ કરવા પોતાનો ફાળો આપી ફરજ બજાવવા તમામ પ્રજાને ભલામણ કરે છે.''

*રજૂ કરનાર :* કાં.ચં. અંતાણી, ટેકો અમીચંદ ખીમજી.

ત્યારબાદ કાગળો અને આવેલા તારોનું વાંચન થયું હતું જેમાં

*જ્યારે તમે સમસ્યા પર ધ્યાન કેન્દ્રિત કરશો તો વધુ સમસ્યા સર્જાશે, જો શક્યતા ચકાસશો તો વધુ તક મળશે.*

(૧) નલિયા સેવા સમિતિ, (૨) રૂડા વાલજી, (૩) મડ સેવા સમિતિ, (૪) એલ.આર.તેરસી, (૫) ડી.ડી. શેઠિયાનો તાર, (૬) ડૉ. પુનશીનો તાર, (૭) કુમારશ્રી વેરીસાલજી નાગ્રેચા, (૮) કોઠારાના મહાજન સમસ્ત તેમના પ્રતિનિધિ, (૯) જમનાદાસ શામજી, (૧૦) મુંબઈથી પરિષદ કમિટીના મંત્રીનો તાર, (૧૧) ગાગોદરથી ઇંદરજી ગાંગજીનો પત્ર, (૧૨) ઈસ્માઈલ મલુ સમેજા, (૧૩) મોતીચંદ રણછોડદાસ - તુણા, (૧૪) ડુગરશી કચરા બાભડાઈ વગેરેના તારો અને કાગળો આવ્યા હતા, અને તે વાંચી સંભળાવવામાં આવ્યા અને ત્યારબાદ શ્રીમાન માનસંગ કચરાભાઈએ નીચે પ્રમાણે ઠરાવ રજૂ કર્યો હતો.

- **ઠરાવ-૨ :**

"આ સમસ્ત કચ્છીઓની જાહેર સભાનો એવો અભિપ્રાય છે કે કચ્છી પ્રજાકીય પરિષદનો હેતુ રાજ્ય અને પ્રજા વચ્ચે પ્રેમ અને એખલાસ વૃદ્ધિ પામે એવો હોવો જોઈએ અને તેથી મુંબઈમાં મળનારી પરિષદને નિવેદન કરે છે કે પરિષદના બંધારણમાં કચ્છ રાજ્ય અને કચ્છી પ્રજાના ઉભય પક્ષ સિવાય કોઈપણ મદદ કે રક્ષણની દરમ્યાનગીરીને કચ્છના હિત ખાતર સ્વીકારવાની વાત દાખલ કરવી નહીં."

ઉપરના ઠરાવ ઉપર બોલતાં માનસિંગભાઈએ ત્રીજી સત્તાની દખલગીરીથી થવાના ગેરફાયદા સમજાવ્યા હતા અને ટૂંક વિવેચન કર્યું હતું. આર.રાવલ, શેઠ શ્રી ગલાલચંદ શિવજી તેમજ લક્ષ્મી શંકર ભગવાનજી અને જોશી દેવીદાસ તેરાવાળાએ ટેકો આપ્યો હતો. બાદ મત લેતાં સર્વાનુમતે ઠરાવ પસાર થયો હતો. ત્યારબાદ પ્રાણલાલ મહેતાએ ઠરાવ રજૂ કર્યો હતો.

- **ઠરાવ-૩ :**

મુંબઈમાં ભરાવાની પરિષદ તેને સફળ કરવા અર્થે કચ્છની તમામ જનતા તેમાં સંપૂર્ણ ભાગ લે એવી સમસ્ત કચ્છીઓની આ સભા ભલામણ કરે છે. તેને ટેકો અમીચંદ ખીમજીએ આપ્યો હતો અને સર્વાનુમતે પસાર થયો હતો.

- **ઠરાવ-૪ :**

પરિષદની બેઠક કચ્છમાં ભરાય એ કચ્છના ભલા અને જાગૃતિ માટે જરૂરનું છે. તેથી પરિષદની બીજી બેઠક કચ્છમાં ભરવા આ સભા પરિષદને વીનવે છે.

ઠરાવ મૂકનાર : કાંતિપ્રસાદ

ટેકો : પ્રભુલાલ યશવંતરાય અને નાનાભાઈ (સર્વાનુમતે પસાર)

- **ઠરાવ-૫ :**

આ પરિષદમાં કચ્છમાંના પ્રતિનિધિઓની સંખ્યા વસ્તીના પ્રમાણમાં બહુ જ ટૂંકી હોવા સંભવ છે અને પરિષદની કાર્યવાહીમાં કચ્છની સ્થાનિક પ્રજા તરફનો અવાજ પૂરેપૂરો રજુ કરી શકાય તેવા હેતુસર વિષય વિચારણી સભામાં વધારે પ્રમાણમાં સ્થાનિક સભ્યો ચૂંટવા આ સભા ભલામણ કરે છે.

ઠરાવ રજૂ : પ્રમુખસ્થાનેથી

સર્વાનુમતે પસાર

- **ઠરાવ-૬ :**

આ વર્ષે અતિવૃષ્ટિ તથા તોફાનથી થઈ પડેલ ગંભીર આફતમાં ઘરબાર વગરનાં થઈ પડેલ નિરાધાર સ્ત્રી - પુરુષો - છોકરાં દરેકને ચાર પાટવી અનાજ તથા એક વસ્ત્ર આપવાનો દરબારશ્રીએ હુકમ કર્યો છે તે માટે આ સભા મહારાવશ્રીનો આભાર માને છે, તથા દેશાવરનાં ભાઈઓએ પણ જે સંગીન મદદ કરી છે તે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

ઠરાવ મૂકનાર : મોતીલાલ માસ્તર, ટેકો : લક્ષ્મીશંકર ભગવાનજી; સર્વાનુમતે પસાર

ત્યારબાદ પ્રમુખનો આભાર માની સભા વિસર્જન કરી હતી.

તા. ૭-૧૦-૨૬, મુંબઈમાં સ્વાગત સમિતિની સભા પ્રમુખસ્થાને પ્રમુખ શ્રી રહેમતુલ્લા મહેરભાઈ ચિનાઈ. પરિષદના પ્રમુખ સ્થાન માટે બેલેટ પેપરથી મત લેવા મત ગણતરી કરવા માટે, (૧) ધારશી હેમરાજ, (૨) શેઠ માધવલાલ મકનજી, (૩) શેઠ ગુલામહુસેન સોતાવાલા, (૪) શ્રી ગુલાબશંકર સોમજી ધોળકિયા નિમાયા હતા. એ દરખાસ્ત રજૂ કરનાર : પ્રો. ખુશાલ શાહ, ટેકો : જીવરાજ ગો. નેણશી હતા. તે પ્રમાણે મત લેવાતાં ને બેલેટનું પરિણામ નીચે પ્રમાણે આવ્યું હતું.

**બેલેટનું પરિણામ :**

| | | |
|---|---|---|
| ૧. | શેઠ સાલેભાઈ બરોડાવાલા | ૩ |
| ૨. | શેઠ લખમીદાસ રવજી તેરસી | ૧૦ |
| ૩. | શેઠ પરષોત્તમ ધનજી | ૨ |
| ૪. | શેઠ માનસંગ કચરાઈ | ૯ |
| ૫. | શેઠ શૂરજી વલ્લભદાસ | ૩૫ |

અને કચ્છી પ્રજાકીય પરિષદના પહેલા અધિવેશનના પ્રમુખસ્થાન માટે શ્રીમાન શેઠ શૂરજીભાઈ વલ્લભદાસની વરણી થઈ હતી.

**પરિષદની બેઠક :**

તા. ૨૨-૧૦-૧૯૨૬, સંવત ૧૯૮૩ના આસો વદ ૧.

તા. ૨૩-૧૦-૧૯૨૬, સંવત ૧૯૮૩ના આસો વદ ૨.

તા. ૨૪-૧૦-૧૯૨૬, સંવત ૧૯૮૩ના આસો વદ ૩.

***સ્થળ :*** ન્યુ ચીંચ બંદર, ડુંગરી ઉપર નવરોજજી હિલ આગળ.

પરિષદમાં હજારોની સંખ્યામાં હાજરી હતી.

*જ્યાં પરિશ્રમ થાકી જાય છે, બુદ્ધિ કામ નથી કરતી ત્યાંથી જ પ્રારબ્ધ શરૂ થાય છે.*

૧. શેઠ પરષોત્તમ ધનજી - માંડવી. ૨. શેઠ ગોકુળદાસ ખામજી - માંડવી, ૩. શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી - અંજાર, ૪. શ્રી જમનાદાસ ત્રિકમદાસ ગાંધી - અંજાર, ૫. શ્રી નાનાલાલ ડી. ઉપાધ્યાય - અંજાર, ૬. શ્રી મોતીલાલ માસ્તર - માંડવી, ૭. શ્રી જીવરામ કલ્યાણજી કોઠારી - કોટડા, મુખ્ય હતા.

પરિષદના પ્રમુખસ્થાને શેઠ શૂરજી વલ્લભદાસ - મુંબઈ.

૧. મૌલાના ના. શોકતઅલી, ૨. શ્રી મહમદઅલી ઝીણા બેરિસ્ટર, ૩. શ્રી બરજોરજી કરીમજી ભરુચા, ૪. શ્રી નવરોજજી બેલગામવાળા, ૫. શ્રીમતી સરોજિની નાયડુ, ૬. શ્રી બી. એન. મોતીવાલા, ૭. શ્રી એમ. આર. જયકર બેરિસ્ટર, ૮. શ્રી જમનાદાસ મેતા, ૯. ડો. સુમંત મેતા, ૧૦. શેઠ પરષોત્તમદાસ ઠાકોરદાસ, ૧૧. શ્રી અમૃતલાલ દલપતભાઈ શેઠ, સૌરાષ્ટ્રના તંત્રી.

પ્રમુખની દરખાસ્ત મૂકતાં શેઠ લખમીદાસ રવજી તેરસીએ જણાવ્યું કે ભાઈ શૂરજી જેવા વ્યાપારી બુદ્ધિ અને કુનેહવાળા છે તે તેમના ભાષણથી તમે જોઈ શકશો. તેમનો ઘોડો કદાચિત વાડ કુદાવી નહીં જાય તેમ તેઓ ખાડામાં પણ નહીં નાખે. કોઈ ઘોંઘાટ કરનારને લગામ સોંપી હોત તો ઘોડો વાડ કુદાવત અથવા ખાડામાં નાખત. શૂરજીભાઈ નુકશાન તો નહીં કરે. અમારા જેવા રાજદ્વારી લાંબું-ટૂંકુ બોલી નાખે, પણ તેઓ તોળી તોળી બોલશે તે પ્રમાણે ઊભા રહેશે. માટે ચુસ્ત મુત્સદ્દી તરીકે કોઈને પસંદ કરવા હોય તો શૂરજીભાઈને જ પસંદ કરવા જોઈએ.

ટેકો : શેઠ વેલજી લખમશી નપુ, "શ્રી શૂરજીભાઈએ આર્ય સમાજ જેવી સંસ્થામાં સંગીન સેવા બજાવી છે. હવે તેઓ કચ્છના કાર્યમાં પણ આગેવાની લેશે તેથી આનંદ થશે. શ્રી માધવલાલ મકનજી ભટ્ટ; તેમની કુનેહ અને હોંશિયારીથી કામ થઈ રહેશે."

શ્રી હાજી અહમદ ખત્રીએ ટેકો આપતાં કહ્યું કે શૂરજીભાઈએ હિંદી ભાષાની સારી સેવા કરી છે.

**કચ્છથી આવેલ સંદેશા મૂકનાર :**

૧. શ્રી પ્રાણલાલ સાકરચંદ મેતા, ૨. શ્રી શેઠ માનસંગ કચરા, ૩. શ્રી નગરશેઠ સાકરચંદ પાનાચંદ, ૪. શેઠ ખીમજી લીલાધર મટાણી, ૫. શ્રી કોઠારી મણિલાલ વલમજી (ગુજરાતમાં પ્રાંતીય કોંગ્રેસ સમિતિના મંત્રી) ૬. શેઠ રૂપચંદ છબીલદાસ, ૭. શ્રી નાગ્રેચા જાગીરદાર વેરસાલજી, ૮. ડો. ડાહીગવરી, મસ્કા, ૯. શ્રી ઇંદરજી ગાંગજી, ગાગોદર, ૧૦. જાડેજા દેવાજી સાહેબજી, ૧૧. શ્રી મોતીચંદ માસ્તર, તુણા, ૧૨. શ્રી રૂપશંકર નર્મદાશંકર વોરા, ૧૩. શ્રી નારણજી રામજી ઠક્કર

**પરિષદમાં ચર્ચામાં ભાગ લેનારા :**

૧. શેઠ મથુરાદાસ કાનજી મટાણી, ૨. શેઠ પરસોત્તમ ધનજી - માંડવી, ૩. શ્રી વેલજી લખમશી નપુ, ૪. શ્રી કાંતિપ્રસાદ ચં. અંતાણી - અંજાર, ૫. શેઠ રવજી સેજપાળ, ૬. શ્રી. બી. એન. મહેશ્વરી, ૭. શ્રી છગનલાલ ભવાનીશંકર મેતા - અમદાવાદ, ૮. ધરમશી ખેંગાર મેતા, ૯. માવજી ગોવિંદજી શેઠ, ૧૦. વ્રજલાલ ભગવાનલાલ છાયા, ૧૧. શિવજી દેવશી શાહ, ૧૨. ગુલાબશંકર સો. ધોળકિયા, ૧૩. નાનાલાલ ડી. ઉપાધ્યાય, ૧૪. બેન કુંવરબાઈ, ૧૫. ગોકુળદાસ ખીમજી, ૧૬. રાયમલ ખીમજી, ૧૭. ખીમજી નથુ, ૧૮. હંસરાજ હરજી, ૧૯. ધારશી હેમરાજ, ૨૦. બંદાઅલી, ૨૧. નથુ મુઘજી, ૨૨. દેવચંદ ધરમશી શેઠિયા, ૨૩. વીરજી રાજવાળ મેશરી, ૨૪. જીવરાજ ગો. નેણસી, ૨૫. મોતીલાલ માસ્તર, ૨૬. કાનજી માસ્તર, ૨૭. રેવાશંકર તુલસીદાસ, ૨૮. સાધ્વી શ્રી ગુણસુંદરી, ૨૯. પંડિત પરિમલ, ૩૦. નાગજી-લધા, ૩૧. લવજી મેઘજી, ૩૨. માધવલાલ મકનજી, ૩૩. ગુલામહુસેન સોનાવાલા, ૩૪. પંડિતકાર તાંત્રીકજી, ૩૫. રણછોડદાસ જેઠા, ૩૬. શિવદાસ ચાંપશી ઠક્કર, ૩૭. ઘેલાભાઈ હંસરાજ, ૩૮. ખીમજી નાગજી, ૩૯. મુંજાભાઈ ઠાકરશી, ૪૦. ડો. ગોપાલજી પ્રાગવજી, ૪૧. જીવરામ કલ્યાણજી, ૪૨. ખીમજી હીરજી કાયાણી, ૪૩. કેશવજી દામજી, ૪૪. કલ્યાણજી કરમશી.

સ્વયં સેવકોની વ્યવસ્થા માટે : ૧. કેશવજી જયરામ, ૨. કાનજી માસ્તર, ૩. જેઠાભાઈ દેવજી તથા ૪. કુંવરજી જેઠાભાઈ હતા.

પરિષદમાં ૨૯ ઠરાવો થયા હતા. તેમાં ૪૪-અ બંધારણની કલમ, જેમાં ત્રીજી સત્તા પાસે જવાની વાત હતી તે મોકુફ રાખવામાં આવી હતી. આ બંધારણથી પરિષદનું કાર્યક્ષેત્ર મુંબઈ રહ્યું હતું, કચ્છ ન હતું. પણ જે કચ્છી જનતાના હિત અને ઉત્કર્ષ માટે સંસ્થા સ્થપાઈ હતી તે કચ્છના રાજકરણને વ્યવસ્થિત બનાવવામાં આવે તેવું આ કદમ હતું.

**પરિષદ કારોબારી :**

પરિષદની કારોબારીમાં નીચે પ્રમાણે સભ્યો નિમાયા :

પ્રમુખ : શેઠ શૂરજીભાઈ વલ્લભદાસ

સભ્યો : શેઠ રહેમતુલ્લા ચીનાઈ, પ્રો. ખુશાલ શાહ, ડો. પુનશી મહેશ્વરી, રવજી સેજપાલ, લખમશી રવજી તેરસી, વેલજી લખમશી નપુ, ખીમજી નાગજી, ગુલબશંકર સો. ધોળકિયા, ધારશી હેમરાજ, હીરજી ઘેલાભાઈ, ધરમશી ખેંગાર મેતા, વેલજી આણંદજી મહેશ્વરી, માવજી ગોવિંદજી દેવજી ટોકરશી, વીરજી પેરાજ, માધવજી મકનજી ભટ્ટ, પંડિતકાર તાંત્રિકજી, મથુરદાસ કાનજી મટાણી, લવજી પ્રેમજી.

**૧૦. ૧૯૨૭**

તા. ૫-૨-૨૭, કચ્છ માંડવીમાં મહારાવશ્રીને ડેપ્યુટેશન મળ્યું. તેમાં શેઠ શૂરજી વલ્લભદાસ પ્રમુખ હતા. ઉપરાંત મથુરાદાસ કાનજી મટાણી, પ્રેમજી ચંદા, રવજી સેજપાલ, લખમીદાસ તેરસી, ખીમજી હીરજી કાયાણી, વેલજી લખમશી નપુ, શિવદાસ ચાંપશી, ગુલામહુસેન સોનાવાલા હતા. તે પરિણામે નિષ્ફળ ગયું હતું. માંડવી, ભુજ, અંજારમાં સભાઓ થઈ હતી;

*એકવાર જેણે વિશ્વાસઘાત કર્યો હોય તેનો કદી પણ વિશ્વાસ ન કરવો.*

આ રીતે કચ્છમાં જનજાગૃતિની જ્યોત ઝળહળવા માંડી. મુંબઈના પ્રતિનિધિઓ નિરાશ થયા હતા, તેમાં માત્ર પ્રમુખ શૂરજીભાઈ આશાવંત રહ્યા હતા. તે વખતે જુદા જુદા આગેવાનોની બોમ્બે ક્રોનિકલના પ્રતિનિધિએ લીધેલ મુલાકાતનો સાર ઉપર પ્રમાણે હતો. ત્યારે કચ્છ સ્થાનિકનો ક્રોનિકલમાં કાંતિપ્રસાદનો અપાયેલ અભિપ્રાય, સ્થાનિકના માટે લાક્ષણિક હતો.

"The grievences of Kutch were long and many and the first-step the conference should take was to start a redress of Grievences Association for Kutchis, starting of such an association will be a moral check on doings of pretty officials and this will purge the system to some extent."

**૧૧.** ૧૯૨૭ના ઑગસ્ટમાં ગુજરાતમાં અતિવૃષ્ટિની આફત હતી. તેમાં કચ્છનો પૂર્વ ભાગ વાગડ પણ આવી ગયેલ. તેના સ્થાનિકના ગારાકીચડમાં ઘોડાનો પ્રવાસ કાંતિપ્રસાદે કરી "સૌરાષ્ટ્ર" વગેરે છાપાંને જાણ કરી. તેને કારણે સૌરાષ્ટ્ર સેવા સમિતિ તરફથી વ્રજલાલ દવે, ગૌરીશંકર ચતુર્વેદી કાર્યકરો રૂ. દશ હજાર લઈ આવ્યા. આ વખતે સૌરાષ્ટ્ર સેવા સમિતિની શાખા કચ્છમાં શરૂ થઈ હતી. તેમની સાથે નીચેના જોડાયા.

પ્રમુખ : ભુજના નગરશેઠ સાકરચંદ પાનાચંદ

ખજાનચી : અંજારના જમનાદાસ ગાંધી

મંત્રી : કાંતિપ્રસાદ અંતાણી

સભ્યો : રાઘવજી દીપચંદ-રાપર, આણંદા હાજાણી-શિવલખા, નાનાલાલ ડી. ઉપાધ્યાય-અંજાર, નરશી દેવચંદ - ભચાઉ, હેમરાજ ડુંગરશી-ભચાઉ, ગુલાબશંકર અમૃતલાલ ભુજ, જટાશંકર લઘુભાઈ મહેતા-અંજાર, પરષોત્તમ ધનજી-માંડવી, બેન્કર્સ : શેઠ નારાણજી જુઠાણી-અંજાર

કાર્યકરો : નોંધા દેવશી - લાકડિયા, ગાંગજી માલા - લાકડિયા, વોરા પ્રાગજી આશકરણ - લાકડિયા, ન્યાલચંદ લક્ષ્મીચંદ - રાપર, શિવચંદ દીપચંદ - રાપર, વોરા ઇંદ્રજી ગાંગજી - ગાગોદર.

તે પછી તરત વાગડમાં પ્લેગ ફાટી નીકળેલ. તેની રીલીફ કમિટીમાં ઉપર જણાવેલ વ્યક્તિઓ જોડાઈ. તે ઉપરાંત વોરા જેઠા સાકરચંદ-કીડિયાનગર, પવા સવાના, કોઠારી તેજપાલ સાકરચંદ હતા. તેમજ ખાવડામાં રીલીફ અંગે માંડવીના પરષોત્તમ ધનજીએ કોલેરા રિલીફ અંગે ખાવડામાં ગોકુળદાસ ખીમજી મારફતે રાહત મોકલાવી હતી.

આ રીતે પ્રજા જાગૃતિ માટે અને પ્રજાને ઉપયોગી થવામાં જનસંપર્ક ચાલુ રહેતાં જનજાગૃતિ વધી હતી. પરિષદ પ્રવૃત્તિને પણ વેગ મળતો રહ્યો અને કચ્છમાં પરિષદ મળવાના સંયોગો અને જાગૃતિના ધબકારા સુયોગ્ય રીતે આગળ વધતા રહ્યા.

પરિષદનું ડેપ્યુટેશન મહારાવશ્રીને મળ્યું. તે પછી રાજકારણની સ્થિતિ આગળ જણાવી તેવી હતી, તે વખતે પરિષદના ડેપ્યુટેશનના પ્રજાના પ્રતિનિધિપણા સંબંધી મહારાવે શંકા બતાવી હતી. મહારાવે પરિષદ સાથે સીધો પત્રવ્યવહાર કરવાની પણ મનાઈ કરી હતી. અલબત્ત અંજારની જાહેર સભાએ આ શંકાને વખોડી કાઢી હતી.

પરિષદના બંધારણમાં પરિષદના સામાન્ય સભ્ય બનવા માટે મુંબઈ-વિહાર અને કલ્યાણ સુધીના - કચ્છીઓ માટે કચ્છ ક્ષેત્ર હતું. એટલે કચ્છ સ્થાનિક પરિષદ સક્રિય બનવાની અગત્ય વરતાતી ન હતી. તે માટે પરિષદનું અધિવેશન માંડવી બોલાવવા બાબત કાંતિપ્રસાદ અને ગોકુળદાસ ખીમજી વચ્ચે પત્રવ્યવહાર થયો હતો. તેમાં ૧૯૨૭ ના જેઠ સુદ ૯ ના પત્રમાં ગોકુળદાસે જણાવ્યું કે "કચ્છમાં તે શક્ય નથી." જેઠ વદ-૩ ના બીજા કાર્ડથી જવાબમાં તેમણે સ્પષ્ટ રીતે લખ્યું કે, "તમારો ટાણો વાંચ્યો, છતાં મારી હિંમત નથી. જો તમે અંજારને વાસ્તે અથવા ભુજને વાસ્તે વિચાર કરો તો હું મારાથી બનતી બધી મદદ દેવા તૈયાર છું. બાકી અહીંની (માંડવીની) સ્થિતિ જોતાં નાસીપાસ થવા જેવું છે...રવજીભાઈ તથા પરષોત્તમભાઈ ધનજી પણ પરિષદ બાબતમાં મારા મતના છે." કચ્છમાં પરિષદ ભરવા બાબતમાં તત્ સમયે આ સ્થિતિ હતી. પછી તરત ગોકુળદાસ ખીમજી આફ્રિકા તરફ ગયા હતા.

મુંબઈમાં પરિષદના સભ્યો પણ નિરાશામાં ઝોલાં ખાતા હતા. શૂરજીભાઈ પ્રમુખ સ્થાન છોડવાની તૈયારીમાં હતા અને છેવટે છોડ્યું પણ. આ પરિસ્થિતિમાં પરિષદને સજીવન અને જાગૃત રાખવાના શુભ ઈરાદાથી શેઠ લક્ષ્મીદાસ રવજી તેરસી અંજાર આવ્યા અને વાગડ વગેરે વિસ્તારોનો પ્રવાસ ગોઠવાયો. સાથે કાંતિપ્રસાદ અને જમનાદાસ રહ્યા. આ પ્રવાસ દરમ્યાન લાકડિયા મુકામે તેના જાગીરદાસ ગજસિંહજી વગેરેના સહકાર તથા પ્રજાજાગૃતિ વિશેના જુવાળ પ્રોત્સાહક રહ્યા હતા.

ત્યાંથી ભુજ આવ્યા. મહારાવ ખેંગારજી સાથે મુલાકાત ગોઠવાઈ અને સફળ થઈ હતી. તે પછી માંડવીમાં તેરશી શેઠે જાહેર કર્યું કે મહારાવની પરિષદ પ્રત્યે કડવી નજર નથી. કાંતિપ્રસાદ તેરશી સાથે રહ્યા હતા.

૧૫-૯-૧૯૨૭ની તારીખની ભુજના નગરશેઠ સાકરચંદ પાનાચંદ, માનસિંગ કચરા - ભુજ, પરષોત્તમ ધનજી - માંડવી, મથુરદાસ પુરુષોતમ - માંડવી, કાંતિપ્રસાદ અંતાણી, જમનાદાસ ગાંધી - અંજાર, દામજી વચ્છરાજ - માંડવી, જોશી મોતીલાલ લક્ષ્મીદાસ - માંડવી, હકીમ અબ્દુલ, હકીમ જુસબ, મણિયાર અબ્દુલરહેમાન ઈશાક, પુરુષોતમ જેરામ, વિશનજી કલ્યાણજી, કુરપાર જે. દોશી, ખટાઉ મુરારજી, ડૉ. ઈશ્વરલાલ વેજનાથ - માંડવી, ઠા. આણંદજી રણછોડદાસ - અંજાર વગેરેની સહીઓથી માંડવીમાં તા. ૧૦-૧૦-૧૯૨૭, શરદ પૂર્ણિમાને દિવસે માંડવીમાં બોલાવવામાં આવી હતી.

*સંપાદક : હરેશ ચ. ધોળકિયા*

*પ્રાપ્તકર્તા : ઘનશ્યામભાઈ પી. ઠક્કર, અમદાવાદ*

*આરોગ્ય એ માત્ર શરીરનું જ નહીં, આત્માનું પણ આભૂષણ છે.*

# દબાણ હટાવ : અમલીકરણ અધિકારી સત્તાનો ઉપયોગ કાં ન કરે?

• શશીકાંત ઠક્કર - એડવોકેટ •

માત્ર પંચાયતો પર જવાબદારી સોંપી દેવાથી પ્રશ્ન ઉકેલાશે નહીં.

કચ્છમાં તાજેતરના સમયમાં ગામેગામ જાહેર જમીનોનાં દબાણ અને આ દબાણો દૂર કરવા માટેના પ્રશ્નો ઊભા થતા રહ્યા છે. મુખ્યત્વે ગૌચર જમીનોનાં દબાણો ખૂબ ચર્ચાસ્પદ બન્યાં છે. ગ્રામ પંચાયતોમાં પણ રાજકીય પક્ષો પ્રેરિત પંચાયતોની રચનાએ ગ્રામ્યકક્ષાએ પક્ષાપક્ષીનું પ્રમાણ અમર્યાદ વધ્યું છે. પરિણામે ક્યાંક પંચાયતોની નિષ્ક્રિયતા અને ગેરરીતિઓ સામે આંખ આડા કાન થાય છે અને ક્યાંક પંચાયતોને આ દબાણો દૂર કરવાના બહાને પદ પરથી દૂર કરવા અગર મોકૂફ કરવાની કાર્યવાહીઓ કરાય છે. આથી આંતરિક વૈમનસ્યમાં અમર્યાદ વધારો થયો છે.

જાહેર જમીનો પર દબાણ થવાનાં કારણો, દબાણના પ્રકારો, દબાણ દૂર કરવાની કોની કેટલી સત્તા છે વગેરે તમામ બાબતોની આ કોલમમાં તા. ૨૪-૯-૯૫, ૧-૧૦-૯૫, ૧૦-૧૦-૯૫ અને ૨૭-૭-૯૫ ના લેખોમાં વિસ્તૃત છણાવટ કરી હતી. એટલું જ નહીં પણ આ લેખોની નકલો સાથે જિલ્લા પંચાયતના પ્રમુખ ત્રિકમભાઈ છાંગાને તા. ૧૩-૬-૧૧ અને તા. ૨૮-૬-૧૧ ના વિસ્તૃત પત્રોથી આ બાબતની ચર્ચા વિચારણા કરી ગ્રામ પંચાયતોના વાલીની હેસિયતે યોગ્ય માર્ગદર્શક સૂચનાઓ પંચાયતોને અને જિલ્લા તાલુકાના અધિકારીઓને આપવા વિનંતી કરી હતી પરંતુ કમનસીબે તે માત્ર વિનંતી જ સાબિત થઈ છે.

૧૯૬૧ના પંચાયત કાયદાની કલમ-૯૬ ને સમાંતર ૧૯૯૩ ના પંચાયત કાયદાની કલમ-૧૦૮ અન્વયે રાજ્ય સરકાર, પોતાની મિલ્કતો, જમીનો વગેરે યોગ્ય નિયંત્રણ આધીન પંચાયતોને આપી શકે તેવી જોગવાઈ છે. આ જોગવાઈ અનુસાર સરકારે મહેસૂલ વિભાગના તા. ૫-૧૦-૭૦ ના ઠરાવથી વિવિધ પ્રકારની મિલ્કતો પંચાયતોને આપવા અંગેની નીતિ નક્કી કરી હતી અને તે મુજબ યોગ્ય હુકમો કરવા અને રેકર્ડમાં ફેરફાર કરવા નાયબ કલેક્ટરોને સત્તા આપી હતી. આ ઠરાવના પેરા-૧૩ મુજબ ત્રણ તબક્કે ચકાસણી કર્યા બાદ તેના હુકમોની નોંધ રેકર્ડમાં કરી સદર મિલ્કતો પંચાયતોને સોંપવા હુકમ કર્યો હતો. જેમાં 'આ હુકમો હેઠળ પંચાયતમાં નિહિત થઈ શકે તેવી કોઈપણ મિલ્કતો પર કોઈપણ દબાણ હોય તો તે દૂર કર્યા પછી જ આવી મિલ્કતો નિહિત કરવી' એવી સ્થળ સૂચના સરકારે આપી હતી.

સરકારના આ હુકમ પછી પંચાયતોને મિલ્કતો આપવાના જે હુકમો ગામવાર કરવામાં આવ્યા તેમાં મોટા ભાગે ગૌચર જમીન સંદર્ભે કોઈ ચોક્કસ જમીનના ઉલ્લેખ વિના ટ્રાવર્સ પૈકી અમુક એકર જમીન નિહિત કરવામાં આવે છે તેવા જનરલ હુકમો થયા, જેમાં ગૌચર જમીનની ચોક્કસ ચતુર્દિશા પણ ન હતી અને આ જમીનની માપણી પણ કરાવવામાં આવી ન હતી અને સ્થળ તપાસ કરી દબાણ દૂર કરાવવાની પણ કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી. આથી આવી જમીનોનો કબજો પંચાયતોને સુપરત કરવાની પણ કોઈ કાર્યવાહી મોટા ભાગે થઈ ન હતી.

દબાણો દૂર કરવા અંગેની કાનૂની પરિસ્થિતિ જોવામાં આવે તો હાલના પંચાયત કાયદાની કલમ-૧૦૫(૨) અન્વયે કેટલાંક પ્રકારનાં દબાણો દૂર કરવાની મર્યાદિત સત્તા પંચાયતોને આપવામાં આવી છે. જેનો ઉપયોગ પંચાયતો કાયદાની મર્યાદામાં રહી કરી શકે છે.

પરંતુ મૂળભૂત રીતે આ સત્તા અને અધિકાર ફરજિયાત સ્વરૂપના નથી. પરંતુ પંચાયતને પોતાને વહીવટની સુગમતા થાય અને સ્થાનિક હિતો જાળવી શકાય તે હેતુથી પંચાયત ઇચ્છે તો તે અધિકાર વાપરી શકે તેવા સ્વરૂપના છે. કાયદાની પરિભાષામાં તેને ઇનેબ્લીંગ પ્રોવિઝન કહેવાય છે. આથી આ જોગવાઈનો ઉપયોગ પંચાયતે ફરજિયાત રીતે કરવો જ જોઈએ તેવું નથી. મૂળભૂત રીતે મહેસૂલી તંત્રના અધિકારો અબાધિત રહે છે અને ફરજની રૂએ મેન્ડેટરી ધોરણે દબાણો દૂર કરવાની ફરજ અને જવાબદારી મહેસૂલ તંત્રની જ રહે છે તે બાબત સ્પષ્ટ છે. પંચાયત કાયદાની કલમ-૧૦૫(૨) ના શબ્દો જ સ્પષ્ટ કરે છે કે દબાણ દૂર કરવાનું પંચાયત ઇચ્છે તો કરી શકે છે પણ તેમ કરવાની તેની કાનૂની ફરજ નથી. આમ છતાં પંચાયતે દબાણ દૂર કરવાં હોય અને તેમાં તેને મુશ્કેલી જણાય તો અગાઉના કાયદામાં તેણે તાલુકા પંચાયતને દબાણ દૂર કરવા જણાવવાની જોગવાઈ હતી, તેમાં સરકારે સુધારો કરી આ અધિકારો કલમ-૧૦૫(૭) મુજબ તાલુકા વિકાસ અધિકારીને આપ્યા છે અને તે મુજબ તાલુકા વિકાસ અધિકારી માટે પંચાયતની વિનંતી આવે તો દબાણ દૂર કરવું ફરજિયાત – મેન્ડેટરી છે. સ્વતંત્ર રીતે પણ તાલુકા વિકાસ અધિકારી પોતાની મેળે પણ દબાણ દૂર કરવા પંચાયતને જણાવે તે પછી ત્રણ મહિનામાં પંચાયત તેમ ન કરે તો તાલુકા વિકાસ અધિકારીએ આવાં દબાણ ફરજિયાત દૂર કરવાની જોગવાઈ પણ કલમ-૧૦૫(૮) માં છે.

આમ છતાં તાલુકા અધિકારીઓ અને જિલ્લા કક્ષાએ ખાસ નિમાયેલા દબાણ તાલુકા વિકાસ અધિકારી પોતે સ્વતંત્ર રીતે કોઈપણ દબાણ દૂર કરવાની ફરજ મોટાભાગે બજાવતા જ નથી અને ગ્રામ પંચાયતોને નોટિસો ફટકારીને પોતાની ફરજ પૂરી થયાનું

*સુખ પેદા કર્યા સિવાય સુખ ભોગવવાનો કોઈને અધિકાર નથી.*

સમજી બેઠા છે. તેમને સાચી સ્થિતિનું દર્શન કરાવવાના બદલે જિલ્લા અધિકારીઓ પણ જાણે ચૂંટાયેલા સરપંચો તેમના પેટા નોકર હોય તેમ ધમકીભરી નોટિસોનો આશરો લઈ પરિસ્થિતિને ગૂંચવે છે.

થોડા વર્ષો અગાઉ માધાપરમાં ખેતલિયા વિસ્તારમાં બંધાયેલી અનધિકૃત દુકાનોનાં દબાણ દૂર કરવા જિલ્લા વિકાસ અધિકારીએ તત્સમયના સરપંચને હુકમ કરેલો અને સરપંચે તેમ કરવા કાનૂની પરિસ્થિતિના કારણે ઇન્કાર કરેલો, પરિણામે તેમને કલમ-૫૭ હેઠળની નોટિસ અપાયેલી જે પરત ખેંચવા જિલ્લા વિકાસ અધિકારીને ફરજ પડેલી. આ દરમ્યાન તેમણે તાલુકા વિકાસ અધિકારીને આ દુકાનો તોડી પાડવા હુકમ કરતાં તેનો અમલ તાલુકા વિકાસ અધિકારી દ્વારા કરાયેલો જેના પરિણામે જિલ્લા વિકાસ અધિકારી સામે રૂપિયા પાંચ લાખની નુકસાનીનો દીવાની દાવો પણ થયેલો.

તાજેતરમાં રાપર તાલુકાના ગેડીના સરપંચને મારામારીની ફરિયાદના આધારે સરપંચ પદેથી સસ્પેન્ડ કરવાનો હુકમ અસામાન્ય ઝડપથી કરાયો હતો. પરંતુ આ જ પંચાયતના ઉપ-સરપંચ સામે તેથી અગાઉ ઍટ્રોસિટીનો ગુનો નોંધાયા પછી તેઓ દિવસો સુધી જેલમાં રહ્યા છતાં તેમની સામે ફરજ મોકૂફીનો હુકમ થયો ન હતો. તેવો વાંધો સરપંચે રજૂ કર્યા પછી તાજેતરમાં ઉપ-સરપંચને પણ ફરજમોકૂફ કરાયા છે અને બંનેના જૂથો વચ્ચે ધિંગાણું સર્જાયું છે.

ગાંધીધામ તાલુકાના કીડાણા ગામે કંડલાના વાવાઝોડાના વિસ્થાપિતો અને ભૂકંપગ્રસ્તોએ કરેલા વસવાટવાળા વિસ્તારમાં સરકારી ખર્ચે સીસી રોડ, પાણીના સ્ટેન્ડપોસ્ટ, આંગણવાડી, પ્રાથમિક શાળા વગેરે બનાવ્યા હોવા છતાં આ વિસ્તાર ગૌચર હોવાના બહાને તેના દબાણો દૂર કરવા સરપંચ ઉપર નોટિસોનો મારો ચલાવવામાં આવ્યો અને તેમને પદ પરથી દૂર કરવાની નોટિસ પણ આપવામાં આવી છે. આ વિસ્તારમાં પાંચ મંદિરો અને એક મદરેસા પણ છે. સરપંચ લઘુમતી કોમના છે. સ્વાભાવિકપણે આ દબાણો દૂર કરવા જતાં કોમી તનાવ પણ ઊભો થવા સંભવ છે. આ જમીન ખરેખર ગૌચર છે કે કેમ તે પણ સ્પષ્ટ નથી અને ખુદ જિલ્લા વિકાસ અધિકારીએ આ જમીનની માપણી કરાવવા સંબંધિત ખાતાને લખ્યું છે. પંચાયતને ઉપરોક્ત કલમ-૧૦૫(૭) અન્વયે ઠરાવ કરી આ દબાણો પોતે દૂર કરાવી શકે તેમ નથી તેથી તાલુકા વિકાસ અધિકારી પોતે આ દબાણો દૂર કરાવે તેવી વિનંતી કરી તેમ છતાં તાલુકા વિકાસ અધિકારીએ પોતાને બચાવવા પંચાયતનો આ ઠરાવ રદ કરવાનો હુકમ તેમની કોઈ સત્તા ન હોવા છતાં કર્યો અને સરપંચને પદ પરથી દૂર કરવાની દરખાસ્ત જિલ્લા વિકાસ અધિકારીને કરી જેનો નિર્ણય થવો બાકી છે. આટલું ઓછું હોય તેમ ગાંધીધામ તાલુકા પંચાયતના પ્રમુખે સામાન્ય સભામાં કીડાણા પંચાયત કોંગ્રેસ પ્રેરિત છે, તેથી સહન કરવું પડશે, તેવો જાહેર ઉલ્લેખ કર્યાનું બહાર આવ્યું છે. તે સાચું હોય તો આપણી રાજનીતિ કેટલી નિમ્ન કક્ષાએ પહોંચી છે તેનો આ દાખલો બને છે. સન ૧૯૯૮થી સન ૨૦૧૨ સુધી આ દબાણો નજરઅંદાજ કરનારા જે તે સમયના અધિકારીઓ અને આ વિસ્તારમાં સરકારી ખર્ચે વિવિધ સુવિધાઓ આપનારા અધિકારીઓની જાણે કોઈ જવાબદારી ન હોય તેવી આશ્ચર્યજનક પરિસ્થિતિ સર્જાઈ છે.

મુંદ્રા તાલુકાના શિરાચા ગામના સરપંચે ખુદે સરકારી જમીનનું દબાણ કર્યું. મામલતદારે જ.મ.કા. ની કલમ-૬૧ મુજબ દબાણ સાબિત માન્યું. જિલ્લા વિકાસ અધિકારીની સૂચનાથી મામલતદારે દબાણ દૂર કરી તેનો અહેવાલ પણ આપ્યો. તાલુકા વિકાસ અધિકારી દ્વારા પણ અહેવાલ રજૂ થયો છતાં આજે દોઢ વર્ષથી આ સરપંચના કિસ્સામાં તેમને પદ પરથી દૂર કરવાનો હુકમ થતો નથી. માધાપરના સરપંચ સામે ગેરરીતિની તપાસ ખુદ જિલ્લા પંચાયતના ચાર અધિકારીઓની સમિતિએ કરી. ગેરરીતિ થયાનું સાબિત માન્યા છતાં બે વર્ષથી આ પ્રકરણે કોઈ હુકમ કરાતો નથી. આ સરપંચ સામે અને તાલુકા પંચાયતના સભ્ય સામે ફોજદારી ફરિયાદ અદાલતના હુકમથી દાખલ થયા છતાં તેમને ફરજમોકૂફ કરાતા નથી. આ બધા બનાવો આપણા બંધારણના 'કાયદો બધા માટે સમાન'ના અધિકારની સરાજાહેર ઠેકડી ઉડાવનારા છે. બીજી તરફ બિનપરવાનગીએ અને સાર્વજનિક જગ્યાઓમાં કરાતાં બાંધકામોના ઉદ્‌ઘાટન કાર્યક્રમોમાં પદાધિકારીઓ ખુદ સામેલ થાય છે તે પરિસ્થિતિની પરાકાષ્ઠા દર્શાવે છે.

કાયદાની જોગવાઈઓ નજરઅંદાજ કરી વહાલા બનવા મથતા અધિકારીઓએ સમજવું જોઈએ કે ભવિષ્યમાં મુશ્કેલી ઉત્પન્ન કરે તેવી સંભાવના જેવાં આવાં કાર્યો કરવા બદલ કેટલાયે અધિકારીઓ આજે જેલના સળિયા પાછળ છે.

*'જલિયાણા',*
*જૂના બસ સ્ટેન્ડની બાજુની ગલી,*
*જૂનાવાસ, માધાપર, કચ્છ-૩૭૦ ૦૨૦.*
*મો. ૯૮૨૫૪ ૫૩૯૫૧*

☺ **એક યુવાન અને સુંદર છોકરી પુસ્તકાલયમાં પુસ્તક પાછું આપવા માટે ગઈ. એણે લાઈબ્રેરિયનને કહ્યું, 'આ પુસ્તક પાછું લઈ લો. મારી મમ્મી કહે છે આ મારે વાંચવાલાયક નથી.'**

**'ના ના, એમ ના હોય. તમારી મમ્મીને કંઈક ગેરસમજ થઈ લાગે છે.' લાઈબ્રેરિયને પેલી યુવતીને નમ્રતાથી કહ્યું.**

**'ના, મારી મમ્મી બરાબર જ કહે છે. મેં આખું પુસ્તક વાંચી લીધું છે.' એણે હસીને કહ્યું.**

Aristo™ STAINLESS STEEL

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

કચ્છી પ્રતિભા

## વિરલ વાર્તાકાર અને વહાણવટીઓના વહીવંચા

# ડૉ. મનુભાઈ પાંધી

• સંજય પી. ઠાકર •

*'માલમી વિદ્યાના મનુ' તરીકે ઓળખાવાયેલા ઉચ્ચ કોટિના વાર્તાકાર, માનવતાવાદી દંત ચિકિત્સક, સારા ચિત્રકાર અને સમાજવાદી સમાજસેવક ડૉ. મનુભાઈ પાંધીની ૩જી જુલાઈના ૧૦૦મી જન્મ જયંતીના અવસરે એક ભાવાંજલિ...!*

જાણીતા વાર્તાકાર, પરંપરાગત વહાણવટાના ઊંડા અભ્યાસી, નિષ્ણાત દંત ચિકિત્સક, સારા ચિત્રકાર અને સેવાભાવી સમાજસેવક ડૉ. મનુભાઈ ભીમરાવ પાંધીનો જન્મ આજથી બરાબર સો વર્ષ પહેલાં ૩જી જુલાઈ, ૧૯૧૫ (સંવત ૧૯૭૧ના જેઠ વદ-૭, શનિવારે) અખંડ હિંદુસ્તાનના કરાંચી ખાતે થયો હતો. મોટાભાગના સંદર્ભ સાહિત્યમાં એમની જન્મ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૧૪ નોંધાઈ છે પણ ડૉ. મનુભાઈનાં પુત્રવધૂ ભારતીબેન મહિમભાઈ પાંધી પાસે સચવાયેલી જન્મ કુંડળી અનુસાર એમની જન્મ તારીખ ૩જી જુલાઈ, ૧૯૧૫ છે.

ડૉ. મનુભાઈના પિતા ડૉ. ભીમરાવ ભવાનીદાસ પાંધી કરાંચીમાં પ્રેક્ટિસ કરતા હતા. તેથી મનુભાઈએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ કરાંચીમાં મેળવ્યું હતું. ૧૯૩૩માં પિતાની નિમણૂક કચ્છ રાજ્યના અધિકારી તરીકે થતાં ભુજ આવ્યા અને ઑલ્ફ્રેડ હાઈસ્કૂલ તથા માંડવીની જી.ટી. હાઈસ્કૂલમાં પણ માધ્યમિક શિક્ષણ મેળવ્યું. આમ તો પાંધી પરિવાર ત્રણેક સદી પહેલાં કચ્છમાં આવીને વસ્યું હતું. ડાહ્યા પાંધીના વંશજ ડૉ. ભીમરાવ પાંધી કરાંચીમાં પ્રેક્ટિસ કરતા હતા.

ભુજમાં શાળેય અભ્યાસની સાથે સાથે સ્કૂલ ઑફ આર્ટ્સમાં વિખ્યાત કલાગુરુ દેવજીભાઈ પાસેથી ચિત્રકળાની તાલીમ પણ લીધી. શુક્લતીર્થ ગુરુકુળમાં રહી મેટ્રિક થયા બાદ અમદાવાદ ગયા. ચિત્રકળાની લગની તેમને રવિશંકર રાવળ સુધી ખેંચી ગઈ. 'કુમાર' કાર્યાલયમાં રહી ચિત્રકામ શીખ્યા. આ ગાળામાં કનુ દેસાઈ વગેરે ચિત્રકારોના સંપર્કમાં આવ્યા.

અમદાવાદથી ફરી કરાંચી જઈ કૉલેજ ઑફ ડેન્ટિસ્ટ્રીમાં જોડાઈ ૧૯૩૬માં એલ.ડી.એસ.સી.ની ઉપાધિ મેળવી હતી. ૧૯૩૮માં કરાંચીમાં જ ઓરલ સર્જરીમાં અનુસ્નાતક થયા. તે સમયે દંત ચિકિત્સકની પદવી મેળવીને કચ્છના એ પ્રથમ ક્વૉલિફાઈડ ડેન્ટલ સર્જન બન્યા હતા. તેમણે કચ્છમાં ભુજ, માંડવી અને કંડલાની હોસ્પિટલોમાં માનદ્ સેવાઓ આપી ખ્યાતિ અને આદર પ્રાપ્ત કર્યાં હતાં. મહારાવશ્રીના અંગત દંત તબીબ તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી. કારકિર્દી દરમ્યાન કદી નાનાં બાળકોની ફી લેતા નહીં. આ રીતે હજારો બાળકોની નિઃશુલ્ક સારવાર કરી. ભારતની દંત ચિકિત્સા પરના તેમના અભ્યાસ લેખો ભારત અને અમેરિકાનાં પ્રખ્યાત જર્નલમાં પ્રસિદ્ધ થયા હતા.

ચાર દાયકા જેટલો લાંબો સમય સફળ પ્રેક્ટિસ કર્યા બાદ ડૉ. મનુભાઈ નિવૃત્ત થયા. ત્યારબાદ તેમણે ગુજરાતના પરંપરાગત વહાણવટા અંગે સંશોધન કાર્ય આરંભ્યું. કાળની ગર્તામાં સરી જતા આ વારસાને જાળવી રાખવા તેમણે અથાગ મહેનત લઈ સો જેટલી દસ્તાવેજી તસવીરોનું એક પ્રદર્શન ૧૯૮૩માં માંડવીમાં યોજ્યું હતું. ૧૬ વિભાગોમાં વહેંચાયેલા આ પ્રદર્શનનું ઉદ્‌ઘાટન ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ મોહંમદ માંકડે કર્યું ત્યારે વિખ્યાત પત્રકાર - લેખક નીરુભાઈ દેસાઈએ કહ્યું હતું કે, 'ભારતભરમાં આવું પ્રદર્શન જોયું તો નથી, સાંભળ્યું પણ નથી.' નીરુભાઈએ તેમને યોગ્ય રીતે જ 'માલમી વિદ્યાના મનુ' તરીકે બિરદાવ્યા હતા.

નાનપણથી જ તેમને સાહિત્ય પ્રત્યે અભિરુચિ હતી. માંડવી અને ભુજમાં તેમના નિવાસની અગાસીએ કાયમ ડાયરો જામતો. ગુજરાતના અનેક સાહિત્ય સ્વામીઓ આ ડાયરામાં ગુલતાન કરી ગયા છે. બકુલેશ, ડૉ. જયંત ખત્રી, સ્વપ્નસ્થ જેવા પ્રગતિશીલ સર્જકો સાથે અંતરંગ મૈત્રી જામી. બકુલેશે તેમને નવી શૈલી અને ચિંતનની વાર્તાઓ લખતા કર્યા. આ પુરોગામીઓના અનુગામી તરીકે માંડવીમાં ડૉ. જયંત ખત્રી સ્મારક સાહિત્ય સભા 'સંસ્મૃતિ'ની સ્થાપના કરી એમના જીવનકાર્યને ધબકતું રાખ્યું.

અખિલ ભારત સમાંતર લેખક સંઘના ઉપાધ્યક્ષ બનતાં ડૉ. મનુભાઈએ તેનું છઠ્ઠું અધિવેશન અંજારમાં ૧૭થી ૧૯ જાન્યુઆરી, ૧૯૭૭માં યોજેલું. ભારતના વિવિધ ભાષાના એકસોથી વધુ સાહિત્યકારો તેમાં ઉપસ્થિત રહ્યા હતા. આ સર્જકો અને હિંદીના ખ્યાતનામ સાહિત્યકાર કમલેશ્વરના સંપર્કના પરિણામે 'સારિકા'ના બે વિશેષાંકો પ્રગટ થયા. જેમાં કચ્છી વાર્તાકારોની વાર્તાઓ સ્થાન પામી. હિંદી વાર્તાકાર જિતેન ભાટિયા સાથે હિંદી વાર્તાઓનો એક અનુવાદ ગ્રંથ પણ પ્રગટ કર્યો.

સતત પેટની બીમારીથી પીડાતા હોઈ મનુભાઈ પ્રમાણમાં થોડું લખી શક્યા હતા પણ એ સર્જન પ્રાણવાન હતું. એમના વાર્તાસંગ્રહ 'ફીણોટા'ની પ્રસ્તાવનામાં જ્યોતીન્દ્ર દવેએ અને 'રુચિ' માસિકમાં વિખ્યાત વિવેચક જશવંત શેખડીવાળાએ તેમની વાર્તાઓમાંની 'વેદના અને અશ્રુ',

*કાળો રંગ અશુભ મનાય છે પરંતુ બ્લેક બોર્ડ વિદ્યાર્થીઓને બ્રાઈટ બનાવે છે.*

'ભૂરિયું', 'બેકાબૂ', 'પાર્ટિશનની બીજી બાજુ' તથા દરિયાઈ વાર્તા 'ફીણોટા'ને આંતરરાષ્ટ્રીય કક્ષાની વાર્તાઓ તરીકે વર્ણવી હતી. તેમની સત્ય ઘટનાત્મક સાગર કથાઓને અશોક હર્ષ અને શેખડીવાળાએ સંઘેડા ઉતાર કહી પ્રશંસા કરી હતી. વિવેચકોની મુક્ત કંઠે પ્રશંસા પામેલો ડૉ. મનુભાઈનો એકમેવ વાર્તાસંગ્રહ 'ફીણોટા' ઑગસ્ટ ૧૯૬૮માં પ્રગટ થયો હતો અને એ ડૉ. જયંત ખત્રીને અર્પણ કરાયો હતો. એમાં ૧૮ વાર્તાઓ સમાવાઈ છે. એ સમયનાં પ્રસિદ્ધ વર્તમાનપત્રો 'હિંદુસ્તાન', 'પ્રજામિત્ર'માં એમની વાર્તાઓ મુખ્યત્વે છપાતી અને અગ્રગણ્ય વાર્તામાસિક 'ચાંદની'માં સ્થાન પામતી રહેતી.

જીવનનાં છેલ્લાં વર્ષો સતત સંશોધન અને લેખનમાં તેઓ વ્યસ્ત રહ્યા. તેમણે 'અવિશ્રાંત સાગર' અને 'અર્સીં માડુ કચ્છજા' એ બે પુસ્તકો લખ્યાં જે પ્રગટ થવાનાં બાકી છે. તેમણે સાગરતટની ભુલાતી - ભૂંસાતી તાસીર અને તવારીખનું દસ્તાવેજીકરણ કરવાનું મુશ્કેલ કાર્ય ઉપાડ્યું હતું અને દિવસરાત તેની પાછળ લાગ્યા હતા. અવસાનના થોડા જ દિવસ અગાઉ ગુજરાતના પરંપરાગત વહાણવટા વિશેનું પુસ્તક તેમણે લખીને પૂરું કર્યું હતું. જન્મ શતાબ્દી વર્ષે તેમના પરિવાર દ્વારા આ પુસ્તક પ્રકાશિત કરવાનું આયોજન થયું છે તે ખૂબ આવકાર્ય છે. આ ગ્રંથમાં કચ્છના વહાણવટાનું મહત્ત્વ, ઈતિહાસ, માલમી વિદ્યા, પરંપરાગત નૌકાયન, વહાણ બાંધકામ, તેના વિવિધ ભાગોની પારિભાષિક ઓળખ, અનેક તાંત્રિક માહિતીનો સમાવેશ થાય છે. ભુજના કચ્છ મ્યુઝિયમની શતાબ્દી પ્રસંગે વહાણવટાનો વિભાગ ઊભો કરવાનું રાજ્ય સરકારે એમને સોંપેલું કાર્ય તેમણે સફળતાપૂર્વક પાર ઉતાર્યું હતું. આ કલેક્શનની નોંધ ભારતીય નૌસેનાએ પણ લીધી હતી.

૧૯૩૯માં 'કચ્છી' પત્રના કલ્યાણજી લાલજી વ્યાસનાં પુત્રી તારામતી સાથે આર્ય સમાજની વૈદિક વિધિથી લગ્નગ્રંથિથી જોડાયા હતા. જીવનકાળ દરમિયાન પોતાના ભ્રમણના શોખને પોષવા પગપાળા લાંબી સફરો કરી હતી. હિમાલયના પહાડોમાં ઘૂમ્યા હતા, તો બર્મા, પાકિસ્તાન, નેપાળ વગેરેની મુસાફરી તેમણે કરી હતી. અમેરિકા અને કેનેડાની પણ બે પ્રલંબ મુલાકાત તેમણે લીધી હતી.

મનુભાઈ પાંધીએ અનેક યુવા અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સ્થાપીને તેમજ સામાજિક સેવાભાવી સંસ્થાઓ સાથે સામેલ થઈને આજીવન સમાજસેવા કરી હતી અને સમાજના બધા વર્ગોની ચાહના મેળવી હતી. ખાસ કરીને નબળા વર્ગના લોકો પ્રત્યે તેમને સદાય હમદર્દી રહેતી. તેમણે સક્રિય રાજકારણમાં ઝંપલાવ્યું એ પહેલાં સહકારી ક્ષેત્રે નાના વર્ગના કારીગરોને પગભર કરવાનો પ્રયોગ પણ કર્યો હતો અને સહકારી મંડળી સ્થાપી હતી. તેમણે ૧૯૬૨માં 'લોકશિક્ષણ સમિતિ' જેવી બિનરાજકીય પણ લોકલક્ષી સંસ્થા ચલાવવાની પહેલ કરી હતી. ૧૯૪૧થી ૪૪ સુધી માંડવીના મેડિકલ પ્રેક્ટિશનર્સ એસો.ના પ્રમુખ ચૂંટાયા હતા. તેમણે કચ્છમાં સ્કાઉટિંગ પ્રવૃત્તિને વેગ આપવા અથાગ પ્રયાસો કર્યા હતા તેવું દુલેરાય કારાણીએ એક હસ્તલિખિત નોંધમાં લખ્યું છે. તેઓએ સ્કાઉટ કમિશનર તરીકે સેવા આપી હતી. દુલેરાય કારાણી સહિત ઘણા સર્જકોનાં પુસ્તકોનાં મુખપૃષ્ઠ અને અંદરનાં ચિત્રો મનુભાઈએ તૈયાર કરી આપ્યા હતા. કચ્છી સાહિત્ય સભાના મંત્રી તરીકે પણ મનુભાઈ સક્રિય હતા. ૧૯૪૬થી '૪૮ દરમિયાન માંડવી નગરપાલિકાના સભ્ય રહ્યા હતા.

વૈવિધ્યસભર વ્યક્તિત્વ ધરાવતા પ્રયોગશીલ વાર્તાકાર, વહાણવટા ઈતિહાસના સંન્નિષ્ઠ સંશોધક અને માનવતાવાદી દંત તબીબ ડૉ. મનુભાઈ પાંધીનું ૧૭મી ઓક્ટોબર, ૧૯૮૪ના ૭૦ વર્ષની વયે ભુજ ખાતે દેહાવસાન થયું હતું.

'સંસ્મૃતિ'ના નેજા હેઠળ સાહિત્ય પ્રતિભાઓનું સન્માન થતું રહે છે. તેમાં ગુજરાતી સાહિત્ય માટે ડૉ. જયંત ખત્રી - બકુલેશ ઍવૉર્ડ તથા કચ્છી સાહિત્ય માટે ડૉ. મનુભાઈ પાંધી ઍવૉર્ડ અપાય છે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ યુથ ડેવલપમેન્ટ - ભુજ દ્વારા તેમની જન્મ શતાબ્દી નિમિત્તે ડિસેમ્બર ૨૦૧૪માં મનુભાઈ પાંધીના સર્જક ભાવક મૂલ્યાંકનનો કાર્યક્રમ યોજાયો અને પુસ્તક પ્રકાશિત કર્યું છે. તેમની જન્મ શતાબ્દી (૧૯૧૫ – ૨૦૧૫)ના અવસરે તેમને આપણી ભાવાંજલિ...!

*બી/૧, પ્લોટ-૧૭૨, ઓધવવિલા,*
*આઈયા નગર, મુંદ્રા રોડ,*
*ભુજ (કચ્છ)-૩૭૦ ૦૦૧.*
*ફોન : (૦૨૮૩૨) ૨૩૦૧૫૩*
*મો. ૯૪૨૮૮ ૧૯૪૫૩*

*(કચ્છની ધીંગી ધરાએ સાહિત્ય ક્ષેત્રે ભેટ ધરેલાં અણમોલ રત્નો પૈકીના આ મોખરાના સર્જકને પ્રત્યક્ષ મળવાનો લહાવો મારા જીવનની યાદગાર પળો લેખે મમળાવતો રહું છું. એમની સાથે થયેલ પત્રવ્યવહાર પણ 'હેતના ફિણોટા' શીર્ષક હેઠળ 'નિરીક્ષક'માં પ્રગટ થયેલો. મોહંમદ માંકડની સાથે 'સંસ્મૃતિ' પર્વમાં મને પણ ઉપસ્થિત રહેવાનો મોકો મળેલો!*

*– કેશુભાઈ દેસાઈ)*

ચંપાને બહુ ઉતાવળ હતી, પણ તે શું કરે? બસ ઉપડતી જ નહોતી. છેવટે કંટાળીને તેણે ડ્રાઈવરને પૂછ્યું, 'અરે ભાઈ, ખટારો ક્યારે ચાલુ થશે?'

'જ્યારે એમાં બધો કચરો ભરાઈ જશે ત્યારે.' ડ્રાઈવરે શાંતિથી જવાબ આપ્યો.

DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

સૂર્યોપનિષદ

# અપને સમયકા સર્વમિત્ર સૂર્ય હૂં મૈં.....

• કેશુભાઈ દેસાઈ •

બિચારો સૂર્ય ઓઝપાઈ ગયો છે. ૨૧ જૂનના રોજ 'યોગ દિવસ' ઉજવાયો — એ પહેલાં જ નાક કાપીને અપશુકન કરાવવાની હોડ મચી ગઈ. એને સમજાતું નથી કે લોકો પોતાના નામ પર અકારણ આવડો મોટો વિવાદ કેમ છેડી બેઠા છે! પોતાનો મૂંઝારો ઠાલવે તો પણ કોની આગળ? ઝઘડનારાઓથી કરોડો ગાઉ છેટો રહે છે. એકલો એકલો વનમાં તપ્યા કરે છે કરોડો વર્ષોથી. કવિઓ કહે છે એથી તદ્દન જુદી વાત વૈજ્ઞાનિકો કરે છે. કવિઓ એને જીવંત વિભૂતિ સમજી બેઠા છે. એના વિશે યુગોથી પ્રશસ્તિ કાવ્યો રચાતાં રહ્યાં છે. જ્યોતિષીઓ એને ગ્રહ મંડળનો રાજા ગણે છે. જાતકની જન્મ કુંડળીમાં સૂર્યને આત્માનો કારક માનવામાં આવ્યો છે. એ સ્વભાવે જ સાત્ત્વિક છે. પ્રતાપી છે એટલે સમસ્ત બ્રહ્માંડનો એક છત્રી અધિષ્ઠાતા છે. મહાપુરુષને સર્વોચ્ચ સન્માન આપવાનું હોય ત્યારે એમને સૂર્ય સાથે સરખાવવામાં આવે છે. રાષ્ટ્રકવિ રામધારી સિંહ 'દિનકર' પોતાનું તખલ્લુસ જ 'દિનકર' રાખે છે તે જ સૂચક નથી શું? વળી એમના મહાકાવ્યનો નાયક પુરુરવા પોતાની મહત્તા આવા શબ્દોમાં વર્ણવે છે —

'....ઉર્વશી, અપને સમય કા સૂર્ય હૂં મૈં!'

પરંતુ એ જ સૂર્યને વૈજ્ઞાનિકો ધગધગતા અગનગોળાથી વધુ કંઈ જ માનતા નથી. એ ઊર્જાનું સ્રોત જરૂર છે - બલકે સમસ્ત જીવસૃષ્ટિના જીવનનો અખંડ દીવો ઝળહળતો રાખવાની વણલખી જવાબદારી લઈને બેઠો છે — કંઈ કેટલાય યુગોથી. એણે ક્યારેય કોઈની પાસે કશું જ માગ્યું નથી. એ શાશ્વત દાતાર છે. એની પાસે અખૂટ ઊર્જાનો ખજાનો છે. એ કુંવારી કુંતીની કૂખમાં દાનેશ્વરી કર્ણ પેદા કરી શકે છે અને વાંઝણી ધરતીના પેટમાં પ્રવેશી કણના મણ કરી આપે છે. સૂર્ય છે તો ઉષ્મા છે, જીવન છે. સૂર્ય વરસાદ વરસાવે છે અને સૂર્ય ફસલો ઉગાડે છે. કેસર કેરીમાં સૂર્યનો સોનેરી સ્વાદ ઘોળાયેલો છે. જેને ક્યારેય કાટ નથી લાગતો એવા સુવર્ણમાં સૂર્યની જ ચમક પ્રતિબિંબિત થાય છે. તમે વલોણાનું ઘી જોયું છે? સરસવ અને રાયડાનું સોનેરી તેલ ખાધું છે? પહેલી ધારની મદિરા ચાખી છે? આ બધા જ ભોજ્ય પદાર્થોમાં સૂર્યની હાજરી વરતાય છે. એ વીર પુરુષની આંખોમાં આત્મવિશ્વાસ થઈ ઝળહળે છે, વિદ્વાનની વાણીમાં અને તપસ્વીની ત્વચામાં સૂર્યનો જ સાક્ષાત્કાર થાય છે.

સૂર્યને સ્થિતપ્રજ્ઞ કહ્યો છે. એ સુખ-દુઃખમાં સમત્વ કેળવી શક્યો છે. આ શ્લોક વાંચો :

*उदये सविता रक्तो रक्तश्चास्तमने तथा ।*
*सम्पत्तौ च विपत्तौ च महतामेकरूपता ॥*

ઊગે છે ત્યારે પણ એ લાલ ગુલાબી હોય છે. અદ્દલ એવો જ એ આથમતી વેળાએ પણ દેખાય છે. શ્રેષ્ઠ વિભૂતિઓ માટે સુખ-દુઃખ, સંપત્તિ અને વિપત્તિ તો સિક્કાની બે બાજુઓ જેવાં. એથી એ વિચલિત નથી થતી. ઉભય સ્થિતિનો સ્વીકાર કરીને સમતાપૂર્વક વર્તે છે. આમ સૂર્ય એ સમભાવનું પ્રતીક છે. એ સંતોનો સંત છે. અહર્નિશ યાત્રા કરતો રહે છે. આપણને જ્યારે આથમતો લાગે ત્યારે પૃથ્વીના બીજા ગોળાર્ધમાં એ ઊગતો હોય છે. અર્થાત્ નરેન્દ્ર મોદી તો પાંચ-છ કલાક પણ ઊંઘતા હશે પણ સૂર્ય તો ચોવીસે કલાક, બારેમાસ અને બ્રહ્માંડમાં પેલો મહાવિસ્ફોટ થયો તે ક્ષણથી અર્થાત્ કરોડો વર્ષો પૂર્વે એનો જન્મ થયો ત્યારથી આજપર્યંત ક્યારેય પળ પૂરતો પણ આડે પડખે થયો નથી. આપણે જરા વધારે બુદ્ધિવાળા એટલે એના માનમાં એના જ નામે ઓળખાતા દિવસે રજા રાખી લીધી! નખશિખ પ્રામાણિક અને સદાપ્રવાસી સૂર્યની આ પણ કેવી મીઠી મશ્કરી! એણે તો કદીય રજા પાડી જ નથી. ગ્રહણ વેળાએ પણ એ તો ઝઝૂમતો જ રહે છે.

સૂર્યનું જીવનચરિત્ર લખાવું જોઈએ એમ નથી લાગતું? સૂર્યવંશી રાજા મહારાજાઓ વિશે મહાકાવ્યો લખાતાં રહ્યાં છે, પણ સૂર્ય જેવા શાશ્વત મહાનાયકને સ્પર્શવાની કોઈએ હિંમત જ નથી દાખવી. બાલ્યવયમાં હનુમાને એના ઉદયકાળના સ્વરૂપને મધુર ફળ માની ગળી જવાની ચેષ્ટા જરૂર કરી હતી! એક તરફ ભગવાન રામચંદ્રથી લઈ સૂર્યપુત્ર કર્ણ સહિત બધા જ એને અર્ધ્ય અર્પે, કંકુ મિશ્રિત જળ ચડાવી એનો રાજીપો પ્રાપ્ત કરવા પ્રયાસ કરતા રહે, ને બીજી તરફ બાળ હનુમાન એનો કોળિયો કરવા ધસી જાય! કેવી રમ્ય કલ્પનાઓ છે! સૂર્યને સત્તાનો અને સંતાનનો કારક માની એનું માણેકનું નંગ પહેરાવનારા કે પહેરનારાઓનો તોટો નથી. સૂર્ય પત્ની રન્નાદે પાસે ખોળાનો ખૂંદનાર માંગવાની પ્રથા કહો કે પૂર્વ ભારતમાં સૂર્યષષ્ઠીની ઉજવણી પાછળ પડેલી શ્રદ્ધાની વાત કરો : લોક જીવનમાં સૂર્ય કોઈ ને કોઈ સ્વરૂપે એની હાજરી પુરાવતો રહ્યો છે. મકર સંક્રાંતિ, એ સૂર્યોત્સવનું જ પર્વ છે. સૂર્યની ઊર્ધ્વ ગતિ સાથે જીવાત્માએ મોક્ષમાર્ગ જોડી દીધો. ઈચ્છા મૃત્યુનું વરદાન ધરાવતા ભીષ્મ પીડાદાયક શરશય્યા પર મકર સંક્રાંતિની પ્રતીક્ષા કરતા રહે છે.

એવો એ સૂર્ય. ભારત વર્ષમાં તો એ જાગતા જોગંદર તરીકે પૂજાતો જ રહ્યો છે. બલકે આજના ઈરાનના શહેનશાહો પણ 'આર્ય મિહિર'નું બિરુદ ધરાવતા હતા તે કોણ નથી જાણતું? મિસર અને યૂનાન (આજનાં ઈજિપ્ત અને ગ્રીસ) સૂર્યપૂજક હતાં. આપણાં અનેક સૂર્ય મંદિરોમાં મળતી સૂર્યની હોલબૂટ પહેરેલી પ્રતિમાઓ, એ ગ્રીક અને ઍસિરિયન સંસ્કૃતિનો પ્રભાવ છે. સૂર્યને પંચ દેવતાઓમાં

*જીવનને બદલવાની જરૂર નથી. જરૂર છે કેવળ આપણો અભિગમ બદલવાની.*

પ્રતિષ્ઠાભર્યું સ્થાન મળેલું છે. (બાકીના ચાર આ પ્રમાણે : ગણેશ, શિવ, વિષ્ણુ અને દુર્ગા). એ ગ્રહ મંડળનો રાજા ગણાયો છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસ એ સૂર્યોપાસનાનું જ પર્વ ગણાય. સૂર્યનો મહિમા કરવા માટે યોગાસનો સાથે સૂર્ય નમસ્કારને સાંકળવા પાછળ વ્યાયામનું જ નહીં વિજ્ઞાનનું પણ એટલું જ ઔચિત્ય દૃષ્ટિગોચર થવું જોઈએ. ઈશ્વર, અલ્લાહ કે ગૉડને આપણે નરી આંખે નિહાળી શકતા નથી. એ વિવિધ પ્રતીકો રૂપે જરૂર પ્રત્યક્ષ થઈ શકે. સૂર્ય ઈશ્વરનું સર્વસુલભ પ્રતીક છે — એ ગગન ગોખમાં પ્રાણપ્રતિષ્ઠા પામેલી પરમાત્માની જ પ્રતિમા છે. યોગીઓને એવું પ્રતીક અંતરના ઊંડાણમાં ઝળહળ જ્યોતિબિંદુ સ્વરૂપે દેખાતું હશે તો કોઈને એ નિરંજન નિરાકારની હાજરી અનાહત નાદ સ્વરૂપે સંભળાતી હશે. જેમને એવી ઊંચી કે ઊંડી સાધના ન ફાવતી હોય એમને સૂરજમાં ભગવાન જોવાની છૂટ હોવી જોઈએ. સૂર્ય ક્યારેય એના પૂજનારને વધારે કે ન પૂજનારને ઓછું અજવાળું નથી આપતો. એને ભૂંડી ગાળો બોલનારના આંગણે પણ સવાર પડતાંની સાથે એ વણબોલાવ્યો પહોંચી જાય છે. સૂર્યને કોઈ ધર્મ નથી કે નથી એનો કોઈ દેશવિશેષ. પ્રકાશ એ એની ભાષા છે, એ જ એની ઓળખ છે. સૂર્ય પ્રતિભાવાન છે. ક્યારેક એ ઉગ્ર પણ થતો હશે તો એમાં પિતાનું વહાલ જ વરતાશે. જીવમાત્રનું હિત જ સમાયેલું હશે. એ ઉગ્ર થઈને તપે છે ત્યારે સ્તો સમુદ્રનાં જળ વરાળ બની વાદળમાં ફેરવાય છે. સમુદ્રનાં જળ આપણાં ઘર-ખેતર સુધી પહોંચાડવાનું કામ વરસોવરસ - અનાદિકાળથી આ વયોવૃદ્ધ સૂરજદાદો કરતો રહેલ છે. એને માન-અપમાનની તો પડી જ ન હોય. સૂરજ સામે ધૂળ ઉડાડનારા એનું કશું બગાડી શકે ખરા? ઘડી-બે ઘડી વાદળાં તળે ઢંકાઈ જાય એથી એનો પ્રતાપ ઝંખવાય ખરો? અરે, રાહુ એને ગળચીમાંથી પકડી લઈ ગ્રસી લે છે તોય એને ઊની આંચ આવતી નથી. હા, ગ્રહણ પૂરતો એ થોડો ઠંડો જરૂર પડી જાય છે પરંતુ એ આફત ટળવાની જ છે અને મારે ફરી પાછું ઝળહળ પ્રકાશવાનું છે — એવા અખૂટ આત્મવિશ્વાસ સાથે એ ‘ચિયરફુલ કમબેક’ કરીને જંપે છે. સૂર્ય વિશે જે પૌરાણિક અને આધુનિક માન્યતાઓ પ્રવર્તે છે એ બિલકુલ સામસામા છેડાની છે. સૂર્યને પણ કલંક લાગે ખરું? જોકે વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યાં છે! વિજ્ઞાન એને જડ અગનગોળો માનવા છતાં ચેતના અને ઊર્જાના અખંડ સ્રોત લેખે સન્માનની નજરે જુએ છે. સૂર્ય આ સૃષ્ટિના અસ્તિત્વનું ઉદ્‌ગમ સ્થાન છે અને જીવનદાતા છે. એ બીમાર પડે છે ત્યારે કરોડો માઈલ છેટે આવેલી પૃથ્વી પર હાહાકાર મચી જાય છે. સૂર્ય વિશેની પૌરાણિક માન્યતાઓ ભવ્ય કવિ કલ્પના જેવી છે. સૂર્ય સંસ્કૃતિઓનો સર્જક છે એટલે ક્યાંક ઍપોલો તરીકે તો ક્યાંક આદિત્ય નામે પૂજાતો રહ્યો છે. પ્રજા માત્ર વીરપૂજક હોય છે અને સૂર્યથી બળૂકો વીર તો બ્રહ્માંડ ઢંઢોળતાં પણ જડે કે કેમ તે પ્રશ્ન છે. જો કે વિજ્ઞાન આવાં અનેક બ્રહ્માંડો હોવાની અને એ મુજબ ઘણા સૂર્યો હોવાના તારણ પર આવ્યું છે. પરંતુ એથી શું? સૂરજને તારો કહી દેવાથી એ સૂરજ થોડો મટી જશે? પૌરાણિક મતાનુસાર સૂર્ય કશ્યપ અને અદિતિનો પુત્ર અને સંજ્ઞા તથા છાયાનો પતિ છે. યમુના એની પુત્રી છે, તાપ્તી કહેતાં તાપી પણ. યમ, મનુ, શનિ, સાવર્ણિ તથા અશ્વિનીકુમારો એના પુત્રો છે. એ બધાની પોતપોતાની ઉપકથાઓ છે. સુરત અને જોધપુરને સૂર્ય નગરીઓ તરીકે ઓળખવામાં આવે છે. સૂર્ય રાજા છે એથી એને કોઈ નમસ્કાર કરે એ તો ગમે. છતાં નમન કરવાને બદલે કોઈ ફક્ત મૈત્રીભાવે હાથ મિલાવી દેશે, તોય એ પોતાનો હાથ પાછો નહીં ખેંચી લે. એનાં બાર મુખ્ય નામો પૈકી એક નામ ‘મિત્ર’ પણ છે! એ સર્વમિત્ર છે!

*૧૩, ઐશ્વર્ય-૧, પ્લોટ નં.-૧૩૨,*
*સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧.*
*મો. ૯૮૭૯૫ ૪૩૧૩૨*

## ખીલીને મરવું સારું

બગીચામાં એક ખૂણે શીમળીનું વૃક્ષ હતું. તેના પર ફૂલ બેઠાં. તેમાં નીચેની ડાળે એક ફૂલ ખીલી રહ્યું હતું.

ખીલી રહેલા ફૂલને એક નિંદકે કહ્યું : ‘હે ફૂલ, તું કશાયે કામનું નથી. તારામાં નથી રૂપ કે નથી ગુણ. સુગંધ પણ નથી.’

ફૂલે કહ્યું : ‘તારી વાત સાચી છે.’

બીજે દિવસે ફૂલ વધારે ખીલ્યું.

‘અરે નિર્લજ્જ! તારે જીવીને શું કરવું છે? તું કશા કામનું નથી.

ફૂલે એનું સાંભળ્યું ન સાંભળ્યું કરી વધારે ખીલવા માંડ્યું. નિંદકે ગાળો દેવા માંડી. એની ગાળોની પરવા કર્યા વગર ફૂલ તો વધુને વધુ ખીલતું જ ગયું.

‘મરી જા, મરી જા; નફ્ફટ છે તું, સાવ નફ્ફટ!’

છેવટે ફૂલ પરિપૂર્ણ રૂપે ખીલી ઊઠ્યું.

લોકો એના તરફ પ્રેમથી જોવા લાગ્યા. બધાંની આંખો ઠરી!

પેલો નિંદક નિંદા કરતો રહ્યો અને ફૂલે ખીલ્યા જ કર્યું, ખીલ્યા જ કર્યું...

તેનું જીવન સાર્થક બન્યું.

હવે ફૂલ શાંતિથી જીવન પૂર્ણ કરી મર્યું!

**બોધ વાક્યો :**

★ નિંદક સર્વત્ર નકારાત્મક બાબતો જ જુએ છે.

★ સારી બાબતોમાં પણ કેટલાક માણસો દોષ જુએ છે.

★ દોષ દૃષ્ટિવાળા ક્યારેય સુખી થતા નથી.

★ હંમેશા નિંદાની પરવા કર્યા વિના આગળ વધવું જોઈએ.

★ પ્રગતિના પંથે પ્રયાણ કરનારે નિંદા કૂથલીથી ડરવું ન જોઈએ.

*‘સફળતાનાં સ્વાતિબિંદુ’ માંથી*

સ્થાપના : ૧૯૮૪
કે.કે.
સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

પ્રસંગ વિશેષ

### વિશ્વ યોગ દિવસ

# જીવનમાં યોગ અપનાવી શાશ્વત શાંતિ પામીએ

• કિરણ ચાંપાનેરી 'સેતુ' •

ભારતવર્ષ પાસે અમૂલ્ય આધ્યાત્મિક સંસ્કાર વારસો છે. હજારો વર્ષોના ચિંતન - મનન પછી ઋષિમુનિઓએ આ અમૂલ્ય વારસો ભારતવાસીઓને અને સારાયે જગતને ભેટ ધર્યો છે! કુદરત સાથેના સાનિધ્યમાંથી અને પ્રવૃત્તિના નિરીક્ષણમાંથી જ અનુભવજન્ય જ્ઞાન ઋષિમુનિઓએ વેદ ઉપનિષદમાં સંગ્રહિત કરી આપ્યું છે. પ્રકૃતિના સર્વે જીવોની જીવનશૈલીનો બારીકાઈથી અભ્યાસ કર્યો. સાપ કેમ માંદા પડતા નથી, દેડકાં ચોમાસા પછી પાણી વિના ક્યાં અને કેવી રીતે રહી શકે છે, મોર સદાય સ્ફૂર્તિલા કેમ દેખાય છે? તેના આધારે વિભિન્ન મુદ્રાઓ, આસનો વિકસાવ્યાં... તે યોગ! મોરની પ્રસન્નતા, દેડકા પાસેથી સુષુપ્ત સમાધિ અવસ્થા... વગેરેમાંથી પ્રાણાયામ – યોગનું સર્જન કર્યું. યોગ એ પ્રાચીન કળા અને કસરત બંને છે. દરેક ધર્મમાં યોગનો ઉલ્લેખ છે અને ધાર્મિક વિધિવિધાન - ક્રિયાઓ સાથે તેને સરસ રીતે સાંકળી લેવામાં આવેલ છે.

કવિ કાલિદાસે કહ્યું છે – 'શરીરમાદ્યં ખલુ સર્વસાધનમ્.' ધર્મની પ્રાપ્તિ માટે શરીર અગત્યનું સાધન છે. આપણા વડવાઓ પણ કહેતા કે ધર્મ, અર્થ, કામ, મોક્ષણાં આરોગ્યમ્ મૂલમ્ ઉત્તમમ્. એટલે કે માનવ જીવન માટે તંદુરસ્તી જ સાચી સંપત્તિ છે. તબીબી વિજ્ઞાનના મતાનુસાર સ્વસ્થ શરીર, પ્રસન્ન અને શાંત મન, સ્થિર અને તીવ્ર બુદ્ધિ, વ્યક્તિગત, કૌટુંબિક અને સામાજિક પ્રશ્ને સત્ય-અસત્ય, ન્યાય-અન્યાય પારખવાની સમજણ અને સત્ય તેમજ ન્યાયના પંથે રહીને સંઘર્ષ કરવાની શક્તિ ઉપરાંત ઉપાડેલું કામ પૂરું કરવાની વૃત્તિવાળું ચિત્ત.

માનવ જીવનનાં સુખ-દુઃખનું કારણ મન છે. કોઈપણ કામ સારી રીતે કરવું હોય તો મનની શાંતિ અને શારીરિક આરોગ્ય અત્યંત આવશ્યક છે. આંખ જગતને જુએ છે, મનને તો મન જ જુએ છે. આ મનને એટલે કે સ્થૂળ જીવનમાંથી સૂક્ષ્મ જીવનમાં પ્રવેશવા માટે યોગની આવશ્યકતા છે.

મન અને શરીરની શુદ્ધિ માટે ભારતની પાંચ હજાર વર્ષ જૂની યોગવિદ્યાનો વિજય થયો છે. તા. ૨૭-૯-૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ યોગના મહત્ત્વને સમજાવી તેને વૈશ્વિક ઓળખ અપાવી. તા. ૧૧-૧૨-૨૦૧૪ના રોજ સંયુક્ત રાષ્ટ્ર સંઘની સભામાં ૧૯૩ સભ્યો દ્વારા ૨૧મી જૂનને 'આંતરરાષ્ટ્રીય યોગ' દિવસ ઊજવવાના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી. પરિણામે ૨૧ જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ ઘોષિત કરવામાં આવ્યો. વિશ્વના ૧૧૭ દેશો યોગની મહત્તા સમજીને ૨૧મી જૂનને 'વિશ્વ યોગ દિવસ' તરીકે ઊજવ્યો.

સામાન્યપણે એવું માનવામાં આવે છે કે યોગ એટલે વ્યાયામ કે કસરત પણ એવું નથી. યોગ એ વિજ્ઞાન છે. યોગથી મન, બુદ્ધિ અને અગોચર તત્ત્વનું અનુસંધાન સાધી શકાય છે. ઇન્દ્રિયોનું અનુશાસન શારીરિક - માનસિક અનુશાસન, પ્રાણનું અનુશાસન, લાગણીઓ પર નિયંત્રણ, ક્રોધશમન, મનની એકાગ્રતા, ભાવુકતા, રોગ પ્રતિકારક શક્તિ મેળવવા અને વિષમ પરિસ્થિતિમાં સંતુલન પ્રદાન કરવાની ક્ષમતા યોગ અને પ્રાણાયામમાં છે.

યોગ અંતરમાં ડોકિયું કરવાનો અવસર છે. યોગથી આંતરિક ખામીની પૂર્તિ થાય છે, જીવન સંતુલિત બને છે. યોગ સ્વસ્થ જીવનનો પર્યાય છે. યોગથી જીવન નિરામય રહે છે. ચિત્તવૃત્તિ શાંત અને સકારાત્મક રહે છે. આમ યોગ મન અને તનને શાતા આપે છે.

યોગ એટલે મિલન! યોગ એટલે જોડાવું કે જોડવું. આત્માનું પરમાત્મા સાથે જોડાવું એટલે યોગ! જીવનનું પરમ લક્ષ્ય આત્માને પરમાત્મા સાથે જોડી દેવાનું છે. વળી યોગ એટલે મનને કેળવવાની કળા! પ્રિય વસ્તુના યોગથી આનંદ થાય છે. અપ્રિય વસ્તુના યોગથી દુઃખ થાય છે. યોગ આ સુખ-દુઃખની ભેદરેખાને સંતુલિત કરી મનને કેળવે છે. જીવની વિક્ષિપ્ત અવસ્થામાં પણ મન શાંત અને સ્થિર રાખવામાં યોગ મદદરૂપ થાય છે. સૌરાષ્ટ્રનાં ગંગા સતીએ મનની સ્થિરતાની વાત તેમના ભજનમાં આ પ્રમાણે કરી છે – 'સુખ અને દુઃખની જેને આવે નહીં હેડકી, તેને આઠે પ્રહરે આનંદ....' આનું નામ યોગ!

યોગ માત્ર સાધુ-સંતો કે તપસ્વીઓના જ કામનો છે કે તેઓ જ કરી શકે એવું નથી. પણ યોગને તો દરેક સંસારીએ સંસાર જીવનમાં સહજ અને સરળતાથી આત્મસાત્ કરવાનો છે. ધંધા રોજગાર, નોકરી, ખેતીવાડી, પશુપાલન જે પણ વ્યવસાય કરતા હોઈએ તેમાં યોગને સાંકળવાનો છે અને ઉત્તમ - શ્રેષ્ઠ કાર્ય કરવાનું છે.

વ્યક્તિગત સ્વાર્થને મહત્ત્વ ન આપતાં લોકહિતની ભાવનાથી કામ કરવું એ જ સાચી આધ્યાત્મિક સાધના છે. સંસારી જીવની આ આધ્યાત્મિક સાધના એ થયો ગૃહસ્થયોગ. ગૃહસ્થયોગમાં સંસારી વ્યક્તિએ વિચારવાનું છે કે હું ગૃહસ્થ યોગી છું. મારું જીવન સાધનામય છે. બીજા શું કરે છે? બીજા શું કહે છે? શું વિચારે છે? તેની જરીય પરવા કરતો નથી. કર્તવ્યપાલન એ પણ યોગ છે! ગીતામાં 'યોગઃ કર્મસુ કૌશલમ્'

(અનુ. : જુઓ પાના નં.-૬૧ ઉપર)

*નથી પાપ નથી પુણ્ય, નથી દુર્ગુણ નથી સદ્ગુણ, જે છે તે કેવળ અજ્ઞાન છે.*

સમાજની ક્ષિતિજો

નર-નારીના સંબંધો અને લગ્ન સંસ્થા : પ્રકરણ-૧૬

# સંયુક્ત કુટુંબ જીવનના પ્રશ્નો

• સ્વામી શ્રી સચ્ચિદાનંદજી •

વરકન્યાને સુખી કરવા અને ઓળખવા થોડાંક લક્ષણો કહ્યાં. આ બધાં છેવટનાં નથી. આમાં હજી ઘણાં બાકી છે. તેમ આ બધાં સચોટ જ છે તેમ માની લેવાની જરૂર નથી. આમાં અપવાદ પણ હોઈ શકે છે. પણ આ લક્ષણો મોટા ભાગે કાંઈક માર્ગદર્શન કરનારાં છે તેમ માનીને ચાલવું.

માતા-પિતા અને વડીલોએ વરકન્યાને પરણાવ્યા પછી પોતાની જવાબદારીઓ પૂરી થયેલી સમજવી જોઈએ. જો તે પોતાના પગ ઉપર ઊભાં થયાં હોય અર્થાત્ રળતાં-કમાતાં હોય તો રાજીખુશીથી તેમને અલગ રહેવાની વ્યવસ્થા કરી આપવી અથવા તેઓ પોતે કરી લે તો કરવા દેવી. સંયુક્ત કુટુંબ સારી વસ્તુ છે, પણ જો બધાં હળીમળીને સંપથી રહે તો! જો ભેગાં થઈને બધાં કલહ જ કરતાં હોય તો અલગ થવું બહેતર છે.

સંયુક્ત કુટુંબમાં જો પ્રેમથી રહી શકાતું હોય તો ઘણા ફાયદા છે. પ્રથમ તો એકબીજાની રક્ષા થાય છે. ખાસ કરીને સ્ત્રીવર્ગની રક્ષા થાય છે. પુરુષની ગેરહાજરીમાં એકલી સ્ત્રી ઘણી વાર આજુબાજુનાં અનિષ્ટોથી અસુરક્ષિત થઈ જતી હોય છે. સ્ત્રીની એકલતાનો ગેરલાભ ઉઠાવનારાં તત્ત્વો દરેક જગ્યાએ ઓછાવત્તા પ્રમાણમાં હોય જ છે : જો પુરુષ ગરીબ અને કમજોર હોય તો, અને સ્ત્રી જો ચંચળ મનોવૃત્તિવાળી હોય તો આવાં અનિષ્ટ તત્ત્વો ફાવી જતાં હોય છે. પણ જો સ્ત્રી કમજોર મનોવૃત્તિની ન હોય તો ગુંડા લોકો દાદાગીરી કરીને પતિ-પત્ની બન્નેને નુકસાન પહોંચાડી શકે છે. બધાંને સારા પાડોશી મળવા શક્ય નથી હોતા, એટલે બને ત્યાં સુધી ભેગાં રહેવું હિતાવહ છે.

માતા-પિતાના અનુભવો, તેમની આવડતો અને સંસ્કારોનો લાભ સંયુક્ત કુટુંબમાં મળી શકે છે. નવી નવી આવેલી પત્નીમાં પૂરી આવડત-કુશળતા કે સંસ્કારો ન પણ હોય. તેવી સ્થિતિમાં આ બધાની તેને જરૂર હોય છે. એટલે આ બધું મેળવવા માટે પણ સંયુક્ત કુટુંબમાં રહેવું હિતાવહ છે.

વૃદ્ધ માતા-પિતાને સેવાશુશ્રૂષાની જરૂર હોય છે. જેમણે આખી જિંદગી આપણી સેવા કરી હોય તેમને હવે વૃદ્ધાવસ્થામાં એકલાં છોડવાં સારાં નહિ. તેમની સેવાશુશ્રૂષા કરવી એ કર્તવ્યની સાથે તપસ્યા પણ છે. તે કરવાની તક જતી કરવી ન જોઈએ.

સાથે રહેવાથી ખર્ચ ઓછો આવે છે. જો આવક ઓછી હોય તો અલગ ન થવું. સાથે રહીને ઓછા ખર્ચે જીવન જીવવું જોઈએ.

સાથે રહેવાથી બાળકોની સાચવણી સારી થઈ શકે છે. ખાસ કરીને પતિ-પત્ની બન્ને જો નોકરી-ધંધો કરતાં હોય તો નાનાં બાળકોને સાચવવાનો પ્રશ્ન ઊભો થતો હોય છે. આ પ્રશ્ન વૃદ્ધ માતા-પિતાના દ્વારા ઉકેલી શકાય છે. વૃદ્ધ માતા-પિતાને પૌત્ર-પૌત્રીઓ વધુ વહાલાં હોય છે. તેઓ બાળકોને રમાડે-ખવડાવે અને સંસ્કાર નાખે તો પ્રશ્ન ઊકલી જાય. બીજી તરફ બાળકોને પ્રેમથી રમાડવાથી તેમને પણ આનંદ મળે અને હોર્મોન સારા થાય એટલે આરોગ્ય પણ સારું મળે.

સાથે રહેવાથી કૌટુંબિક વ્યવહારોમાં સરળતા રહે. ભારતમાં માત્ર પતિ-પત્ની સુધી જ વ્યવહારિકતા નથી હોતી પણ દૂર દૂર સુધી ફેલાયેલી રહે છે. જો બધાં સાથે રહે તો આવા વ્યાવહારિક પ્રસંગોને ઓછા ખર્ચે સારી રીતે પાર પાડી શકાય છે.

સાથે રહેવાથી વારસાના ઘણા વિકટ પ્રશ્નો ઊભા થતા નથી, ઘર-મિલકત-ખેતરો વગેરે તૂટતાં નથી. મિલકત પણ સચવાય છે. એટલે બને તો સાથે જ રહેવાનું પસંદ કરવું.

હવે સંયુક્ત કુટુંબથી થતાં નુકસાનોનો વિચાર કરીએ.

પ્રત્યેક માણસને સ્વતંત્રતા ગમે છે. જો તેની સ્વતંત્રતાને સતત આંચ આવે તો તેને ગમતું નથી. આવો દબાયેલો અણગમો, કુટુંબ-ક્લેશ કરાવે છે. જો પ્રત્યેક વ્યક્તિ પોતાના ધાર્યા પ્રમાણે જ ચાલવા-ચલાવવાની વૃત્તિવાળી હોય તો કુટુંબમાં ખળભળાટ થવા લાગે છે. આ વિખવાદ સુખ અને શાંતિનો નાશ કરે છે.

સંયુક્ત કુટુંબમાં સૌની આવક સરખી નથી હોતી કારણકે સૌની ક્ષમતા સરખી નથી હોતી. વધુ આવકવાળા અને થોડી આવકવાળા વચ્ચે થોડીઘણી ગુરુતાગ્રંથિ અને લઘુતાગ્રંથિ રહ્યા કરે છે. ખાસ કરીને સ્ત્રીવર્ગ આવી ગ્રંથિઓથી વધુ પીડાવા લાગે છે. વધુ આવકવાળાને થયા કરે છે, મારા પૈસે જ ઘર ચાલે છે. તો થોડી આવકવાળાને થયા કરે છે કે આ બધાં અમને દબાવે છે. આવી સ્થિતિમાં પણ મન ઊંચાં રહીને કલહનું કારણ બની શકે છે.

સંયુક્ત કુટુંબમાં વડીલશાહી ચાલે છે. સૌએ કોઈને કોઈ વડીલને આધીન રહીને ચાલવાનું હોય છે. જો વડીલની આજ્ઞાને માનવામાં ન આવે તો પણ ઘર તૂટી જાય છે. હવે જો વડીલમાં સૌના પ્રત્યે સમભાવ ન હોય અને તે પક્ષપાત કરે તોપણ સંયુક્ત કુટુંબ ચાલી શકે નહિ. વડીલ જો વહાલાં-દવલાં કરે તો તેની અસર માઠી પડે. બધા વડીલો સમભાવી રહી શકતાં નથી. વહાલાં-દવલાં થાય તો વિખવાદ થવા લાગે. સંયુક્ત કુટુંબ તો કોઈ એક વ્યક્તિના મધ્યવર્તી પ્રભાવમાં જ ચાલી શકે. સૌના ઉપર તેનો

*સત્તાનો સ્વભાવ માણસને ભ્રષ્ટ કરવાનો છે. પૂરી સત્તા માણસને પૂરો ભ્રષ્ટ કરે છે.*

માન-આદરભર્યો પ્રભાવ હોય તો જ સંયુક્ત કુટુંબ ચાલી શકે. આવું બધી જગ્યાએ હોતું નથી.

સંયુક્ત કુટુંબમાં પરિવારના સભ્યોની ખાસ કરીને સ્ત્રીવર્ગની નિર્ણયશક્તિ જલદી પૂરેપૂરી ખીલતી નથી. નાનામાં નાનો અને મોટામાં મોટો નિર્ણય વડીલોએ કરવાનો હોવાથી નાના માણસોની નિર્ણયશક્તિ કુંઠિત રહે છે. શું રસોઈ કરવી, કેટલી કરવી, કેવી કરવી વગેરે બાબતોથી માંડીને દીકરા-દીકરીઓને ક્યાં પરણાવવાં, ક્યારે પરણાવવાં વગેરે મોટા નિર્ણયો પણ વડીલો જ કરતા હોવાથી સભ્યોનો બૌદ્ધિક વિકાસ અટકી જાય છે. ઘણી વાર તો પ્રભાવશાળી વડીલોની જોહુકમી એટલી બધી હોય છે કે કોઈ ઉફ પણ બોલી શકતા નથી. તેમનો સૌને એક જ ઉત્તર હોય છે "તને શી ખબર પડે?" "તું શું જાણે?" "ચૂપ રહે" આવી સ્થિતિમાં કુટુંબ ગૂંગળાવા લાગે છે. પરિણામે કુટુંબ વચ્ચે કલહ શરૂ થઈ જાય છે.

કેટલીક વાર વગર કારણે પણ દેરાણી-જેઠાણી, સાસુ-વહુ, નણંદ-ભોજાઈ, ભાઈ-ભાઈ વગેરે અંદરઅંદર નાની નાની બાબતોમાં ખટપટો કરવા લાગી જતાં હોય છે. ઘરમાં ગ્રુપ બનીને રાજકારણ રમાવા લાગે છે. આથી અશાંતિ વધે છે.

કેટલીક વાર ખાસ કરીને નાદાન સ્ત્રીવર્ગ, પડોશીઓને ત્યાં જઈને ઘરની વિખવાદી સ્થિતિની ગુસપુસ વાતો કરે છે. અને પાડોશીઓ બળતાં લાકડાંમાં પેટ્રોલ છાંટવાનું કામ કરે છે. આમ થવાથી ભડકા વધી જાય છે. આવાં બધાં કારણોસર સંયુક્ત કુટુંબમાં અશાંતિ અને વિખવાદ વધે છે. કેટલીક વાર આ બધાના પરિણામે કોઈ બળી મરે છે તો કોઈને બાળી મૂકવામાં કે મારી નાખવામાં પણ આવે છે. એથી આખું કુટુંબ બરબાદ થઈ જાય છે.

બન્ને પક્ષોનો વિચાર કરતાં એવું લાગે છે કે બધાં માણસો સારાં હોય, વડીલ સારા હોય, પુત્રો સારા હોય, વહુઓ વગેરે બધાં સારાં હોય અને સૌ સંપીને સાથે રહી શકતાં હોય તો જ સંયુક્ત કુટુંબનો આગ્રહ રાખવો, નહિતર નહિ. સૌ પોતપોતાની રીતે ભલે અલગ થાય અને સુખી થાય. હા, અલગ રહીને પણ પરસ્પરનો પ્રેમ રહે તો તેથી કુટુંબ સચવાયું કહેવાય. પ્રેમભાવ જ કુટુંબને જોડે છે. અલગ રહેવાથી પણ જો પ્રેમ રહેતો હોય તો તેમ કરવું હિતાવહ છે.

***ભક્તિ નિકેતન આશ્રમ, પો.બો. નં.-૧૯,***
***પેટલાદ (દંતાલી), જિલ્લો : આણંદ-૩૮૮ ૪૫૦.***

*"જ્યાં સુધી વિચારવંત અને પ્રબુદ્ધ લોકો તેમના મંતવ્યોની જાહેર અભિવ્યક્તિ નહીં કરે, ત્યાં સુધી શાણા માણસોને મૂર્ખ શાસકોની દયા નીચે જીવવું પડશે. સત્યનો ભલે અંતિમ વિજય થતો હશે પણ અસત્યને લાંબી 'ઈનિંગ્સ' રમવાની તક મળે નહીં તે જોવાની આપણી સૌની ફરજ છે."*

***— નાની પાલખીવાલા***
***('નિરીક્ષક', તા. ૧-૫-૧૫માંથી)***

## ટચુકડો - કચકડો ઇ તાં, મનગમતો મોબાઈલ....!

**(ધુનિયા પોંખે મોબાઈલ....)**

કનતેં રખીને કચકડો, સુણેમેં આય મિણીકે વડો રસ
ઈ-ત-મોબાઈલ, સંપર્ક-સાધન-સંબંધ રખે બહુ સરસ (૧)
ધુનિયા કે મુઠ્ઠીમેં સમાઈ, માડુકે કરે ગિણે પિંઢ વસ
અજતાં આય ઈનજી બોલબાલા, ને ખટ્ટી વ્યો ઈ જશ. (૨)
માડુજે ધિલમેં વસીવ્યો, ઈન વિગર માડુ થીયે નરવશ
પિંઢત આય ટચુકડો, પણ કમ ઈનજો વિરાટ ને 'માર્વલસ' (૩)
મહિલાંયેંકે પણ ખૂબ ગમે, જે ઈનકે સાચવી રખેં પિંઢજી પશ
વાલમ વિને કમતેં ત "કીડાં-અયો?" પૂછેલા ઈનીકે વડી ધગશ. (૪)
જુવાનીયા પ્રેમીકાસેં ગાલ કરેમેં, કઢીયેં મોબાઈલજો કસ
પ્રેમજી ગાલીયેંમેં થૈ વિને મશગુલ, તેંમેં જરાપણ ન થીંયેં ટસજા મશ. (૫)
નિંઢે છોકરેંકે પ ખપે મોબાઈલ, જ ન મિલે ત થૈ વિને વિવસ
જ મિલે મોબાઈલ ત એળી રાંધુ રમી, જાણી ગિને ઈનજી નશ. (૬)
ફેસ-બુકતેં ભેરૂ ભનાય, હિકડે બેજા ફોટા આપલે કરીંયેં સરસ
"વાટ્સ-ઍપ" તેં લિખીને "ચેટિંગ" કરે, મિટાંઈયેં મિલેજી તરસ. (૭)
માડુજે રોજિંદે જીવનજો મોબાઈલ ત, ભનીવ્યો અગત્યજો હિસ્સો
વિશ્વજી વસતી કન્ના વધી વૈ તોજી વસતી, તોય આય જુસ્સો. (૮)
ધન્ય! ઈની ભેજેબાજે વૈજ્ઞાનિકેં કે, જેં સેટ ક્યો ઇ મઝેજો મોબાઈલ
દુનિયાજા માડુ હિકડે બેજે વટે થ્યા, ભલેં રોંધાવેં દૂર હજારો માઈલ. (૯)
ગમે તોજી ઘંટડી, જેંમેં મિઠ્ઠો આય સંગીતજો આલાપ
'રશ્મિન્' ચેં મન ચાહે તેર તું કરાયડીંયેં, મિણીસે મિઠ્ઠો મિલાપ. (૧૦)

***હિકડી કલ્પના***

*યમરાજા વસાંઈયેં મોબાઈલ, ત પૂછી ગિનો મોતજી તારીખ ને સમય*
*ત જીરે મનાઈ શગો મોતજો મહોત્સવ ને, જીવો ચિંધામુક્ત - આનંદમય. (૧૧)*

***— આ મોબાઈલની કવિતા રશ્મિન ખોના પાસેથી સાભાર***

● શુભેચ્છા સહ.... ●

**Pramesh Dand - Proprietor**

**LAXMI**
**ELECTRICAL CORPORATION**

**GOVERNMENT LICENCED ELECTRICAL CONTRACTORS**

**All TYPES OF ELECTRICAL WORKS &**
**ELECTRICAL CONSULTANTS**

**WE UNDERTAKE B.E.S.T., Reliance Energy & M.S.E.B. WORKS**

Shree Niwas, Block No.-2, Opp. Nalanda, R.H.B. Road, Mulund (W), Mumbai-400 080. **Cell. : 93222 77220**
**Other No.: 25600739 E-mail : laxmielectric_corp@yahoo.co.in**

# મા-બાપ તથા તરુણ સંતાન (Parenting) – (૨)

• ડૉ. મણિલાલ ગડા – ડૉ. દીપ્તિ શાહ (ગડા) •

- **તરુણાવસ્થા :**

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organisation – WHO) તરુણાવસ્થાની (Adolescence)ની વ્યાખ્યા આપતાં જણાવે છે કે તરુણાવસ્થા એટલે ૧૦થી ૧૯ વર્ષની ઉંમર. આ ઉંમર દરમ્યાન અચાનક અને ઝડપથી શારીરિક તથા માનસિક પરિવર્તન થાય છે.

તરુણાવસ્થા ખૂબ જ સંવેદનશીલ અવસ્થા છે. મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ વ્યક્તિના જીવનનો તરુણાવસ્થાનો સમય મહત્ત્વનો છે. તરુણને એમ થાય છે કે એ યુવાન થઈ ગયો છે, પોતાના નિર્ણયો જાતે પોતાની રીતે કરી શકે છે. આ બાબતમાં એને મા-બાપ કે વડીલોની સલાહની જરૂરત નથી. મા-બાપ તથા વડીલોને થાય છે કે એ હજી બાળક છે, નાનો છે, દુનિયા જોઈ નથી, અમારે એની સંભાળ લેવાની છે, એના પર દેખરેખ રાખવાની જરૂર છે, અમારી સલાહની એને ખૂબ જરૂરત છે અને અમારી સલાહ વગર એનું ભવિષ્ય અસ્તવ્યસ્ત થઈ જશે.

ઉપરોક્ત વિરોધાભાસી વલણને લીધે બે પેઢીઓ વચ્ચે ઘર્ષણ ઉત્પન્ન થાય છે. તરુણના માનસિક ઉછેરમાં સ્ટ્રેસ ઉત્પન્ન થાય છે જેની નકારાત્મક અસર બંને પેઢીઓ (તરુણ તથા મા-બાપ) પર થાય છે.

- **તરુણના માનસિક ઉછેરનાં બદલાયેલાં સમીકરણો :**

૨૧મી સદી ટેકનોલોજીની સદી છે. આજની ટેકનોલોજી જે અતિ આધુનિક (લેટેસ્ટ) લાગે છે તે એકાદ વર્ષમાં તો જૂની થઈ જાય છે અને નવી ટેકનોલોજી અસ્તિત્વમાં આવી ગઈ હોય છે. કોમ્પ્યુટર, મોબાઈલ ફોન, કાર વગેરેમાં આપણે સૌએ અનુભવ્યું છે. પોતાના વ્યાવસાયિક ક્ષેત્રે નવી લેટેસ્ટ ટેકનોલોજી આપણે ઝડપથી સ્વીકારી, અપનાવીએ છીએ તથા વ્યાવસાયિક ક્ષેત્રે સમય સાથે કદમ મિલાવીને ચાલીએ છીએ.

૨૧મી સદીમાં કૌટુંબિક તથા સામાજિક ક્ષેત્રે પણ પાયાનાં પરિવર્તનો આવ્યાં છે. આ પરિવર્તનો ખૂબ જ ઝડપથી (છેલ્લા બે ત્રણ દાયકામાં જ) ઓછા સમયમાં આવ્યાં છે.

- **તરુણ ઉછેરમાં આવેલાં પરિવર્તનો :**

તરુણના માનસિક ઉછેરમાં કેટલાંક અગત્યનાં પરિવર્તનો આવ્યાં છે. હકીકત તથા સમીકરણો બદલાયાં છે. આ પરિવર્તનો યોગ્ય છે કે અયોગ્ય છે? સારાં છે કે ખરાબ છે એ વિશેની ચર્ચા વ્યર્થ છે. પરંતુ આ પરિવર્તનો હકીકત છે. જેટલાં જલદી આ પરિવર્તનો / હકીકતને આપણે મનથી સ્વીકારીશું તથા મા-બાપ વડીલો પોતાના વલણને એ પ્રમાણે બદલશે એટલું કૌટુંબિક ઘર્ષણ અને સ્ટ્રેસ ઓછું રહેશે તથા તરુણના માનસિક ઘડતર તથા વ્યક્તિત્વના વિકાસમાં સુવિધા રહેશે.

- **પરિવર્તનો :**

૧. મુંબઈ તથા અન્ય શહેરોમાં સંયુક્ત કુટુંબોની સંખ્યા ઓછી થતી જાય છે. વિભક્ત કુટુંબોની સંખ્યા વધતી જાય છે.

૨. પહેલાં કુટુંબ તથા કૌટુંબિક ભાવના પ્રથમ હતાં, વ્યક્તિ પછી હતી. હાલ વ્યક્તિ પ્રથમ છે. (મારું શું? મને શું લાભ મળશે?) કુટુંબ તથા કૌટુંબિક ભાવના પછી છે.

૩. બાળકો / તરુણોના માનસિક ઉછેરની જવાબદારી દાદી / નાનીની હતી. મા-બાપ તો પોતાનાં કાર્યોમાં પરોવાયેલાં રહેતાં. હાલ વિભક્ત કુટુંબમાં દાદી / નાનીનું પાત્ર રહ્યું નથી. જ્યાં દાદી / નાની છે તો એમના પર માનસિક ઉછેરની જવાબદારી નથી. મા-બાપ પર પોતાની કારકિર્દી તથા અન્ય અપેક્ષાઓ સાથે તરુણની જવાબદારી આવી જાય છે. આથી પોતાની જાત સાથે ઘર્ષણ (Conflict) થાય છે.

૪. કુટુંબમાં સરેરાશ ૪ થી ૫ બાળકો / તરુણો હતાં. આથી બાળકો / તરુણો કેમ મોટાં થઈ જતાં એ ખબર જ ન પડતી. આધુનિક સમયમાં એક જ બાળક / તરુણ હોય છે. આથી બધું જ ધ્યાન આ બાળક / તરુણ પર હોય છે.

૫. દાદી / નાની પાસે પૂરતો સમય (Quality time) હતો. એમનું કામ એક જ હતું – બાળકો / તરુણનો ઉછેર. અન્ય કોઈ જવાબદારી લગભગ ન હતી. હાલ મા-બાપ પાસે બાળ / તરુણના ઉછેર માટેના પૂરતા સમયનો અભાવ છે. એકી સાથે ઘણાં બધાં કાર્યોની જવાબદારી હોય છે. ઓછા સમયમાં વધારે કાર્યો સમયસર કરવાનાં હોય છે.

૬. દાદી / નાની પાસે જોઈએ તેટલી ધીરજ હતી. બાળકો / તરુણની વાતો શાંતિથી, ધીરજથી, ધ્યાનપૂર્વક સાંભળતાં. આથી બાળકો / તરુણને એમના પ્રત્યે માનની લાગણી પેદા થતી. હાલ મા-બાપ પાસે ધીરજ નથી. મા-બાપ અધીરાં થઈ જાય છે. આથી બાળક / તરુણ વચ્ચે અંતર વધતું જાય છે. હૂંફનો અભાવ રહે છે.

૭. દાદી / નાનીની પોતાની અપેક્ષાઓ નહીંવત્ બરાબર હતી. હાલ મા-બાપની પોતાની અપેક્ષાઓ અગણિત હોય છે. પોતાની કારકિર્દી, પોતાનો માનમોભો વધારે હોય છે. આ બધાને

*દુનિયામાં લોકોની પોતાની માલિકીની કોઈ ચીજ હોય તો તે શોક છે.*

પરિપૂર્ણ કરવા સમય અને શક્તિ વપરાય છે. એટલે બાળક / તરુણ ઉછેર તરફ લક્ષ ઓછું રહે છે.

૮. દાદી / નાનીની બાળકો / તરુણો વિષેની અપેક્ષાઓ ઓછી હતી. બાળકો / તરુણો જે કરતાં, એમાં સંતોષ હતો. એક કે બે બાળકો / તરુણો કુટુંબની અપેક્ષા પ્રમાણે આગળ વધતાં કુટુંબમાં બધાને સંતોષ હતો. હાલ મા-બાપની બાળકો / તરુણો વિશેની અપેક્ષાઓ ખૂબ જ હોય છે. એક જ બાળક હોવાથી ઘણી વખત અયોગ્ય સરખામણી થાય છે, સ્પર્ધાત્મક વલણ રહે છે. જેની માનસિક ઉછેર પર નકારાત્મક અસર પડે છે. સંબંધોમાં કડવાશ ઉત્પન્ન થાય છે.

૯. પહેલાં ૪-૫ બાળકો / તરુણો વચ્ચે બે જ રમકડાં હતા. સાથે મળીને રમવાનું હતું. અન્ય વસ્તુઓ પણ વહેંચીને વાપરવાની હતી. બાંધછોડ કરવાનું તથા ભાઈ-બહેનને ભાગ આપવાનું વલણ (mental compromising attitude) નાનપણથી જ શીખવવામાં આવતું હતું. અત્યારની ૨૧મી સદીમાં એક જ બાળક / તરુણ હોય છે. ૧૦થી વધારે રમકડાં હોય છે. ૧૦માંથી એક પણ રમકડું બીજાને આપવાનું વલણ નથી. "આ મારું છે." બાંધછોડનો સવાલ નથી. વહેંચીને વાપરતાં નાનપણથી શીખવા મળ્યું નથી. આથી સહનશક્તિનો વિકાસ થતો નથી. જે યુવાન વયે નકારાત્મક મુદ્દો બને છે.

૧૦. કુટુંબના તેમજ દરેક વ્યક્તિ માટેના નિર્ણયો વડીલ કરતા. વ્યક્તિગત રીતે એ વ્યક્તિનો અંગત મત લગભગ ન લેવાતો. લગ્ન વખતે જીવનસાથીની પસંદગી વડીલો કરતાં.

આજે પાંચથી સાત વર્ષનું બાળક પોતાના નિર્ણયો પોતે કરે છે. કુટુંબમાં કાર લેતી વખતે બાળકના અભિપ્રાયને લક્ષમાં લેવામાં આવે છે. વેકેશનમાં ક્યાં ફરવા જવાનું છે, પરદેશમાં ફરવા ક્યાં અને કેવી રીતે જવું છે એ નિર્ણયો ૧૨થી ૧૫ વર્ષના તરુણો ઇન્ટરનેટ પરથી માહિતી મેળવી નક્કી કરે છે.

## • તરુણાવસ્થાનાં મનોવૈજ્ઞાનિક સત્યો :

તરુણાવસ્થામાં શરીરમાં ઝડપથી થતા હોર્મોનલ ફેરફારોને લીધે શારીરિક, માનસિક તથા લૈંગિક પરિવર્તનો આવે છે.

૧. કિશોર તથા કિશોરીમાં આ તબક્કે અલગ પ્રકારનું શારીરિક, માનસિક, લૈંગિક પરિવર્તન આવે છે. આ ફેરફારો અચાનક શરૂ થાય છે.

૨. આ તબક્કે માનસિક, ભાવનાત્મક તથા બૌદ્ધિક વિકાસની પ્રક્રિયા ગતિશીલ બને છે.

૩. હરવા ફરવાની આઝાદી પર આવતો થોડો પ્રતિબંધ પણ બાધક લાગે છે.

૪. સ્કૂલના નિયમો તથા મા-બાપના આદેશોને તરુણો પડકારવા લાગે છે.

૫. મનમાં અનેક પ્રશ્નો ઊઠવા લાગે છે. આમ કેમ? ક્યારે? ક્યાં? શા માટે? વગેરે.

૬. તરુણોમાં પોતાની રીતે સાચા-ખોટાનો નિર્ણય કરવાની બુદ્ધિ (સૂઝ) આવી જાય છે.

૭. તરુણોને અચાનક એવું થવા માંડે છે કે "અમે તો કંઈ પણ કરી શકીએ છીએ. જે કરશું તે યોગ્ય જ હશે, ખોટું નહીં હોય."

૮. મિત્રો સાથે વધુ સમય ગાળે છે. મિત્રોના નિર્ણયો અને અભિપ્રાયોને મા-બાપ કે વડીલોના અભિપ્રાયોથી વધુ પ્રાધાન્ય આપે છે. રાતના ઘરે મોડા આવે છે.

૯. આ સમયમાં મા-બાપ કે વડીલો કરતાં સમવયસ્ક મિત્રો વધારે સારા છે એવી તીવ્ર ભાવના હોય છે અને એવું માને છે.

૧૦. મિત્રોમાં પોતાની ઓળખ ઊભી કરવા ઘણી વખત ક્ષમતાથી વધારે જોખમ લઈને કામ કરે છે તથા પૈસા વધુ ખર્ચે છે. ઘણી વખત ઘરેથી કહ્યા વગર પૈસા લઈ આવે છે.

૧૧. મોટરકાર, મોબાઈલ ફોન, કોમ્પ્યુટર, આઈપેડ વગેરે આધુનિક ઉપકરણોની તદ્દન તાજેતરની ઊંડી માહિતી ધરાવે છે. નવું મોડેલ બજારમાં ક્યારે આવશે, એની ખૂબીઓ, એની કિંમત વગેરે પર કલાકો સુધી ચર્ચા કરી શકે છે.

૧૨. કોમ્પ્યુટર પર કલાકો સુધી સમય વિતાવે છે, ઇન્ટરનેટ પર ચૅટ (વાતો) કરે છે, વૉટ્સ ઍપ પર ફોટાઓ મોકલે છે. આવા મિત્રોને જાતે કોઈ પણ વખત મળ્યા નથી હોતા.

ઘણી વખત ખોટા મિત્ર વર્તુળમાં ફસાઈ જાય છે. જેમાંથી બહાર નીકળવાનું ઘણી વખત અઘરું થઈ જાય છે. જાનનું પણ જોખમ રહે છે.

૧૩. મિત્રોમાં સિગારેટ, શરાબ, નશીલી દવાઓનું સેવન થતું હોય તો પોતે પણ શરૂઆતમાં અનુભવ કે પ્રયોગ ખાતર આ વસ્તુઓનું સેવન કરે છે.

૧૪. શારીરિક દેખાવ પ્રત્યે તરુણો વધુ ધ્યાન અને સમય ફાળવે છે. આધુનિક ફેશનની જાણીતી કંપનીનાં બ્રાન્ડેડ કપડાં, બ્રાન્ડેડ સૌંદર્ય પ્રસાધનો (મેક-અપનાં સાધનો) ખરીદવાનો તથા એવાં સાધનો વાપરવાનો શોખ આ ઉંમરે જાગે છે.

૧૫. મા-બાપ તથા વડીલોથી કેટલીક બાબતો, વસ્તુઓ ખાનગી રાખવી, છૂપી રાખવી એ માનસિકતા આ જ સમયમાં વિકસે છે.

## • માનસિક ઉછેરમાં પરિવર્તનો :

ઉપરોક્ત હકીકત, પરિવર્તનો તથા મનોવૈજ્ઞાનિક તથ્યોને લક્ષમાં લઈ મા-બાપ તથા વડીલોએ પોતાના વલણમાં યોગ્ય

**(અનુ. : જુઓ પાના નં.-૬૧ ઉપર)**

*વેર તૃપ્તિ એ વાસના છે અને વાસના મુક્તિ એ પ્રત્યેક પ્રાણીનો ધર્મ છે.*

વિચાર વિમર્શ

# રઝળપાટ

• ડૉ. ગિરીશ વીછીવોરા •

લોનાવલા ત્યારે ઊંઘરેટું નાનું ગામ હતું. ગામ વચ્ચોવચ્ચ રેલવે સોંસરવી નીકળી જાય કે રેલવેની આજુબાજુ ગામ વસ્યું – જે કહો તે સાચું. મુંબઈથી પૂના જતાં ખંડાલા અને લોનાવલા આવે ત્યાં સુધી ઘાટ ચડતી ગાડી હાંફતી રહે. બારીમાંથી દેખાતા ઊંચા ઊંચા પહાડો અને ખીણોને વિસ્મિત નયને જોતાં અભિભૂત થતો રહું. ખંડાલા નાનકડું સ્ટેશન. ગાડી અહીં રૂકે. જરાક મલપતી ચાલ કરી પહોંચે લોનાવલા. લોનાવલાથી હળવીફૂલ થઈ દોડતી થાય.

લોનાવલા સ્ટેશને પગ મૂક્યો ૧૯૪૮માં. પૂના લોનાવલા વચ્ચે મુંબઈની લોકલગાડી જેવી લોકલ દોડે. બહુધા કલાકે એક વાર આવન-જાવન થાય. તળેગાંવમાં ઘણું બધું રખડ્યો. ટેકરી-ટેકરા કે ડુંગરા, નદી કે ઝરણાં, કારખાનાં કે બગીચા : બધું જોઈ લીધું. કોને ખબર લોનાવલાએ કોઈ અજીબ ભૂરકી મન પર મૂકી દીધી. ગાડીમાંથી ઊતરવાનું મન થાય પણ એમ કંઈ ઉતરાતું હશે. ઢળતી બપોરે લોકલમાં બેસી ગયો. ખિસ્સામાં રિટર્ન ટિકિટ. એકલો સ્ટેશને ઊતર્યો ત્યારે કઈ બાજુ જવું તેની પણ ગતાગમ નો'તી. વધારે પેસેન્જરો ઉત્તર તરફ ઊતરતા ને જતા જોયા, એમાં જોડાયો. સ્ટેશનથી મુંબઈ પૂના હાઈવે બહુ નજદીક. પગ એ રસ્તા પર જવા ઊપડ્યા, પણ વચમાં જ થંભી ગયા. સ્ટેશનેથી બહુ દૂર નહિ એવો એક સાંકડો રસ્તો જોયો. રેલવેની સમાંતર. ખાલીખમ. કોઈ રડ્યું ખડ્યું, એકલદોકલ કૂતરું કે ક્યાંક કોઈ ચોપું, ક્યાંક મલપતી ચાલે ચાલતો ઉઘાડપગો ગામડિયો. રસ્તાની બંને બાજુએ ઘર ખરાં. કાચાં. ક્યાંક નળિયાં, વચમાં એકાદ પાકું મકાન પોતાની જાહોજલાલીની છડી પોકારતું, મૂછે તાવ દેતું દેખાય. રસ્તાની બંને બાજુએ વૃક્ષો ખરાં. ઊડીને આંખે વળગે ઊંચાં તાડ જેવાં તાડવૃક્ષ. કોને ખબર આ તાડવૃક્ષોનું વૃંદ તો નહિ પણ જમેલો ખરો. અહીં ક્યાંથી ભરાયાં હશે? સંત્રીની જેમ ટટ્ટાર ઊભેલાં અણઘડ તાડ વૃક્ષો મારા દિમાગમાં ભરાયાં. તાડ પર નજર ફરે. એ ગામડિયા ગમાર વૃક્ષમાં શું જોવાનું હતું! જરાક ઉપહાસ જેવું કર્યું કે કોને ખબર મારાં બેટાં ચિડાયાં કે શું તે છત્રી સમ એમના જેવાં જ અણઘડ પાંદડાંએ કર્કશ કાગારોળ કરી મૂકી. હોઈ શકે કોઈ પવનને સુસવાટે એવું થયું હશે. છતાં જે પ્રમાણે એમને ટીકી ટીકી જોતો હતો, થયું : મારા પર ખિજાયાં હતાં. દૃષ્ટિ જરાક હટી. રસ્તા પર પડી કે વસ્યો એમનો પડછાયો. પગલાં અટકી ગયાં. નજર રમતી થઈ એ પડછાયાના પાલવ પર. એકવડિયો, એકલો અટૂલો ને અવિચલ. દૃષ્ટિ ફરી. બીજા પાલવે પહોંચી. અહો આશ્ચર્યમ્! પડછાયા નજરમાં ભરાતા ગયા, સમાતા ગયા. બધું ભૂલી એમને ભોગવતો રહ્યો.

રસ્તો સાંકડો. શેરી નહિ. બંને કોરે ઊભેલાં આ તાડવૃક્ષોએ પોતાના લાંબા પડછાયા રસ્તા પર એવી રીતે બિછાવી દીધા હતા, જાણે કોઈ મહાનુભાવના સ્વાગતની તૈયારી ચાલતી હોય એવું પડછાયાનું સામ્રાજ્ય દૂરસુદૂર નજરમાં ભરાયું. સાંકડા રસ્તાની સંકડાશ એની લંબાઈ વધારી દેતી હતી. ફળ સ્વરૂપ ઊભું થતું હતું અજીબશું ઊંડાણ (Depth). નજર લંબાય, પડછાયા પથરાય ને ઊપસે એક લંબચોરસ પ્રતિકૃતિ. યાદ આવે ગ્રીક ઈમારતો અને એમના લંબચોરસ થાંભલાનો સ્થાપત્ય વૈભવ. નજરને છુટ્ટી મૂકી દીધી. સાવ નીરવ શાંતિ ને વાતાવરણ વચ્ચે એ ચિત્ર મનમાં ભરતો રહ્યો, ભરતો રહ્યો. કોને ખબર મને માઈકલ એન્જેલો શું કામ યાદ આવ્યો, પણ જેવો એને જોયો કે કુદરતની કરામત પર શીશ નમી પડ્યું.

લુચ્ચાં તાડવૃક્ષો – જેમને હું ભોટ ને અણઘડ સમજતો હતો એમનું અટ્ટહાસ્ય સંભળાયું. સંદેશો દિમાગે પહોંચ્યો. કુદરતને જુઓ, અહોભાવથી નયનજરથી એમની ખિદમત કરો, કુદરત ખોબા ભરી તમને પોંખશે. પામશો.

ત્યારબાદ તાડ વૃક્ષો તો ઘણીવાર જોયાં, માણ્યાં, બોલચાલ પણ થઈ છતાં સાઠેક વર્ષ બાદ દીવમાં એમના જમેલાને જોયો ને લોનાવલાના આ નરબંકા યાદ આવ્યા. કુદરતના સંદેશ વ્યવહાર કેવા છે? એમના થડને અડતાં એમને થતી ઝણઝણાટીએ મગજમાં બત્તી કરી લોનાવલા ખડું કરી દીધું.

તળેગાંવ જતી લોકલને ઊપડવાને અડધો કલાક બાકી હતો. તાડ વૃક્ષોને વંદન કરી રસ્તામાંથી ફૂટતી એક સાંકડી શેરી મારી નજરમાં ભરાઈ. વળ્યો. માંડ ચાર ડગલાં ચાલ્યો હોઈશ કે એક માદક ગંધે મન મઘમઘી ઊઠ્યું. અરે, અહીં ઉકરડા નથી તો જગ્યા એટલી ચોખ્ખી પણ નથી. આવી માદક સુગંધ ક્યાંથી? દૃષ્ટિકોણ વંકાયો. નજરમાં ભરાયા ફૂલછોડ. કૂંડામાંના રોપા, ગુલાબ, મોગરા, બારમાસીની ભરમાર. ફૂલોનો શિરોમણિ પારિજાત, ચંપો, ચમેલી ને જૂઈ! ઘર ઘરના પ્રાંગણમાં એમનો જમેલો એવો તો જામેલો કદાચ હમણાં મુંબઈમાં ગાડી પાર્ક કરવાની જગ્યા માટે જેવી હુંસાતુંસી થાય છે તેવું જ આ ફૂલછોડથી થતું હતું.

મારું તો પેલી ગોપી જેવું થઈ ગયું. 'હું તો કોને ભૂલું ને કોને સંભરું, મારા નેણમાં સમાયા નંદલાલ રે, મારી મટુકીમાં જમનાનાં નીર....' ચકળવકળ નયને એ કુસુમ વૈભવને માણતો રહ્યો. થયું, ઊભો રહીશ તો કદાચ કોઈ પૂછી બેસશે, 'કોણ પાઈઝે?' હળુ હળુ ચાલતો રહ્યો. ક્યાંક તો 'લહેરિયા સાગરમાં ન સમાય' જેવું થયું હતું. નાનકડાં વૃક્ષો વાડ ઠેકી રસ્તા પર પધારી ચૂક્યાં હતાં. હવે હું શું કરું? બાગચંપો કે પારિજાત સામે આવી હસ્તધનૂન કરવા તૈયાર

હોય ત્યારે મોઢું ધોવા જાઉં એવો મૂરખ તો નો'તો જ. બસ, ઊભા જ રહી જવાયું. પારિજાતના એ ગજું કાઢેલ વૃક્ષને માણતાં માણતાં કોને ખબર ક્યાં પહોંચ્યો. બધું ભુલાઈ ગયું. બસ, સમુદ્ર મંથનથી સીધા સ્વર્ગમાંથી ઊતરેલા આ પવિત્ર વૃક્ષે મારા પર ભૂરકી નાખી દીધી. એના પ્રભાવથી સંપૂર્ણ આવર્તિત થઈ ગયો. કોને ખબર કેટલો સમય થયો હશે. પારિજાત એટલે પારિજાત. અસલ નસલ સૌ કોઈ પોતાની જાત દેખાડે. એણે મને પૂર્ણપણે પોતાના બાહુપાશમાં જકડી લીધો. કહે, સવારમાં આવજે! વહેલી સવારે હોં! મારાં નવજાત પુષ્પ ખોબે ખોબા ભરી તને ધરી દઈશ. અત્યારે ભલે તું આવ્યો. મળી, મજા આવી. સવારમાં આવીને મારું ઐશ્વર્ય અને સૌંદર્ય માણ. તું માણશે એટલે મારું કંઈ ખૂટી નહીં જાય. મારી સુગંધે તને કંઈ થઈ જતું હોય તો હું મારી સર્વ સુગંધ તારા પર ન્યોચ્છાવર કરી દઈશ. એમ કરી મારું જીવનસાફલ્ય માણીશ. આવશે ને? કોને ખબર પારિજાતે પોતાનો કોલ પાળ્યો કે શું, કારણ ત્યાં બીજીવાર ન જઈ શક્યો, પણ પારિજાત ખુદ થઈ મને ફરી ભેટ્યું. પંદરેક વર્ષ બાદ નવા ઘરમાં રહેવા આવ્યાં ત્યારે ઘરના આંગણાની કોરે ઊભેલું જોયું. એને ભેટી પડ્યો. પંદરેક વર્ષનું કણક પોતાની ઓળખની પમરાટ ફેલાવતું જાણે મારી વાટ જોતું ઊભું હતું. પહેલા માળે જ, એની સામે જ મારો બેડરૂમ. પારિજાતનો પમરાટ અમારો મોર્નિંગ ઍલાર્મ. ઘણા વર્ષ એનો સંગાથ મળ્યો. વાર્ધક્ય તો સહુને વળગે છે. છતાં એ પંદર વર્ષમાં પારિજાતની અહીં તહીં બહુ સોબત માણી. જ્યાં પારિજાત જોઉં ત્યાં એ યાદ આવે. વચલાં પંદર વર્ષમાં એને મારા હૃદય સ્થાને બેસાડનાર હતી બે બહેનો. જ્યોત્સના ભોળે — સંગીત સામ્રાજ્ઞી ને નટ સામ્રાજ્ઞી. એમના 'માહેર' નાટકનું એક ગીત 'આંગણાત્ પારિજાત, તિથે જાઉ દયા વિસાવા....' ને બીજાં કવિયત્રી શાંતા સેળકે — 'આંગણાત્ આલા વારા, પારિજાત થરથરબે....' આ ચરચરાટ હકીકતમાં પારિજાતના ઝાડમાં થતો જોયો છે. અરે, એને અડકો, એને થતી સંવેદના તમારા ઊર્મિતંત્ર સાથે અથડાવાની જ. પારિજાતની પવિત્રતા, એની સાથેનાં સાહચર્યની સોનેરી ક્ષણો મારા જીવતરનાં અમોલ સંભારણાં છે. એ થરથરાટ, એ પમરાટ, એ સુગંધ વૈભવ, એ દેહલતા ઘડી કુદરતે હાથ ધોઈ નાખ્યા હશે. પારિજાતે મને ઘણું શીખવ્યું. એવા પદાર્થપાઠ ભણાવ્યા જે મારી જિંદગીના અડીખમ પાયા બની ઊભા રહ્યા. જિંદગી દિલ ભરીને માણી શક્યો. પારિજાત સાથેનું મિલન મારી જિંદગીનો એક અજબ મોડ હતો. એ એક દિવ્ય અનુભૂતિ હતી. બંદો ગાલિબ કેમ યાદ ન આવે? 'તસ્કીન કો હમ ન રોએંગે, જો કે નઝર મિલે....' હા, પારિજાતે મને નજરનો મિલાપ કરાવી દીધો.

ગાડી તો ક્યારની છૂટી ગઈ હતી. એક બસ જાય તો બીજી આવે. એવું જ ટ્રેનનું. તળેગાંવ સ્ટેશને ઊતર્યો ત્યારે ટમ ટમ થતી બત્તીઓ અંધકારને ઉલેચવાના નિષ્ફળ પ્રયત્ન કરી રહી હતી.

*૫૦/૪, રામસદન,*
*બ્રાહ્મણવાડા, ક્રોસ રોડ,*
*માટુંગા, મુંબઈ-૪૦૦ ૦૧૯.*
*મો. ૦૯૮૭૦૪૦૬૧૭૭*



# સ્વર્ગ અને નરક ક્યાં છે?

• ડૉ. યાસીન દલાલ •

બાળપણથી આપણે જે કેટલીક વસ્તુઓ વિશે સતત વાંચતા, સાંભળતા આવ્યા છીએ, એમાંની એક છે સ્વર્ગ અને નરકની. સ્વર્ગની વાત આવે એટલે આપોઆપ નરક તો આવી જ જાય. સ્વર્ગ અને નર્કની કલ્પના પ્રથમ વાર કયા મનુષ્યે, કયા સમયે કરી એનું કોઈ ચોક્કસ સંશોધન કોઈએ કર્યું હોય તે ખ્યાલમાં નથી. પણ એક વિસ્મયજનક યોગાનુયોગરૂપે દુનિયાના લગભગ દરેક ધર્મમાં સ્વર્ગ અને નર્કની વાત ઉચ્ચારવામાં આવી છે અને એનાં વર્ણનો પણ આપવામાં આવ્યાં છે. માણસ આમ કરે તો સ્વર્ગમાં જાય, અને આમ કરે તો નર્કમાં જાય. મતલબ કે માણસ નામના પ્રાણીની મનોવૈજ્ઞાનિક નબળાઈ દરેક ધર્મના સંસ્થાપકો સારી રીતે જાણતા હતા. અને એનો એમણે પૂરેપૂરો લાભ લીધો.

માર્ક ટ્વેઈને કહ્યું હતું, “સ્વર્ગમાં પણ લાગવગથી પ્રવેશ મળે છે. જો ત્યાં ગુણદોષથી પ્રવેશ મળતો હોત તો માણસ બહાર રહી જાય.”

ડોન માર્કીસે કહ્યું છે, “લોકોને ખબર જ નથી હોતી કે એમને શું જોઈએ છે? તદ્દન નકામી વસ્તુ માટે માણસ નર્કની યાતનામાંથી પસાર થવા તૈયાર થઈ જાય છે.”

માણસ જીવનભર, મૃત્યુ પછીની દુનિયાની ચિંતા કરવામાં જ બુઢ્ઢો થઈ જાય છે. માણસની મૂંઝવણ પણ અજબ છે. એને કાળાબજાર, નફાખોરી, કાવાદાવા, ખટપટ — આ બધું જ કરવું હોય છે અને સાથે સાથે સ્વર્ગમાં જવાની પેરવી પણ પાકી કરવી હોય છે. આ બેય ઘોડે ચડવા જતાં એ ગબડી પડે છે. ક્યારેક એ વિચિત્ર પ્રકારનાં સમાધાન અને સમજૂતી કરે છે. પોતે કરેલાં ખોટાં કામોને સરભર કરવા માટે પૂજા - પ્રાર્થના કરે છે, તીર્થયાત્રાએ જાય છે, માનતાઓ કરે છે. છતાં પેલો ભય તો એને સતત સતાવે છે. મૃત્યુ પછી સ્વર્ગ નહીં મળે તો? જીવ અવગતિએ જશે તો? આત્માને શાંતિ નહીં મળે તો? નર્કમાં જવું પડશે તો?

આખી જિંદગી ઢસરડો કરી, યાતનાઓ સહન કરી, દુઃખી દુઃખી થઈને માણસ મરી જાય ત્યારે આપણે એને ‘સ્વર્ગવાસી’ કહીએ છીએ! મરનાર માણસના નામની આગળ ‘સ્વ.’ લગાડવાનું સામાન્ય છે, પછી ભલે મરનાર સંત હોય કે કે ડાકુ હોય. મર્યા પછી માણસ એક જ પંગતમાં આવી જાય છે.

એક પ્રશ્ન ઉપર જ સ્વર્ગ અને નર્ક બંનેનાં મોડલો પ્રાપ્ય હોવા છતાં માણસ એની કલ્પના કથાઓમાંથી ઊંચો આવતો નથી. જર્મની કે સ્વિટ્ઝરલેન્ડનું એક નાનકડું, નદીકાંઠે વસેલું ગામ જોઈએ એટલે પ્રશ્ન થાય, સ્વર્ગ શું આનાથી પણ વધુ સુંદર હશે? ફ્રેન્કફર્ટની પાસે એક ગામ છે, જેનું નામ મનહાઈમ. આવું એક ગામ એટલે સ્વર્ગનો એક નાનકડો નમૂનો અને આપણા વિદર્ભ કે બિહારનું એકાદ ગામ કે શહેર જોઈએ એટલે પ્રશ્ન ઊઠે; શું નર્ક આનાથી ખરાબ હોઈ શકે? પૃથ્વી ઉપર સ્વર્ગ ઊભું કરવું કે નર્ક, એ માણસના જ હાથમાં છે.

સ્વર્ગ એ પણ એક વિચિત્ર અને વિશિષ્ટ વસ્તુ છે. એ જોઈ ન શકાય અને છતાં, રાતદિવસ એની કલ્પનાનાં ચિત્રો ઊપસતાં રહે. સ્વર્ગ જોવા માટે મરવું પડે. પણ મર્યા પછી ફરીથી જીવતા થઈ ન શકાય! કવિઓ, લેખકો, ચિત્રકારો અને ફિલ્મ સર્જકોએ પોતપોતાના ખ્યાલ મુજબ સ્વર્ગ અને નર્કનાં ચિત્રો દોર્યા છે. દાંતેએ દોરેલાં સ્વર્ગ અને નરકનાં ચિત્રો બેનમૂન છે. હજારો વર્ષો પછી પણ એ ચિત્રોમાં માનવજાતનો રસ ચાલુ છે. દાંતેના ‘ઈન્ફર્નો’ નાં બિહામણાં ચિત્રો યુરોપ આખામાં જોવા મળશે. આ નરકનાં વર્ણનો વાંચ્યાં પછી માણસ એની કલ્પનાથી જ ધ્રૂજી જાય. પણ, પછી વિચાર આવે છે કે, આ પૃથ્વી, આ દેશ, આ સમાજ, એ નરકથી કંઈ કમ છે? પૃથ્વી ઉપરનું જીવતું નર્ક જોવું હોય તો મુંબઈ જેવા આપણા એક મહાનગરમાં આંટો મારી આવવો જોઈએ. આટલો ત્રાસ, આટલા જુલ્મો, નરકમાં પણ હશે ખરા?

સ્વર્ગ અને નર્ક એ તો નરી કલ્પના છે અને જીવન એ વાસ્તવિક સત્ય છે. પણ, કલ્પનામાં રાચતા આપણે વાસ્તવિકતાથી દૂર ભાગીએ છીએ અને અનેક ભૌતિક સુખોથી વંચિત રહીએ છીએ. પરભવ સુધારવાની ચિંતામાં આ ભવ પણ આપણે ભોગવી શકતા નથી.

સ્વર્ગ વિશે લખવામાં કે સ્વર્ગનું ચિત્રણ કરવામાં એક લાભ છે. સ્વર્ગ કોઈએ જોયું નથી અને કોઈ જોવાનું પણ નથી. માટે એનું ચિત્રણ આપણી કલ્પના મુજબ, ગમે તે રીતે કરી શકાય છે. આપણા મનના બધા તરંગોનું અવતરણ સ્વર્ગના ચિત્રણમાં કરી શકાય. અને મોટાભાગના માનવીઓએ જીવનમાં એકાદ વાર તો, સપનામાં સ્વર્ગ જોયું જ હોય છે. આ વાતને આગળ વધારીને, હિંદી ફિલ્મોના નિર્દેશકોએ સ્વપ્ન દશ્યનું આયોજન કર્યું અને મોટાભાગમાં સ્વપ્ન દશ્યોમાં સ્વર્ગ કે નર્કની સફર પ્રેક્ષકને કરાવી આપી! રાજ કપૂરની ‘આવારા’ હોય કે ગુરુ દત્તની ‘પ્યાસા’ હોય, સ્વર્ગ-નર્કનાં દશ્યો અને સ્વપ્ન દશ્યો આવતાં જ રહે છે. દિલીપકુમારની ‘લીડર’ માં સ્વર્ગની મહારાણી અને પૃથ્વીલોકની એક સ્ત્રી વચ્ચે, નાયકના કબજા માટે શાબ્દિક ઘર્ષણ થાય છે! સ્વર્ગમાં પણ બે સ્ત્રીઓ એકઠી થાય, એટલે એક પુરુષ એમના વિવાદનું કેન્દ્ર બની શકે છે. મહીપાલ અને નિરૂપારોયની સંખ્યાબંધ ધાર્મિક ફિલ્મમાં ઈન્દ્રલોક અને પાતાળ લોકના અત્યંત કઢંગા અને હાસ્યાસ્પદ પ્રસંગો બતાવાયા છે. ફિલ્મી દશ્યમાં સ્વર્ગ આવે એટલે દુનિયાભરની અવાસ્તવિકતા એકઠી થઈને સામે આવે.

*માણસોના મનમાં જેવા વિચાર હોય છે તે જ તેના વર્તન અને વાણીમાં પ્રતિબિંબિત થાય છે.*

સ્વર્ગ દૃશ્ય કે સ્વપ્ન દૃશ્યમાં ગેસ ઊડતો હોય અને ધુમાડાઓની વચ્ચે નાયક-નાયિકા એકબીજાને શોધતાં અથડાતાં હોય. કે. આસિફે પોતાની ફિલ્મમાં પૃથ્વી ઉપરનું ઉત્તમ સ્વર્ગ બતાવવાનું બીડું ઝડપેલું અને એને માટે વિશ્વના ઉત્તમ ટેકનિશિયનોની મદદ લીધી. પણ એ કચકડા ઉપરનું સ્વર્ગ લોકો જોઈ શકે, એ પહેલાં આસિફસાહેબ જ સ્વર્ગસ્થ થયા. પડદા ઉપર સ્વર્ગ જોવામાં કે પુસ્તકનાં વર્ણનો વાંચવામાં એક પ્રકારનું મનોરંજન છે અને ક્ષણિક મનોરંજન ખાતર આ બધું માણવામાં વાંધો નથી. પણ, એ સિવાય એને ગંભીર રીતે લેવામાં આવે છે. પૃથ્વી અને સ્વર્ગ અને નરક એ ધર્મગુરુઓનાં સ્થાપિત હિતો છે. આવી બીકની લાકડીઓ અને સુખની લાલચો વડે લોકોને સહેલાઈથી મૂર્ખ બનાવી શકાય છે. માણસ જ્યારે બૌદ્ધિક રીતે પૂર્ણ રીતે વિકસ્યો નહોતો ત્યારે આ બધી કરામતો એને ગુનાઓ કરતા રોકવામાં અને સારે માર્ગે વાળવામાં મદદરૂપ થતી હતી. આમ, સ્વર્ગ નર્કનું ઐતિહાસિક મહત્ત્વ છે, પણ આજના યુગમાં એમાં કાળવિપર્યય જણાય છે. આજના કમ્પ્યૂટર યુગનું બાળક પૃથ્વીનો નકશો હાથમાં લઈને માબાપને પૂછશે, "બતાવો, આમાં સ્વર્ગ ક્યાં છે?" ભીષણ ગરીબી અને બેહાલીમાં સબડતા માણસને સ્વર્ગનો ગોળ કોણીએ ચોંટાડી દઈએ એટલે પરભવના સુખની લાલચમાં અભાવની યાતના આનંદપૂર્વક ઉઠાવી લે. સ્વર્ગ-નર્ક ધાર્મિક કલ્પનાઓ ન હોત તો સામ્યવાદની ક્રાંતિ સેંકડો વર્ષ પહેલાં થઈ ગઈ હોત. માણસને વૈચારિક રીતે પછાત રાખવામાં પૂરી કલ્પનાઓ કામ લાગે છે.

મર્યા પછી સ્વર્ગમાં પ્રવેશ મળે, એની કોઈ ચોક્કસ ફોર્મ્યુલા ખરી? પાપ અને પુણ્યના ખ્યાલ પણ કેટલા સાપેક્ષ છે! પ્રદેશ પ્રદેશ અને પ્રજા પ્રજાએ આ બધા વિચારો બદલાતા રહે છે. એક ધર્મમાં શરાબનું સેવન પાપ છે અને બીજામાં પુણ્ય છે. એકમાં માંસાહાર પાપ છે અને બીજામાં પુણ્ય છે. એકમાં બહુપત્નીત્વ પાપ છે, બીજામાં સામાન્ય છે. એક જ પ્રદેશમાં એક જ ધર્મ પાળતી પ્રજામાં પણ મોટો તફાવત જોવા મળે છે. માર્ટિન લ્યૂથર એક જમાનામાં યુરોપના લોકોને સ્વર્ગમાં જવા માટેના પરવાના આપતો હતો! ધર્મને નામે, પાપ-પુણ્યના નામે, સ્વર્ગ-નર્કના નામે માનવજાત સાથે બહુ મોટી છેતરપિંડીઓ થઈ છે. દુનિયાની બધી પ્રજાઓ સ્વર્ગ-નર્કને એકસરખું મહત્ત્વ નથી આપતી. કદાચ, આપણા ભારતીયોને સ્વર્ગનું વળગણ છે. સ્વર્ગમાં રિઝર્વેશન પાકું કરાવવા માટે આપણે જાત જાતના કીમિયા કરીએ છીએ. લોકો આને માટે પૂજાપાઠ કરે છે, હોમ-હવન કરે છે અને યજ્ઞો કરે છે. મૃત્યુ પામેલાં સગાવહાલાં માટે જાતજાતની વિધિઓ કરે છે. કાગવાસ કરે છે, આત્માની શાંતિ માટે કેટલાં ઉપધાનો કરે છે. માણસ મરી જાય, પછી એનો આત્મા શરીરમાંથી નીકળીને ઊંચે આકાશમાં જાય છે, એ સાબિત કરવા માટે લોકોએ પ્રયોગો કર્યા છે, પણ માણસની જેમ કીડી, મંકોડા, વંદાને આત્મા નહીં હોય? અનેક નિર્દોષ શ્વાનો ખાઈ જનાર સિંહ કે વાઘ સ્વર્ગમાં જતા હશે કે નર્કમાં?

અરેબિયન નાઈટ્સની ઘણી વાર્તાઓમાં જન્નતનાં ચિત્રો આપવામાં આવ્યાં છે. સ્વર્ગમાં શું હશે? સ્વર્ગમાં ઉત્તમ બાગ-બગીચા છે, ફુવારા છે, સ્વર્ગમાં પરીઓ હોય છે, અને હૂરો હોય છે. જન્નતની હૂરની કલ્પના આજના સ્ત્રી સ્વાતંત્ર્યની ચળવળની સાથે બંધબેસતી નથી. સ્વર્ગમાં ઉત્તમ ફળ, ઉત્તમ ફૂલ, ઉત્તમ ભોજન હોય છે અને આપણી ચાકરીમાં હજારો પરીઓ અને ફરિશ્તાઓ હાજર હોય છે.

માણસે દુન્યવી બાબતોમાં કેટલો રસ લેવો અને અદુન્યવી ચીજોનું કેટલું મહત્ત્વ આંકવું? આ ગડમથલમાં માણસજાત ગોથાં ખાય છે. વાસ્તવમાં બિનસાંપ્રદાયિકતાના સમગ્ર ખ્યાલની સાચી ભાવના જ આ છે. સાચો બિનસાંપ્રદાયિક એ, કે જે દુન્યવી બાબતો ઉપર ભાર મૂકે, અને અદુન્યવી કે આધિભૌતિકશક્તિઓ, ચમત્કારો વગેરેમાં વિશ્વાસ ન રાખે. હેલિયોકથી માંડીને માર્ક્સ સુધીના ફિલસૂફો આ જ વાત સમજાવી ગયા છે. સ્વર્ગ-નર્ક અને પાપ-પુણ્યને નામે આપણને સદીઓથી બનાવવામાં આવ્યા છે. આપણા દુઃખી પડોશીને મદદરૂપ થઈને એના જીવનમાં ઉજાસ પ્રગટાવીએ એટલે એના ઘરની સાથે આપણા ઘરમાં પણ સ્વર્ગનું અવતરણ થાય.

સ્વર્ગ અને નર્ક એ માત્ર કલ્પનાવિહાર છે કે સચ્ચાઈ છે?

*ઉર્દૂમાં એક શેર છે :*

***"યૂં તો હમને દેખી નહીં, જન્નત કી હકીકત લેકિન;***
***દિલકો બહલાને કે લિયે ખ્યાલ અચ્છા હૈ."***

સ્વર્ગ- નર્કની આખી વાત શું દિલ બહેલાવવા માટે ઊપજાવી કાઢેલી છે? સ્વર્ગ અને નર્ક સાચેસાચ હોય તો આપણને દેખાતાં કેમ નથી? એની આસપાસ રહસ્યનું આખું આવરણ શા માટે વીંટળાવી દેવાયું છે?"

સ્વર્ગ-નર્ક જેવા આકાશી ખ્યાલોને છોડીને આપણે આપણી પૃથ્વીને, આપણા દેશને અને આપણ ઘરને જ સ્વર્ગ બનાવવાના પ્રયત્નમાં આપણી શક્તિ ખર્ચીએ તો કેમ? અને આવું સ્વર્ગ પૃથ્વી પર જ ઊભું કરવા માટે વૈરાગી થવાની જરૂર નથી. જીવનને રાગદ્વેષ, ખટપટ અને વેરઝેરથી મુક્ત કરીને સંપૂર્ણ આનંદમય બનાવીએ અને એને પૂર્ણસ્વરૂપે માણીએ એનું જ નામ સ્વર્ગ.

સ્વર્ગ અને નર્ક એ તો નરી કલ્પના છે અને જીવન એ વાસ્તવિક સત્ય છે. પણ, કલ્પનામાં રાચતા આપણે વાસ્તવિકતાથી દૂર ભાગીએ છીએ.

***સૌજન્ય પબ્લિકેશન્સ***
***૫, સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર સોસાયટી,***
***રાજકોટ-૩૬૦ ૦૦૧.***
***ફોન : (૦૨૮૧) ૨૫૭૫૩૨૭***

Gala Agencies
EXCLUSIVE SAREES
Contact Person : CHAITALI K. GALA (M. : 98333 26660)
*EXCLUSIVE FANCY KOTA*
*EXCLUSIVELY*
*(RETAIL ONLY ON SATURDAY)*
11/A, Ground Floor,
Old Hanuman 2nd Cross Lane,
Kalbadevi, MUMBAI-02.
Tel. : 22401195 Fax : 40221195

સમયની પાંખે

# ભારતને પોતાનો "સ્ટાન્ડર્ડ ટાઈમ" બદલવાની જરૂર છે?

● મુરજી ગડા ●

ભારત હવે આર્થિક પ્રગતિને પંથે છે અને વિશ્વના આગલા હરોળમાં બેસનારા દેશોમાં પોતાનું સ્થાન પાકું કરી રહ્યો છે એ હકીકત છે. આગેવાની સાથે જવાબદારીઓ પણ આવી જતી હોવાથી એ સ્વીકારી, દુનિયા સાથે તાલ મિલાવવા માટે જાત સાથે થોડા ફેરફાર કરવા જરૂરી બને છે. એમાંનો એક છે, દેશનો સ્ટાન્ડર્ડ ટાઈમ બદલવાનો.

પંદરમી સદીના ઉત્તરાર્ધમાં યુરોપના સાગરખેડુઓ નવી દુનિયાની શોધમાં નીકળી પડ્યા. દરિયામાં પોતાનું સ્થાન જાણવું એમના માટે ખૂબ જરૂરી હતું. એટલા માટે પૂર્વ - પશ્ચિમનું અંતર માપવા, પૃથ્વીના ગોળા પર ઉત્તર દક્ષિણ દિશામાં વિભાજિત કરતી રેખાઓ બનાવી એમને રેખાંશ નામ આપવામાં આવ્યું. એમના આધારે પૃથ્વીની સપાટીને ૩૬૦ રેખાંશમાં અને ૧૮૦ અક્ષાંશમાં વિભાજિત કરવામાં આવી. એટલું ખ્યાલમાં રાખવાનું છે કે અક્ષાંશ રેખાઓ હંમેશાં એકબીજાને સમાંતર રહે છે, જ્યારે રેખાંશ રેખાઓ જેમ જેમ વિષુવવૃત્તથી દૂર જાય તેમ એકબીજાની નજીક આવતી જાય છે અને ઉત્તર ને દક્ષિણ ધ્રુવ પર એક બિંદુમાં સમાઈ જાય છે. વહાણવટા ઉપરાંત આજે આ અક્ષાંશ - રેખાંશની પદ્ધતિ વિમાન ઉડ્ડયનમાં અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે. એના લીધે વિમાનને કે વહાણને પૃથ્વી પર પોતાના ચોક્કસ સ્થાનની ખબર પડે છે. એ સમય દરમિયાન ઘડિયાળની પણ શોધ થઈ હતી. પરિણામે એક દિવસને ૨૪ કલાકમાં વિભાજિત કરવામાં આવ્યો.

અઢારમી સદીના અંત સુધી દરેક પ્રદેશ - રાજ્ય - દેશ સૂર્યના ઉદય અને અસ્ત પ્રમાણે પોતાનો સ્વતંત્ર સમય રાખતો હતો. ભારતમાં ત્યારે ડઝનના હિસાબે અનેક સ્થાનિક સમય હશે. જુદા જુદા રાજ્યો વચ્ચે સમયનો કોઈ મેળ નહોતો. ઘડિયાળનો વપરાશ પણ ખાસ નહોતો થતો એટલે ચોક્કસ સમય જેવો સવાલ પણ પેદા થતો નહોતો. આકાશમાં સૂર્યનું સ્થાન જોઈને સમયનું અનુમાન કરાતું. ત્યારે પ્રવાસીઓ જૂજ હતા પણ જે હતા એમને જરૂર તકલીફ થતી હશે. રેલવે લાઈનો નંખાઈ અને લાંબા અંતરની દરિયાઈ સફરો શરૂ થઈ એટલે વિશાળ વિસ્તારને આવરી લેતી કોઈ વ્યવસ્થિત, પરસ્પરને અનુકૂળ રીતે સંકળાયેલ સમય રાખવાની જરૂરત ઊભી થઈ. વિવિધ દેશો દ્વારા ચોક્કસ સમય ("સ્ટાન્ડર્ડ ટાઈમ") નક્કી કરવાની આ શરૂઆત હતી. જોકે આ બધા "સ્ટાન્ડર્ડ ટાઈમ" ને એકબીજા સાથે સાંકળવામાં આવ્યા નહોતા તેમજ એમની વચ્ચેનો તફાવત પૂરા કલાકનો નહીં પણ મનફાવે એટલી મિનિટોનો હતો.

પૃથ્વી પોતાની ધરી પર ફરતી એક દિવસમાં ૩૬૦ રેખાંશ જેટલું અંતર કાપે છે એ પ્રમાણે એક કલાક બરાબર ૧૫ રેખાંશ થાય. જે દેશોની પૂર્વ-પશ્ચિમ લંબાઈ વધુ છે એટલે કે ૧૫ રેખાંશ કરતાં વધારે પહોળા છે એ દેશોમાં એકથી વધુ ટાઈમ ઝોન જરૂરી બને છે. એટલે આ પ્રકારના મોટાભાગના દેશોએ એ પ્રમાણે એકથી વધારે ટાઈમ ઝોન રાખ્યા છે. દાખલા તરીકે એકથી વધુ ટાઈમ ઝોન રાખનારા મુખ્ય દેશ છે : યુનાઈટેડ સ્ટેટ્સ (૪ + ૨), રશિયા (૮), કેનેડા (૬), ઑસ્ટ્રેલિયા (૫) વગેરે.

આઝાદી પહેલાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ અખંડ ભારતનો ભાગ હતા. ત્યારે તો ભારતના પૂર્વ અને પશ્ચિમ છેડા વચ્ચે ૩૯ રેખાંશનો તફાવત હતો છતાં અંગ્રેજોએ આપણને અશિક્ષિત પ્રજા સમજીને આખા દેશમાં એકજ ટાઈમ ઝોન રાખ્યો હતો. હાલના ભારતના પૂર્વ અને પશ્ચિમ છેડા વચ્ચે ૨૯ રેખાંશનો તફાવત છે. એ હિસાબે ભારત હજી પણ બે ટાઈમ ઝોન માટેનો પાકો ઉમેદવાર ગણાય.

આંતરરાષ્ટ્રીય વ્યવહાર વધ્યા પછી બધા "સ્ટાન્ડર્ડ ટાઈમ"ને એકબીજા સાથે સાંકળવા જરૂરી બન્યા. એટલે મોટા ભાગના દેશોએ પૃથ્વી પરના પોતાના સ્થાન પ્રમાણે, ગ્રીનવીચ મીન ટાઈમ (GMT) સાથે એક પૂરા કલાકનો તફાવત રાખી પોતાના સ્થાનિક સમયને "સ્ટાન્ડર્ડ ટાઈમ" તરીકે નક્કી કર્યો.

ભારત અને એના પડોશી દેશોએ (અફઘાનિસ્તાન, શ્રીલંકા, મ્યાનમાર) કોઈ કારણસર પૂરા કલાકને બદલે અડધા કલાકનો તફાવત રાખ્યો છે. આ અડધા કલાકના સમયનો તફાવત આંતરદેશીય વ્યવહારમાં થોડીઘણી અડચણ જરૂર ઊભી કરે છે. એ અડચણને દૂર કરવાના ત્રણ રસ્તા છે. આપણા સ્ટાન્ડર્ડ ટાઈમને અડધો કલાક આગળ કરવાનો; અડધો કલાક પાછળ કરવાનો કે પછી બે સ્ટાન્ડર્ડ ટાઈમ/ટાઈમ ઝોન બનાવવાના. જ્યારે ટાઈમ ઝોન નક્કી કરવામાં આવ્યા ત્યારે લોકો અશિક્ષિત હતા, વિદેશ સાથે ખાસ વ્યવહાર નહોતા, મોટા ભાગના લોકો ઘડિયાળ પણ રાખતા નહોતા એટલે ત્યારે એક ટાઈમ ઝોન હોય કે બે ટાઈમ ઝોન હોય, કોઈને કંઈ ફરક પડતો નહોતો. હવે જ્યારે પરિસ્થિતિ બદલાઈ છે ત્યારે બે ટાઈમ ઝોન કરવા શક્ય છે, જરૂરી છે અને વ્યવહારુ પણ છે.

ભારતની ભૂગોળ જોતાં, પૂર્વના "સેવન સિસ્ટર" કહેવાતાં સાત નાનાં રાજ્યોને અડધો કલાક આગળ કરી અને બાકીના ભારતને અડધો કલાક પાછળ કરી બાકીની દુનિયા સાથે પૂરા એક કલાકનો અંતરાય મેળવી શકાય છે. જો એવું થાય તો "સ્ટાન્ડર્ડ ટાઈમ" ની રીતે પૂર્વનાં રાજ્યોનો સમય બાંગ્લાદેશ સાથે ભળી જાય અને બાકીના ભારતનો સમય પાકિસ્તાન સાથે થઈ જાય. આને પ્રેસ્ટિજ ઈસ્યુ બનાવી

*છેતરતા હૃદયને પ્રેમ કરશો નહિ અને પ્રેમાળ હૃદયને છેતરશો નહિ.*

રાજદ્વારી રીતે જોવાની જરૂર નથી. આ ફેરફાર કરવાથી માત્ર એટલોજ ફરક પડે છે કે દરેક ઠેકાણે સૂર્યોદય અને સૂર્યાસ્તનો સમય માત્ર અડધો કલાક બદલાય છે જે મોટી વાત નથી. આમેય ઋતુ પ્રમાણે તે સતત બદલાતો હોય છે.

આઝાદી પહેલાં પાકિસ્તાન અને બાંગ્લાદેશ અખંડ ભારતનો ભાગ હતા. ત્યારે એમનો "સ્ટાન્ડર્ડ ટાઈમ" આપણી સાથેજ હતો. આઝાદી વખતે કે ત્યાર પછી ક્યારેક એમણે પોતાનો "સ્ટાન્ડર્ડ ટાઈમ" અડધો કલાક આગળ-પાછળ કરી વિશ્વના અન્ય દેશો સાથે કદમ મિલાવ્યા છે. આપણે પણ હવે એવું કરી શકીએ. જો ભારત પોતાનો "સ્ટાન્ડર્ડ ટાઈમ" બદલે તો બાકી રહેતા પડોશી દેશો પણ એમનો "સ્ટાન્ડર્ડ ટાઈમ" બદલે એની પૂરી શક્યતા છે.

ટાઈમ ઝોનની વાત ચાલે છે ત્યારે જાણ ખાતર એટલું ઉમેરી શકાય કે અડધા કલાકના તફાવતના બીજા ગણનાપાત્ર દેશોમાં માત્ર વેનેઝુએલા, ઈરાન અને ઓસ્ટ્રેલિયાનો વેરાન મધ્ય ભાગ છે. નેપાળ જેવા નાના દેશે તો આગળ વધી ૫ા કલાકનો તફાવત રાખ્યો છે.

આ ટાઈમ ઝોનની શરૂઆત કેટલી તાજેતરની/અદ્યતન ઘટના છે તે નવાઈ પમાડે એવી છે. ૧૬૭૫માં ગ્રીનવીચ મીન ટાઈમ (GMT)નો ખ્યાલ અસ્તિત્વમાં આવ્યો હતો પણ "સ્ટાન્ડર્ડ ટાઈમ" કે ટાઈમ ઝોન બન્યા નહોતા. સૌથી પહેલાં ન્યુઝીલેન્ડ એ પોતાના દેશ માટેનો "સ્ટાન્ડર્ડ ટાઈમ" ૧૮૬૮માં (ગાંધીજીના જન્મ આસપાસ) અને પછી બ્રિટને ૧૮૮૦માં અમલમાં મુક્યો હતો. સન ૧૯૦૦ સુધીમાં મોટાભાગના દેશોએ લોકલ ટાઈમને બદલે પોતપોતાનો "સ્ટાન્ડર્ડ ટાઈમ" નક્કી કર્યો હતો. અંતે ૧૯૨૯માં લગભગ બધા દેશોએ પોતાના મનફાવતા "સ્ટાન્ડર્ડ ટાઈમ"માં જરૂરી ફેરફાર કરી GMT સાથે પૂર્ણ કલાકોના અંતરે નક્કી કર્યા છે. ૧૯૭૨થી હવે બધા સ્ટાન્ડર્ડ ટાઈમનું બેંચમાર્ક GMTને બદલે UCT (Universally Coordinated Time) સાથેના સંદર્ભમાં ઓળખાય છે. (ઈંગ્લેન્ડના એક શહેર ગ્રીનવીચમાંથી પસાર થતા રેખાંશને આધારે GMT - ગ્રીનવીચ મીન ટાઈમ શરૂ થયું હતું. ધીરેધીરે દરેક બાબતમાં કોઈ એક દેશ કે સંસ્કૃતિનું મહત્ત્વ કે વર્ચસ્વ હટાવવામાં આવે છે. આને સાચા અર્થમાં ગ્લોબલાઈઝેશન કહેવાય.)

ટૂંકમાં, પોતાનો સ્થાનિક સમય દર્શાવવામાં દુનિયાના દેશ પરસ્પર અનુકૂળ થઈ ગયા છે. માત્ર થોડા દેશોએ પોતાના સમયમાં થોડો ફેરફાર કરવાની જરૂર છે. આની સરખામણીએ સમય ગણનાનું બીજું અંગ એવું કેલેન્ડર હજી ઘણો ફેરફાર માગે છે. એની થોડી ચર્ચા મારા 'સમય' પરના લેખમાં કરવામાં આવી હતી. વૈશ્વિકીકરણ સાથે દરેક વ્યવસ્થાનું સરળીકરણ પણ એટલું જ જરૂરી છે ભલે પછી એમાં કોઈ દેખીતો આર્થિક લાભ ન હોય.

તો આપને શું લાગે છે? ભારતે પોતાનો "સ્ટાન્ડર્ડ ટાઈમ" બદલવો જોઈએ? બે "સ્ટાન્ડર્ડ ટાઈમ" રાખવા જોઈએ?

*૧, શ્યામવાટિકા સોસાયટી,*
*વાસણા રોડ, વડોદરા-૩૯૦ ૦૦૭.*
*મો. ૯૭૨૬૭૯૯૦૦૯*

**JETHABHAI DOONGARSHI TRANSPORT CO.**

અષાઢી બીજ – કચ્છી નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા....

**J. D. LOGISTICS**



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 • Fax : (020) 26434525 • E-mail : jdtcompany@gmail.com

**Admn. O.** : 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 • Fax : (022) 23451950 • E-mail : jdadmnoff@yahoo.co.in

**DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES**
**FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN**

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

પર્યટન

# વિશ્વ પર્યટન ઉદ્યોગ ક્ષેત્રે ભારત

● પ્રા. સૂર્યકાંત ભટ્ટ ●

સામાન્ય રીતે પ્રવાસને આવાગમન તરીકે મૂલવવા અનેક લેખકોએ પ્રયત્નો આદર્યા છે. જીવનમાં પ્રત્યેક વ્યક્તિને નવું જાણવા માણવાની ઈચ્છા હંમેશાં રહેતી હોય છે. તેથી દિલ બહેલાવવા આનંદની સાથે માહિતી, જ્ઞાન પ્રાપ્તિ અર્થે લોકો પોતાની આર્થિક સગવડ મુજબ દેશમાં કે વિદેશમાં પ્રવાસે જતા હોય છે. આજે તો પ્રવાસ અંગેનાં થોકબંધ પુસ્તકો પ્રાપ્ત થઈ રહ્યા છે.

● **અજાણ્યા સ્થળોની શોધખોળ :**

મહદ્ અંશે ટૂંકા પ્રવાસો પગપાળા થતા હોય. બાકી બસ દ્વારા, કાર દ્વારા, ટ્રેન અને પ્લેન કે સ્ટીમર મારફતે પ્રવાસીઓ આવાગમન કરે છે. ભારતની શોધમાં નીકળેલ કોલંબસે સામુદ્રિક પ્રવાસ મારફતે ઈ.સ. ૧૪૯૨માં અમેરિકા ખંડમાં પ્રવેશ કરેલો. ઈ.સ. ૧૪૯૮માં વાસ્કો-ડી-ગામા ભારતના કાલીકટ બંદરે આવી પહોંચેલો. ઈ.સ. ૧૫૨૨માં મેગેલન વિશ્વ પ્રવાસે નીકળેલો. અદ્યતન પ્રવાસના પિતા તરીકે થોમસ કૂકને ઓળખવામાં આવે છે. ચીની મુસાફર હ્યુ એન ત્સંગ અને ફાહિયાન પણ સદીઓ પહેલાં ભારત આવેલા.

● **ભારતમાં આવતા વિદેશી પ્રવાસીઓ :**

"અતિથિ દેવો ભવ" — એ આપણા દેશનો આદર્શ છે. ક્રમબદ્ધ પ્રાપ્ત થતી માહિતી અનુસાર ઈ.સ. ૧૯૮૧થી ઈ.સ. ૨૦૧૨ સુધીમાં વિદેશથી આવેલા પ્રવાસીઓની સંખ્યા નીચે મુજબ છે :

| ક્રમ | વર્ષ | સંખ્યા |
|---|---|---|
| ૧. | ઈ.સ. ૧૯૮૧ | ૧૨,૭૯,૨૧૦ |
| ૨. | ઈ.સ. ૧૯૯૦ | ૧૭,૦૭,૧૫૮ |
| ૩. | ઈ.સ. ૨૦૦૦ | ૨૬,૪૯,૩૭૮ |
| ૪. | ઈ.સ. ૨૦૧૦ | ૫૭,૭૫,૬૯૨ |
| ૫. | ઈ.સ. ૨૦૧૨ | ૬૫,૭૭,૭૪૫ |

વર્ષ ૨૦૧૨માં ભારતમાં આવેલ વિદેશી પ્રવાસીઓના પ્રમાણના સંદર્ભમાં વિશ્વમાં ભારતનો ક્રમ ૪૧મો હતો. સૌથી વધુ પ્રવાસીઓ અમેરિકાથી આવેલ હતા. આ પ્રવાસીઓમાંના ૯૧.૭% પ્લેન દ્વારા, ૭.૬% જમીન માર્ગે, ૦.૭% જળ માર્ગે આવેલા. ઈ.સ. ૨૦૧૨માં ભારતમાંથી વિદેશ ગયેલાઓનું પ્રમાણ ૧૪.૯૨ બિલિયન હતું. ભારતમાં જ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં ગયેલા પ્રવાસીઓની સંખ્યા ૨૦૧૨માં ૧૦૩૫.૩૫ મિલિયનની હતી.

● **પ્રવાસના પ્રકારો અને ગુજરાતમાં પ્રવાસન ક્ષેત્રો :**

પ્રવાસન ક્ષેત્રે વૈવિધ્ય પ્રગટતું જ રહ્યું છે. તેથી આયોજકોએ તેના પ્રકારો કે વિભાગો દર્શાવ્યા છે. તે મુજબ ઐતિહાસિક પ્રવાસન, આધ્યાત્મિક કે ધાર્મિક પ્રવાસન, હેરિટેજ કે સાંસ્કૃતિક વારસા પ્રવાસન, મેડિકલ પ્રવાસન, પર્યાવરણીય પ્રવાસન, ઔદ્યોગિક અને વ્યાપારિક પ્રવાસન હવે સામાન્ય બનવા પામ્યાં છે.

ગુજરાતે આર્થિક અને સામાજિક વિકાસના એન્જિન તરીકે પ્રવાસન ક્ષેત્રને વિકસાવવા પ્રારંભ કર્યો છે. પરિણામે વિવિધ પ્રવાસનોના બહોળા વિકાસ કાર્યમાં ઉત્તમ રાજ્યનો "નેશનલ ટુરિઝમ : ૨૦૧૨-૧૩"નો ઍવોર્ડ ગુજરાતના પ્રવાસન વિભાગને કેન્દ્ર સરકાર તરફથી એનાયત થયેલો છે. ગુજરાત પ્રવાસન નિગમના આંકડાઓ પરથી વિકાસનો ખ્યાલ પ્રાપ્ત થાય છે.

| ક્રમ | વર્ષ | અન્ય રાજ્યોમાં આવેલ ભારતીય પ્રવાસી | બિનનિવાસી ભારતીય અને વિદેશી પ્રવાસી |
|---|---|---|---|
| ૧. | ઈ.સ. ૨૦૦૩ | ૨૦,૮૨,૧૪ | ૬૯,૫૯૪ |
| ૨. | ઈ.સ. ૨૦૦૬ | ૨૪,૭૮,૯૦૩ | ૨,૦૬,૩૯૯ |
| ૩. | ઈ.સ. ૨૦૦૯ | ૨૦,૧૩,૦૫૯ | ૧,૬૦,૮૧૭ |
| ૪. | ઈ.સ. ૨૦૧૧ | ૪૬,૧૮,૮૪૭ | ૪,૨૩,૯૨૫ |

પ્રવાસન સ્થળોનું વૈવિધ્ય ગુજરાત રાજ્યમાં ઘણું છે. ગુજરાત રાજ્યના વિસ્તારની દૃષ્ટિએ પ્રથમ નંબરના કચ્છ જિલ્લામાં રણ, મહેરામણ ડુંગરાની ભાતીગળ સંસ્કૃતિનાં દર્શન થઈ શકે છે. ભીષણ ભૂકંપ ઈ.સ. ૨૦૦૧ની ૨૬ જાન્યુઆરીએ આવ્યા બાદ કચ્છને પ્રવાસન ક્ષેત્રના વિશ્વના નકશામાં મૂકવા, કચ્છને સિંગાપુર બનાવવા તે સમયે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્તુત્ય પ્રયત્નો કર્યા છે. સુપર સ્ટાર અમિતાભ બચ્ચનની "કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા..."ના સૂત્રે પણ દેશ વિદેશના પ્રવાસીઓમાં અનેરું આકર્ષણ જગાવ્યું છે. ગુજરાતમાં ગિરનાર, પાવાગઢ, સાપુતારા જેવાં ગિરિમથકો, ગીર, ઘુડખર, નળ સરોવર, રતન મહાલ જેવા અભયારણ્યો, દ્વારકા, અંબાજી, મોટા આશાપુરા, સોમનાથ, પાલિતાણા, ડાકોર, શામળાજી જેવાં તીર્થધામો તેમજ કબીરવડ, ગલતેશ્વર, ઉત્કંઠેશ્વર, સરદાર સરોવર જેવાં દર્શનીય સ્થળો પણ આવેલાં છે.

● **સ્થાનિક રોજગારી કલા કૌશલ્યની જાળવણી :**

પર્યટન ક્ષેત્રોના વિકાસને કારણે સ્થાનિક કારીગર વર્ગને રોજગારી પ્રાપ્ત થાય છે, કલા-કસબ જળવાય છે, ગૃહ ઉદ્યોગ તેમજ ગ્રામોદ્યોગને પ્રોત્સાહન મળતું રહે છે. વિદેશોમાં આવી કલા કૃતિઓની માંગ વધે છે. તેની નિકાસો દ્વારા વિદેશી હૂંડિયામણ પ્રાપ્ત થાય છે.

*તમને જે જીવન આપવામાં આવ્યું છે તે પ્રભુનું કાર્ય કરવા માટે, તેમાં સહાયભૂત થવા માટે આપ્યું છે.*

**પ્રવાસન માંથી આવક (પ્રવાસન મંત્રાલયના આંકડા)**

| ક્રમ | વર્ષ | ફીની આવક (રૂ.માં) | ફીની આવક (અમેરિકન ડોલરમાં) |
|---|---|---|---|
| ૧. | ૨૦૦૯ | ૬૩૭૦૦ | ૧૧૧૩.૪ |
| ૨. | ૨૦૧૦ | ૬૪૮૮૯ | ૧૪૧૯.૩ |
| ૩. | ૨૦૧૧ | ૭૭૫૯૧ | ૧૬૫૬.૪ |
| ૪. | ૨૦૧૨ | ૯૪૪૮૭ | ૧૭૭૩.૭ |
| ૫. | ૨૦૧૩ | ૧૦૭૬૭૧ | ૧૮૪૪.૫ |

- **યુનોની વિશ્વ પ્રવાસન સંસ્થાનાં સૂચનો :**

પ્રવાસન ક્ષેત્રના અવિરત દીર્ઘકાલીન વિકાસાર્થે આ સંસ્થાએ મહત્ત્વનાં સૂચનો કર્યા છે. જિલ્લા મથકે એસ.ટી., રેલવે સ્ટેશન, એરપોર્ટ આદિ પર પર્યટન ક્ષેત્રોની માહિતી અંગે બોર્ડ મૂકવાં, ક્ષેત્ર પર પહોંચવા સારા માર્ગોની વ્યવસ્થા, સ્થળો પર મેડિકલ એઇડ, એ.ટી.એમ., ગાઈડ, કાર ટેક્ષીની વ્યવસ્થા, રસ્તાઓના અમુક અંતરે ટોઈલેટની વ્યવસ્થા, પૂછપરછ માટે કેબિનો, લાઈટ પાણીની તથા કચરા નિકાલની વ્યવસ્થા થવી જ જોઈએ.

**ઇ.સ. ૨૦૧૨-૧૩ દરમ્યાન ભારતમાં આવેલ વિદેશી પ્રવાસીઓ**

| ક્રમ | રાજ્ય - કેન્દ્રશાસિત પ્રદેશના નામ | ઇ.સ. ૨૦૧૩ |
|---|---|---|
| ૧. | ગુજરાત | ૧૯૮૭૭૩ |
| ૨. | દિલ્હી | ૨૩૦૧૩૯૫ |
| ૩. | બિહાર | ૭૬૫૮૩૫ |
| ૪. | આંદામાન-નિકોબાર | ૧૪૭૪૨ |
| ૫. | ગોવા | ૪૦૨૩૨૨ |
| ૬. | હરિયાણા | ૨૨૮૨૦૦ |
| ૭. | અરૂણાચલ પ્રદેશ | ૧૦૮૪૪ |

- **મેડિકલ ટુરિઝમ :**

કેટલાક દાયકાઓથી લોકો સ્વ-આરોગ્ય પ્રત્યે સજાગ થયા છે. પરિણામે તબીબી ક્ષેત્રે વિકાસ થયો છે. દર્દીઓ દર્દના ઉપચાર માટે દેશ વિદેશમાં ટ્રીટમેન્ટ અર્થે જાય છે. સારવાર બાદ જે તે સ્થળે આરામ કરવા પણ જતા હોય છે. ભારતમાં ઍલોપથી, આયુર્વેદ, હોમિયોપથી, યોગની સેવાઓ મેળવવા વિદેશીઓ આવતા જ રહે છે.

ભારતમાં મેડિકલ ટુરિઝમ વાર્ષિક ૩૦ ટકાને દરે વધી રહ્યું છે. એક અંદાજ મુજબ ભારત આ ક્ષેત્રે ઇ.સ. ૨૦૧૫માં દોઢ મિલિયન ડોલર મેળવશે.

- **વિશ્વ પર્યટન ઉદ્યોગમાં ભારતનું સ્થાન :**

આ ઉદ્યોગમાં ભારતનો ક્રમ ૪૨મો છે. આવકમાં ક્રમ ૧૬મો છે. વૈશ્વિક કમાણીમાં હિસ્સો ૧.૫૪ ટકા છે. વિદેશી પર્યટકોમાં હિસ્સો ૨.૨ ટકા છે. પ્રવાસન આવકમાં ભારતનો ફાળો ૫.૧૪ ટકા છે.

- **ઇ-ટુરિસ્ટ વિઝા :**

આ વિઝા ૨૭ નવેમ્બર, ૨૦૧૪ના લોન્ચ કરવામાં આવેલ છે. જેનો હેતુ ૧૫૦ દેશોના નાગરિકોને વિઝા ઓન ઍરાઈવલ સુવિધા આપવાનો છે. ઇ.સ. ૨૦૧૫-૧૬ દરમ્યાન ૧૦૬ દેશો સમાવિષ્ટ થશે. એક અંદાજ મુજબ ઇ.સ. ૨૦૧૬માં ૧૧૨.૪૦ લાખ સહેલાણીઓ ભારતની મુલાકાત લેશે. દેશને ૩૩૦.૩ બિલિયન ડોલર જેટલું હૂંડિયામણ મળશે. ૨૪૫ લાખ લોકો આથી રોજગારી મેળવશે.

- **વિશિષ્ટ અને રહસ્યમય સ્થળોને પ્રોત્સાહન આવશ્યક :**

ભારતમાં કેટલાંક રહસ્યમય સ્થળો છે. જેની માહિતી ખૂબ જ ઓછા લોકોને છે. દા.ત; એક રસપ્રદ માહિતી અન્વયે એક સ્થળ આસામમાં હાફલોંગ નજીક જટીંગા સ્થિત છે. પ્રતિવર્ષ સપ્ટેમ્બરથી નવેમ્બર દરમ્યાન દૂર દૂરના દેશોમાંથી અહીં પક્ષીઓ આવે છે અને તેઓ ટેકરા બનાવે છે. કોઈ કહે છે, પક્ષીઓ આત્મહત્યા કરે છે. આંધ્ર પ્રદેશના કુર્નુલમાં પાણીનું જે તળાવ છે ત્યાં બારેમાસ પાણી રહે છે, સુકાતું નથી, કમ થતું નથી. બીજો સૌથી ભયાનક રાજસ્થાનમાં અલવર નજીક ભાણગઢનો કિલ્લો છે, જ્યાં કોઈ રાતવાસો કરી શકતું નથી. મહારાષ્ટ્રમાં શનિ શિંગણાપુરમાં આખા ગામનાં મકાનો દરવાજા વિનાનાં છે. મકાનોને તાળાં મરાતાં જ નથી. જ્યાં દર વર્ષે બરફવર્ષા થાય છે તે વિશાખાપટ્ટનમ પાસેનું ‘‘લામ્ભાસિંચી’’ તામિલનાડુના ક્ષેણી જિલ્લામાં મેઘમલાઈ, આંધ્રના નેલ્લોર જિલ્લાનું પક્ષી અભયારણ્ય દર્શનીય છે.

- **દાંડીનો ઇતિહાસસભર પ્રવાસ :**

દાંડીયાત્રા કે જેને બાપુ દાંડીકૂચ તરીકે ઓળખાવતા, તેનો પ્રારંભ ગાંધીજીએ અમદાવાદના સાબરમતી સત્યાગ્રહ આશ્રમેથી કર્યો. ૭૮ સૈનિકો તેમની સાથે હતા. તા. ૧૨-૩-૧૯૩૦ના પગપાળા ૨૪૧ માઈલની સફર બાદ પાંચમી એપ્રિલે દાંડી પહોંચેલા. આ સ્થળ આપણી ભવ્ય ઐતિહાસિક વિરાસત છે.

- **પ્રવાસી ભારતીય દિવસ :**

બેરિસ્ટર તરીકેની કારકિર્દી વિકસાવવા ગાંધીજી દક્ષિણ આફ્રિકાના પ્રવાસે ગયેલા. એપ્રિલ ૧૮૯૩નો એ સમય હતો. જ્યારે તેઓશ્રી સ્વદેશ પરત આવ્યા. તે ૯મી જાન્યુઆરી, ૧૯૧૫ના દિવસના ૮૮ વર્ષ બાદ ૯મી જાન્યુઆરી, ૨૦૦૩ના રોજને ભારતના તત્કાલીન વડાપ્રધાન શ્રી અટલ બિહારી વાજપેયીએ ‘‘પ્રવાસી ભારતીય દિન’’ તરીકે ઊજવવા અનુરોધ કર્યો. છેલ્લે ૧૩મો ભારતીય પ્રવાસી દિવસ તા. ૭થી ૯ જાન્યુઆરી, ૨૦૧૫ દરમ્યાન ગુજરાતમાં યોજાઈ ગયો. ગાંધીજીને દક્ષિણ આફ્રિકાથી ભારત પધારે ૧૦૦મી જયંતિ પ્રસંગે ઉજવણી કરવામાં આવી.

*૬/એ, લીમડા લાઈન, સંસ્કાર નગર,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૫૨૫૨૩૪૩૪૬*

*સપનાં જોવાના શરૂ તો કરો, તે ચોક્કસ પૂરાં થશે.*

વિચારધારા

# આંધળી ભક્તિ, આંધળા વિચાર

• દીપક ધોળકિયા •

હરિયાણાના હિસારમાં 'સંત' રામપાલ અંતે અદાલતની કસ્ટડીમાં પહોંચી ગયો છે. ૨૦૦૬ના એક ખૂન કેસમાં એની ધરપકડ કરવાની હતી અને રાજ્ય સરકાર ટાળતી રહી હતી. છેવટે, પંજાબ અને હરિયાણા હાઈકોર્ટના કડક આદેશ પછી ભારે પોલીસ દળ મોકલવું પડ્યું. એના ભક્તો આશ્રમમાં અડ્ડો જમાવીને બેઠા હતા અને એની ધરપકડમાં આડે આવતા હતા. દરમિયાન આશ્રમમાંથી પાંચ સ્ત્રીઓ અને એક બાળક મૃત અવસ્થામાં મળી આવ્યાં છે.

ભક્તો તો રામપાલને ભગવાનનો અવતાર માને છે અને એની સામે થયેલી કાર્યવાહી પછી પણ એમની શ્રદ્ધા ઓછી થાય કે એમની આંખ ખૂલી જાય એવી શક્યતા નથી. આપણે જે મહાન દેશની છાસવારે પ્રશંસા કરતાં થાકતા નથી, એ દેશની પ્રજા આવી કેમ છે, કે જે સામે આવ્યો તેનાં ચરણ પખાળવા મંડી જાય? આપણે જ્યારે આપણા ભવ્ય ભૂતકાળની વાત કરીએ છીએ ત્યારે માત્ર આપણી આધ્યાત્મિક સિદ્ધિઓ વિશે જ નહીં, વૈજ્ઞાનિક સિદ્ધિઓના દાવા પણ કરીએ છીએ. વૈજ્ઞાનિક સફળતાઓ અંધ ભક્તિથી ન મળે. સવાલ એ છે કે આપણે હંમેશાં આવા જ અંધ ભક્ત અને મૂર્ખ હતા કે પાછળના કોઈ સમયમાં બની ગયા?

આજે આવા બધા બાબાઓના આશ્રમો ચાલે છે અને એમાં એમની સાર્વભૌમ સત્તા છે. આ દેશનો કોઈ પણ કાયદો ઉદ્દંડતાથી તોડતાં આ બાબાઓ અચકાતા પણ નથી હોતા. કોઈ સેક્સ સ્કેન્ડલમાં સપડાયા છે, તો કોઈ હત્યાઓમાં. પરંતુ ભક્તોની સંખ્યા ઘટતી હોવાનું જણાતું નથી. આપણે હજી નવા જમાનામાં પ્રવેશ્યા નથી. હજી સામંતવાદી વલણોમાંથી બહાર નથી આવ્યા. રાજા બધું કરી શકે. રાજાના બધા ગુના માફ. હવે રાજા ન રહ્યા તો બાબાઓ આવ્યા છે. એમના માટે લોકો પોતાના પ્રાણની પણ કુરબાની દેવા તૈયાર હોય છે. આ દેખાડે છે કે આપણી પ્રજામાં સાચું-ખોટું સમજવાની ક્ષમતા નથી. આનો અર્થ એ જ છે કે આપણે પોતાની જ કહેવાતી સિદ્ધિઓ માટે પોતાની જ પીઠ થાબડતા રહેવાનું પસંદ કરીએ છીએ. આનો અર્થ એ પણ કે આપણામાં તટસ્થ વિશ્લેષણ કરવાની વૃત્તિ પણ નથી. જેવી આપણી આંધળી ભક્તિ છે, તેવા જ આંધળા વિચાર છે.

રામપાલ જેવો જ બીજો એક સંપ્રદાય છે, સચખંડ. હાલમાં એનું એક મેગેઝિન વાંચવા મળ્યું. એક ભક્તે લખ્યું હતું કે ૧૯૮૪ માં ૩૧મી ઓક્ટોબરે દિલ્હીમાં શીખવિરોધી રમખાણો થયાં તેમાંથી ગુરુજીએ એને બચાવી લીધો. કઈ રીતે? ગુરુજીએ એને ઇંદિરા ગાંધીની હત્યાથી પણ પહેલાં કહી દીધું કે ૩૧મીની સવારે એણે દિલ્હી છોડી દેવાનું રહેશે... આ ભક્તસાહેબ દિલ્હીથી ગયા તે પછી ઇંદિરા ગાંધીની હત્યા થઈ અને રમખાણો શરૂ થઈ ગયાં. ગુરુજીની આગમવાણીથી ભક્તસાહેબ બચી ગયા. ગુરુજીના ચમત્કારથી તેઓ બહુ પ્રભાવિત થયા. પરંતુ એમને એ વિચાર ન આવ્યો કે આ ગુરુજીએ ઇંદિરા ગાંધીની હત્યા કેમ ન રોકી? બીજા શીખો એમના દુશ્મન હતા કે સૌને મરવા દીધા? પણ બસ, હું બચી ગયો એટલે ગુરુજી મહાન.

જ્યાં સુધી આપણે આસ્થાને માર્ગે જ સમસ્યાઓનાં સમાધાન શોધતાં રહેશું ત્યાં સુધી બાબાઓની જમાત મોટી ને મોટી થતી રહેશે. પાકિસ્તાનમાં પણ આવા બનાવો બને છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં "ગુજરાત" નામના જિલ્લામાં શાહ દૌલાની મઝાર પર રોજ દુઃખોમાંથી મુક્તિ ઝંખતા લોકોની ભીડ જામે છે. સ્ત્રીઓ સંતાન પ્રાપ્તિ માટે આવે છે, પણ જ્યારે એમને ગર્ભ રહે ત્યારે પહેલું સંતાન 'ઉંદર-બાળ' હશે. એટલે કે એ વિકલાંગ હશે. આ બાળક એમણે મઝારને આપી દેવાનું હોય છે. ભક્તો પહેલું બાળક સ્વસ્થ હોય તો પણ એને ઉંદરબાળ માને છે અને મઝારને આપી દે છે. એને ત્યાં વિકલાંગ બનાવી દેવાય છે અને એનો જુદી જુદી રીતે પૈસા કમાવા માટે ઉપયોગ થાય છે. ઇસ્લામમાં ચમત્કારોનો ઇન્કાર હોવા છતાં આવું ચાલ્યા કરે છે. બીજી બાજુ, આપણે તો ચમત્કારને બહુ સામાન્ય વાત માનીને ચાલીએ છીએ.

આમાં એક નવો વળાંક આવ્યો છે. આપણી બડાઈખોરી એટલી હદે પહોંચી છે કે આપણે કથાઓને — માઈથોલોજીને - ભારતમાં વૈજ્ઞાનિક વિકાસનું ઉદાહરણ માનીએ છીએ. માઈથોલોજી આપણી પરંપરાનો એક બહુ મહત્ત્વનો ભાગ છે. એના વિના ધર્મની વાતો સૂકી બની જશે. પરંતુ માઈથોલોજી પોતે ધર્મ પણ નથી અને વિજ્ઞાન પણ નથી. હાલમાં જ આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે ભારતમાં પ્લાસ્ટિક સર્જરી થતી હતી. સત્ય એ છે કે વડા પ્રધાન એમના જીવનમાં એટલા સક્રિય રહ્યા છે કે એમને આ વિષય પર અલગ વિચાર કરવાનો કદી સમય નહીં મળ્યો હોય એટલે એમનો અભિપ્રાય અહોભાવથી પીડિત સામાન્ય માણસના વિચારોના સ્તરે છે એ સ્પષ્ટ છે. ગણેશના માથાની જગ્યાએ હાથીનું માથું બેસાડવા માટે પ્લાસ્ટિક સર્જનો જોઈએ. આપણે વિજ્ઞાનની ભાષામાં બોલતાં એક મિથકમાંથી બીજા મિથકમાં કેવા સરકી પડીએ છીએ તેનું આ ઉદાહરણ છે. પહેલું મિથક તો માણસ પર હાથીનું માથું ગોઠવાયેલું હોય તે છે. બીજું મિથક એ છે કે આપણે ત્યાં પ્લાસ્ટિક સર્જનો હતા. પણ આવો તો કોઈ ઉલ્લેખ આપણાં પુરાણોમાં નથી મળતો. આ જ્યાં સુધી કથા હોય ત્યાં સુધી તો એનાં

*યોગ્ય અને ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા કેળવો.*

અર્થઘટનો કરી શકાય અને પ્રતીક તરીકે વાજબી પણ ઠેરવી શકાય. પણ એની સાથે ભક્તિભાવ જોડીને આપણે એને ધાર્મિક વાસ્તવિકતા આપીએ છીએ. એટલું જ નહીં, પ્લાસ્ટિક સર્જરીની આખી પદ્ધતિ સમજ્યા વિના એનું અસ્તિત્વ પહેલાં હતું એમ કહેવું એ તો માઈથોલોજીને વૈજ્ઞાનિક વાસ્તવિકતા આપવા જેવું છે. આમ છતાં ગુજરાતના રેશનાલિસ્ટોએ વિનયપૂર્વક વડા પ્રધાનનું ધ્યાન ખેંચવાના પ્રયાસ પણ નથી કર્યા જણાતા.

વડાપ્રધાને ખરેખર વિજ્ઞાનની દિશામાં થયેલી પ્રગતિનો ઉલ્લેખ કર્યો હોત તો વાત સમજી શકાઈ હોત. ચરક અને સુશ્રુત, આર્યભટ્ટ, વરાહમિહિર, ભાસ્કર, બ્રહ્મગુપ્ત વગેરે આપણા વૈજ્ઞાનિકો હતા. શૂન્યની શોધ ભારતે કરી એ વાત આવી હોત તો બહુ સારું થાત. આ બધા વૈજ્ઞાનિકો વચ્ચે સદીઓ કેમ નીકળી ગઈ, દરેકની પાછળ એક પરંપરા કેમ ન બની, આ નામો માત્ર આપણી વિજ્ઞાનહીનતામાં અપવાદ તરીકે જ કેમ સામે આવે છે તે સમજવાનો તો આપણે પ્રયાસ પણ નથી કરતા. માઈથોલોજીનો અર્થ બેસાડવાના પ્રયાસથી નવાં મિથકોનો જન્મ થાય છે. આપણી આસપાસ અનેક આવાં મિથકો બાબાઓના રૂપે ફેલાયેલાં છે. આપણે એમને સાચા અર્થમાં સમજી શકીએ તો એમના પ્રભાવોમાંથી મુક્ત પણ થઈ શકીએ. પરંતુ અફસોસ, આપણને મિથકોને સત્ય માનવાની ટેવ છે.

આપણી ભક્તિની જેમ આપણા વિચારો પણ આંધળા છે. માઈથોલોજીમાંથી આપણે એક નિરાધાર તારણ તો કાઢ્યું કે ભારતમાં પ્લાસ્ટિક સર્જરી હતી. પરંતુ એમાંથી સત્ય શોધવાનો પ્રયત્ન કર્યો? સત્ય એટલું જ છે કે ગણેશ અથવા ગણપતિ એક ગણના નેતા હતા. આવા કેટલાયે ગણ હતા અને કેટલાયે ગણપતિ હતા. આમાંથી એક ગણનું પ્રતીક હાથી હતું.

આવી જ એક કથા રામાયણમાં છે. રામ-રાવણના યુદ્ધમાં લક્ષ્મણ મેઘનાદના પ્રહારથી બેભાન થઈ ગયા છે અને મૃત્યુને આરે પહોંચી ગયા અથવા, કથા કહે છે તેમ મૃત્યુ પામ્યા છે. એક માત્ર સુષેણ વૈદ્ય આનો ઉપાય જાણતા હતા. એમણે લક્ષ્મણને સજીવન કરવા માટે એક પર્વત પરથી સંજીવની જડીબુટ્ટી લાવવા કહ્યું. હનુમાન આ કામ કરી શકતા હતા. એ ગયા પણ વનસ્પતિને ઓળખી ન શક્યા એટલે આખો પર્વત ઊંચકી લાવ્યા!

(ખરેખર તો વાલ્મીકિ રામાયણમાં આ કથા જ નથી. એટલે માઈથોલોજીની અંદર પણ આપણે માઈથોલોજી પેદા કરી છે! વાલ્મીકિ રામાયણના યુદ્ધકાંડના ૪૫ થી ૫૦ સર્ગ વાંચવા વિનંતી છે. આમ છતાં આ કથા મૂળ કથા કરતાં પણ વધારે પ્રસિદ્ધ છે એટલે એનું મહત્ત્વ ઓછું નથી.)

આ માત્ર કથા છે અને શ્રોતાઓ અને વાચકો પ્રભાવિત થઈ શકે છે. આમાં સત્ય શું? સત્ય એટલું જ છે કે આપણાં જંગલોમાં અને પહાડો પર ઊગતી વનસ્પતિઓમાં કદાચ જીવનદાન આપી શકે એવી કેટલી બધી ઔષધિઓ છે! આપણે આ સત્યની પાછળ ગયા હોત તો? બસ, હનુમાન પર્વત ઉપાડી લાવ્યા તે જાણીને પ્રસન્ન વદને "જય જય જય હનુમાન ગુંસાઈ, કૃપા કરો ગુરૂદેવ કી નાઈં" ગાવામાં મસ્ત થઈ જઈએ.

આદિવાસીઓ જંગલોમાં રહે છે. જડીબુટ્ટીઓ વિશે એમનું જ્ઞાન અગાધ છે. એક માત્ર જયકૃષ્ણ ઈન્દ્રજી એવા નીકળ્યા કે જેમણે બરડા ડુંગરની દરેક વનસ્પતિનો અભ્યાસ કરીને એના ગુણધર્મો વિશે પુસ્તક લખ્યું. બાકી આપણે સૌ તો માઈથોલોજીને સત્ય માનવામાંથી ઊંચા આવીએ ત્યારે સમજીએ ને કે આમાંથી તો આદિવાસીઓની જીવનશૈલીનું જતન કરવાનો, જંગલોનું જતન કરવાનો સંદેશ મળે છે. જંગલોનો નાશ થવાની સાથે આયુર્વેદનો પણ નાશ થશે. આપણી ભક્તિ પણ આંધળી છે અને વિચારો પણ આંધળા છે. સીધા મારગે જતા જ નથી.

ચિંતા ન કરશો. આપણે ત્યાં રામપાલો, આસારામો, અને... અને.... અને... અનેક ધધૂપપૂઓ પેદા થયા જ કરશે.

*સંપર્ક : dipak.dholakia@gmail.com*

## ભમરાનો ભ્રમ ભાંગી ગયો!

એક બગીચામાં મધમાખી મધપૂડો બનાવી રહી હતી. ત્યાં એક ભમરો આવ્યો.

ભમરો કહે : 'તું શું કરી રહી છે? હું જોયા કરું છું કે તું આખોયે દિવસ ગુન ગુન કર્યા કરે છે. તું તારાં જ ગુણગાન ગાયા કરે છે. તું કશા કામની, કોઈના કામની નથી.'

મધમાખીએ નમ્રતાપૂર્વક કહ્યું : 'ભાઈ, ભમરા, હું મધપૂડો બનાવી રહી છું. મારા માટે અને માનવ માટે!'

'તારો તો મધપૂડો હોય છે કે ગંધપૂડો? તેમાં કાણાં કાણાં જ હોય છે. બીજું વળી શું હોય છે?' ગુસ્સે થઈ ભમરાએ કહ્યું.

'વાત તમારી સાચી છે! પરંતુ તમે આવો મધપૂડો બનાવો તો સારું. તમારી કળાથી મને શીખવાનું મળે.'

'હું તારી જેમ ગધ્ધામજૂરી કરવા નથી માંગતો.'

બંનેનો સંવાદ સાંભળી ત્યાં ઊડતું - ઊડતું એક રંગબેરંગી પતંગિયું આવ્યું. તેણે ભમરાને સંબોધીને કહ્યું : 'ભાઈશ્રી ભમરાભાઈ, મધમાખીનો મધપૂડો કલાનો આદર્શ નમૂનો છે. મધપૂડામાં મધ થશે. મધ અતિ મધુર, પવિત્ર અને આરોગ્યવર્ધક છે. મનુષ્યને બહુ ઉપયોગી છે. મારી જેમ, મારી સાથે બગીચામાં વિવિધ પુષ્પોમાંથી મધ બનાવે છે, તેનું હું સાક્ષી છું. ખરેખર તો આપણા બંને કરતાં મધમાખી બહુ ઉપયોગી જંતુ છે, માટે એને 'કશા કામની નથી' એવું કહેશો નહિ.

પતંગિયાના પ્રતિભાવની ભમરા પર અસર થઈ અને તે ત્યાંથી ગુંજન કરતો ઊડી ગયો...!

**બોધ વાક્યો :**

- ★ નકામી જણાતી વસ્તુ પણ ઉપયોગી હોય છે.
- ★ નાની વ્યક્તિની ઉપેક્ષા કરવી નહિ.
- ★ દરેક વ્યક્તિ કે જીવજંતુમાં એકાદ-બે સદ્‌ગુણો હોય છે.
- ★ દોષદૃષ્ટિ રાખનાર દુઃખી થાય છે.
- ★ કોઈના પ્રત્યે અભાવ કે દુર્ભાવ રાખવો નહિ.

***'સફળતાનાં સ્વાતિબિંદુ' માંથી***

*શિસ્ત વગરનું જીવન સઢ વગરની હોડી જેવું બની જાય છે.*

વાર્તા

# મૃત્યુનો અધિકાર

● ડૉ. જયંત મહેતા ●

મારી પાસે બધા જ રંગના દર્દીઓ આવે છે – ધોળા, કાળા, લતીનો, એશિયન... બધા જ. બહારથી એ બધા જરૂર જુદા દેખાય છે, પણ સ્ટેથોસ્કોપ મૂકીને એમની અંદરનો અવાજ જ્યારે સાંભળું છું ત્યારે એમાં કોઈ ભિન્ન અવાજ સંભળાતો નથી. દુઃખ અને વેદનાના ધડકારા બધાના સરખા જ સંભળાય છે. એમના એક્સ-રે તપાસું છું ત્યારે પણ મને એમાં કોઈ કાળા, ધોળા કે એશિયન રંગનો તફાવત દેખાતો નથી.

એક દિવસ કીથ નામનો સાડા છ ફૂટ ઊંચો, અઢીસો રતલ વજન ધરાવતો, કદાવર, સોહામણો, છવ્વીસેક વર્ષનો કાળો યુવાન મારી ઑફિસમાં આવ્યો. પૂછતાછ કરતાં ખબર પડી કે એ એની કૉલેજની ફૂટબોલ ટીમનો અચ્છો ખેલાડી હતો.

ઑફિસની ગોરી નર્સ લ્યુસીએ નિયમ મુજબ એને એક રૂમમાં બેસાડ્યો. કમરથી ઉપરના ભાગનાં બધાં જ કપડાં કાઢી નાખવા સૂચના આપી. તદ્દન ઉઘાડા શરીરે કીથ ટેબલ ઉપર બેઠો. લ્યુસી બાઘી બનીને, કીથને ખબર ના પડે એ રીતે, એના પહાડ જેવા કસાયેલા, પડછંદ શરીરને છૂપી રીતે તાકી રહી. કીથનો હસમુખો ચહેરો, વાંકડિયા વાળ, લાલચટક હોઠ, બોલતી વખતે અવાજમાં મૃદુ રણકો, ચમકતી મોટી આંખો... આ બધું જોઈને લ્યુસીને જાણે મોહનું ઘેન ચઢી ગયું. જેમતેમ કરીને એણે કીથનું બ્લડપ્રેશર, ટેમ્પરેચર વગેરે લીધું. એક યા બીજા બહાને થોડો થોડો સ્પર્શ પણ કરી લીધો. એની બિચારીની દશા ગોળના મોટા રવાની આસપાસ ભમતી, ઘાયલ થઈ ગયેલી માખી જેવી થઈ ગઈ હશે.

લ્યુસીની ઉંમર પણ ચોવીસ પચ્ચીસ જેટલી જ હતી.

હું રૂમમાં કીથને તપાસવા આવ્યો. લ્યુસી હજુ પણ ત્યાં જ હતી. સામાન્ય રીતે દર્દીને પ્રાથમિક રીતે તૈયાર કરીને નર્સ બીજા કામે ચાલી જાય. પણ અત્યારે લ્યુસીના પગ જાણે આ રૂમમાં જ કોઈ ચીકણા પદાર્થમાં ચોંટી ગયા હતા.

'લ્યુસી, તારે છૂટવાનો ટાઈમ થઈ ગયો ને?' મેં સહજ ટકોર કરી. અઠવાડિયામાં એક દિવસ એ કૉલેજમાં એની નર્સિંગની ડિગ્રીનું ભણવા જતી.

'હા... હા... હું નીકળું જ છું. બાય...' કીથને એણે બાય કહ્યું. બિચારીની આંખોમાં અને આખા ચહેરા ઉપર મને નર્યું ઘાયલપણું દેખાયું. એ બહાર નીકળવા પ્રયત્ન કરતી હતી, પણ એના પગ ઊપડતા નહોતા. મને મનમાં હસવું આવતું હતું. મેં કીથને તપાસવા માંડ્યો.

તપાસતાં તપાસતાં થોડી વાતો પણ કરી. અલબત્ત, અમારો વાર્તાલાપ બધો અંગ્રેજીમાં હતો.

'હલ્લો કીથ! મારું નામ ડૉ. મહેતા. સાંભળ્યું છે કે તું ફૂટબોલનો સુંદર ખેલાડી છે! વ્હા! બહુ સુંદર.'

'Yes Sir...' બહુ ગર્વથી એ બોલ્યો. 'મારી કૉલેજની ફૂટબોલ ટીમનો કેપ્ટન... ક્વાટરબેક... છું. મને એ રમત બહુ ગમે છે.'

'પ્રોફેશનલ ફૂટબોલ પ્લેયર થવું છે?'

'ઈચ્છા તો બહુ જ છે.'

'એવી ટીમમાં રમવાનું નહીં મળે તો પછી?'

'હું ફાર્મસીનું ભણી રહ્યો છું. પ્રોફેશનલ ટીમમાં રમવાનું નહીં મળે તો ફાર્માસિસ્ટ થવાનો છું. એ લાઈન સારી ને ડૉક્ટર?' એણે મને પૂછ્યું.

'હા... હા... આજકાલ ફાર્માસિસ્ટોને સારા પગાર મળે છે.' મેં એને તપાસી લીધો. જો કીથ, આમ તો કાંઈ ખાસ દેખાતું નથી. વધારે પડતું રમ્યો હોઈશ એટલે કદાચ શરીર થોડું કળતું હશે. અને હવામાન બદલાય છે એટલે ફ્લુની અસરથી ટેમ્પરેચર આવ્યું હશે. આ દવા લખી આપું છું એ લે અને થોડા દિવસ જરા આરામ કર... જો, શું થાય છે.' દવાનું કાગળિયું લઈને હસતે મોઢે એ નીકળી ગયો.

ચારેક દિવસ થયા. એક બપોરે, લંચ ટાઈમે, હું બહાર નીકળ્યો. ત્યાં પાર્કિંગ લોટમાં મેં કીથને એની સુંદર અને મોંઘી કન્વર્ટિબલ ગાડીમાં બેઠેલો જોયો. અમારી નજર એક થઈ.

'હાલ્લો... ડૉક્ટર!...' એણે હાથ ઊંચો કર્યો.

'કેમ છે? તારે એપોઈન્ટમેન્ટ છે?' મેં પૂછ્યું.

'ના... ના... હું લ્યુસીને લંચમાં લઈ જવાનો છું.'

'ઓકે...' હું ચાલતો થયો.

ચાલતાં ચાલતાં મને હસવું આવી ગયું. લ્યુસીએ આખરે કીથને ઝપટમાં લીધો ખરો. અલબત્ત, લ્યુસી પણ એટલી જ રૂપાળી, નમણી, નાજુક અને આકર્ષક હતી. આ કીથને તો ગર્લફ્રેન્ડ તરીકે કેટલીય છોકરીઓ હશે. પણ કોઈ લ્યુસીની તોલે નહીં આવતી હોય, ચાલો જે થાય તે... આ અમેરિકા છે.

ત્રણચાર મહિના વીત્યા. એક દિવસ લ્યુસીએ બહુ થનગનતાં, excite થઈને મને ખુશખબર આપ્યા.

'ડૉક્ટર સાહેબ, કીથ અને હું પરણવાનાં છીએ. એણે ગઈકાલે જ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો.'

'મને તો પહેલે દિવસે તમે મળ્યાં ત્યારથી જ શક હતો કે આવું કંઈક થશે.'

*હાર અને નિષ્ફળતા માટે સૌથી મોટું પરિબળ શિસ્તનો અભાવ છે.*

લ્યુસી ખૂબ ગેલમાં હતી. બીજા બેત્રણ મહિના વીત્યા અને એ બંને પરણી ગયાં. લ્યુસી મને જબરદસ્તીથી એના લગ્ન સમારંભમાં લઈ ગઈ હતી. લગ્ન પહેલાં એ બંનેની જરૂરી શારીરિક તપાસ મેં જ કરેલી. બહુ જ સુંદર જોડું બન્યું હતું. સૌ ખુશ હતાં.

ચારેક વર્ષ વીત્યાં. કીથ ફાર્માસિસ્ટ થઈ ગયો. સારી નોકરી મળી ગઈ. પ્રોફેશનલ ફૂટબોલ પ્લેયર થવાનું પેલું સ્વપ્ન સિદ્ધ થયું નહીં. જીવનનાં બધાં જ સપનાં સાકાર બનતાં હોત તો જોઈતું'તું શું? પણ નોકરી સારી હતી એટલે એ ખુશમિજાજમાં રહેતો. લ્યુસી પણ રજિસ્ટર્ડ નર્સ થઈ ગઈ. એને પણ સારો પગાર મળતો થયો. મારી નોકરી છોડીને હવે એ મોટી હૉસ્પિટલમાં કામે લાગી હતી. બંનેની ભેગી આવક ગણો તો એ લોકો પૈસેટકે સારાં એવાં સુખી હતાં. સારા લત્તામાં મોટું ઘર પણ લઈ લીધું હતું.

ઘરના વાસ્તુ (house warming) વખતે પણ લ્યુસી મને આગ્રહ કરી કરીને લઈ ગયેલી. એટલું જ નહિ મને કહે : મને તમારા આશીર્વાદ આપો. આ લ્યુસી છે જ એવી – બહુ પ્રેમાળ. અમારા ધંધાકીય સંબંધોને એણે અંગત સંબંધોમાં ફેરવી નાખ્યા હતા. અધૂરામાં પૂરું એને મળી ગયો કીથ – એના જેવો જ પ્રેમાળ અને ભાવનાશીલ.

એક બપોરે કીથ અને લ્યુસી બંને મારી ઑફિસમાં આવ્યાં. કીથને પાછો તાવ આવ્યો હતો. પગના સ્નાયુઓ ખેંચાતા હતા. નબળાઈ બહુ લાગતી હતી.

મેં એને ટેબલ ઉપર બેસાડ્યો. લ્યુસી પણ બાજુમાં જ હતી.

'કીથ, બૉય, શી તકલીફ છે?' મેં હળવાશથી પૂછ્યું.

'સાંજના સમયે પગમાં બહુ કળ ઊઠે છે, સહન થતું નથી.'

'આટલી જુવાનીમાં આવી ફરિયાદ શેનો કરું છું? ફૂટબોલ રમવાનું બંધ થયું એટલે તેં કસરત પણ બંધ કરી દીધી લાગે છે. મોટા ભાગના ખેલાડીઓ ખેલ છોડીને સંસારમાં પડે એટલે એમના શરીરમાં ફેરફારો થવા લાગે છે અને ક્યારેક એ painful પણ હોય. લ્યુસી, હી ઈઝ ટર્નિંગ ઈન ટુ એ કાઉચ પોટેટો?' બંને થોડું હસ્યાં.

'ના સાહેબ, રોજ ત્રણ માઈલ હજુ દોડું છું. પણ શરીર તૂટ્યા કરે છે. દોડવાનું પણ બહુ કષ્ટદાયક લાગે છે. ક્યારેક સમતોલપણું નથી રહેતું.'

મેં રૂટિન બ્લડ ટેસ્ટ કરાવ્યા. એક્સ-રે લીધા. પણ કોઈ રોગ દેખાયો નહીં.

'કીથ, બધું નોર્મલ દેખાય છે. આ ગોળીઓ લખી આપું છું. મહિના પછી પાછો આવજે. ચિંતા કરીશ નહીં. બધું બરાબર થઈ જશે. You've got Lucy besides you. Right Lucy?' પાછાં બંને મલક્યાં અને ઑફિસની બહાર નીકળ્યાં.

બરાબર એક મહિને કીથ અને લ્યુસી પાછાં આવ્યાં.

આ વખતે લ્યુસીના મોઢા ઉપર ચિંતાની ગમગીની ફરી વળી હતી. એનો ચહેરો જાણે મૂરઝાઈ ગયો હતો. કીથ બાથરૂમમાં ગયો. એ દરમિયાન એ મારી પાસે આવી અને આંસુભરી આંખે ફરિયાદ કરી.

'Something is terribly wrong... Please do something... ગઈકાલે સવારે એના હાથમાંથી કૉફીનો કપ છટકીને પડી ગયો. કોઈ વસ્તુ હવે એ બરાબર પકડી શકતો નથી.' કીથનાં પગલાં સંભળાયાં એટલે તરત એણે આંસુ લૂછ્યાં.

હું કીથને તપાસવા બાજુના રૂમમાં લઈ ગયો. લ્યુસી પણ આવી.

'ડૉક્ટર, હવે તો પગ બહુ જ ધ્રૂજવા માંડે છે. ઊભા રહેવામાં પણ દુખાવો ઉપડે છે. શરીરમાંથી તાકાત જતી રહી હોય એવું લાગે છે.' એણે લ્યુસી તરફ જોયું.

'લ્યુસી ડાર્લિંગ, બીજું બધું પણ હવે ડૉક્ટરને કહું?'

લ્યુસીએ માત્ર હકારાત્મક ડોકું હલાવ્યું. લ્યુસીની સંમતિ મળતાં કીથે બધી વિગત કહેવા માંડી :

'ડૉક્ટર સાહેબ! હવે પહેલાં જેવી શક્તિ નથી. સેક્સ માટે જરૂરી તાકાત નથી રહી. આઈ કેન નોટ હોલ્ડ ઇટ એની મોર.'

પછી તો લ્યુસીએ શરમ બાજુમાં મૂકીને સંભોગ કરતી વખતે પડતી બધી જ તકલીફોનું ઝીણવટભર્યું વર્ણન કર્યું. કીથને પેશાબ ઉપર હવે કાબૂ રહેતો નહોતો.

લ્યુસીએ વર્ણવેલાં ચિહ્નો ઉપરથી હવે મને ધ્રાસ્કો પડ્યો. મેં રૂટિન પ્રમાણે કીથને તપાસ્યો. પણ મારા મનમાં શંકાની ચિનગારી સળગી ઊઠી હતી. મારે એની ખાતરી કરવી પડે એવું હતું.

'કીથ, મારે તને ડૉ. વિલ્સનની ઑફિસમાં મોકલવો પડશે. તારે ન્યુરોલોજિસ્ટની સલાહની જરૂર છે. એક નિદાનની ખાતરી માટે આ સ્પેશિયાલિસ્ટની ખૂબ જરૂર છે.'

મેં તાબડતોબ બધી વ્યવસ્થા કરી. મગજના MRI ની પણ વ્યવસ્થા કરી. બે દિવસ પછી મારા ટેબલ ઉપર એ બધા ટેસ્ટનું પરિણામ આવી પડ્યું.

એ વાંચતાં જ મારી છાતીમાં શૂળ ભોંકાયું. કીથને 'મલ્ટીપલ સ્ક્લેરોસિસ – multiple sclerosis' રોગ નીકળ્યો. બહુ ખતરનાક રોગ ગણાય છે. હજુ કોઈ ઈલાજ પણ નથી. દર્દીના સ્નાયુઓ ધીમે ધીમે ખવાઈને ખતમ થઈ જાય છે. સામાન્ય લકવા કરતાં અનેક ગણો ભયાનક આ રોગ છે. આ રોગની ખરી ક્રૂરતા તો એ છે કે દર્દીનું શરીર આખું તોડી નાખે છે પણ એની ચેતના એવી ને એવી જ રહે છે. પોતાની આસપાસ બનતી બધી જ ઘટનાઓ દર્દી જોઈ શકે છે, સાંભળી શકે છે, સમજી શકે છે પણ કોઈ પ્રતિભાવ આપી શકતો નથી. અંદરથી તડતડ તૂટતા સ્નાયુઓવાળા અને બહારથી ધીમે ધીમે સાવ નિષ્ફળ જતા તનમાં સંપૂર્ણ જાગ્રત મન પુરાઈને પડ્યું રહે છે. કેવી ભયાનક ગૂંગળામણ!

હું બહુ જ બેચેન બની ગયો. લ્યુસીને અને કીથને આ સમાચાર હું કેવી રીતે કહી શકીશ? ડૉક્ટર તરીકે મારે આટલા બધા ઈમોશનલ ના થવું જોઈએ એ મને ખબર છે, પણ હું કદાચ જરા જુદી માટીનો બનેલો

*સુખ એ બાળકનો હક્ક જ નહીં પરંતુ વિશેષાધિકાર છે.*

ડૉક્ટર હોઈશ એવું લાગે છે.

મેં લ્યુસીને ફોન કર્યો અને મારી ઑફિસમાં મળવા આવવા કહ્યું.

બંને આવ્યાં....

હિંમત કરીને મેં લ્યુસીના હાથમાં કાગળિયાં આપ્યાં અને બધી વાત કરી. એ બંને પણ ભાંગી પડ્યાં.

ત્યાર પછીનો સમય આ યુગલ માટે સળગતી આગમાં જીવવા જેવો હતો. લ્યુસી ગમે એટલી હિંમત, ધીરજ અને સાંત્વના આપે તોય કીથ નિરાશ અને ઉદાસ થઈ જતો. ક્યારેક આ ઉદાસીનતા લ્યુસી ઉપર ગુસ્સારૂપે એ બહાર કાઢતો. પછી ખૂબ પસ્તાતો.

ધીરે ધીરે એવી પરિસ્થિતિ આવી કે કીથ સાવ પથારીવશ થઈ ગયો. ફાર્મસીની નોકરી છૂટી ગઈ. આવક બંધ થઈ ગઈ. લ્યુસી પણ બરાબર નોકરી કરી શકતી નહોતી. કારણ કીથની દેખભાળમાં કોઈકે ચોવીસ કલાક હાજર રહેવું પડે એવું હતું.

કીથની હાલત કથળતી જતી હતી. ઘણીવાર ખોરાક અન્નનળીમાં જવાને બદલે શ્વાસનળીમાં ચાલ્યો જતો. એટલે પેટમાં કાણું કરીને પ્લાસ્ટિકની નળીથી પ્રવાહી ખોરાક આપવાનો વારો આવ્યો.

એક વખતનો પહાડ જેવો સશક્ત, સ્નાયુબદ્ધ ખેલાડી આજે કરમાઈ ગયેલા ભાજીપાલાની જેમ નિરાધાર, પરવશ, પોતાનો હાથ પોતે જ ન હલાવી શકે એવો લાચાર બનીને પથારીવશ બની ગયો હતો.

એક દિવસ મેડિકલ ચેકઅપ માટે હું એમને ઘેર ગયો. ડોરબેલ વગાડતાં લ્યુસીએ બારણું ખોલ્યું અને તરત પાછી ઉતાવળે કીથની પથારીમાં એનો હાથ પકડીને બેસી ગઈ. હું કીથ પાસે ગયો. કોઈ કાંઈ બોલતું નહોતું. પણ બંનેની આંખો રડી રડીને લાલ થયેલી મને લાગી. બીજી શી અપેક્ષા રખાય? બંને જણાં અગ્નિ પરીક્ષામાંથી પસાર થઈ રહ્યાં હતાં. તેમ છતાં, મારા આવતાં પહેલાં જ કાંઈ વિશિષ્ટ બની ગયું હોવું જોઈએ એવું મને લાગતું હતું. મેં સહજ પૂછ્યું :

'લ્યુસી, વ્હૉટ હૅઝ હેપન્ડ? પ્લીઝ ટેલ મી.'

બંનેમાંથી કોઈ કાંઈ બોલ્યું નહીં. મારો સવાલ જાણે એમણે સાંભળ્યો જ ના હોય એમ મૌન રહ્યાં.

'લ્યુસી, ચાલ મને કહે જો... શું બન્યું છે? મારાથી ખાનગી રાખવાની કોઈ જરૂર ખરી? ચાલ બોલ તો...' મેં લ્યુસીને ખભે પ્રેમથી મારો હાથ ટેકવ્યો. મેં એના પ્રત્યે સહાનુભૂતિ અને માનસિક ટેકો આપવા પ્રયત્ન કર્યો. મારી સહાનુભૂતિ મળતાં લ્યુસી એકદમ રડી પડી.

'લ્યુસી.... આ શું? જરા હિંમત રાખ. મક્કમતાથી પરિસ્થિતિનો સામનો કર.'

'હું તો કરતી રહીશ... પણ આ... આ... આ... તમારા લાડકા કીથને જ પૂછો... ઈડિયટ છે ઈડિયટ...' લ્યુસી જબરી ધ્રુસકે ચઢી ગઈ. હું એને મારા મૌનથી આશ્વાસન આપતો રહ્યો. થોડી વારે મેં કીથને પૂછ્યું :

'કીથ, શું છે આ બધું? તમે લોકો ઝઘડી રહ્યાં છો?'

કીથે પરાણે પરાણે બોલીને મારા સવાલનો જવાબ આપવા પ્રયત્ન કર્યો.

'ના... ના... ડૉક્ટર કોઈ ઝઘડો નથી. આ... આ... લ્યુસી સમજતી નથી. છોકરમત કર્યા કરે છે. મારા કહેવાનો અર્થ ઊંધો કરી કરીને ખોટું લગાડી બેસે છે અને રડ્યા કરે છે. હું શું કરું?'

'હું ઊંધા અર્થ કરું છું...? ...હું? સ્ટુપિડ જેવું બધું બોલતાં તને શરમ નથી આવતી? પાછો મને છોકરમત કહે છે?' લ્યુસી બરાબર ઊકળી ગઈ હતી.

'ઓકે...ઓકે... લ્યુસી, શાંત થા. મને એની પાસેથી વાત સાંભળી લેવા દે...'

'સાંભળો તમારે જે સાંભળવું હોય તે... શું સાંભળવાનું છે એની વાતમાં?' નરી વેદના અને ગુસ્સો લ્યુસીના અવાજમાં હતાં.

'ઓકે... લ્યુસી, હવે તું શાંત થા. કીથને વાત કરવા દે.' મારું માનીને એક ખુરશી ઉપર એ ચૂપચાપ બેસી ગઈ. કીથે બધી તાકાત ભેગી કરીને બોલવાનો પ્રયત્ન કર્યો.

'ડૉક્ટર સાહેબ, મારી વાત સીધી છે, વ્યવહારુ છે. સાદી વ્યવહારુ પ્રેક્ટિકલ વાત આ લ્યુસી સમજતી નથી.'

'વાત શી છે એ તો કહે...' એમના ઝઘડાનું કારણ જાણવા હું અધીરો થતો હતો.

'કહું છું...' એણે ખોંખારો ખાધો. 'ડૉક્ટર, મારી બીમારી તો તમે જાણો જ છો. મારું શરીર સાવ તૂટી ગયું છે. ઘરની આર્થિક હાલત પણ તૂટતી જાય છે. કદાચ આ ઘર પણ ગુમાવવાનો વારો આવશે. ચોવીસે કલાક મારી ચાકરી કરવામાં લ્યુસી પણ કામે જઈ શકતી નથી. એ તો સમજ્યા... પણ એ કેટલી થાકી જાય છે એ તો જુઓ. એને સહેજે આરામ મળતો નથી. હું એને એક સરળ વ્યવહારુ માર્ગ બતાવું છું કે મને નર્સિંગહોમમાં મૂકી દે. હવે આ માળખામાં રહ્યું છે શું? બહુ તો અઠવાડિયે એકાદ દિવસ મને ત્યાં મળવા આવે. બાકીના દિવસો આરામ કરે અને નિયમિત રીતે નોકરીએ જાય.'

'...હું એને એ પણ કહું છું કે છેલ્લાં બે વર્ષથી હું એને કશું સુખ આપી શક્યો નથી અને હવે આપી શકવાનો પણ નથી. આ નક્કર હકીકત છે. મારી પાછળ ઝૂર્યા કરવાનો હવે કોઈ અર્થ ખરો? ક્યાં સુધી એણે મારી આ વેઠ કર્યા કરવી જોઈએ? બીજા કોઈ યોગ્ય યુવાન સાથે એણે હવે બહાર જવું જોઈએ. મનને પ્રફુલ્લિત રાખવું જોઈએ. મને એમાં ક્યાંય કશું અયોગ્ય દેખાતું નથી. મારી આ વાતથી લ્યુસી સમજ્યા વગર એકદમ છંછેડાઈ ઊઠે છે. ડૉક્ટર તમે કહો... મારી વાત જરાય અયોગ્ય છે?' કીથને બોલતાં બોલતાં હાંફ ચઢી ગયો. એ ચૂપ થઈ ગયો.

હું ફસાઈ ગયો. કોનો પક્ષ લઉં? બંને બાજુ લાગણીઓના ભડકા ઊઠતા હોય ત્યાં અંદર હાથ ક્યાં નાખવો? મારે બંનેને શાંત પાડવાં હતાં. હું કાંઈ બોલું તે પહેલાં લ્યુસી પાછી તાડૂકી ઊઠી :

'સાંભળ્યું? સાંભળ્યું... ડૉક્ટર તમે?

*વાસ્તવિકતાઓ તો ઘણી છે પણ સત્ય તો એક જ છે.*

સાંભળી તમે એની પ્રેક્ટિકલ વાત? મારી રાતદિવસની કાળજી, મહેનત અને એના પ્રત્યેના પ્રેમની એ કેવી કિંમત કરે છે? એને વેઠ કહે છે. મને કોઈ બીજા સાથે ફરવા જવાનું કહે છે. એને શરમ ના આવવી જોઈએ?' લ્યુસી હજુ ઉગ્ર જ હતી.

કોઈ ભારતીય પત્ની પતિના આવા શબ્દોથી અકળાય એ હું સમજી શકું છું. પણ લ્યુસી તો શુદ્ધ ગોરી અમેરિકન છે. એ પણ આટલી અકળાય! મને બહુ નવાઈ લાગી. ચાલો... એક ભ્રમ ભાંગ્યો! મનુષ્યના હૈયાની લાગણીઓને કોઈ પ્રાદેશિક 'કલ્ચર' સાથે સંબંધ નથી.

હું લ્યુસીને બાજુમાં લઈ ગયો.

'લ્યુસી, કીથના બોલવા ઉપર ધ્યાન આપીને તું નકામી શા માટે દુઃખી થયા કરે છે? એની શારીરિક અને માનસિક પીડા કેટલી છે એ તને ખબર નથી? આવી હાલતમાં આવું ન બોલે તો શું કરે? તું તો નર્સ છું. દર્દીની માનસિક હાલત પણ તારે સંભાળી લેવી જોઈએ ને? એના બોલવા ઉપર તું આટલી ઉગ્ર ના થઈશ. એથી શો ફાયદો છે?' લ્યુસીને જાણે મારી વાત ગળે ઊતરવા માંડી. એ શાંત પડી.

બંનેને શાંત પાડી થોડીવારે હું ઘરની બહાર નીકળી ગયો. ત્યાર પછીના બેત્રણ મહિનામાં કીથની હાલત સાવ બગડી ગઈ હતી. ઝાડો અને પેશાબ ઉપર પણ હવે કીથનો કાબૂ રહ્યો નહોતો. ટ્યૂબ મૂકીને પેશાબ કરાવવો પડતો હતો.

એક દિવસ લ્યુસી મારી ઑફિસમાં આવી. સાથે કીથનું વકીલનામું લાવી હતી.

'ડૉક્ટર, કીથ સતત કરગર્યા કરે છે કે મને ઘેનનું ઈન્જેક્શન આપીને આ જીવતા નરકમાંથી છોડાવો.... પ્લીઝ મને છોડાવો. ડૉક્ટર, કીથને હવે આ શરીર માત્ર ટકી રહે એવું જીવન સ્વીકાર્ય નથી.'

'લ્યુસી, તું કહેવા શું માંગે છે?'

'ડૉક્ટર, જીવનનો અંત લાવવામાં તમે એને મદદ કરો. એણે તમને એ માટે બોલાવ્યા છે.'

'લ્યુસી તારું મગજ તો ઠેકાણે છે ને? કાયદો તું જાણે છે ને? કાયદો મને પકડે અને મારી બરબાદી કરી નાખે! એવું કરાય નહીં. ધીરજ રાખ.'

'મારી ધીરજનો સવાલ નથી. હું તો એને માટે જીવનભર ધીરજ રાખવા તૈયાર છું. સવાલ છે કીથની ધીરજનો...'

'લ્યુસી, જીવનનો અંત લાવવામાં મદદ કરવી એ ગુનો છે. બહુ કપરું કામ છે. એ મારાથી નહીં થાય. ઉપરાંત તમારા બંને પ્રત્યે મારી લાગણીઓના તાંતણા પણ વીંટળાયા છે. એટલે એ વધારે કપરું બને છે. હું એ કદાપિ નહીં કરી શકું.'

નિરાશ થઈને લ્યુસી ચાલી ગઈ. એના ગયા પછી એક સવાલ મારા મનમાં વારંવાર પડઘા પાડવા લાગ્યો - આ રીતના અસાધ્ય રોગની પીડામાં દર્દીને પોતાના જીવનનો અંત આણવાનો અધિકાર નહીં? આ પીડામાંથી છૂટવા અંગે નિર્ણય લેવાનો એને વ્યક્તિગત અધિકાર નથી? સરકારી કાયદા - કાનૂન, સમાજ કે ધાર્મિક નેતાઓએ એમાં શા માટે આડા આવવું જોઈએ? સામે ચાલીને મૃત્યુને ભેટવું એ કાયરતા કહેવાય કે શૂરવીરતા?

યુથનેસિયા! અમેરિકા જેવા વૈજ્ઞાનિક દેશમાં પણ આ પ્રશ્ન કેવો ચકડોળે ચઢ્યો છે?

એ સાંજે હું પાછો લ્યુસીને મળવા એને ઘેર ગયો.

કીથ એની પથારીમાં હતો. લ્યુસી બાજુમાં બેઠી બેઠી એનો હાથ પંપાળતી હતી. મેં જોયું તો કીથના શ્વાસ અનિયમિત બની રહ્યા હતા. એની નાડીના ધબકારાને આધારે એનું બ્લડપ્રેશર પણ ઓછું થતું હોય એવું લાગ્યું. એ લગભગ અર્ધબેભાન અવસ્થામાં હતો. હું પરિસ્થિતિ સમજી ગયો. મેં એને ઢંઢોળ્યો.

'કીથ... કીથ... wake up... આ તેં શું કર્યું?'

હળવે રહી કીથે આંખ ખોલી.

'હાય ડૉક, આઈ એમ ગ્લેડ યુ કમ, આઈ ન્યૂ યુ વિલ નોટ આસિસ્ટ મી... સો...'

'સો... વ્હૉટ?' મારો અવાજ કંપતો હતો.

'આઈ મૅનેજ્ડ ટુ ડુ ઈટ માયસેલ્ફ... પ્લીઝ... ડૉન્ટ આસ્ક મી હાઉ.'

'બટ વ્હાય? કીથ, વ્હાય?' મારો આક્રોશ મેં ખાળી રાખ્યો.

'Because... Death is my birth right... Doc.' પાછી એની આંખો મીંચાઈ ગઈ. હું લાચાર બની જોતો રહ્યો.

આંસુભરી આંખે, વેદનાનો પથ્થર છાતી ઉપર મૂકીને લ્યુસી પણ વિદાય લેતા કીથને જોઈ રહી હતી. પોતે ફાર્માસિસ્ટ હતો એટલે મોર્ફિનનું ઈન્જેક્શન મેળવવામાં કીથને સહેજે તકલીફ નહીં પડી હોય. છેલ્લી ક્ષણો ગણી રહેલા, બેભાન કીથના માથા ઉપર વહાલથી હું હાથ ફેરવતો હતો. એના ઓશીકા નીચે મને કાગળના કવર જેવું કાંઈક દેખાયું. મેં એ બહાર કાઢ્યું. ઉપર લ્યુસીનું નામ હતું એટલે હાથ લંબાવીને મેં એ લ્યુસીને આપ્યું.

લ્યુસીએ બહુ આતુરતાથી કવર ખોલ્યું. અંદર લખ્યું હતું :

'ડિયર લ્યુસી,

....આઈ લવ યુ... ટેઈક કેર ઑફ યૉરસેલ્ફ... ગુડ બાય નાઉ...'

વાંચતાં જ લ્યુસીનો ખાળી રાખેલો ડૂમો છૂટી ગયો. મારા ખભે માથું ઢાળીને બેફામ રડી. ■

*(ડૉ. જયંત મહેતા અમેરિકાની ઈસ્ટ ટેનીસી સ્ટેટ યુનિવર્સિટીમાં મેડિસીનના પ્રોફેસર અને તજજ્ઞ પલ્મોનરી ફિઝિશિયન તરીકે સેવાઓ આપતાં આપતાં આવી હૃદયસ્પર્શી સત્યકથાઓ લખતા રહે છે. આ વાર્તા 'અશ્રુ ઝંખતી આંખો'માંથી સાભાર.)*

*જેને મરતાં મરતાં મૂકીને અવશ્ય જવાનું છે, તેને જીવતાં જીવતાં જ જે મૂકી દે તે મહાન.*

*જીવનને સમૃદ્ધ કરવા માટે અધ્યયન સહુથી સસ્તો અને સરળ રસ્તો છે.*

# બહેન! મારો "હેપ્પી બર્થ ડે" છે

• ડૉ. ઊર્મિલા શાહ •

'અરે અદિતિ! કેમ ત્યાં ઊભી રહી છે? અંદર તો આવ બેટા! તારે કંઈ કહેવું છે?"

'ના, પણ બહેન...'

'અરે! મૂંઝાય છે શું કરવા? જે હોય તે કહી દે ને! ત્યાં બારણા પાસે ઊભા ઊભા કંઈ થોડી જ વાત થશે! આમ અંદર આવીને વાત કરે તો કંઈ સમજ પડે ને?'

અને અદિતિ બીતી, કંઈક અંશે ગભરાતી મારી પાસે આવી. મને પગે લાગી અને બોલી : 'બહેન! આજે મારો 'હેપ્પી બર્થડે' છે એટલે હું ક્લાસમાં આપવા ચોકલેટો લાવી છું પણ બહેને મને ક્લાસમાં એ બધા છોકરાંઓને વહેંચવાની "ના" કહી અને કહ્યું કે "ઊર્મિબહેનની પરવાનગી લઈ આવ તો વહેંચવા દઉં" એટલે બહેન હું તમારી રજા લેવા આવી છું...મારો 'હેપ્પી બર્થડે' છે એટલે મારા પપ્પાએ મને આખા ક્લાસ માટે કેડબરી અપાવી છે. અત્યારે ન વહેંચું તો પછી ગરમીથી પીગળી જાય ને? પણ બહેન ના કહે છે.. બહેન! વહેંચવા દો ને? આવું શું કરો છો? બધાં છોકરાંઓને કંઈ હું પાર્ટીમાં તો લઈ જઈ ન શકું ને! એટલે જ મમ્મીએ ખાસ બધાં માટે આ કેડબરી મોકલી છે. મમ્મીએ તો આજે હોટલમાં આખો દિવસ માટે બુકિંગ કરાવ્યું છે, બહેન! અમે લંચ પણ ત્યાં જ લઈશું... પછી બધાં ત્યાં જ રમીશું... સાંજે પાર્ટી પણ ત્યાં જ રાખી છે. બહેન! મારા પપ્પાએ તો એવી સરસ કેક બનાવડાવી છે, તમે આવશો ને બહેન! મમ્મીએ ખાસ કહ્યું છે...તમારે તો આવવું જ પડશે' અદિતિ એટલા બધા ઉત્સાહથી આ બધું એકધાર્યું બોલ્યે જતી હતી.

પણ... મારું ધ્યાન એની વાત સાંભળવા કરતાં બીજી બાજુ ચકરાવે ચડ્યું હતું. એક તો આજે અદિતિ શાળાના નિયમ વિરુદ્ધ છુટ્ટા વાળ લઈને આવી હતી. સ્કૂલમાં છુટ્ટા વાળ લઈને આવવાની બંધી છે; કારણ કે આજે ટી.વી. અને ફિલ્મોની હિરોઈનોનું અનુકરણ કરવાનું આ દીકરીઓને ખૂબ ગમે છે. એમના જેવાં રૂપાળાં ને રૂપકડાં થવાનો એમને મોહ લાગે છે અને એટલે છુટ્ટા વાળ લઈને ન આવવું, તો'ય "વાળ ધોયા હતા", "પાર્ટીમાં જવાનું છે" એવાં બહાનાં હેઠળ બચાવ ચાલુ થઈ જાય. આટલાં નાનાં બાળકોને આ ઉંમરથી ટી.વી. અને ફિલ્મોના હીરો-હીરોઈનના છંદે કેવી રીતે ચડવા દેવાય? શું એ ફિલ્મનાં હીરો-હીરોઈન જ એમનાં રોલમોડેલ છે? કોઈ સારા યુગપુરૂષ કે સંતપુરુષ કે આપણે માબાપ એનાં રોલમોડેલ બની ન શકીએ? 'હું કોના જેવો થાઉં?' એ પ્રશ્ન આજનાં આ કિશોરોને - યુવાનોને સતત મૂંઝવે છે - એ આપણાં માબાપોના ધ્યાન પર છે ખરું?

માબાપ થવું બહુ સહેલું છે પણ સારાં અને સફળ માબાપ નીવડવું બહુ અઘરું છે. માત્ર પૈસા ખરચીને બહાર હોટેલમાં છોકરાંઓને આખો દિવસ મજા કરાવીને આપણે સંતોષ માનીએ કે 'મેં તો અદિતિની વર્ષગાંઠ કેવી સરસ રીતે ઊજવી! અરે! છોકરાં કરતાં કંઈ પૈસા વધારે છે! છોકરાં આખો દિવસ મજા કરે એનાથી રૂડું બીજું શું?'

પણ આ હોટલ કલ્ચર અને આપણા ઘરના કલ્ચરમાં ફેર કેટલો એ આપણે વિચારીએ છીએ ખરાં? ફાઈવસ્ટાર હોટલમાં ગમે તેટલી ભૌતિક સુવિધાઓ મળે પણ આપણા પોતાના ઘર જેવી "હાશ", 'શાંતિ', 'પ્રસન્નતા' ત્યાં મળે ખરી? ઘરની મીઠાશની તોલે કશું જ આવી શકે ખરું?'

અમે નાનાં હતાં ત્યારે વર્ષગાંઠને દિવસે પાંચ-દસ મિત્રોને મા ઘેર બોલાવે... બટાટાપૌંઆ, સુખડી જેવું હાથે બનાવેલું, પ્રેમથી તૈયાર કરેલો નાસ્તો કરાવે અને અમે એની જે મીઠાશ માણતાં, એની મીઠી યાદો આજેય વાગોળવી ગમે છે. ત્યારે આજે? આજે તો ભવ્ય પાર્ટીઓનો યુગ આવ્યો છે અને એટલે જ અદિતિ મારી પાસે બે કારણસર આવતાં ગભરાતી હતી. એક તો એના છુટ્ટા વાળ અને બીજું વર્ષગાંઠ હોય ત્યારે વર્ગમાં 'કોઈને કંઈ જ વહેંચવાની બંધી' કારણ સ્કૂલમાં તો એક જ વર્ગમાં પટાવાળાનું બાળક પણ ભણતું હોય અને અદિતિ જેવું ધનાઢ્ય માબાપનું બાળક પણ ભણતું હોય. અદિતિ ચોકલેટ વહેંચે એટલે પેલા પટાવાળાના બાળકને પણ એવું મન થાય. એ એનાં માબાપ પાસે એની વર્ષગાંઠ આવે, ત્યારે ચોકલેટ વહેંચવા જીદ કરે. એના બાપને તો બિચારાને ત્રણ સાંધતાં તેર તૂટતાં હોય. એની શી હાલત થાય? અને એટલે જ સ્કૂલમાં નિયમ કર્યો છે, આવી રીતે કશું જ વહેંચવાનું નહીં, સ્કૂલમાં તો ગરીબ અને તવંગર બધાં જ સરખાં. બાળકોને આપણે આ સમજાવવાનું છે, શીખવવાનું છે, માત્ર ભણતર જ નહીં ચાલે. પરીક્ષામાં માર્ક્સ ઓછા-વધતા આવશે તો ચાલશે પણ ખરું ઘડતર તો આ જ કરવાનું છે, એટલે જ હું માબાપોને સતત કહું છું : પૈસો કમાવો સહેલો છે, પણ જીરવવો અઘરો છે અને એ જીરવતાં તમારાં સંતાનને બાળપણથી જ શીખવજો, તમે પોતે જ તેનાં રોલમોડેલ બનજો. બાળક આપણે કહીએ તેમ નહીં, પણ આપણે કરીએ તેમ કરે છે.

*૨૫, પાર્શ્વ બંગ્લોઝ,*
*એસ.જી. હાઈવે, અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. : ૯૯૭૯૨ ૩૦૪૦૪*

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**
E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com
MFG. ST. STEEL UTENSILS

# દિલનું દર્પણ : રોજનીશીની સાખે – (૬)

પ્રકીર્ણ

● માવજી કે. સાવલા ●

● **શનિવાર, તા. ૫-૬-૧૯૯૩**

આજે ગુર્જયેફ વિશેના અંગ્રેજી પુસ્તક માટેનાં બે-એક વધુ પાનાં લખ્યાં. આજે નિર્મલને ત્યાં વાત નીકળી પડી પરફ્યુમ્સની, સેંટની, અત્તરોની! એ વિષયમાં મારી તો ઊંડી ચાંચ બૂડે! સુગંધી સ્નાન સાબુઓની પણ વાત નીકળી. હમણાં હું સુખડની સુગંધનો સ્પ્રે સેંટ વાપરું છું, એના પરથી જ વાત શરૂ થઈ. અરવિંદાશ્રમમાં શ્રી માતાજીનાં અનેક ફ્રેન્ચ પરફ્યુમ્સ રહેતાં. નિર્મલને મેં એમ પણ કહ્યું કે મારા ઘરમાં એક નાનકડી લેબોરેટરી હોવી જોઈએ જેથી માખી, મચ્છર, માંકડ વગેરેને દૂર રાખવા માટેની એવી ખાસ પ્રકારની સુગંધીઓ હું વિકસાવી શકું. કાળા રંગની કીડીઓની બાબતમાં હું આ પદ્ધતિમાં સફળ પણ થયેલો. કોણ જાણે આવી સાવ વ્યર્થ બાબતોમાં હું શા માટે તણાઈ જતો હોઈશ? કોઈક પ્રબળ કર્મો-સંચિત કર્મો જ શું મને પરાણે એ તરફ દોરી જતાં હશે? 'પ્રકૃતિ યાન્તિ ભૂતાનિ' એવું ગીતાવાક્ય યાદ આવે છે.

આરબ દેશોમાં પતિ બહારગામ-પરદેશ જાય તો પાછળથી પત્ની વ્યભિચાર ન કરી શકે એ માટે ખાસ પ્રકારનો પટ્ટો પત્નીને પહેરાવી જાય જેને તાળું મારી શકાય. એને વર્જિનિટી બેલ્ટ કહે છે. હે પ્રભુ, આ બધું શું છે? સ્ત્રીની આવી વિડંબના થવા દઈને કયે મોઢે તું પોતાને દયાળુ, કૃપાવાન કહેવડાવે છે?

આજે સોનગઢ-પાલિતાણાથી ટપાલમાં જ.માં. રવાણીનો એક પત્ર છે. મારે અગાઉ એમની સાથે કોઈ પરિચય કે પત્રસંપર્ક નથી એમના હાથમાં ક્યાંકથી મારું પુસ્તક 'સનાતન સમસ્યાઓ-ફિલસૂફની આંખે' આવ્યાનું લખે છે. એમના પત્ર અનુસાર મને જૈનદર્શનનું હાર્દ બરાબર સમજાયું જ નથી. તેઓ 'અનેકાંત' નામનું માસિક ચલાવે છે જે મને મોકલતા રહેશે અને પત્રસંપર્ક ચાલુ રાખવા ઈચ્છે છે. એમની વાત સાચી જ છે. કોઈપણ દર્શન કે ધર્મનું હાર્દ સમજાઈ જાય એ કંઈ સામાન્ય બાબત નથી. તેઓ જૈનોના એક ફિરકા કાનજી સ્વામીના અનુયાયી છે અને 'અનેકાંત' માસિક પણ કાનજી સ્વામીના મતનું પ્રવર્તક હોવાનું જણાય છે. એમને પ્રત્યુત્તર લખ્યો અને એમના સંપર્કને આવકાર્યો.

એક પત્ર સુરત જિલ્લાના કોસાડ ગામથી આવ્યો છે, મોનિકા ઝવેરીનો (નામ બદલ્યું છે.) તે બારમા ધોરણમાં ભણે છે અને સાથે ભણતા પોતાના મામાના પુત્ર ધીરજ (નામ બદલ્યું છે) સાથે ઘરમાં વારંવારના સંપર્ક અને એકાંત મળતાં પ્રેમપ્રકરણમાં આગળ નીકળી ગયાં છે. ધીરજ તો ધીરગંભીર છે પણ મોનિકાએ જ ભાવાવેશમાં એને પરાણે ખેંચ્યો છે. મોનિકાના સગપણની તૈયારીઓ ચાલે છે. મા-બાપ બન્ને મોડર્ન છે અને શિક્ષણક્ષેત્રે કામ કરે છે. 'હવે શું કરવું?' એવો પ્રશ્ન મને કર્યો છે. ત્રણ પાનાંનો પત્ર છે અને તાકીદે જવાબ માંગ્યો છે.

પુરુષે ૯૦ વર્ષની વૃદ્ધ સ્ત્રી સાથે પણ એકાંતમાં ન રહેવાની શાસ્ત્રાજ્ઞા છે અને એ માટેનાં દૃષ્ટાંતો પણ છે. વળી પતિ-પત્ની બન્ને નોકરી કરતાં હોય ત્યાં સંતાનો એક પ્રકારની ઉપેક્ષા અને એકલતા અનુભવે. રજપૂત જ્ઞાતિમાં અને મુસ્લિમોમાં તો ખાસ મામા-ફોઈનાં સંતાનો વચ્ચે જ સગપણ થાય, પરંતુ હિંદુઓમાં એ સગોત્ર વિવાહ જ ગણાય. હિંદુઓમાં સગોત્ર વિવાહનો નિષેધ છે.

સાંજે એક મિત્ર આવ્યા. એકલા જ છે અને દાયકાઓથી માત્ર સાધના જ કરે છે. ગાંધીધામમાં બંગલો-ફ્લેટ હતાં તે કાઢી નાખ્યાં. મુંબઈમાં ફ્લેટ લીધો. મુંબઈની રાજકીય પરિસ્થિતિઓ, બોંબ ધડાકાઓ વગેરે દૃષ્ટિએ કોઈકવાર ઓચિંતું મુંબઈ છોડવું પડે તેથી તીથલ ખાતે એક ફ્લેટ રાખવાનું વિચારે છે.

સલામતીની દોડનો અંત જ નથી. જ્યાં એક પળનો પણ ભરોસો નથી ત્યાં કોણ જાણે માણસ યોજનાઓ ઘડતો જ જાય છે. અનવરભાઈએ સંભળાવેલ પ્રસિદ્ધ ઉક્તિ 'ભરોસા પલ કા નહીં, સામાન સૌ બરસ કા' યાદ આવી. હું પોતે પણ ક્યાં હજી અસલામતીના ભયથી મુક્ત થયો છું?

સોનગઢના જ. મા. રવાણીને તેમજ મોનિકાને પ્રત્યુત્તર લખવા હું દુકાને ઉપરના રૂમમાં જ ગયો. ખાસ કરીને વૈખરીને પત્ર લખવા વિક્ષેપ વગરનું વાતાવરણ જોઈએ. 'મોનિકાને સલાહ આપનાર હું કોણ?' એવો પ્રશ્ન મને થાય જ, પણ આશા અને વિશ્વાસપૂર્વક મને લખ્યું તો બે શબ્દો વ્યવહારૂ ડહાપણના અને મારી શુભેચ્છાઓના થોડાક શબ્દો લાગણીથી લખ્યા.

● **રવિવાર : તા. ૬-૬-૧૯૯૩**

સામાન્ય રીતે સાપ્તાહિક પૂર્તિઓમાંની કોલમ વાંચતો નથી પણ આજે 'સંદેશ' માં વિનોદ ભટ્ટની 'ઈદમ તૃતીયમ્' વાંચી. પંડિત રવિશંકરના ભારત ત્યાગ વિશે એમણે ભારે માર્મિક અને વેધક રીતે લખ્યું છે. કહેવાનું અને ન કહેવાનું બંને એમણે એમાં કહી દીધું છે. એક પારંગત કલાકારના આંતરજીવનની સમૃદ્ધિ કે વૈચારિક પરિપકવતાનાં દર્શન દુર્લભ થતાં જાય છે. કલાકાર અને બજાણિયા કે મદારીમાં ફેર ક્યાં શોધવો? ટોચના કલાકારો રાષ્ટ્રપતિ ભવનના મહેમાનોનું મનોરંજન કરે અને બજાણિયા કે મદારી રસ્તે ચાલતા સામાન્યજનોનું! વળી કોઈ ટોચના 'રાજનેતા' ગુજરી જાય ત્યારે 'મરશિયા' ગાવા-વગાડવાની આ કલાકારને તક મળે એમાં પણ પોતાનું સન્માન અને સ્ટેટસ માને.

*સ્ત્રીઓનું સન્માન કરો. તે આપણા પાર્થિવ જીવનને સુગંધિત અને સુંદર બનાવે છે.*

સાંજે રામજીભાઈ, જુસબભાઈ, કાંતિ મામતોરા આવ્યા અને મોડેથી લખીરામ અને દુર્ગાલાલ વેગડ આવ્યા. લખીરામે એક સુંદર વાત કહી. કોઈપણ પ્રવૃત્તિ (પછી રોટરી હોય કે કોઈ સેવાસંસ્થા કે મંદિર સંસ્થા હોય) માં Involve થવું સહેલું છે પણ પછી એ ફસામણ થઈ પડે છે અને એમાંથી બહાર નીકળવા માટે ભારે સંઘર્ષ કરવો પડે. પછી લખીરામે કહ્યું, 'આ ગામમાં મનોવૈજ્ઞાનિક સલાહની એકપણ દુકાન (!) નથી. એને પોતાને આવી હાટ માંડવાનું મન દેખાય છે અને બોર્ડ પર શું શું લખવું એની વિચારણા કરવા મંડી પડ્યા! પછી મને કહ્યું કે 'તમે આવું કાંઈક કરો.' મેં આ વિષયની ગંભીરતા અને જવાબદારી તરફ મિત્રોનું ધ્યાન દોર્યું. વળી લખીરામને તો મોઢે જ કહ્યું કે "તમને તો ઘરસંસારનો કે દુનિયાદારીનો કશો અનુભવ પણ નથી એટલે આવા આંતરિક સંઘર્ષો કે મૂંઝવણો વિશે ક્યાંથી સલાહ આપી શકો?"

મેં રામજીભાઈને સુરત જિલ્લામાંથી આવા વિષયના મારી પર આવતા પત્રોની વાત કરી. Academic પૂરતો બેકગ્રાઉન્ડ અને અન્ય ઘણીબધી સજ્જતા હોવા છતાં આવા ક્ષેત્ર કે વ્યવસાય પ્રત્યે મારી સ્પષ્ટ નાપસંદગી – અનિચ્છા સમજાવી.

- **સોમવાર, તા. ૭-૬-૧૯૯૩**

રાત્રે ઊંઘ મોડી આવી હોય કે ઓછી આવી હોય તે દિવસે ઊલટાનું વહેલું કે સમયસર જ ઊઠી જવાનું થાય. આજે મનીષાને એના પત્ર નં. ૧૩ નો પ્રત્યુત્તર લખ્યો. આજના પત્રથી ક્રમાંક નં. ૧ આપીને મેં પણ એના ઉપરના પત્રોને નંબર આપવાનું રાખેલ છે. આને કારણે સંદર્ભ આપવામાં સરળતા રહે છે. મનીષાએ પત્રના આરંભે જ 'ગરીબદાસજી' નું એક પદ ઉદ્ધૃત કર્યું છે.

*"સાત સરગ આસમાન પર, ભટકત હૈ મન મૂઢ;*
*ખાલિક તો ખાયો નહીં, ઈસી મહલમેં ઢૂંઢ."*

મને આવું બધું ખૂબ સુંદર અને પ્રેરક લાગે છે પણ હું મનને ભટકવા જ દઉં છું. ખાલિકને - માલિકને અંદર કે બહાર શોધવાની એવી તીવ્ર ભૂખ જાગી નથી. કાં તો એ ખાલિક ડગલે-પગલે, પ્રતિક્ષણે આસપાસ જાણે કે મોજૂદ જ હોય એવો પણ અનેકવાર અહેસાસ (કે ભ્રમ) થતો રહે છે એટલે કદાચ એને શોધવાની તીવ્રતા નથી. 'ભગવાન દયાળુ છે' એવા ઉદ્‌ગારો મારા હૈયામાંથી વધુને વધુ સખત નીકળતા રહે છે. બાહ્ય રીતે કેટલીકવાર હળવી હસી-મજાકરૂપે પણ એ વખતે સુધ્ધાં અંદરથી હું ગંભીર હોઉં છું. મિત્રોને કેટલીકવાર હું કહેતો હોઉં છું કે "હું જે કંઈ મજાકમાં કહું એને તમારે ગંભીરતાથી લેવું અને ગંભીરપણે જે કહું એને હળવાશમાં લેવું!'

મારાં શ્રીમતી ઘણું કરી આજે અથવા આવતીકાલે ફરાદીથી આવી પહોંચશે. આજે પૂરા સાત દિવસ થયા. એકાદ દિવસ માટે પણ તેઓ ક્યાંક બહારગામ જાય તો મારું મન એક ઘેરી ઉદાસીથી ભરાઈ જાય અન એક અસીમ એકલતા અને શૂન્યતા અનુભવું. ઘર જાણે કે ખાવા ધાય. છતાં વ્યવહારમાં તો આવા પ્રસંગો આવતા જ રહેવાના. હું અનેકવાર એમને ગંભીરપણે કહેતો રહું, "મને છોડીને તું આમ જા નહીં. મારાથી દૂર ન થા..." આ તે મારી કેવી બાલિશતા? આઠ-દસ દિવસ માટે તેઓ બહારગામ ગયાં હોય ત્યારે રોજ દિવસો ગણતો રહું- 'હવે બાકી સાત દિવસ, હવે છ દિવસ, હવે બાકી પાંચ દિવસ...' અને છેલ્લા એક બે દિવસ તો કલાકો ગણતો રહું.

નિર્મલને ત્યાં નાનાલાલે ફરી મને કલર ટીવી ખરીદવા પ્રેમાગ્રહ કર્યો. "એવા કલાત્મક સુંદર કાર્યક્રમો આવે છે-પ્રકૃતિનાં રંગબેરંગી દશ્યો-તમે તમારી પૌત્રીને એ બધાથી વંચિત રાખી ગુનો કરો છો." આવું એમનું લાગણીભર્યું મંતવ્ય હતું. એમનો આગ્રહ ભારે તીવ્ર હતો.

આંતરિક અને માનસિક સ્વતંત્રતા માટે આર્થિક નચિંતતા પ્રથમ શરત છે અને આર્થિક નચિંતતાની પ્રથમ શરત સાદગીપૂર્ણ કરકસરભર્યું જીવન. મારા પરિવારમાં પણ કોઈને ટીવી કાર્યક્રમો જોવાનો ઝાઝો ઉત્સાહ નથી - ન તો કલર ટીવી ખરીદવાનો કોઈનો આગ્રહ. વળી અમે તો ૧૨ કલાકની દુકાનદારીમાં રચ્યાપચ્યા જીવ. થોડું ઘણું લેખનવાંચન થઈ શકે છે એ સમય પર જ પછી તો કાપ પડે અને વધુમાં રસપ્રદ કાર્યક્રમો જોતાં ઊંઘ પર પણ કાપ પડે; એટલે લાંબે ગાળે તબિયત પર વધારાનો ઘસારો. કદાચ જ્યારે પણ કલર ટીવી ખરીદીશ તો એમાં નાનાલાલનો પ્રેમાગ્રહ મુખ્યત્વે કારણભૂત હશે.

દુકાને પહોંચીને છાપાંઓ પર નજર ફેરવી. મનીષાને લખેલ પત્ર એક સ્વનિર્મિત આકર્ષક કવરમાં બીડ્યો. આજની ટપાલમાં મંજુ ઝવેરીનો પત્ર છે, સાથે 'બુદ્ધિપ્રકાશ' માં છપાયેલ રમેશ ભટ્ટની 'નીરખ ને' પુસ્તકની સમીક્ષાની off-print એમણે બીડી છે. ભાવનગરથી સુધીર ભટ્ટનો પત્ર છે જેમાં રાવજી પટેલની ડાયરી 'ઝંઝા' નો ઉલ્લેખ છે. જીંથરી ખાતેની ટી.બી. હોસ્પિટલમાં સારવાર દરમ્યાન રાવજી પટેલે એ ડાયરી લખેલ એમ સુધીર ભટ્ટ લખે છે. હું એ ડાયરીથી અજાણ જ હતો. જો કે સાંપ્રત સાહિત્યનો મારો સંપર્ક આમ ઓછો જ છે. અક્ષરભારતી (ભુજ) નો પત્ર છે. 'એટ્ટીની રોજનીશી' ની છૂટકમાં ૫૦ નકલો વેચાઈ હોવાનું લખે છે. હજી તો અખબારોમાં (કચ્છનાં) ક્યાંયે રિવ્યૂ નથી છપાયા અને ભુજમાં જ ૫૦ નકલ છૂટક વેચાઈ જાય એ તો ભારે આશ્ચર્ય જ લાગે.

આજે બપોરે ૩.૩૦ વાગ્યે રિસેસમાં રમણીકભાઈ આવવાના છે એવા સમાચાર ઈસ્માઈલે આપ્યા. બપોરે જમીને આરામ કરીને ૩.૧૫ વાગ્યે દુકાને પહોંચ્યો. 'નીરખ ને' વિશે હું લેખ લખવાનો હતો તે હવે નહીં લખાશે એ વાત રમણીકભાઈને કરી. આમ પણ હવે આ રોજનીશી સિવાયની લેખન પ્રવૃત્તિથી અળગા રહેવાનું જ વિચાર્યું છે. વળી ડિક્ટેશન લેનાર પણ કોઈ નથી. 'નીરખને' (મંજુ ઝવેરી) જેવા પુસ્તક વિશે લેખ લખવામાં તો ઘણાંબધાં સમયશક્તિ જોઈએ અને છતાં એ પુસ્તકને પૂરેપૂરો ન્યાય ન જ આપી શકાય એવું એનું વિસ્તૃત ફલક છે અને ઊંડાણ પણ છે.

**(અનુ. : જુઓ પાના નં.-૬૬ ઉપર)**

*કાંઈ પણ ન મેળવવાની ઈચ્છા રાખનાર જ બધું પામે છે.*

ફ્લેશ ચેનલ

# ફ્લેશ ચેનલ

• દિનેશ મહેતા •

## તાજમહલ પરિસરમાં વાઈ-ફાઈ સેવા શરૂ

તાજમહલના પરિસરમાં વાઈ-ફાઈની સુવિધા સંદેશા વ્યવહાર અને આઈ.ટી. મંત્રી રવિશંકર પ્રસાદે તાજેતરમાં કાર્યાન્વિત કરી હતી. અને આ સાથે તાજના મુલાકાતીઓ તેમની પહેલી ત્રીસ મિનિટ વિનામૂલ્યે આ સુવિધાનો લાભ લઈ શકશે. તે પછી આ સેવા પેઈડ બેઝિસ પર સુલભ રહેશે. જે માટે વિવિધ મૂલ્ય વર્ગમાં સબસ્ક્રિપ્શન પ્લાન ઉપલબ્ધ છે. ડિજિટલ ઈન્ડિયા પ્રોગ્રામના અંતર્ગત ભારત સરકાર દસ લાખથી વધુ વસતિવાળા શહેરો અને પ્રવાસન મથકોને વાઈ-ફાઈ હોટસ્પોટ તરીકે સક્ષમ બનાવવાની દિશામાં કાર્યરત છે.

## એક લાખની ખરીદી પર પાનકાર્ડની દરખાસ્ત મોકૂફ

કેન્દ્ર સરકાર દ્વારા રૂા. એક લાખ કે એનાથી વધુની રોકડ ખરીદી વખતે ગ્રાહક પાસેથી પાનકાર્ડના આધારો લેવાનું ફરજિયાત બનાવતી દરખાસ્ત હતી, જે ગ્રામ્ય તેમજ નાના કેન્દ્રના સોના-ચાંદીના વેપારીઓ માટે મુશ્કેલી સર્જક બની શકે એમ હોવાથી જેમ્સ એન્ડ જવેલરી ફેડરેશન દ્વારા કેન્દ્રીય નાણાંમંત્રી સમક્ષ રજૂઆત કરી હતી. જેને પગલે સરકારે આ દરખાસ્ત હાલના તબક્કે મોકૂફ રાખી ફેરવિચારણા કરી રહી છે, એમ જાણવા મળ્યું છે.

## સંસદમાં કેવા શબ્દો ન બોલવા જોઈએ?

આપણી સંસદમાં શું ન બોલી શકાય અને ખાસ કરીને કેવા શબ્દો બોલવા ન જોઈએ તેનાં ચોક્કસ નિયમો છે. જ્યારે આવા શબ્દો બોલવામાં આવે છે ત્યારે ગૃહના અધ્યક્ષ તે શબ્દોને ગૃહના સત્તાવાર રેકર્ડમાંથી કાઢી નાખવાનો આદેશ આપે છે. છેલ્લા એક વર્ષ દરમિયાન બોલાયેલા અને સત્તાવાર રીતે રેકર્ડમાંથી કાઢી નાખવામાં આવેલા શબ્દોમાં જ્યારે એક સાંસદે 'હિટલર' શબ્દનો ઉપયોગ કર્યો ત્યારે તે 'ઉતારી પાડતો' શબ્દ હોવાથી રદ કરવામાં આવ્યો હતો. જ્યારે કોઈએ મધર ટેરેસા અને શાહરુખ ખાનનો ઉલ્લેખ કર્યો હતો ત્યારે તે શબ્દોને 'અજાણ્યાના ઉલ્લેખ' ગણીને કાઢી નાખવામાં આવ્યા હતા. આ રીતે ઇંદીરા ગાંધીના ઉલ્લેખને પણ 'માજી વડાપ્રધાન સામે આક્ષેપાત્મક' ગણીને કાઢી નાખવામાં આવ્યા હતા. માત્ર શબ્દોને જ નહીં પણ કેટલાક વાક્યો અને અભિવ્યક્તિઓને પણ બિનસંસદીય હોવાના મુદ્દે સંસદના રેકર્ડમાંથી કાઢી નાખવામાં આવે છે. આમાંના કેટલાક શબ્દો છે 'નાજાયદ ઔલાદ, ધોખા, ધોખેબાજ, નંગે, દલાલ, જૂઠ ઔર ફરેબ, જૂઠા, ચોર, ફીસ, જોકરો, ચમચો, હેરાફેરી, લૂંટ કી છૂટ, બેશરમ' જેવા અનેક શબ્દો લોકસભામાં બોલાયા હતા અને રદ કરવામાં આવ્યા હતા.

## તત્કાલ બુકિંગ સમયમાં ફેરફાર : ૫૦ ટકા રિફંડ

તત્કાલ ટિકિટના બુકિંગનો સમય રેલવેએ બદલાવ્યો છે. નવા સમયપત્રક મુજબ વાતાનુકૂલિત વર્ગો માટેનું બુકિંગ ૧૦ વાગે શરૂ થઈ ૧૧ વાગે બંધ થઈ જશે. જ્યારે બિન-વાતાનુકૂલિત વર્ગો માટેનું બુકિંગ ૧૧ વાગે શરૂ થઈ ૧૨ કલાકે બંધ થશે. ઉપરાંત કન્ફર્મ્ડ તત્કાલ ટિકિટો પર રેલવે અત્યાર સુધી કોઈ રિફંડ આપતું ન હતું. હવે પછીથી ૫૦ ટકા રિફંડ આપવામાં આવે તેવા અહેવાલ મળે છે. પ્રીમિયમ ટ્રેનોનું બુકિંગ ઓનલાઈન થશે જ્યારે તત્કાલ સ્પે. ટિકિટ રેલવે ટિકિટ કાઉન્ટર અને ઓનલાઈન ઉપલબ્ધ રહેશે.

## તબીબે મોટા અક્ષરે લખવી પડશે દવા

કેન્દ્ર સરકારે દવાઓના નામ કેપીટલ લેટર્સ (પહેલી એબીસીડી)માં જ લખવાનો નિયમ ઘડવા માટેનો તખતો તૈયાર કરી લીધો છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય, મેડિકલ કાઉન્સિલ ઑફ ઈન્ડિયાના ધારાધોરણો હેઠળ એક રાજપત્રિત જાહેરનામું જારી કરશે, જેના દ્વારા દવાના નામ કેપીટલ લેટર્સમાં અને વાંચી શકાય તેવી રીતે લખવા ફરજિયાત બનાવાશે. આ સાથે જેનરિક સ્વરુપના ઉલ્લેખને પણ ફરજિયાત બનાવતું જાહેરનામું મંત્રાલય દ્વારા તુરતમાં જ જારી કરાશે.

*(વર્તમાનપત્રો પર આધારિત)*

*જિંદગી મળવી એ નસીબની વાત છે.*
*મૃત્યુ મળવું એ સમયની વાત છે.*
*પણ મૃત્યુ પછી પણ કોઈના હૃદયમાં જીવતા રહેવું એ જિંદગીમાં કરેલા કર્મની વાત છે...*
*પોતાના વગર દુનિયા અટકી પડશે એવું માનનારાઓથી કબરો ભરેલી છે. કોણ કહે છે, ભગવાનના ઘરે અંધેર છે.*
*સુખ અને દુઃખ તો ઈશ્વરની પ્રસાદી છે. બાકી તો માનવીની સમજ સમજમાં ફેર છે.*

*આપણે પવનની દિશા ન બદલી શકીએ પણ તે મુજબ આપણી નાવ ફેરવી શકીએ.*



# બાલુડેં જયું ગાલિયું

સંકલન : ગુલાબચંદ ધારશી રાંભિયા

## બચુડો

અધા : પુત્તર બચુડા?

બચુડો : કો અધા કુરો કમ આય?

અધા : પાંજે સામે જે ફ્લેટમેં જેઠાકાકા રેંતા સે અજ અનીંજે પોતરે ટપુડે કે ભણાયલા વઠા વા ને સવાલ પુછ્યાતે ને રાજી થ્યા તે પણ પોય છેલ્લો સવાલ પૂછે પ્યા પોતરે કે બ તમાચા ઠોકે ડેંના. સે ઇં કુલા ક્યાં સે જરા તપાસ કરેને ચો.

બચુડો : (તપાસ કરે ને ચેં) જેઠાકાકા ટપુડે કે ભણાયેલા વઠા તેર પુછ્યાં... ૨ ને ૨ કતરા થીયે? ટપુડો ચેં ચાર. પોય પુછ્યાં ચાર પુઆ કોરો અચે?... તડેં ટપુડો ચેં પંજ, છ, સત્ત, અઠ... તેં પુઆ કુરો અચે? તડેં ટપુડો ચેં નો... ડો... જેઠાકાકા રાજી થ્યા ને ટપુડે કે શાબાશી ડેના. પણ પોય પુછ્યાં ડો પુઠિયા કોરો અચે? તડે ટપુડો ચેં ગોલો... રાણી... ભાછા... ઇ સુણે ને જેઠાકાકા જે મગજજી કમાન છટકઈ ને ટપુડે કે બ તમાચા ઠોકે ડેંના.

## ખિલજા મ ભલા

શ્રેય : આકાશ કેટલું પણ ઊંચું હોય
નદીઓ ખૂબ જ ઊંડી હોય
રસ્તાઓ ખૂબ ખૂબ લાંબા હોય....

શિક્ષક : આ બધાથી તારે કોઈ લેવાદેવા નથી. તું અભ્યાસમાં ધ્યાન આપ.

☺ ☺ ☺ ☺ ☺

જમના : આજે તો હું પાંચ રૂપિયામાં ત્રણ ટામેટા લઈ આવી.

જગુ : ના હોય...! આટલાં સસ્તાં કેવી રીતે મળ્યાં?

જમના : લારીવાળાએ એક ટામેટાના પાંચ રૂપિયા લીધા. એટલે બીજું ટામેટું મેં લારીમાંથી ઉઠાવી લીધું અને ભાગવા માંડી. એટલે લારીવાળાએ એક ટામેટું છુટ્ટું ફેંક્યું મને મારવા. પણ તે પણ મેં હાથમાં ઝીલી લીધું અને ઘરે આવી ગઈ.

☺ ☺ ☺ ☺ ☺

શિક્ષક : કેમ મનિયા પાંચ દિવસ પછી આજે તું સ્કૂલમાં આવ્યો. ક્યાં હતો?

મનિયો : સાહેબ મને બર્ડ ફ્લુ થયો હતો.

શિક્ષક : ડફોળ, બર્ડ ફ્લુ માણસોને થોડો થાય છે?

મનિયો : તમે મને માણસ માન્યો જ ક્યારે છે. રોજરોજ તો વર્ગમાં મરઘો બનાવો છો!

☺ ☺ ☺ ☺ ☺

જુહારમલ : અરે રામલાલજી... બહુ વર્ષે મળ્યા. તબિયત તો સારી છે ને? અને હાં... પપ્પુ અને મુન્ની કેમ છે? શું કરે છે?

રામલાલ : તબિયત તો એકદમ સારી છે. પપ્પુ તો પાસ થઈ ગયો પણ મુન્ની બદનામ થઈ ગઈ

☺ ☺ ☺ ☺ ☺

ભિખારી : શેઠાણી બા... કાંઈક ખાવાનું આપો. બે દિવસથી ભૂખ્યો છું.

શેઠાણી : બે મિનિટ ઊભા રહો.

ભિખારી : ભાગવું પડશે... આ તો મેગી બનાવવા ગઈ લાગે છે...

☺ ☺ ☺ ☺ ☺

સોનાલી : આ મેગી ઉપર પ્રતિબંધ મુકાયો... સારું થયું... છોકરાઓનું આરોગ્ય નહીં બગડે.

મોનાલી : હવે સરકારે ફેર એન્ડ લવલી પર પણ પ્રતિબંધ મૂકવો જોઈએ.

સોનાલી : કેમ, એમાં શું નુકસાનકારક છે?

મોનાલી : કેટલા વખતથી છ અઠવાડિયાં - છ અઠવાડિયાં એમ લગાવતાં લગાવતાં હું ચાલીસની થઈ ગઈ પણ હજુ પણ કાંઈ ફરક પડ્યો નથી. એવી ને એવી કાળી જ છું.

☺ ☺ ☺ ☺ ☺

દારૂડિયો : દારૂ તો એમ જ બદનામ છે.

ડૉક્ટર : ખરી વાત છે.

દારૂડિયો : પણ મારું લિવર તો દારૂથી નહીં મેગીથી ખરાબ થયું છે.

☺ ☺ ☺ ☺ ☺

ધનજી : બોલ મનજી, તારા બાપા ખેતી કરે છે તો ખેતરમાં શેનું ઉત્પાદન કરે છે?

મનજી : ઘઉં, જુવાર, બાજરી, ડાંગર, કપાસ....

ધનજી : (વિસ્મય પામીને) આ બધું તો ઠીક છે પણ કિસાન જામ કેમ નથી બનાવતા....?


☺ ☺ ☺ ☺ ☺

ચિન્ટુ : લ્યો આ ૫૦૦ રૂપિયાની નોટ પકડો ને મને ૧૦ રૂપિયાવાળી બાલાજી વેફર આપો.
(વેપારી નોટને આગળ - પાછળ પાંચ-છ વાર ફેરવીને.... ધારી ધારીને જોવા લાગ્યો.)

ચિન્ટુ : જોઈ લ્યો - જેટલીવાર ધારી ધારીને જોવું હોય એટલીવાર જોઈ લો... પણ આ નોટમાં ગાંધીજી જ દેખાશે કરીના દેખાવાની નથી.

*૮/૨૬, ગંગામણિ ફ્લેટ્સ, વસંતનગર સોસાયટી, ગોપાલચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. ફોન : ૨૫૪૬૮૧૬૦*

*સફળ થવા માટે મહાન કાર્ય કરો, મહાન વિચારો અને મહત્ત્વનું બોલો.*




## પંચામૃત ભવન અને પર્યાવરણ

ગાંધીનગર ખાતે પંચામૃત ભવનના નિર્માણ માટે અઢારથી વીસ હજાર વૃક્ષોનું નિકંદન થવાનું હતું, જેનાથી વ્યથિત થઈને પર્યાવરણ પ્રેમીઓએ આંદોલન શરૂ કર્યું અને તે સફળ થયું. હાલ પૂરતો સરકારે આ પ્રોજેક્ટને મુલતવી રાખેલ છે. ખૂબ ખૂબ અભિનંદન પર્યાવરણ પ્રેમીઓને.

પરંતુ શું આવો જ એક શુભ વિચાર પર્યાવરણ માટે ન કરી શકાય? પ્રહ્લાદે તો માત્ર એક હોળી પ્રગટાવી અને તે અમર થઈ ગયો. પરંતુ આપણે તેની યાદમાં દર વર્ષે શહેરે શહેરમાં, ગામેગામમાં, લત્તે લત્તામાં અને શેરીએ શેરી તથા પોળોમાં ચારેબાજુ હોળીના પવિત્ર પર્વ સ્વરૂપે હજારો મણ લાકડાંની આહુતિ આપીએ છીએ, એમાં થોડો ઘણો સુધારો ન થઈ શકે? ઓછાં લાકડાંથી કે ઓછી જગ્યાએ હોળી ન પ્રગટાવી શકીએ? લાકડાંની શક્ય તેટલી ઓછી આહુતિ આપી પર્યાવરણ પ્રેમી ન બની શકીએ? હવે તો સ્મશાનમાં લાકડાંને બદલે ગેસ / વીજળી દ્વારા શબને જલાવવામાં આવે છે. તો આ બાબતે આપણે એક કદમ આગળ ન વધી શકીએ? અને આમેય વનસ્પતિમાં જીવ છે તેવું તો વૈજ્ઞાનિકોએ સાબિત કર્યું જ છે. આમ, વૃક્ષોને અને જીવોને અભયદાન આપી પર્યાવરણ તરફ એક વધુ ડગ માંડીએ. કુદરતને બચાવવાનો પણ આનંદ મળશે. આમાં કોઈ ધાર્મિક લાગણી પર પ્રહાર નથી. માત્ર વિચાર કરી અમલ કરવાનું સૂચન છે.

*નીતિન સંઘવી - ગાંધીનગર*

★

## નાપાસ થનારને પ્રોત્સાહન આપવું જરૂરી

દસમા અને બારમા ધોરણના બોર્ડની પરીક્ષાઓનાં પરિણામ આવી ગયા. ઘણાને સારા માર્ક મળ્યા. બીજા ઘણાને ઓછા માર્ક મળ્યા, તો ઘણા નાપાસ થયા.

જેને વધુ માર્ક મળ્યા હોય તે ખુશ થાય — વડીલો વિશેષ ખુશ થાય એ તદ્દન સ્વાભાવિક છે. અને જેને વધારે માર્ક મળ્યા હોય એવા 'તેજસ્વી તારલા'ઓનું વિવિધ જ્ઞાતિમંડળો કે ધર્મ સંપ્રદાયના અગ્રણીઓ દ્વારા સન્માન કરવાની આપણી જૂની પરંપરા છે. સારી વાત છે.

સવાલ એ પેદા થાય છે કે જેને ઓછા માર્ક મળ્યા છે અને જે નાપાસ થયા છે એમનું શું? હવે આપણે બધા જ (જી હા, બધા જ) જાણીએ છીએ કે ઉત્તરવહી તપાસનારા આડેધડ માર્ક આપતા હોય છે — બરાબર તપાસીને નિયમ મુજબ માર્ક આપનારા તપાસનીશો લગભગ હવે નથી. એટલું જ નહીં પણ કેટલાક તપાસનારા બિલકુલ ઉત્તરવહી ખોલ્યા કે વાંચ્યા વગર જ ઉચ્ચક ગમે તે આંકડાના માર્ક આપી દે છે. માન્યામાં ન આવે એવી ગેરરીતિ અને ભ્રષ્ટાચાર શિક્ષણ ક્ષેત્રે અને પરીક્ષા વિભાગોમાં ચાલી રહ્યો છે. **આવા સંજોગોમાં વધારે માર્કની તેમજ ઓછા માર્કની વિશ્વસનીયતા કેટલી?** વધુ કે ઓછા માર્ક મળવા એ જાણે નસીબનો ખેલ હોય એમ તંત્ર ચાલી રહ્યું છે.

ખેર, આપણે સૌ લાચાર છીએ. જે જાહેર થાય તે સ્વીકારી લેવું પડે છે. બરાબર જાણીએ છીએ કે વધુ માર્ક મેળવનારા અનિવાર્યપણે હોંશિયાર છે જ એમ નથી અને ઓછા માર્ક મેળવનારા બધા ઠોઠ નથી જ.

ભલે 'તેજસ્વી તારલાઓ'નું સન્માન થાય, એમાં કોઈ જ વાંધો ન હોય. પણ જે ઓછા માર્કવાળા નિરાશ થયા હોય, હતાશ થયા હોય, જેના વડીલો વિશેષ હતાશ થયા હોય, જે લોકો પોતાના વાંકે નહીં પણ ઉત્તરવહી તપાસનારની બેદરકારી અને બેજવાબદારીને કારણે વધુ માર્ક મેળવી શક્યા ન હોય એવા લોકો માટે આપણા જૈન સમાજના મોવડીઓએ કશુંક વિચારવું જોઈએ.

ઓછા માર્ક મેળવનાર અને નાપાસ થનાર તમામ વિદ્યાર્થી - વિદ્યાર્થિનીઓને આપણા સમાજના ભવન પર નક્કી કરાયેલા દિવસે આમંત્રણ આપીને બોલાવવાં જોઈએ અને શિક્ષણ ક્ષેત્રના તથા સમાજવિદ્યાના નિષ્ઠાવાન વિદ્વાનને બોલાવીને તેમના દ્વારા તે બધા હતાશ દીકરા - દીકરીઓનું કાઉન્સેલિંગ થવું જોઈએ, એમને હિંમત આપવાનું તથા જરાપણ નિરાશ કે હતાશ થવાનું કોઈ જ કારણ નથી એવું તેમના મનમાં પ્રવેશે અને **તેમની હતાશા દૂર થાય એવો પ્રયત્ન થવો જોઈએ.**

સફળતાને તો સૌ વખાણશે પણ તત્પુરતી - **ટેમ્પરરી નિષ્ફળતાને પણ હિંમતથી જરાય નિરાશ થયા વગર એનો સામનો કરવો - વધુ મહેનત કરવી, શ્રધ્ધા રાખવી, એ સમજાવવાની ખૂબ જરૂર છે એવું મને લાગે છે.**

આપણો 'કચ્છી જૈન સેવા સમાજ' આ બાબતમાં જરૂર ગંભીરતાથી વિચારે અને જો કાંઈક થઈ શકે એવું હોય તો જરૂર જરૂર કરે એવી અપેક્ષા છે.

આપણા બાળકો હિંમત હારી જાય તે ચલાવી ન લેવાય. તેમને કહો કે "બચ્ચાંઓ, નાપાસ થવાથી શરમાવા જેવું કશું જ નથી. જગતમાં ભલભલા ધુરંધરો એકવાર નહીં પણ વધુ વાર નાપાસ થયા છે અને એવા ધુરંધરોની યાદી ખૂબ લાંબી છે."

*શાંતિલાલ સંઘવી - અમદાવાદ*

★

*ધર્મનું કામ લોકોને માલેતુજાર નહીં પરંતુ માણસ બનાવવાનું છે.*

## દીક્ષા

જૈનોમાં ગમે તે ઉંમરે, ગમે તે સમયે દીક્ષાભાવ આવી જતો હોય છે. અને દીક્ષા આપવા માટે નાના મોટા મુમુક્ષુઓને દીક્ષા આપવા માટે ઘરના વડીલો, સાધુ ભગવંતો અને સંઘો હોંશે હોંશે તૈયાર થઈ જતા હોય છે. હું દીક્ષાની બિલકુલ વિરોધી નથી પણ બાળ દીક્ષા અને મુમુક્ષુની અપરિપક્વતા માટે મૂંઝવણમાં છું. ઘણી વખત એવું બનતું હોય છે કે બાળક નાનું હોય ત્યારથી એના વડીલો કે સાધુ ભગવંતો એક જ વાત કરતા હોય છે. આવતા ભવનું ભાથું અને જન્મ – મરણના ફેરા ટાળવા હોય તો દીક્ષા એક જ સાધન છે. વારંવાર આવું સાંભળી, બાળક આવી વાતોમાં આવી જાય છે કે મારે દીક્ષા લેવી છે.

ઘણી વખત એવું બનતું હોય છે કે મહારાજ સાહેબના છટાદાર વ્યાખ્યાનથી વૈરાગ્ય જેવા ભાવ નાના મોટા ઘણાને આવી જાય છે. હર વખત તે વૈરાગ્ય નથી હોતો, પણ 'સ્મશાન વૈરાગ્ય' હોય છે. પહેલાં તો બધું બરાબર લાગવા માંડે છે પરંતુ સમય જતાં અત્યારે આપણા સંસારી વૈભવ પ્રત્યે આકર્ષણ થયા વિના ન રહે. ઘણી વ્યક્તિ દઢ મનોબળથી દીક્ષા ગ્રહણ કરતી હોય છે છતાં પણ ક્યારે સંસાર ગમવા લાગે છે તે કહી નથી શકાતું.

મહાવીર સ્વામીએ પણ પરિપક્વ ઉંમરે જ દીક્ષા લીધી હતી. સંસાર સુખ ભોગવ્યા પછી જ લીધી હતી. પણ ત્યાગ ભાવના તો માતાના ગર્ભમાં હતા ત્યારથી જ હતી. વૈરાગ્ય એમના લોહીના ટીપે ટીપામાં હતો. એ તો શ્રી મહાવીર હતા.

અત્યારે નાનાં બાળકો પરિપક્વ ન થાય ત્યાં સુધી દીક્ષાની રજા આપવી જોઈએ નહીં. યુવાન થાય ત્યાં સુધીમાં સંસારના ઘણા અનુભવ થઈ ગયા હોય અને વૈરાગ્ય આવે પછી જ વિચારવું જોઈએ. દીક્ષા માટેનો ગહન અભ્યાસ બચપણમાં ન થાય. એનો અર્થ સમજવા માટે એનામાં સમજ શક્તિ હોય. સંયમ, વિહાર, કષ્ટ ભોગવવાનું, તપ, મોહમાયા ન છૂટે એવી પરિપક્વ ઉંમર જોઈએ. વડીલો, સાધુ સમાજો અને મુમુક્ષુ પોતે જ્યારે આ બધું સમજે ત્યારે જ આ શક્ય બને. બાળક ધાર્મિક પાઠને કડકડાટ બોલે, સેવા – પૂજા નિયમિત કરે, ત્યાગનું થોડુંઘણું આચરણ કરે તો પણ દીક્ષા માટે ઉતાવળ ન કરવી જોઈએ. અભ્યાસમાં હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ કરવો જ જોઈએ. જો દીક્ષા લીધા પછી સંયમી જીવન ન ફાવે તો તે વ્યક્તિ ન ઘરનો ન ઘાટનો થઈ જાય છે. પછી એને સમાજ કે આપ્તજનો પણ સ્વીકારતા નથી હોતા. માટે જેમ લગ્ન માટે ઉંમરનો કાયદો છે, એવો જ કાયદો દીક્ષા માટે હોવો જોઈએ. તો જ બાળદીક્ષા અટકશે અને જૈન ધર્મનો અર્થ સમજાશે.

જો મારા વિચારો પરત્વે કોઈનું મન દુભાયું હોય તો 'મિચ્છામિ દુક્કડમ્.'

***અલકા એ. સંઘવી - અમદાવાદ***

★

## 'મંગલ મંદિર' માસ મે-જૂન – ૨૦૧૫ : પ્રતિભાવ

'મંગલ મંદિર'ના છેલ્લા ૨ (મે-જૂન) અંકથી ભાઈ શાંતિભાઈ તથા શ્રી મુરજીભાઈની દલીલબાજી રસપૂર્વક વાંચું છું. (આ દલીલબાજીમાં અન્ય કેટલાને રસ હશે એ સવાલ છે.)

મારી દૃષ્ટિએ બંને સાચા છે. અતિ પ્રાચીન હોવાના કારણે સંસ્કૃતિ અતિ સમૃદ્ધ હોવાની સાથે અતિ ગહન પણ છે. મારા નાના સરખા અભ્યાસકાળમાં સંસ્કૃત મારો પ્રિય વિષય હોઈ એટલું સમજી શક્યો છું કે આ ભાષાના શબ્દો, વાક્યો, શ્લોકો વગેરેના એકથી વધારે અર્થ થઈ શકે છે. એક નાના સરખા સૂત્ર કે શ્લોક ઉપર આખું ભાષ્ય રચી શકાય છે.

જુદા જુદા વિદ્વાનોનાં મંતવ્યો પણ આવાં જ હોવાની પૂરી શક્યતા છે. વૈદિક ગ્રંથો ઉપર લખાયેલ ટીકાઓ અને થયેલા અનુવાદોમાં પણ જુદાં જુદાં અર્થઘટનો જોવા મળી શકે છે.

બંને વચ્ચેનો મુળભૂત મતભેદ ''ગુરુત્વ''ના અર્થઘટન અંગે જ છે. ગુરુત્વમાં આકર્ષણનો સમાવેશ થાય કે કેમ એ બાબત મુરજીભાઈની શંકા વ્યાજબી ગણી શકાય. પૃથ્વી મોટી (ગુરુ) હોવાના કારણે વસ્તુ નીચે પડે છે એ બાબતની જાણકારી હોવી બરાબર છે, પણ એને ગુરુત્વાકર્ષણના સિદ્ધાંતની શોધ થઈ ગઈ હતી એમ કહી શકાય કે કેમ?

આ સાથે એ પણ સાચું છે કે પ્રાચીન ભારતમાં થયેલ શોધો અને ઇતિહાસને પૂરતો ન્યાય પશ્ચિમી દુનિયા તરફથી મળ્યો નથી. કણાદ ઋષિ ઉપરાંત જૈન આગમોમાં પણ પરમાણુનો ઉલ્લેખ 'પુદ્ગલ'ના નામે છે. ગણિતમાં ભારતના યોગદાનની (શૂન્યની શોધ) ખબર પણ દુનિયાને બહુ મોડી પડી.

આ બાબતમાં આપણી પ્રજાનો પણ પૂરો દોષ છે. પ્રાચીન ઋષિઓ, જેઓ ખરી રીતે તો ચિંતકો, લેખકો, વૈજ્ઞાનિકો કે સમાજસેવકો હતા, તેઓને આપણી પ્રજાએ સંસાર ત્યાગી સાધુઓ જેવા માની લીધા હોય એમ લાગે છે. જ્યારે તેઓ સંસારી ગૃહસ્થો જ હતા. તેમના ચિંતન તથા કલ્પનાઓને આગળ વધારવા કે સાકાર કરવામાં પ્રજા ઉદાસીન રહી અને પશ્ચિમમાં બધું સાકાર થયું ત્યારે આપણે શેખી કરી કે 'આ તો બધું આપણાં શાસ્ત્રોમાંથી તેઓએ લીધું છે.' તેમાંય ટી.વી., ક્લોનિંગ કે પ્લાસ્ટિક સર્જરી જેવા દાવાઓ તો ખરેખર હાસ્યાસ્પદ કહેવાય.

આવી ચર્ચાઓ થાય એમાં 'મંગલ મંદિર'ની આબરૂ જરૂર વધે છે. ખરેખર રસ લેનાર આવી બાબતોમાં ઓછા હોય એ પણ સ્વાભાવિક છે.

***મગનલાલ સંઘવી - અમદાવાદ (ફોન : ૨૬૮૭૧૯૨૫)***

*બે પગ વચ્ચે કેટલી બધી જબરદસ્ત મૈત્રી છે? એક પગ આગળ જાય છે તો બીજો પગ ખુશીથી પાછળ રહે છે... બીજો પગ આગળ આવે છે તો પહેલો પગ ખુશીથી પાછળ રહે છે... આવી મૈત્રી જો આ જગતના જીવો અપનાવવા માંડે તો ઈર્ષ્યા - સ્પર્ધાના પાપને આપઘાત જ કરવો પડે ને? પણ....!!!*

*જીભમાં હાડકું નથી પણ તે હાડકું તોડવા માટે સક્ષમ છે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## અમદાવાદમાં અનોખો કોઈન ફેસ્ટિવલ યોજાયો

જીવનની એક વાત તદ્દન સ્પષ્ટ છે કે, આપણે જીવન "જીવતાં" હોતાં નથી, જીવન આપણને 'જીવી' જાય છે. જીવનમાં કોઈક કર્મ બતાવવા માટે જરૂર છે મનને મહાન અને ઉમદા વિચારો યુક્ત અનોખા શોખની. વ્યક્તિને તે વિચારો જીવનમાં નવી નવી ઊંચાઈ સર કરવાનું બળ પૂરું પાડતા હોય છે. નવી અથવા તો અનોખી સિદ્ધિઓ હાંસલ કરવાની શરૂઆત વિચારોનો વૈભવ અને તે માટેના પ્રયત્નો હોય તો જ પરિપૂર્ણ થાય છે. આ પ્રકારની ભવ્ય સિદ્ધિઓ હાંસલ કરવા તનતોડ મહેનતની પણ જરૂર હોય છે. આ બાબતનું સ્પષ્ટ પ્રતિબિંબ મૂળ ગોધરા – કચ્છના વતની અને હાલ મુંબઈ સ્થિત ડૉ. દિલીપ રાજગોરના જીવનમાં જોઈ શકાય છે. આ પ્રકારની વાત કોઈન ફેસ્ટિવલ–૨ અમદાવાદને ખુલ્લો મૂકવાના એક કાર્યક્રમ દરમિયાન ગોધરા ગામના આગેવાનોએ કરી હતી.

ઉપરોક્ત કાર્યક્રમ તા. ૨૯-૫-૨૦૧૫ ના રોજ અમદાવાદમાં શ્રી સરદાર પટેલ સેવા સમાજ ખાતે યોજવામાં આવ્યો હતો. અનિવાર્ય સંજોગોવસાત રાજ્યમંત્રી શ્રી તારાચંદભાઈ છેડા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી શક્યા નહોતા પરંતુ કાર્યક્રમને અનુરૂપ પોતાનો શુભેચ્છા સંદેશ મોકલાવ્યો હતો. જ્યારે કાર્યક્રમમાં ઈન્કમટેક્ષ ખાતાના નિવૃત્ત જોઈન્ટ કમિશનર શ્રી જી.ડી. બાવલાએ મુખ્ય અતિથિ પદનું સ્થાન તેમજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના પ્રમુખ શ્રી અશોક મહેતાએ ખાસ મહેમાન તરીકેનું પદ ગ્રહણ કરેલ.

શરૂમાં દીપ પ્રાગટ્ય બાદ શ્રી દિલીપ રાજગોરે ઉપસ્થિત સર્વે પદાધિકારીઓ તેમજ દરેક આમંત્રિતોને આવકારીને પ્રદર્શન અંગેની પૂર્વભૂમિકા રજૂ કરી હતી.

મંચસ્થ સર્વે મહાનુભાવોએ સંયુક્ત રીતે ડો. દિલીપ રાજગોર લિખિત અંગ્રેજી પુસ્તક 'સ્ટાન્ડર્ડ કેટલોગ ઓફ કોઈન્સ ઓફ કચ્છ સ્ટેટ'નું વિમોચન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન ડૉ. તેજસ શાહ તેમજ અમદાવાદ કોઈન ફેસ્ટિવલના ચેરમેન શ્રી હરીશ ડી. શાહને કોઈન કલેક્શન ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ "લાઈફ ટાઈમ ઍચીવમેન્ટ ઍવોર્ડ' અર્પણ કરવામાં આવ્યા હતા.

આ અવસરે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ, શાહીબાગનો ઉલ્લેખ કરતાં શ્રી અશોક મહેતાએ કહ્યું કે, શ્રી દિલીપભાઈ રાજગોરના સહકારથી ઉપરોક્ત મ્યુઝિયમમાં કોઈન ગેલેરી ક્ષેત્રે વિસ્તૃતપણે કામગીરી કરી શકાશે. જેનો શ્રી રાજગોરે સાનુકૂળ પ્રતિભાવ આપ્યો હતો.

શ્રી રાજગોરના ઉપરોક્ત પુસ્તકમાં કચ્છના સોના-ચાંદીના વિવિધ પ્રકારના સિક્કાઓ તેમજ પેપર કરન્સી નોટસની તસવીરો સાથે વિગતવાર માહિતી આપવામાં આવી છે. તે સાથે કચ્છની બહાદુર પ્રજા જાડેજા, રાજપૂત વગેરે (૧૫૩૩થી ૧૯૪૮) નો ઈતિહાસ ખૂબ સુંદર રીતે જણાવેલ છે. કચ્છમાં કયા રાજવીઓ, કયા સમયમાં, કેટલો રાજ્યભાર સંભાળેલ તેની વિગત આ પુસ્તકમાં ખાસ ધ્યાનાકર્ષક છે. પુસ્તકમાં કુલ ૮૦૦ સિક્કાઓ કરન્સી નોટ્સ ઉપરાંત તેની ડાઈઝ, મેડલ્સ, પોસ્ટલ સ્ટેમ્પ વગેરેની વિગત સાથે તેની તસવીરોનો સમાવેશ કરવામાં આવેલ છે.

આ અવસરે વિવિધ પ્રકારના કોઈન્સ અને પેપર કરન્સી નોટ્સનાં એક વિશાળ પ્રદર્શનનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. તે માટે લગભગ ૫૦ જેટલા સ્ટૉલ્સ રાખવામાં આવ્યા હતા. મુલાકાતીઓએ ખૂબ જ રસપ્રદ રીતે આ પ્રદર્શન નિહાળ્યું હતું. તેમજ મનપસંદ વસ્તુઓની લે-વેચ જોવા મળી હતી.

આ કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ તેમજ શ્રી કચ્છી સમાજ - અમદાવાદના હોદ્દેદારો અને કાર્યકારો પણ ઉપસ્થિત હતા. આ પ્રદર્શન જાહેર જનતા માટે ત્રણ દિવસ સુધી ચાલુ રાખવામાં આવ્યું હતું. તે દરમિયાન બહોળી સંખ્યામાં મુલાકાતીઓ એક અનોખા પ્રદર્શનનો લાભ લઈને પ્રભાવિત થયા હતા. પ્રદર્શન સંચાલકોના જણાવ્યા મુજબ જાન્યુઆરી ૨૦૧૬ સુધીમાં આ પ્રકારના કોઈન ફેસ્ટિવલ દેશના વિવિધ અગ્ર શહેરોમાં યોજવામાં આવશે.

*અહેવાલ : દિનેશ આર. મહેતા*

## પત્રકારોના રાષ્ટ્રીય સંગઠનમાં કચ્છના પત્રકારની વરણી

સમગ્ર ભારતમાંથી પ્રકાશિત થતાં લઘુ અને મધ્યમ અખબારોના રાષ્ટ્રીય સંગઠન 'એસોસિએશન ઓફ સ્મૉલ એન્ડ મીડિયમ ન્યુઝ પેપર્સ ઑફ ઈન્ડિયા'ની રાષ્ટ્રીય કાર્યકારિણીમાં કચ્છના પત્રકાર મયૂર બોરીચાની નિયુક્તિ કરવામાં આવી છે.

આસામ રાજ્યમાં ગુવાહાટી ખાતે તાજેતરમાં યોજાયેલ રાષ્ટ્રીય કૉન્ફરન્સમાં સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ અને પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના સભ્ય કેશવ દત્ત ચંદોલાએ ગુજરાત રાજ્ય પ્રમુખ તરીકે ડીસાથી પ્રસિદ્ધ થતા 'લોકપાલ'ના તંત્રી શંકર કતીરાની બીજી મુદત માટે પ્રમુખ તરીકે નિયુક્તિ કરી હતી. જ્યારે રાજ્ય સંગઠનમાં વરિષ્ઠ ઉપપ્રમુખ તરીકે કાર્યરત ભુજથી પ્રસિદ્ધ થતા 'યુવાપ્રેમ' સાપ્તાહિકના તંત્રી મયૂર બોરીચાની રાષ્ટ્રીય કાર્યકારિણીમાં કારોબારી સભ્ય તરીકે વરણી કરી હતી. ત્રણ દિવસ માટે યોજાયેલ આ કૉન્ફરન્સમાં દેશના ૧૪ રાજ્યોમાંથી તંત્રી - પત્રકારો ઉપસ્થિત રહ્યા હતા, તેમ એક યાદીમાં જણાવાયું હતું.

*ખુશમિજાજ અને હસતા રહો તો તમારી રોગ પ્રતિકારક શક્તિ પણ વધશે.*

## કચ્છ શક્તિ - મુંબઈ દ્વારા અષાઢી બીજ - નવા વર્ષની ઉજવણી શાનદાર રીતે કરવામાં આવી..

દર વર્ષની જેમ આ વર્ષે પણ કચ્છ શક્તિ - મુંબઈ દ્વારા કચ્છી નવા વર્ષની ઉજવણી પ્રસંગના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ શરદ પવારે **કચ્છીઓની પ્રશંસા કરતાં જણાવ્યું કે દેશમાં બદલાવ લાવવાની ક્ષમતા કચ્છી સમાજમાં છે. કચ્છીઓએ દેશની ઉન્નતિમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. તેઓ વિદેશમાં સ્થાયી થયા પછી પણ પોતાની ભાષા અને સંસ્કૃતિને ભૂલ્યા નથી.**

વરિષ્ઠ નેતાએ જણાવ્યું કે હેમરાજ શાહ ગુજરાતી, મરાઠી અને કચ્છી પ્રજાના ઉત્કર્ષ માટે વર્ષોથી પ્રવૃત્તિઓ કરે છે તેનો હું સાક્ષી છું. એમને વતન પ્રત્યે ઊંડો લગાવ છે. તેઓ મારા સાથી પણ છે.

કાર્યક્રમ દરમ્યાન ૯૧થી ૧૦૧ વર્ષની વયસ્ક વ્યક્તિઓનું ઉચિત સન્માન કરવામાં આવ્યું હતું. તે ઉપરાંત છેલ્લા ૧૦ વર્ષથી 'ચિત્રલેખા'ના સહકારથી યોજાતી નિબંધ સ્પર્ધાના વિજેતાઓને પારિતોષિક એનાયત થયા હતા.

કચ્છ શક્તિની પ્રથા અનુસાર, આ વર્ષના કચ્છ શક્તિ ઍવોર્ડ, વિવિધ ક્ષેત્રના વિજેતાઓને એનાયત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે કચ્છી નવા વર્ષની ઉજવણી કરવા કચ્છથી પધારેલ કલાકારોએ ગીત સંગીતની અનોખી રંગત જમાવી હતી.

આભારવિધિ બાબુભાઈ મેઘજી શાહે કરી હતી.

## કચ્છ શક્તિ - મુંબઈના ઉપક્રમે શરદ પવાર પર નિબંધ સ્પર્ધા

માત્ર મહારાષ્ટ્રના જ નહિ, પણ સમગ્ર દેશના જાહેર જીવન અને રાજકારણ ઉપર જેમની અમીટ છાપ ઉપસી છે તે શરદ પવાર આ વર્ષે તેમની યશસ્વી જિંદગીના ૭૫ વર્ષ ૧૨મી ડિસેમ્બર, ૨૦૧૫ના રોજ પૂરા કરે છે. રાજકારણ ઉપરાંત સાહિત્ય, સંસ્કૃતિ, કલા, રમતગમત, સહકારી પ્રવૃત્તિ વગેરેની અનેક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા રહ્યા છે. એટલું જ નહિં, તેનું સફળતાપૂર્વક સંચાલન અને સંકલન પણ તેમણે કર્યું છે.

શરદ પવારના ૭૫મા વર્ષ પૂરાં થવાથી તેમના અમૃત મહોત્સવ પ્રસંગે કચ્છ શક્તિ તરફથી એક અનોખી નિબંધ સ્પર્ધા યોજાઈ છે.

શરદ પવારના જીવન કાર્ય, તેમના વિચારો, પ્રવૃત્તિઓ અને મહારાષ્ટ્ર તેમજ દેશ પર તેમના પ્રભાવ વિશે વધુમાં વધુ ચારથી છ ફૂલ સ્કેપર પેપર (એક બાજુ), ફોટો, નામ - સરનામું, ફોન નંબર, ઈ-મેઈલ વગેરે સાથે આપનો નિબંધ **તા. ૩૦ જુલાઈ, ૨૦૧૫ સુધીમાં** કચ્છ શક્તિ પ્રકાશન, ૪૧, કરેલ વાડી, ઠાકુરદ્વાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨ પર મોકલી આપવા સંસ્થાના અધ્યક્ષ શ્રી હેમરાજ શાહએ વિનંતી કરી છે. પ્રથમ પુરસ્કાર : રૂા. ૧૧,૦૦૦/-, દ્વિતીય પુરસ્કાર : રૂા. ૭,૦૦૦/-, તૃતીય પુરસ્કાર : રૂા. ૫,૦૦૦/- અને રૂા. ૧,૦૦૦/-ના ૨૭ પુરસ્કારો એમ ટોટલ રૂા. ૫૦,૦૦૦/-ના પુરસ્કારો અપાશે. નિબંધો પરત કરાશે નહીં. નિર્ણાયકનો નિર્ણય સર્વને બંધનકર્તા રહેશે તેવું કચ્છ શક્તિ - મુંબઈની એક યાદીમાં જણાવાયું છે.

## ઉદ્યોગપતિ ભંવરલાલ દોશી દીક્ષા લઈ મુનિ ભવ્યરત્ન વિજયજી બન્યા

અમદાવાદના જિન શાસનના ઇતિહાસમાં જેઠ સુદ-૧૩, રવિવારનો દિવસ દિલ્હીના ઉદ્યોગપતિ ભંવરલાલ દોશીના અભૂતપૂર્વ ભવ્યાતિભવ્ય દીક્ષા સમારોહ માટે યાદ રાખવામાં આવશે. ૪૧ આચાર્ય ભગવંતો, ૧ હજાર સાધુ - સાધ્વીજી મહારાજ અને ૧ લાખ જેટલા ભાવિકોની ઉપસ્થિતિ વચ્ચે ભંવરલાલ દોશીએ ભૌતિક સુખ-સાહ્યબી ત્યજી સંયમ જીવનનો માર્ગ સ્વીકારી લીધો હતો. ૫૯ વર્ષીય ભંવરલાલ દોશીએ આ.ભ. શ્રીમદ્ વિજય ગુણરત્વસૂરીશ્વરજી મહારાજના ૧૦૮મા શિષ્ય તરીકે દીક્ષા ગ્રહણ કરી હતી. દીક્ષાગ્રહણ કરવાની સાથે જ તેમનું નામ ભવ્યરત્ન વિજયજી મ.સા.નું ઘોષિત થયું હતું.

અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ ત્રિ-દિવસીય દીક્ષા મહોત્સવના ત્રીજા દિવસે રવિવારે સવારે ૫.૪૫ કલાકે મુમુક્ષુ ભંવરલાલ દોશીનો મંડપ પ્રવેશ થયો હતો અને સવારે ૬.૩૦ કલાકે દીક્ષા વિધિનો પ્રારંભ થયો હતો. આ ઐતિહાસિક પ્રસંગના સાક્ષી બનવા માટે સવારે ૫.૦૦ કલાકથી જ ભાવિકોનું આગમન શરૂ થઈ ગયું હતું. સવારે ૬.૪૫ કલાકે સમૂહ સામાયિકનો સ્વીકાર થયો હતો. જેમાં દીક્ષાના ત્રણ તબક્કામાં પ્રથમ રજોહરણ, બીજું કેશ લોચન - કરમિભંતે અને ત્રીજું સંયમ જહાજમાં ઉપસ્થિત લાખો લોકો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે નામકરણ વિધિનો સમાવેશ થતો હતો. કેશલોચન માટે ભંવરલાલજી સ્ટેજ ઉપર આવ્યા ત્યારે તેમના પરિવારના કેટલાક સભ્યો પોતાના અશ્રુને રોકી શક્યા નહોતા. **આ દીક્ષા વિધિ નિહાળવા માટે ઉપસ્થિત ૧ લાખ લોકોની જનમેદની જોતાં એટલું ચોક્કસ કહી શકાય કે આ વિશાળ સંયમ જહાજ પણ નાનું પડવા લાગ્યું હતું.** નામકરણ વિધિ દરમ્યાન ઉપસ્થિત જનમેદનીએ 'દીક્ષાર્થીનો જય જયકાર... દીક્ષાર્થી અમર રહો...'ના ગગનભેદી નારાથી ભક્તિમય વાતાવરણમાં સોનામાં જાણે સુગંધ ભળી ગઈ હતી.

દીક્ષા વિધિ પ્રસંગે આચાર્ય રશ્મિરત્નસૂરીશ્વરજી મહારાજે જણાવ્યું હતું કે 'મુમુક્ષુ ભંવરલાલ દોશીને દેશ વિરતીની ધાર્મિક

*તમે ધર્મમાં ભલે શ્રદ્ધા રાખો પણ આનંદી રહેવું એ તો વધુ મોટો ધર્મ છે.*

ભેટ આપવા માટે રાજનગરના તમામ જૈન સંઘો દ્વારા ૩ સામાયિક અવશ્ય કરવામાં આવ્યા હતા. દીક્ષાના ત્રીજા દિવસે ૧ લાખથી વધુ સમૂહ સામાયિક થયા હતા.' આ.ભ. ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ની આ ૩૫૪મી દીક્ષા હતી અને મુમુક્ષુ ભંવરલાલ દોશીએ તેમના ૧૦૮માં શિષ્યના રૂપમાં ગુરુવરને જીવન સમર્પિત કર્યું હતું. આચાર્ય જયઘોષસૂરીશ્વરજી મ.સા.એ નૂતન દીક્ષિતને હિત શિક્ષા આપતા જણાવ્યું હતું કે **'પ્રભુનો માર્ગ સૂરાઓનો છે. તમે શૂરવીર બની આ ઉત્તમ સંયમ માર્ગનો સ્વીકાર કર્યો છે તો સિંહની જેમ સંયમ લઈ સિંહની જેમ પાલન કરજો.'**

ઉલ્લેખનીય છે કે, દીક્ષા મહોત્સવ માટે સૌપ્રથમ તૈયાર કરવામાં આવેલા ૫૬૦ ફૂટ પહોળાઈ, ૫૦ ફૂટ લંબાઈ, ૯૦ ફૂટ ઊંચાઈ ધરાવતા વિશાળ કલાત્મક સંયમ જહાજે સૌથી વધુ આકર્ષણ જમાવ્યું હતું. મહાબોધિ સૂરીશ્વરજીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'ભંવરભાઈને જોઈને તેઓ નૂતન દીક્ષિત હોય તેમ જણાતું નથી. ભંવરલાલજીએ તેમના સાંસારિક જીવનમાં જ કેટલું સંયમ અપનાવ્યું હશે એ તેમને જોઈને અનુભવી શકાય છે. સુખ સાહ્યબીમાં રાચતા હોવા છતાં સંયમ જીવન અપનાવવું આસાન નથી. હવે ૪૭ ડિગ્રી ગરમીમાં તેમને એ.સી., કૂલર કે પંખાની ઠંડક પણ નહીં મળે.' આ દીક્ષા વિધિનું બપોરે ૧૨.૩૦ કલાકે સમાપન થયું હતું.

એક પખવાડિયા બાદ આચાર્ય ભગવંતોની નિશ્રામાં મુનિરાજ ભવ્યરત્ન વિજયજી મ.સા.ની અમદાવાદના નવરંગપુરા સ્ટેડિયમ ખાતે વડી દીક્ષા ઉલ્લાસપૂર્વક સંપન્ન થઈ હતી.

*અહેવાલ : દિનેશ આર. મહેતા*

## દીક્ષા મહોત્સવ માટે કુલ રૂપિયા ૩૦ કરોડથી વધુનો ખર્ચ

ભંવરલાલ દોશીના યોજાયેલા દીક્ષા મહોત્સવ પાછળ રૂપિયા ૩૦ કરોડથી વધુનો ખર્ચ થયો હોવાનું ચર્ચાયું હતું. ગત વર્ષે નવેમ્બર મહિનામાં ભંવરલાલ દોશીની દીક્ષાનું મુહૂર્ત કાઢવામાં આવ્યું હતું. આયોજન સમિતિના એક સભ્યે જણાવ્યું હતું કે 'આ ત્રણ દિવસના દીક્ષા મહોત્સવ પાછળ રૂપિયા આઠ કરોડથી વધુનો ખર્ચ થયો હતો. આ પૈકી માત્ર સંયમ જહાજ પાછળ રૂપિયા ૨ કરોડ સુધીનો ખર્ચ કરવામાં આવ્યો હતો. દીક્ષા મહોત્સવ અગાઉ ભંવરલાલ દોશીજી પોતાના ગામમાં જે ચેરિટી કરી અને દેશ-વિદેશમાં આ વિશે જે સમારંભ યોજવામાં આવ્યો તે ઉમેરવામાં આવે તો ખર્ચ રૂપિયા ૩૦ કરોડથી વધી જાય છે. ત્રણ દિવસીય દીક્ષા મહોત્સવ માટે ૨૫ જેટલી વિવિધ સમિતિઓ બનાવવામાં આવી હતી. સંયમ જહાજની થીમ હોવાથી કેટલાક સિક્યુરીટી ગાર્ડ્સને નેવીના કેપ્ટનના ડ્રેસમાં સજ્જ કરવામાં આવ્યા હતા. દિવસે નૂતન દીક્ષિતને વધાવવા માટે ૫૦૦ કિ.ગ્રા. કરતા વધુ ચોખા લાવવામાં આવ્યા હતા. ■

*જો રાજા બગીચામાંથી એક પાંદડું તોડી લેશે તો પ્રજા બગીચાનાં મૂળિયાં જ ઉખેડીને ખાઈ જશે.*

## વિશ્વ યોગ દિવસ

(અનુ. : પાના નં.-૩૩ ઉપરથી ચાલુ)

કર્મકુશળતાને પણ યોગ કહ્યો છે. અને 'સમત્વં યોગ ઉચ્યતે' એટલે કે જીવન વ્યવહારનું સંતુલન એ જ યોગ.

આ રીતે જીવનને આનંદથી તરબોળ કરતા યોગની, મનને શાંતિ આપતા યોગની, જીવનને - શરીરને નિરામય રાખતા યોગની ઉજવણી ૨૧મી જૂને દુનિયાભરમાં પહેલીવાર 'વિશ્વ યોગ દિવસ' તરીકે સમગ્ર જગતના દેશોમાં ઉમંગભેર કરવામાં આવી. ભારત દેશ અને ગુજરાતમાં પણ વિવિધ કાર્યક્રમો કરીને યોગ દિવસની ઉજવણી કરવામાં આવી.

યોગ દિવસની ઉજવણી માત્ર ૨૧મી જૂનના દિવસ પૂરતી સીમિત રાખવાની નથી પણ આપણા રોજિંદા જિવાતા જીવન સાથે યોગને વણી લેવાનો છે. દરરોજ નિયત સમયે નિયત સ્થળે શાંતિથી વીસ-પચ્ચીસ મિનિટ યોગની ક્રિયા, આસનો, પ્રાણાયામ કરવાનો નિયમ બનાવવો જોઈએ.

જ્યારે વિશ્વ આખું યોગ દિવસની ઉજવણી કરતું હોય ત્યારે આપણને વ્યક્તિગત અને સામૂહિક રીતે યોગથી લાભ થતો હોય તો શા માટે યોગ, અષ્ટાંગ યોગનો સહારો ન લેવો? યોગને જીવનમાં અપનાવી શાશ્વત શાંતિ પામીએ.....

***૧૦૪/૧૮૪૨, કૃષ્ણનગર, સૈજપુર બોઘા***
***અમદાવાદ-૩૮૨ ૩૪૬. મો. : ૯૬૬૨૮ ૩૩૨૬૮***

## મા-બાપ તથા તરુણ સંતાન

(અનુ. : પાના નં.-૩૭ ઉપરથી ચાલુ)

પરિવર્તનો કરવાં જરૂરી છે. શું યોગ્ય છે તથા શું અયોગ્ય છે? એ ચર્ચામાં સમય અને શક્તિ વેડફવાને બદલે હકીકતનો સ્વીકાર કરી નિરાકરણ માટે પગલાં લેવાં અગત્યનું છે.

★ *૨૦મી સદી :* રૂ. ૨૦/- બચાવવા માટે પિતાજી ૨૦ મિનિટ ચાલતા હતા.

★ *૨૧મી સદી :* ૨૦ મિનિટ બચાવવા માટે દીકરો રૂ. ૨૦/- ખર્ચે છે.

બંને હકીકતનો સ્વીકાર કરી ફિલ્મી ગીતકારના શબ્દો –

*"છોડો કલકી બાતેં, કલકી બાત પુરાની,*
*નયે જમાનેમેં લિખેંગે નઈ કહાની..."*

મુજબ વર્તણૂક તથા વલણમાં ફેરફાર કરીએ.

*આવતા લેખમાં આધુનિક સમયમાં મા-બાપ તથા વડીલોની ભૂમિકા તથા વલણ વિશે મનોવૈજ્ઞાનિક અભિગમની ચર્ચા કરીશું.*

*(ક્રમશઃ)*

***મનોસ્મૃતિ પોલીક્લિનિક, 'પ્રભુકૃપા', એલ.બી.એસ. માર્ગ,***
***સર્વોદય હોસ્પિટલની અને હોટલ રાધાકૃષ્ણની બાજુમાં,***
***ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૬. ફોન : (૦૨૨) ૨૫૧૪૮૮૫૯***

*ચંદ્ર અને ચંદન કરતાં પણ સજ્જનોની સંગત વિશેષ શીતળ હોય છે.*

# સાર સમાચાર

*સંકલનકર્તા : શાંતિલાલ સંઘવી*

★ છત્તીસગઢ રાજ્યનું જગદલપુર નામના શહેરના રેલવે સ્ટેશનમાં આખા વર્ષ ૨૦૧૪-૧૫માં માત્ર ૨૭ પ્લેટફોર્મ ટિકિટો જ વેચાઈ છે. ***(સાધના, તા. ૨૫-૪-૧૫)***

★ ઉત્તરાખંડની હાઈકોર્ટે એક રસપ્રદ ચુકાદો આપ્યો છે કે રાજ્યની કોઈ વ્યક્તિને કૂતરું કરડે તો તેને રૂા. બે લાખ વળતર આપવું. ઉપરાંત આ વળતર એક સપ્તાહમાં જ એનું ચૂકવણું થઈ જવું જોઈએ. ***(સાધના, તા. ૨૫-૪-૧૫)***

★ તારીખ ૨૨ એપ્રિલે AAP પાર્ટીની રેલીમાં ઝાડ ઉપર લટકીને ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરનાર ગજેન્દ્રસિંહ ૩૨ પ્રકારની પાઘડી બાંધી શકતા. એક મિનિટમાં ૭ પ્રકારની પાઘડી બાંધી શકતા. ખુદ રાષ્ટ્રપ્રમુખ તથા વડાપ્રધાનને પણ તેણે પાઘડી બાંધેલી. ***(નયા માર્ગ, તા. ૧-૫-૧૫)***

★ ગ્લોબલ હંગર (ભૂખમરો) ઈન્ડેક્શ ૨૦૧૪ના રિપોર્ટ મુજબ તેમાં ભારત ૫૫મા સ્થાને છે. નેપાળ ૪૪માં સ્થાને તથા શ્રીલંકા ૩૯મા સ્થાને છે. અને વર્લ્ડ હેપ્પીનેસ ઈન્ડેક્ષ મુજબ ૧૫૮ દેશોની હેપ્પીનેસમાં જાપાન ૪૬, પાકિસ્તાન ૮૧, ચીન - ૮૪, બાંગ્લાદેશ - ૧૦૯ અને ભારત છેક ૧૧૭મા સ્થાને છે. ***(નયા માર્ગ, તા. ૧-૫-૧૫)***

*(માત્ર વાતો કરવાથી અને બણગા ફૂંકવાથી ભૂખમરો દૂર થાય નહીં અને હેપ્પીનેસ આવે નહીં.)*

★ ગુજરાતમાં પાંચ વર્ષમાં ૧૫.૦૭ લાખ વૃક્ષો કપાયા. તાપી જિલ્લામાં ૨.૪૮ લાખ અને ગાંધીનગરમાં ૩૦,૭૪૭ વૃક્ષો કપાયા. ***(ગુજરાત ટુ ડે, તા. ૨૦-૩-૧૫)***

★ ભારતમાં સ્ત્રી - પુરુષનું પ્રમાણ ચિંતાજનક છે. ૩૦થી ૪૦ વર્ષના ૬.૨૯ લાખ યુવાનોને લગ્ન માટે કન્યા મળતી નથી. મધ્ય ગુજરાતમાં ૨.૩૫ લાખ, સૌરાષ્ટ્ર કચ્છમાં ૧.૮૨ લાખ, ઉત્તર ગુજરાતમાં ૬૭,૯૩૮ મુરતિયાઓ વરમાળા પકડીને કન્યાની રાહ જોતા ઊભા છે.

***(ટાઈમ્સ ઑફ ઈન્ડિયા, તા. ૮-૪-૧૫)***

★ ચંદીગઢના એક ઉદ્યોગપતિએ પોતાની નવી એક્ટિવા સ્કૂટર માટેના મનગમતા નંબર CH D1 BC-0001 લેવાની બોલીમાં રૂા. ૮.૧ લાખ બીડ લગાવી. આમ નવું સ્કૂટર એને લગભગ સાડા આઠ લાખમાં પડ્યું.

***(સાધના, તા. ૨૩-૫-૧૫)***

★ જૂના નિવૃત્ત સાંસદોને સત્તાવાર રહેઠાણ ફાળવાયું ન હોવાથી તેઓ દિલ્હીની એક હોટેલમાં સંસદના સત્ર દરમિયાન રહેલાં. તેનું બીલ રૂા. ૩૫ કરોડનું આવેલ છે. ***(વિવેકપંથી, મે-૨૦૧૫)***

★ જવાહરલાલ નહેરુની આત્મકથાનું મહાદેવભાઈ દેસાઈએ ગુજરાતીમાં ભાષાંતર કરેલું તે જાણીતી હકીકત છે. મહાદેવભાઈ રેંટિયો કાંતતા જાય, બાજુમાં ઓટોબાયોગ્રાફીનું પુસ્તક ટેકવીને ખૂલ્લું મૂકેલું હોય, એમાંના એક એક વાક્યનું મહાદેવભાઈ અનુવાદ કરતા જાય અને તેમના પુત્ર નારાયણ દેસાઈ તે લખતા જાય. (આ એક અસાધારણ બાબત ગણી શકાય, જે ફક્ત મહાદેવભાઈ જ કરી શકે.)

***(નિરીક્ષક, તા. ૧૬-૫-૧૫)***

★ છેલ્લા બે દાયકામાં મણિપુર રાજ્યમાં આતંકવાદને નામે સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલા એન્કાઉન્ટર્સમાં ૧૫૨૮ નાગરિકો માર્યા ગયા છે. ***(નિરીક્ષક, તા. ૧૬-૫-૧૫)***

★ મુંબઈના જશ્મિનભાઈ શાહે એક મેગેઝિન, એક જૈન મુનિ અને અન્ય ચાર વ્યક્તિઓ સામે જૈન બાળ દીક્ષાને ઉત્તેજન અપાતું હોવાની અદાલતમાં ફરિયાદ દાખલ કરી છે. મુંબઈ હાઈકોર્ટે જણાવ્યું છે કે બાળ દીક્ષા અંગે બાળકના વાલી સંમતિ આપે તો પણ સરકાર અને અદાલત મૂક સાક્ષી બની રહી શકે નહીં. ***(નયા માર્ગ, તા. ૧૬-૫-૧૫)***

★ ઈન્ફોસીસના નારાયણ મૂર્તિએ લંડનના પાર્લામેન્ટ સ્ક્વેર ખાતે મહાત્મા ગાંધીજીની વિરાટ પ્રતિમા બનાવવા માટે રૂા. ૧૯.૧૫ કરોડનું દાન આપેલ છે. ***(અભિયાન, તા. ૨૮-૨-૧૫)***

★ નેધરલેન્ડની સરકારે મુસ્લિમ મહિલાઓને જાહેર સ્થળોએ બુરખો પહેરવા ઉપર પ્રતિબંધ લગાવી દીધો છે.

***(સાધના, તા. ૩૦-૫-૧૫)***

★ હિંદ સરકારના ૧૪મા નાણાંપંચે જમ્મુ-કાશ્મીર રાજ્યને રૂા. ૬૫૭૦૩ કરોડ ફાળવ્યા છે. ***(અભિયાન, તા. ૨૧-૩-૧૫)***

★ તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૧૦ના રોજ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સુરેન્દ્રનગર ખાતે પ્રવચનમાં કહેલું કે શહેર પાસેના ધોળી ધજા ડેમ પર અને તેની પાસે એક લાખ વૃક્ષો વાવવામાં આવશે! પરંતુ પાંચ વર્ષ દરમિયાન પૂરા પાંચ વૃક્ષો પણ વાવવામાં આવ્યા નથી. ***(નયા માર્ગ, તા. ૧-૬-૧૫)***

★ જૈન આગમ ગ્રંથ "ઉત્તરાધ્યયન સૂત્ર"નું અતિ મહાત્મ્ય હોવાથી ભારત સરકારે તેને 'નેશનલ ટ્રેઝર' જાહેર કરેલ છે. ***(પ્રબુદ્ધ જીવન, એપ્રિલ-૨૦૧૫)***

AMBA
SHIPPING AGENCIES

**CLEARING FORWARDING & SHIPPING AGENTS**

**HIRALAL DAGHA**

401, Rajgor Chambers, 99, Masjid Siding Road, Near Masjid Station (E), Mumbai-400 009. E-mail : ambashipage@rediffmail.com
Cell : 98210 69299 Tel. : 23772744 Telefax : 23710875 Resi. : 24097776

## NanoNine™ શબ્દ રમત-૧૦૭

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ■ | ૩ | ૪ | ■ | ૫ | | ■ | ૬ | | ૭ |
| ૮ | | ૯ | ■ | ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | ■ | |
| | ■ | | ■ | ■ | | ■ | ૧૪ | ૧૫ | | ■ | |
| ૧૬ | ■ | ૧૭ | ૧૮ | ૧૯ | | | ■ | ૨૦ | ■ | ■ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ■ | ૨૪ | | | ■ | ■ | ૨૫ | | ૨૬ | |
| ■ | ૨૭ | ૨૮ | ■ | | ■ | ૨૯ | ૩૦ | | ■ | | ■ |
| ૩૧ | | | ૩૨ | ■ | ■ | ૩૩ | | ■ | ■ | ■ | ૩૪ |
| ૩૫ | ■ | ૩૬ | | | ૩૭ | | ■ | ■ | ૩૮ | ૩૯ | |
| | ■ | | ■ | ■ | | ■ | ૪૦ | | | | ■ |
| ■ | ૪૧ | ■ | ■ | ૪૨ | | ૪૩ | | ■ | ૪૪ | | |
| ૪૫ | ૪૬ | | ૪૭ | ૪૮ | ■ | ■ | ૪૯ | ૫૦ | ■ | ■ | ■ |
| ૫૧ | | ■ | ૫૨ | | | ■ | ૫૩ | | ૫૪ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મો. ____________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૧-૭-૨૦૧૫)*

### આડી ચાવીઓ

૧. અંગચેષ્ટા, નખરાં (૨)
૩. ______ ત્યાં પરમેશ્વર (૨)
૫. ______નાં પાણી મોભે ચઢે નહીં (૨)
૬. કતલ કરનારું, કરે એવું (૩)
૮. જીવવાળું, જીવતું (૩)
૧૦. રુદન કરવું (૩)
૧૨. વાર્તા, કથા, બીના (૨)
૧૪. પેટ (૩)
૧૫. ભાવિ, કિંમત, પ્રાણીએ જમીનમાં રહેવા કરેલું છિદ્ર (૨)
૧૭. મોટો સમુદ્ર, મહોદધિ (૫)
૨૨. એક તેજાનો (૨)
૨૪. મીટ માંડીને, એક ફૂલનું નામ (૩)
૨૫. બૃહસ્પતિ, દેવોના ગુરુ (૪)
૨૭. અમીર, ઉમરાવ (ફા.) (૨)
૨૯. હર્ષ, પ્રસન્નતા (૩)
૩૧. પાણીનો ઘાટ, જળાશય (૪)
૩૩. લગી, સુધી (૨)
૩૬. લાઈબ્રેરી, પુસ્તકાલય, છાપાં વગેરે વાંચવા માટે રખાતાં હોય તે સ્થાન (૫)
૩૭. નાશ, પ્રલય, ગાવાનો ઢંગ (૨)
૩૮. અક્કલ, બુદ્ધિ, મતિ (૩)
૩૯. એક અવાજ, ગુંજન, કળા (૨)
૪૦. અધમ, નીચ આદમી (૪)
૪૨. લગ્ન વિધિ વેળા વર કે કન્યા સાથે રહેનાર (૪)
૪૩. પતિ, વરદાન (૨)
૪૪. કમાવું (૩)
૪૫. ગજ ગતિથી ચાલનારી (૫)
૪૯. સમુદ્ર, એક નદી (૨)
૫૧. પાણી, વારિ (૨)
૫૨. સહનશીલતા (૩)
૫૩. સહયાત્રી (૫)
૫૪. પ્રવાસ, મુસાફરી (૩)

### ઊભી ચાવીઓ

૧. સલામત નહીં એવું (૫)
૨. પિતા કે વડીલ (૨)
૪. ચંચળ, અસ્થિર (૨)
૫. નળિયું, '૯૦' (૨)
૬. કાગળ કે કપડું કાપવાનું સાધન (૩)
૭. લાખ રૂપિયાની પૂંજીવાળો, લખપતિ (૫)
૮. સુરક્ષિત (૪)
૯. સોજો (૩)
૧૧. છત્રી વગેરે પર રંગ કરનારો (૪)
૧૨. ચર્ચા, સામસામા સવાલ - જવાબ (૫)
૧૩. દૂધ-દહીં પરની મલાઈ, ધરાયેલું (૨)
૧૬. બુદ્ધિ, મતિ, નહિ (૨)
૧૮. દુકાન, ગુજરી બજાર (૨)
૧૯. સમુદ્ર, દરિયો (૩)
૨૦. ચર્ચા, મતભેદ (૩)
૨૧. સ્ત્રીનો સ્વામી, કંથ (૨)
૨૩. ભોંય (૩)
૨૬. સ્પર્શવું, અડકવું (૨)
૨૭. બારમી રાશિ, માછલી (૨)
૨૮. ઉતાવળનો ગભરાટ, બાવરાપણું (૪)
૨૯. ઘર, સ્થાન, રહેઠાણ (૩)
૩૦. પહેલ પાડેલો હીરો, લુચ્ચો, ખંધો માણસ (૨)
૩૧. પરસેવો (૩)
૩૨. સોનાના કસનો આંક, સો.... નું સોનું (૨)
૩૩. નાશ, પ્રલય, ગાવાનો ઢંગ (૨)
૩૪. દિલ્હીની તિહાર ______ પ્રખ્યાત છે (૨)
૩૫. છાતીનો ફેલાવો (૨)
૩૬. રસ્તો, પ્રતીક્ષા, રાહ, દિવેટ (૨)
૩૭. પુત્રનાં ______ પારણામાંથી, ને વહુનાં બારણામાંથી (૩)
૩૮. નીચેનો હોઠ (૩)
૩૯. ગર્ભાશયનું મુખ, સ્ત્રી કેસરનો અગ્ર ભાગ (૩)
૪૦. ______ મહેતા આદિ કવિ ગણાય છે (૪)
૪૧. મેંશ (૩)
૪૨. નીતિ નહીં તે (૩)
૪૫. હાથી, લંબાઈનું માપ (૨)
૪૬. પાણી, વારિ (૨)
૪૭. તિથિ, તારીખ (૨)
૪૮. સદાચાર, ધર્મ પ્રમાણે આચરણ (૨)
૪૯. વનરાજ (૨)
૫૦. હૃતિક રોશન - ઐશ્વર્યાનું પિક્ચર જેની ત્રીજી આવૃત્તિ બની (૨)

*સફળ થનારાનાં દુઃખ કોઈ જાણતું નથી હોતું, ફક્ત એની સફળતા જ જોવાય છે.*

## NanoNine™ શબ્દ રમત-૧૦૬નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ક | જિ | યો | ■ | વ | દ | ન | ■ | ખા | રે | ક |
| ચિ | ર | ■ | જ | કા | ત | ■ | જ | નો | ઈ | ■ | ■ |
| ત્ર | ■ | હિ | ના | ■ | ન | કા | ર | ■ | ■ | ખા | સ |
| કા | ય | મ | ■ | ટા | ■ | લ | ■ | હા | સ્ય | ■ | ર |
| ર | જ | ■ | અ | વ | જ્ઞા | ■ | રો | જ | ■ | ગો | વા |
| ■ | ન | દી | ■ | ર | તિ | ■ | ■ | ર | જા | ■ | ળો |
| શ | ■ | ન | ત | ■ | ■ | લા | મા | ■ | ત | ર | ■ |
| ત | ર્જ | ■ | મા | ફ | ■ | ત | ણ | ખો | ■ | ત | ક |
| મા | ■ | ન | શો | ■ | બા | ■ | સ | ■ | પ | લ | ટો |
| ન | ભ | ■ | ■ | અ | ગ | ર | ■ | ફા | ળ | ■ | ક |
| ■ | ■ | કા | પ | ડ | ■ | વા | દ | ન | ■ | સો | ટી |
| અ | ર્જુ | ન | ■ | ગ | ણે | શ | ■ | સ | ન | મ | ■ |

*માસ મે-૨૦૧૫ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૦૫ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. જયાબેન નાગડા - અમદાવાદ
૨. નેહા પારેખ - અમદાવાદ
૩. સરોજ શાહ - અમદાવાદ
૪. ચંદ્રાબેન શાહ - અમદાવાદ
૫. સ્મિતા શાહ - અમદાવાદ
૬. કલ્પના શાહ - અમદાવાદ
૭. જયોતિબેન શાહ - અમદાવાદ
૮. શાંતિલાલ શાહ - અમદાવાદ
૯. ચંદ્રાબેન શાહ - અમદાવાદ
૧૦. વર્ષા પારેખ - અમદાવાદ
૧૧. જયોત્સના છેડા - અમદાવાદ
૧૨. જયાબેન મોમાયા - અમદાવાદ
૧૩. મધુરીબેન ગોસર - અમદાવાદ
૧૪. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૧૫. અજિત મહેતા - અમદાવાદ
૧૬. દીપા પરીખ - અમદાવાદ
૧૭. અલકા શાહ - અમદાવાદ
૧૮. ગીતા મહેતા - અમદાવાદ
૧૯. રાહુલ સંઘવી - અમદાવાદ
૨૦. જયશ્રી મહેતા - અમદાવાદ
૨૧. રેખા મહેતા - અમદાવાદ
૨૨. ગીતા સોની - અમદાવાદ
૨૩. નીલીમા શાહ - અમદાવાદ
૨૪. ભાવના શાહ - અમદાવાદ
૨૫. નવીન સંઘવી - અમદાવાદ
૨૬. સરલા છેડા - અમદાવાદ
૨૭. પ્રભા શેઠિયા - વલસાડ
૨૮. યોગેશ છેડા - ભુજપુર
૨૯. હરનીશ મહેતા - ભુજ
૩૦. સરોજ ચંદુરા - સુરત
૩૧. નીલાબેન વીસરિયા - સુરત
૩૨. નવલબેન મૈશેરી - સુરત
૩૩. પ્રિયા ગડા - અંકલેશ્વર
૩૪. ધારા ગડા - અંકલેશ્વર
૩૫. શોભના દંડ - અંકલેશ્વર
૩૬. લતા મોમાયા - પૂના
૩૭. નવીન લાલકા - ગદગ
૩૮. તારાચંદ મહેતા - ગાંધીધામ
૩૯. મધુરી ડાઘા - અમદાવાદ

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી છે.*

૧. મધુરીબેન રમણિકલાલ ગોસર - અમદાવાદ
૨. નીલાબેન જયેશ વીસરિયા - સુરત
૩. જયોતિબેન લક્ષ્મીચંદ શાહ - અમદાવાદ




*પુસ્તક વિનાનું ઘર બારી વિનાના મકાન જેવું છે.*

## NanoNine™ Sudoku

**શરતો** : (૧) ૧થી ૯ના આંકડા ઊભી-આડી લાઈનમાં ફક્ત એક જ વખત હોવા જોઈએ. (૨) ૧થી ૯ના આંકડા ૩ X ૩ના ચોકઠામાં પણ એક જ વખત હોવા જોઈએ.

મે-૨૦૧૫ના અંકમાં છપાયેલ
સુડોકુ-૧૦૬૧ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ

૧. ચંદ્રા શાહ - અમદાવાદ
૨. સ્મિતા શાહ - અમદાવાદ
૩. ઉષ્મા શાહ - અમદાવાદ
૪. ઝરણા પારેખ - અમદાવાદ
૫. સરોજ શાહ - અમદાવાદ
૬. પ્રક્ષાલ પારેખ - અમદાવાદ
૭. જ્યોતિબેન શાહ - અમદાવાદ
૮. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૯. દીપા પરીખ - અમદાવાદ
૧૦. અલકા શાહ - અમદાવાદ
૧૧. ગીતા મહેતા - અમદાવાદ
૧૨. રમેશ સાવલા - અમદાવાદ
૧૩. કલ્પના પાલાણી - અમદાવાદ
૧૪. નીલીમા શાહ - અમદાવાદ
૧૫. ગીતા સોની - અમદાવાદ
૧૬. રેખા મહેતા - અમદાવાદ
૧૭. ભાવના શાહ - અમદાવાદ
૧૮. સરલા છેડા - અમદાવાદ
૧૯. દિનેશ વોરા - અમદાવાદ
૨૦. પ્રભા શેઠિયા - વલસાડ
૨૧. સરોજ ચંદુરા - સુરત
૨૨. નીલાબેન વીસરિયા - સુરત
૨૩. લતા મોમાયા - પૂના
૨૪. તારાચંદ મહેતા - ગાંધીધામ

*ઉપર્યુક્ત જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રૉ અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મેળવી લેવા વિનંતી.*

**વિજેતાઓ** :

૧. સરોજ જયેશ શાહ - અમદાવાદ
૨. તારાચંદ મહેતા - ગાંધીધામ
૩. સરોજ ચંદુરા - સુરત

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

*સુડોકુ ક્રમાંક-૧૦૬૩ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૧-૭-૨૦૧૫ સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ સપ્ટેમ્બર-૨૦૧૫ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.*

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૬૩

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૯ | | ૬ | | | | | ૩ |
| | ૭ | ૧ | | ૨ | ૯ | | | |
| | | | | ૭ | | ૨ | | |
| ૬ | | ૮ | | | | | | |
| | ૫ | | ૮ | | ૭ | | ૪ | |
| | | | | | | ૩ | | ૯ |
| | | ૬ | | ૫ | | | | |
| | | | ૪ | ૧ | | ૯ | ૩ | |
| ૪ | | | | | ૨ | | ૫ | ૮ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | ૩ | | ૪ | | |
| | | | ૪ | | | | ૨ | ૬ |
| ૯ | ૫ | | | ૨ | | ૩ | | |
| | ૬ | | | ૪ | ૭ | | | ૫ |
| | ૪ | ૭ | | | | ૨ | ૬ | |
| ૨ | | | ૩ | ૬ | | | ૧ | |
| | | ૯ | | ૧ | | | ૫ | ૭ |
| ૮ | ૩ | | | | ૪ | | | |
| | | ૬ | | ૯ | | | | |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | | ૮ | | | | |
| ૨ | ૭ | | ૫ | | | ૪ | | |
| ૪ | | | ૩ | | ૯ | | | |
| ૫ | | ૨ | | | | | ૧ | |
| ૬ | ૪ | | | | | | ૫ | ૨ |
| | ૯ | | | | | ૩ | | ૭ |
| | | | ૪ | | ૫ | | | ૬ |
| | | ૬ | | | ૨ | | ૭ | ૪ |
| | | | | ૩ | | ૨ | | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | | | ૧ | | ૬ | ૫ |
| | | ૨ | ૭ | | ૬ | | | ૪ |
| | | ૪ | ૩ | | ૫ | | | |
| ૪ | | | | | | ૫ | | |
| ૫ | | | | ૧ | | | | ૯ |
| | | ૬ | | | | | | ૭ |
| | | | ૬ | | ૮ | ૭ | | |
| ૩ | | | ૫ | | ૯ | ૪ | | |
| ૬ | ૭ | | ૧ | | | ૩ | | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૬૨

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૩ | ૭ | ૬ | ૮ | ૨ | ૫ | ૧ | ૯ |
| ૫ | ૧ | ૮ | ૪ | ૭ | ૯ | ૨ | ૩ | ૬ |
| ૬ | ૨ | ૯ | ૧ | ૫ | ૩ | ૭ | ૮ | ૪ |
| ૨ | ૯ | ૬ | ૮ | ૧ | ૭ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૮ | ૫ | ૩ | ૨ | ૪ | ૯ | ૬ | ૭ |
| ૩ | ૭ | ૪ | ૫ | ૯ | ૬ | ૧ | ૨ | ૮ |
| ૯ | ૬ | ૧ | ૭ | ૩ | ૮ | ૪ | ૫ | ૨ |
| ૮ | ૫ | ૨ | ૯ | ૪ | ૧ | ૬ | ૭ | ૩ |
| ૭ | ૪ | ૩ | ૨ | ૬ | ૫ | ૮ | ૯ | ૧ |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૭ | ૫ | ૩ | ૧ | ૮ | ૬ | ૨ | ૯ |
| ૯ | ૧ | ૮ | ૬ | ૨ | ૫ | ૭ | ૩ | ૪ |
| ૨ | ૩ | ૬ | ૪ | ૭ | ૯ | ૫ | ૮ | ૧ |
| ૫ | ૨ | ૯ | ૧ | ૪ | ૩ | ૮ | ૭ | ૬ |
| ૧ | ૮ | ૭ | ૯ | ૬ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૩ | ૬ | ૪ | ૮ | ૫ | ૭ | ૯ | ૧ | ૨ |
| ૭ | ૪ | ૧ | ૫ | ૮ | ૬ | ૨ | ૯ | ૩ |
| ૬ | ૯ | ૨ | ૭ | ૩ | ૧ | ૪ | ૫ | ૮ |
| ૮ | ૫ | ૩ | ૨ | ૯ | ૪ | ૧ | ૬ | ૭ |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૨ | ૭ | ૯ | ૧ | ૪ | ૮ | ૫ | ૬ |
| ૪ | ૬ | ૯ | ૫ | ૮ | ૨ | ૧ | ૩ | ૭ |
| ૫ | ૮ | ૧ | ૭ | ૩ | ૬ | ૪ | ૨ | ૯ |
| ૨ | ૪ | ૩ | ૬ | ૫ | ૭ | ૯ | ૮ | ૧ |
| ૯ | ૫ | ૮ | ૧ | ૪ | ૩ | ૬ | ૭ | ૨ |
| ૭ | ૧ | ૬ | ૨ | ૯ | ૮ | ૫ | ૪ | ૩ |
| ૬ | ૭ | ૪ | ૮ | ૨ | ૯ | ૩ | ૧ | ૫ |
| ૧ | ૩ | ૨ | ૪ | ૬ | ૫ | ૭ | ૯ | ૮ |
| ૮ | ૯ | ૫ | ૩ | ૭ | ૧ | ૨ | ૬ | ૪ |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૭ | ૮ | ૧ | ૯ | ૪ | ૨ | ૩ | ૫ |
| ૧ | ૨ | ૫ | ૭ | ૩ | ૬ | ૮ | ૯ | ૪ |
| ૯ | ૩ | ૪ | ૨ | ૮ | ૫ | ૬ | ૧ | ૭ |
| ૪ | ૮ | ૭ | ૩ | ૫ | ૯ | ૧ | ૬ | ૨ |
| ૫ | ૬ | ૨ | ૮ | ૭ | ૧ | ૯ | ૪ | ૩ |
| ૩ | ૯ | ૧ | ૪ | ૬ | ૨ | ૫ | ૭ | ૮ |
| ૮ | ૫ | ૩ | ૬ | ૧ | ૭ | ૪ | ૨ | ૯ |
| ૭ | ૪ | ૬ | ૯ | ૨ | ૮ | ૩ | ૫ | ૧ |
| ૨ | ૧ | ૯ | ૫ | ૪ | ૩ | ૭ | ૮ | ૬ |

Nano 9™
Insulated Stainless Steelware
Mfg by:
Shree Balaji Metal Industries, Vasai
www. ninemetal.com | ninemetal@gmail.com
Ahmedabad Authorised Distributor :- Shahil Marketing - 9426177138
Mumbai Authorised distributor : Vasant Marketing - 9820672501 , K K Associates - 9323404736

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ (મો. ૯૮૯૮૦ ૫૩૫૨૧)*

૧. ટાઈટેનિક જહાજ બનાવવા માટે તે સમયે ૩૫ કરોડ ૭૦ લાખ રૂપિયા ખર્ચ થયો હતો જ્યારે ટાઈટેનિક ફિલ્મ બનાવવા માટે લગભગ ૧૦૦૦ (એક હજાર) કરોડ રૂપિયાનો ખર્ચો થયેલ.

૨. હાલમાં બિલ ગેટ્સ દરેક સેકન્ડે રૂ. ૧૨૦૦૦ બાર હજાર કમાય છે એટલે કે એક દિવસમાં લગભગ ૧૦૨ કરોડ રૂપિયા.

૩. ચીનમાં ૧૭ વરસના છોકરાએ ipad-2 અને iphone મેળવવા પોતાની કિડની વેચી દીધી હતી.

૪. ધરતી પર જેટલું વજન જીવજંતુઓનું છે એટલું જ વજન મનુષ્યનું છે.

૫. ઑક્ટોપસના શરીરમાં ત્રણ હૃદય હોય છે.

૬. ફક્ત માદા મચ્છર જ આપણું લોહી પીવે છે નર મચ્છર તો માત્ર અવાજ કરે છે.

૭. બ્લ્યુ વ્હેલ એક શ્વાસમાં એટલી હવા ખેંચે છે અને બહાર કાઢે છે કે જેથી ૨૦૦૦ ફુગ્ગાઓ ફૂલી શકે.

૮. માછલીઓની યાદદાસ્ત બહુજ ટૂંકી હોય છે.

૯. પેરાશૂટની શોધ વિમાનની શોધ કરતાં ૧૦૦ વરસ પહેલાં થઈ હતી.

૧૦. કાંગારુ ઊંધું ચાલી શકતું નથી.

૧૧. ચીનમાં તમે ૧૦૦ રૂપિયામાં કોઈપણ વ્યક્તિને તમારી બદલે લાઈનમાં ઊભા રાખી શકો છો.

૧૨. ફેસબુકનો ઉપયોગ કરનારી સૌથી વૃદ્ધ મહિલા ૧૦૫ વરસની છે અને તેમનું નામ Lillion Lowe છે.

૧૩. એક કૂતરાએ સરહદ ઓળંગી હતી તે વાત ઉપર ગ્રીક અને બુલગારિયા વચ્ચે લડાઈ થઈ હતી.

૧૪. ૧૮૯૪માં સૌ પ્રથમ કેમેરો બન્યો હતો. તેનાથી ફોટો પડાવવા માટે કેમેરાની સામે આઠ કલાક બેસવું પડતું હતું.

## ☺ સંસ્કારી વહુ

લગ્નના મંડપમાં કન્યાને સતત નીચું ઝુકાવીને બે હાથ જોડીને બેઠેલી જોતાં એક માજી બોલી ઊઠ્યા : 'વહુ કેટલી સુશીલ અને સંસ્કારી છે! ક્યારની નજરો નીચે રાખીને બેઠી છે. એક કલાકમાં એકવાર પણ ઊંચે જોયું નથી...!'

પાછળથી અવાજ આવ્યો : 'માજી, કન્યા વૉટ્સ-ઍપ પર ઓનલાઈન છે.'

# "મંગલ મંદિર" – પ્રાપ્ત થયેલાં લવાજમ

**જૂન - ૨૦૧૫ દરમ્યાન નીચે મુજબ લવાજમ પ્રાપ્ત થયેલ છે.**

## નવાં પ્રાપ્ત થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- જીવરાજ ખેતશી ચૌધરી — મોટા રતાડિયા, કચ્છ
- અરવિંદ મલૂકચંદભાઈ શાહ — પાલડી, અમદાવાદ
- વિશનજી પદમશી ધરમશી — બેંગ્લોર

### ૩ વર્ષનું લવાજમ

- ધનસુખલાલ હરખચંદ દોશી — ભુજ, કચ્છ

### ૫ વર્ષનું લવાજમ

- રાજન ધનસુખલાલ મોરબિયા — ભુજ, કચ્છ

### આજીવન લવાજમ

- શ્રીમતી મધુરીબેન જે. મૈશેરી — મસ્જિદ, મુંબઈ

## રિન્યુ થયેલ લવાજમો

### ૧ વર્ષનું લવાજમ

- ઋષિલ સવઈલાલ શાહ — ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ

### આજીવન લવાજમ

- ઉરેશ જયંતીલાલ કોઠારી — વડોદરા
- ડૉ. પ્રીતિ એન. શાહ C/o. એલ.વી. ગંગર – વલસાડ

## દિલનું દર્પણ : રોજનીશીની સાખે

**(અનુ. : પાના નં.-૫૪ ઉપરથી ચાલુ)**

આજના પત્રોમાં અમદાવાદથી સ્વામી ગીતગોવિંદનો મારા પર પોસ્ટકાર્ડ છે (તા. ૩-૬-૯૩) જેમાં જાહ્નવીબહેનના લગ્નપ્રસંગે શુભેચ્છાઓના ઉદગારો લાગણીભર્યા છે. તેઓ લખે છે : "ભગવતી જાહ્નવી ધોળકિયાને (ગંગામૈયાને) વહાલી દીકરીને એના લગ્નજીવનમાં કુશળમંગળની શુભેચ્છાઓ અને લાગણીઓ નમ્રતાથી પાઠવું છું... સાક્ષિત્વની સાધનાનું પ્રત્યક્ષ ઉદાહરણ. અસ્તુ! તેનું, તેના નવા પરિવારનાં સ્વજનોનું અને સૌનું કુશળમંગળ હો!

સાંજે સાતેક વાગ્યે મારાં શ્રીમતી ફરાદીથી પાછાં આવી ગયાના સમાચાર દુકાને મળ્યા. તીવ્ર પ્રતીક્ષા બાદ મારાં શ્રીમતી પહોંચી આવ્યાના સમાચારથી હૃદય પ્રસન્નતાથી ઊભરાઈ ઊઠ્યું. ક્ષણમાત્રમાં અંદરનો ખાલીપો, ઉદાસીનતા, બેચેની વગેરે અદૃશ્ય થયાં.

*એન-૪૫, ગાંધીધામ, કચ્છ-૩૭૦ ૨૦૧.*
*ફોન : (૦૨૮૩૬) ૨૨૧૫૨૬, ૨૨૦૮૭૭*

*હું અજ્ઞાની છું એ વાતના જ્ઞાન સિવાય મને બીજું કોઈ જ્ઞાન નથી.*



**સંકલન : દિનેશ આર. મહેતા**

★ **કારીગરને રાષ્ટ્રીય એવોર્ડ :** ભુજ તાલુકાના કુકમાના હસ્તકળા કારીગર અમૃતલાલ બેચરલાલ વણકરને ભારત સરકારના વસ્ત્ર મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૨નો માસ્ટર વીવર્સ નેશનલ ઍવોર્ડ તાજેતરમાં જાહેર થયો છે. આ ઍવોર્ડ સ્લિક બાય કોટન લાખ અને ઈન્ડિકો સાડી માટે જાહેર થયો છે. જેમાં એક લાખ રોકડા, તામ્રપત્ર અને એક અંગવસ્ત્રનો સમાવેશ થાય છે. આ સાડી બનાવવા માટે તેમને ૧૧ માસ જેટલો સમય લાગ્યો હતો અને તે સાડીની કિંમત અઢી લાખ જેટલી થાય છે. આ સાડી બનાવવામાં કોટન સાથે સિલ્કની પણ મેળવણી કરવામાં આવતી હોય છે. સાડીમાં ચાર હજાર તારની ગૂંથવણી કરવામાં આવી છે. તેમના પિતાજીને અગાઉ દેશી ધાબળાની કારીગરી માટે ભારતના રાષ્ટ્રપતિના હસ્તે સંત કબીર ઍવોર્ડ મળ્યો હતો તથા તેમની પત્નીને રાષ્ટ્રપતિના હસ્તે કોટન બાય સિલ્કની સાડીમાં નેશનલ ઍવોર્ડ મળ્યો હતો.

★ **કચ્છમાં એન.આર.આઈ. થાપણોનું પૂર :** કચ્છ જિલ્લાની ઓળખ સૂકા પ્રદેશ તરીકે કરવામાં આવે છે પરંતુ આ જિલ્લાના માત્ર ૧૨૯૨ ઘર ધરાવતા એક ગામમાં રાષ્ટ્રીય બેન્કોની આઠ સંપૂર્ણ શાખાઓ ધમધમી રહી છે. મોટી સંખ્યામાં બિનનિવાસી ભારતીયો ધરાવતાં ગામો બે હજાર કરોડ રૂપિયાની બેંક થાપણો ધરાવે છે. ભુજ આસપાસના પટેલ ચોવીસી તરીકે ઓળખાતાં ગામો પૈકી એક એવું બળદિયા આમ તો માત્ર ૧૨૯૨ મકાનો ધરાવતું ગામ છે પણ અહીં નવ બેંકોની પૂર્ણ શાખા છે અને માત્ર એન.આર.આઈ. થાપણો જ ૧૧૦૦ કરોડની છે. જિલ્લા મથક ભુજથી સાવ નજીક આવેલા ૭૬૭૦ મકાનો ધરાવતા માધાપર ગામે ૫ હજાર કરોડની ડિપોઝિટ્સ છે. જેમાંથી એન.આર.આઈ. થાપણ ૨ હજાર કરોડની છે. ૧૮૬૩ મકાનો ધરાવતું કેરા પણ પાછળ નથી. અહીં પણ ૨ હજાર કરોડની થાપણો છે. આ તમામ થાપણોમાં અડધાથી પણ વધુની સંખ્યા એન.આર.આઈ.ની છે. બેંક અધિકારીઓના જણાવ્યા અનુસાર ૧૦૦થી ૫૦૦ કરોડની થાપણો ધરાવતાં અન્ય ગામોમાં નારાણપર, સુખપર, સામત્રા, કોડકી, ભારાસર, રામપર-વેકરા અને માનકૂવાનો સમાવેશ થાય છે. દેના બેંકના અધિકારીના જણાવ્યા પ્રમાણે રાજ્યમાં અમદાવાદ બાદ સૌથી વધુ રૂા. ૯૧૮૧ કરોડની થાપણો કચ્છમાં છે. જિલ્લામાં કુલ થાપણ આશરે રૂા. ૨૪,૩૫૩ કરોડની છે.

**'કરોડપતિ' ગામ**

| ગામ | થાપણો રૂા. કરોડમાં | એન.આર.આઈ. થાપણ (કરોડમાં) | મકાનો | બેંક શાખા |
|---|---|---|---|---|
| માધાપર | ૫,૦૦૦ | ૨,૦૦૦ | ૯,૬૩૦ | ૧૬ |
| બળદિયા | ૨,૦૦૦ | ૧,૧૦૦ | ૧,૨૯૨ | ૦૯ |
| કેરા | ૨,૦૦૦ | ૧,૧૦૦ | ૧,૮૬૨ | ૦૫ |

★ **માભોમના રખોપાનું કામ નસીબવંતોને જ મળે :** સીમા સુરક્ષાદળના મહાનિર્દેશક ડી.કે. પાઠકે તાજેતરમાં કચ્છની સાગરભૂમિ સીમાની મુલાકાત લઈને સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરી હતી. તેમણે બી.એસ.એફ.ના વીર જવાનોને જણાવ્યું હતું કે મા ભોમની રક્ષા કરવાનું કાર્ય નસીબવંતા હોય તેને જ મળતું હોય છે.

